# તત્વાર્થસૂત્ર

[ગુજરાતી શ્લોકો સાથે]

મુનિશ્રી સંતબાલજી

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# તત્ત્વાર્થસૂત્ર

[ગુજરાતી શ્લોકોમાં]

મુનિશ્રી સંતબાલજી

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈનીવાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ–૩૮૦૦૦૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પ્રકાશક :
અંબુભાઈ મ. શાહ
મંત્રી,
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી
દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ–૪

આવૃત્તિ : પ્રથમ] [પ્રત : ૨૦૦૦

મહાવીર જયંતી
સંવત ૨૦૩૭
તા. ૩૧–૮–૮૧
મૂલ્ય : રૂપિયા દશ

મુદ્રક :
પ્રણવ પ્રિન્ટર્સ
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
૧૧-અ વિજય કોલોની
ઉસ્માનપુરા
અમદાવાદ–૩૮૦ ૦૧૩

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# પ્રકાશક સંસ્થાનું નિવેદન

'મહાવીર પ્રકાશન મંદિર' તરફથી આજ સુધીમાં ભગવાન મહાવીરની બોધામૃતવાણીનાં જૈન-જૈનેતર સૌને ઉપયોગી થઈ પડે તેવાં વીસથી વધારે પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. આ બધામાં કંઈક વિશિષ્ટ ભાત પાડતું મુનિશ્રી સંતબાલજીનું 'તત્ત્વાર્થસૂત્ર' પ્રગટ કરતાં સંસ્થા વિશેષ ગૌરવ અનુભવે છે.

તત્ત્વાર્થસૂત્ર જૈન ધર્મના બધા ફિરકાઓને માટે આદર યોગ્ય છે. તેને સરળ કરીને પદ્યમાં ઉતારાય તો જિજ્ઞાસુ સાધુ–સાધ્વીઓ અને શ્રાવકોને મુખપાઠ કરવામાં સરળતા પડે. આવી માગણી અવારનવાર આવ્યા કરતી, પરંતુ આ માગણીમાં સવિશેષ નિમિત્ત બન્યાં બહેન પ્રભાબહેન અજમેરા. આજથી ૨૬ વર્ષ પહેલાં ઘાટકોપર (મુંબઈ)ના ચાતુર્માસ પ્રસંગે પ્રભાબહેનનો પ્રથમ પરિચય થયેલો. બચપણથી જ તેમનામાં છુપાયેલી આધ્યાત્મિક જિજ્ઞાસા અને ત્યાગભાવના જોઈ તેમના પિતાજી પોતાની યુવાન પુત્રીને મહારાજશ્રી પાસે લઈ આવ્યા હતા. મહારાજશ્રીએ તેમને સમજાવ્યું : આજના યુગે ત્યાગી થવું તેના કરતાં બ્રહ્મચર્ય પાળીને કુટુંબ સાથે રહી, સેવા સાથે સંયમી જીવન જીવવું એ બધી રીતે સારું છે. પછી તો તેઓ જ્યારે જ્યારે મહારાજશ્રીને મળવા આવતાં ત્યારે તત્ત્વાર્થસૂત્રની ચર્ચા કરતાં અને સમજતાં. મહારાજશ્રી તેમને ગુજરાતીમાં શ્લોકો રચીને આપતા.

ત્યાર પછી તો બીજાં પણ ધર્મપ્રેમી ભાઈબહેનો આ ધર્મમય જ્ઞાનચર્ચામાં ભળવા લાગ્યાં. તેમાંનાં કેટલાંકનો ઉલ્લેખ કરવો ખાસ જરૂરી છે. આમાં પાલનપુરવાળાં શ્રીમદ્‌નાં અનુરાગી અને અભ્યાસી


Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

એવાં બહેન શ્રી પુષ્પાબહેન અને તેમના પતિ અરવિંદભાઈ, પૂના-વાળા ભાઈશ્રી બળવંતરાય ખંઢેરિયા, વીરચંદભાઈ ઘેલાણી, ગુણ-વંતીબહેન ચોકસી, સુશીલાબહેન ર. મહેતા; અહીં ચિંચણીમાં રહેતા શ્રી મણિકાન્તભાઈ, મીરાંબહેન — આ બધાં ભાઈ બહેનોએ તત્ત્વાર્થ-સૂત્રને પ્રગટ કરવામાં પોત પોતાનો વિશિષ્ટ ફાળો આપ્યો છે. તેમાં શ્રી પુષ્પાબહેન તરફથી આ પુસ્તકને પ્રગટ કરવા માટે મળેલી આર્થિક સહાય ખાસ ઉલ્લેખનીય છે.

**મણિભાઈ બાપુભાઈ પટેલ**
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર વતી

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org



શ્રીમદ્ સંગ થયો મહામુનિ બન્યા પે'લાં અહો જેહને,
ને ગાંધી–અવતાર વીર શીખનો જેણે બતાવ્યો જગે;
પાડી ભા. ન. પ્રયોગ ક્ષેત્ર પગલાં આશિષ અર્પે સ્વયં:
એવા સદ્ગુરુ નાનચંદ્ર-ચરણે 'सद्बालग्रंथार्पणम्'.

–સંતબાલ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# બે શબ્દ

મુનિરાજ શ્રી સંતબાલજી તથા તેમના ગુરુજી શ્રી નાનચંદ્રજી મહારાજ — બન્ને સાથે મારો વિશેષ પરિચય. બન્ને આત્માર્થી મુનિરાજો — પોતપોતાની દૃષ્ટિએ આત્મશુદ્ધિની પ્રવૃત્તિમાં તત્પર.

પૂજ્ય શ્રી નાનચંદ્રજી મહારાજે બીજા ગુરુઓ કરે છે તેમ ગુરુ-પણું નહીં કર્યું પણ શ્રી સંતબાલજીને પોતાની દૃષ્ટિએ આત્મશુદ્ધિની-પ્રક્રિયાની સાધના કરતાં રોકયા નથી. તેમ તે પ્રવૃત્તિમાં વિઘ્ન પણ નાખ્યું ન હતું! (જ્યારે) હમણાં જ મેં સાંભળ્યું કે એક આત્માર્થી તથા આત્મસંશોધક મુનિને તેઓના ગુરુએ — તદ્દન નજીવા કારણસર — કારણમાત્ર એટલું જ કે શિષ્યે પોતાના સ્વતંત્ર ગ્રંથનું અર્પણ એક પ્રસિદ્ધ અજૈન મહર્ષિને આપેલ, તેથી સંઘાડા બહાર કરી દીધા. શિષ્ય પોતાના વિચાર પ્રમાણે પોતાની સાધના કરે અને ગુરુના વિચારને શબ્દશઃ કે અક્ષરશઃ ન અનુસરે, છતાં ગુરુ શિષ્યનો વિચારભેદ પૂરા સદ્ભાવ સાથે સહી લે, આવું ઉદાહરણ મારી નજ-રમાં ગુરુજી શ્રી નાનચંદ્રજી મહારાજનું તથા તેમના શિષ્ય શ્રી સંત બાલજીનું જ આવે છે. મને લાગે છે પૂ. શ્રી નાનચંદ્રજી મહારાજે જૈન ધર્મના મૂળરૂપ અને મૌલિક સિદ્ધાંતરૂપ સ્યાદ્વાદને જાણેલો, એટલું જ નહીં, પણ જાણીને તેને પૂરો પચાવેલો હતો. તેને લીધે જ પૂ. નાનચંદ્રજી મહારાજ અને તેમના શિષ્ય સૌભાગ્યચંદ્રજી એટલે સંતબાલજી મહારાજ એ બે વચ્ચે ગુરુશિષ્યભાવ વિશેષ દીપી ઊઠેલ છે એમ હું સમજું છું.

મેં એવું જોયેલ છે, અને સાંભળેલ પણ છે કે, જો શિષ્ય પોતાના ગુરુને જ ન અનુસરે અને પોતાની રીતે પોતાની ચિત્તશુદ્ધિ માટે,

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ખરા અર્થમાં આત્મસાધના કરતો દેખાય, તોપણ તરત જ, ગુરુ શિષ્ય સાથેનો સંબંધ તોડી નાંખે, એટલું જ નહીં, પણ એમ પણ જાહેર કરી દે કે, "અમુક શિષ્ય ગુરુની મર્યાદામાં રહેતો નથી, માટે તેની કોઈ જવાબદારી ગુરુને શિર નથી. એમ લોકોએ સમજી લેવું."

જૈન સંપ્રદાયમાં તેમ જ અન્ય સંપ્રદાયમાં પણ કેવળ નજીવા વિચારભેદને લીધે ગુરુશિષ્યના સંબંધ વિચ્છિન્ન થતા જણાયા કરે છે. હા, એક વાત ખરી કે, "શિષ્ય સ્વચ્છંદે જ વર્તતો હોય અને પોતાનું ધ્યેય ચૂકી જઈ ગુરુની મર્યાદા પ્રમાણે જ અક્ષરશઃ ન ચાલતો હોય તો તો ગુરુ પોતાના શિષ્ય સાથેનો સંબંધ તોડી નાંખે તે તો વાજબી ગણાય. પણ જ્યાં શિષ્યમાં આવી સ્વચ્છંદતા નથી જ, માત્ર, (૮×૩) આઠતરી ચોવીસ કહેવાને બદલે (૧૨×૨) બાર દુ ચોવીસ પણ થઈ શકે છે. એમ કહેનાર કોઈ શિષ્યને ગુરુ એમ કહે કે, એમ નહીં પણ 'આઠતરી ચોવીસ' એને જ વાજબી છે. અમે 'બાર દુ ચોવીસ કે ચાર છગ ચોવીસ' એ તદ્દન ખોટી વાત છે.' તો મારા વિચાર પ્રમાણે આમ કહેનાર ગુરુ પોતાના ગૌરવને દૂષિત કરે છે. પ્રસ્તુતમાં વિશેષ આનંદની વાત છે કે, મુનિ સૌભાગ્યચંદ્રજી એટલે સંતબાલજી અને તેમના ગુરુજી પૂ. શ્રી. નાનચંદ્રજી મહારાજ, બંનેએ સ્યાદવાદને જાણેલ છે, સમજેલ છે, અને જાણી સમજીને, વહેવારમાં પણ મૂકેલ છે. એટલે આ ગુરુશિષ્યનું યુગલ, સદા વંદનીય છે અને પ્રશંસનીય પણ છે.

આટલું તો સંતબાલજી વિષે થયું. હવે તેમણે રચેલ પદ્યમય તત્ત્વાર્થસૂત્ર વિષે બીજા વળી બે શબ્દ આ પ્રમાણે જરૂર કહી શકાય.

તત્ત્વાર્થસૂત્રનો ઊંડો અભ્યાસ મનન ચિંતન કર્યા પછી શ્રી સંતબાલજીને એમ લાગેલું કે, "પ્રસ્તુત સૂત્ર દ્વાદશ અંગીના સારરૂપ છે. જો તેનો અનુવાદ કંઠસ્થ કરવામાં આવે તો જૈનસંમત દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, અને ગણિતાનુયોગ પણ બરાબર સમજાઈ જાય. કારણ કે, પંડિત સુખલાલજી રચિત સવિવેચન ગદ્ય અનુવાદને

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

કંઠસ્થ કરવો ભારે દુષ્કર છે. જ્યાં વિદ્યાર્થીઓ વિદ્યાથી વિમુખ બનતા જતા હોય ત્યાં ગુજરાતી ગદ્યને કંઠસ્થ કોણ કરે? આ પરિસ્થિતિમાં શ્રી સંતબાલજીએ તત્ત્વાર્થસૂત્રને ગુજરાતી પદ્યમાં ઉતારવાનો વિચાર કર્યો. ગદ્ય કરતાં પદ્ય, જલદી કંઠસ્થ કરી શકાય છે એમ માનવામાં આવે છે. હવે સંતબાલજીએ રચેલ અને છપાયેલ પદ્યમય તત્ત્વાર્થસૂત્ર મારી સામે છે, અને તેની પ્રસ્તાવના લખવા સારુ, પૂ. શ્રી સંતબાલજીએ. મને આદેશ કરેલ છે. પહેલાં તત્ત્વાર્થ સૂત્રનો થોડો પરિચય આપવો મને જરૂરી જણાય છે. અને તે પહેલાં પણ શ્રી તત્ત્વાર્થસૂત્રના પ્રણેતા આચાર્યવર શ્રી ઉમાસ્વાતિ વાચક વિશે બે શબ્દો, લખવા ઉચિત લાગે છે. આ મહાન સંગ્રહકારમાં એવી અદ્‌ભુત શક્તિ છે કે જે હકીકત બીજા ગ્રંથકારોએ હજારો શ્લોકો દ્વારા વર્ણવેલ હોય તેને તેઓ સો બસો શ્લોકોમાં જ સમજાવી શકે. જૈન સર્વશ્રુતનો સંગ્રહ જેમાં દર્શાવેલ છે, એવી દ્વાદશાંગીનો આશય આ અસાધારણ પ્રતિભાના ધણી સંગ્રહકારે તત્ત્વાર્થસૂત્રના દશ અધ્યાયોનાં મૂળ સૂત્રોમાં જ સમાવી દીધેલ છે. અને સૂત્રોનો આશય પોતે જ રચેલ ભાષ્યદ્વારા વિષેષ સ્પષ્ટીકરણ કરીને ઘણો સુલભ અને સુગમ બનાવેલ છે. સ્વ. પંડિત શ્રી સુખલાલજીએ તત્ત્વાર્થસૂત્રનો ગુજરાતીમાં અનુવાદ અને વિવેચન કરીને તેને સંસ્કૃત નહીં જાણનારાઓ માટે વિશેષ સુલભ બનાવવાનો મહાન પ્રયત્ન કરેલ છે. આ પછી કોઈ જિજ્ઞાસુને આ બધુંય કંઠસ્થ કરવું હોય, તો સંતબાલજીએ તેને પદ્યમાં ઉતારીને વળી વિશેષ સુગમ અને સરળ કરી આપેલ છે. આ અનુસંધાનમાં ગ્રંથકારનો વધારે નહીં તો થોડા શબ્દોમાં પણ અહીં પરિચય લખાય તો અસ્થાને નહી જ લેખાય.

ગ્રંથકાર ઉમાસ્વાતિ મહારાજ પહેલા જ પુરુષ છે કે જેમણે જૈન ધર્મના સમગ્ર તત્ત્વવિચારને સંસ્કૃતમાં ઉતારેલ છે. આ પહેલાં આ તત્ત્વજ્ઞાન આર્ષપ્રાકૃતમાં અથવા અર્ધમાગધી ભાષામાં તો હતું જ. પણ પોતાના સમયના સંસ્કૃતના ધુરંધર વિદ્વાનોનું પણ જૈન

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તત્ત્વવિચાર તરફ ધ્યાન આકર્ષાય, તે દૃષ્ટિએ પૂજ્ય પાદ શ્રી ઉમાસ્વાતિ-મહારાજે સૌથી પહેલાં તેને સંસ્કૃત ભાષા દ્વારા વ્યક્ત કરવા પ્રયાસ કરેલ છે, અને તે પણ વિશેષ સંક્ષેપ કરીને. સંક્ષેપ પણ એવી રીતે કરેલ છે કે "જૈન તત્ત્વજ્ઞાનની એક પણ વાત છૂટી ન જાય અને ચરણકરણાનુયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ એ ત્રણે અનુયોગો સંક્ષેપથી પણ પૂરેપૂરા જેમાં આવી જાય.

શ્રી ઉમાસ્વાતિ મહારાજના સવિશેષ પરિચય અને ઇતિહાસ જાણવા માટે પંડિતપ્રવર શ્રીસુખલાલજીએ રચેલ તત્ત્વાર્થસૂત્રના સવિવેચન અનુવાદના પુસ્તકની પ્રસ્તાવના જોવાની સવિશેષ ભલામણ છે. અહીં એ વિશે લખવા જતાં ઘણું વિશેષ લખવું પડે તેમ છે. તેથી જ આ ભલામણ કરેલ છે.

તત્ત્વાર્થસૂત્ર એક જ એવું પુસ્તક છે, જેને ભણવાથી, વાંચવાથી અને સમજવાથી જૈનમતનો સમગ્ર અવબોધ મેળવી શકાય છે. મને લાગે છે કે શ્રી ઉમાસ્વાતિજીના પરિચય માટે પ્રસ્તુતમાં થોડામાં થોડું પણ કંઈક જણાવવું જરૂરી છે. એ વિચારથી પ્રેરાઈને, એ બાબત આ નીચે સ્વલ્પ રૂપે જણાવું છું.

શ્રી ઉમાસ્વાતિ મહારાજે પોતે જ પોતાનો પરિચય આપતાં પ્રસ્તુત ગ્રંથને છેડે જે કાંઈ જણાવેલ છે, તે તેમના સામાન્ય પરિચય માટે પૂરતું છે. અને તે આ પ્રમાણે છે:

## શ્રી ઉમાસ્વાતિજીનો પરિચય

વાચક શ્રી ઉમાસ્વાતિના દીક્ષાગુરુ ઘોષનંદિક્ષમણ હતા. આ ઘોષનંદિક્ષમણ અગિયાર અંગોના ધારક હતા. અને વાચક શ્રીના ગુરુના પ્રગુરુ (ગુરુના ગુરુ) વાચક મુખ્ય શિવશ્રી હતા. વિદ્યાગ્રહણની અપેક્ષાએ એમના ગુરુ શ્રી 'મૂલ' નામે વાચકાચાર્ય હતા. તથા પ્રગુરુ મહાવાચક મુંડપાદક્ષમણ હતા. શ્રી ઉમાસ્વાતિજીનું ગોત્ર કૌભીષણિ હતું. એમના પિતાનું નામ સ્વાતિ હતું તથા માતાનું નામ વાત્સી હતું.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જન્મ એમનો ન્યગ્રોધિકામાં* થયેલ હતો. એમની શાખા ઉચ્ચનાગર હતી. ઉચ્ચનાગર શબ્દને બદલે આર્ષપ્રાકૃતમાં 'ઉચ્ચાનાગર' શબ્દ મળે છે. પ્રસિદ્ધ ઐતિહાસિક પ્રો. કનિંગહામના વિચાર પ્રમાણે 'ઉચ્ચનાગર' કે 'ઉચ્ચાનાગર' શબ્દને મળતો આવે એવો નગરવાચક શબ્દ ઉઠંનગર છે. વર્તમાનમાં ઉત્તર પશ્ચિમ પ્રાંતમાં આવેલ અત્યારના બુલંદ શહેરની નજીકમાં આવેલ ઉંચ્છનગર નામના કિલ્લાને આ ઉંચ્છનગર નામ મળતું આવે છે. આ તો માત્ર શાખા વાચક નામની ઉચ્ચનગર નામ સાથે કેવળ સરખામણી બતાવવા લખેલ છે.

શ્રી ઉમાસ્વાતિ મહારાજે પોતે જ જણાવેલ છે કે,

ઉમાસ્વાતિ વાચકે ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલ શ્રેષ્ઠ આર્હત ઉપદેશને બરાબર ધારણ કરી તેમ જ તુચ્છ શાસ્ત્રો વડે હણાયેલ બુદ્ધિવાળા એવા દુઃખિત લોકોને જોઈને પ્રાણીઓની અનુકંપાથી પ્રેરાઈને આ સ્પષ્ટતાવાળું 'તત્ત્વાર્થાધિગમ' નામનું શાસ્ત્ર, વિહાર કરતાં કરતાં કુસુમપુર — પાટલીપુત્ર — નામના મહાનગરમાં રચ્યું. જે આ તત્ત્વાર્થાધિગમ શાસ્ત્રને જાણશે અને તેમાં જે કંઈ કહેલ છે તેને આચરશે તે વીતરાગભાવની પારમાર્થિક ભૂમિકાને જલદી મેળવશે.

(તત્ત્વાર્થાધિગમ સૂત્રને છેડે આવેલી અને સ્વયં શ્રી ઉમાસ્વાતિ મહારાજે બનાવેલી પ્રશસ્તિ).

પ્રસ્તુત ગ્રંથકારના સમય વિશે કોઈ ચોક્કસ નિર્ણય થઈ શકયો નથી. પણ કલ્પસૂત્રમાં આવેલ સ્થવિરાવલિના આધારે કાંઈ

---

* આચાર્ય હેમચંદ્ર પોતાના અભિધાનચિંતામણિકોશમાં 'ન્યગ્રોધ' શબ્દનો અર્થ 'વડ' બતાવે છે.

દા.ત. "ન્યગ્રોધસ્તુબહુપાત્ સ્યાદ્ વટો વૈશ્રીવણાલય."

પ્રસ્તુતમાં તત્ત્વાર્થસૂત્રમાં 'ન્યગ્રોધિકા' નામ જણાવેલ છે. માટે આ સૂચવેલ છે. એ જ રીતે 'પાટલીપુત્ર' અને 'કુસુમપુર, એ બન્ને શબ્દો પર્યાય વાચક છે. એમ આચાર્ય હેમચંદ્રે ત્યાં જણાવેલ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

કહેવું હોય તો વધારેમાં વધારે અત્યારે એટલું જ કહી શકાય કે, તેઓ વીરાત્ ૪૭૧ અર્થાત્ વિક્રમ સંવતના પ્રારંભની લગભગ ક્યારેક થયા હોવા જોઈએ. તે પહેલાં નહીં. આથી વિશેષ માહિતી અત્યારે 'અંધકારમાં છે. એમ પંડિત સુખલલાજીએ પોતાના તત્ત્વાર્થસૂત્રની પ્રસ્તાવનામાં જણાવેલ છે.

પ્રશમરતિ પ્રકરણની રચના પણ શ્રી ઉમાસ્વાતિ મહારાજે કરેલ છે. એમ મારી જાણમાં છે. બીજા પણ ગ્રંથો વા પ્રબંધો તેમણે લખેલા છે, એમ કહેવાય છે. પણ એ બાબત વિશેષ માહિતી હું જાણતો નથી.

પૂજ્ય સંતબાલજીએ પોતાના પદ્યમય તત્ત્વાર્થસૂત્રની પ્રસ્તાવના લખવાનો મને જે આદેશ આપેલ તે આદેશને મેં મારી યથાશક્તિ આચર્યો છે. મારી ઉંમર અત્યારે ૯૨–૯૩ વર્ષની, આંખો નબળી છે. એથી મેં અહીં જે કાંઈ લખ્યું છે, તેથી વિશેષ લખવાની મારી શક્તિ નથી. આ લખાણથી સંતબાલજીને પૂરો ન્યાય નથી અપાયો, એમ મને લાગે છે; પણ મારી અશક્તિને લીધે વિશેષ લખવા માટે હું લાચાર છું. મારા લખવામાં કાંઈ ભૂલચૂક હોય તો વાચકો જરૂર તેને સુધારીને વાંચવા કૃપા કરે. તત્ત્વાર્થસૂત્ર અંગે બીજા ઘણા મુદ્દાઓ વિષે લખવાની જરૂર છે.... પણ એ માટે જિજ્ઞાસુઓને સવિનય ભલામણ કરું છું કે પંડિત સુખલાલજીએ લખેલ તત્ત્વાર્થસૂત્રની પ્રસ્તાવના જરૂર ધ્યાનપૂર્વક વાંચીલે.

મુનિરાજ શ્રી સંતબાલજીએ તેમના પદ્યમય તત્ત્વાર્થસૂત્રની પ્રસ્તાવના લખી આપવાનો મને જે આદેશ આપેલ તેને લીધે મારે કેટલોક સ્વાધ્યાય થયો તેથી શ્રી સંતબાલજીનો હું સવિશેષ અનુગૃહીત થયેલ છું. એ માટે પૂજ્ય સંતબાલજી પાસે સમાધાન લઉં છું અને તેમનો કોઈ અવિનય અપરાધ થયો હોય તો ક્ષમાપના યાચી સંવત ૨૦૩૭ના ભાદરવા સુદી પાંચમને ગુરુવારે આ લખાણ પૂરું કરું છું

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અંતમાં એમ ઇચ્છું છું કે મુનિરાજ શ્રી સંતબાલજીનું આ પુસ્તકને છપાવવાનું જે ધ્યેય છે તે સિદ્ધ થાય એવી શાસન દેવને પ્રાર્થના કરીને વિરમું છું.

૧૨ બી, ભારતીનિવાસ,
નવરંગપુરા,
અમદાવાદ—૩૮૦૦૦૯

બેચરદાસ દોશી

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# પ્રાસ્તાવિક

તત્ત્વાર્થસૂત્ર જૈનદર્શનનો અનુપમ ગ્રંથ છે. ભારતીય દર્શનોમાં જૈનદર્શનનો પ્રવેશ તત્ત્વાર્થસૂત્રથી થાય છે — એમ કહેવું ઉચિત જ છે. કારણ કે સંસ્કૃતમાં જૈનાચાર્યે લખેલી એ પ્રથમ કૃતિ છે અને અન્ય દર્શનના પંડિતો એ સંસ્કૃત ગ્રંથને આધારે જ જૈનદર્શન વિશે જાણતા થયા. આ એનું મહત્ત્વ છે. વળી, એ ગ્રંથ પાંચમી સદીમાં લખાયો ત્યારથી એના ઉપર કાળક્રમે અનેક ટીકાઓ લખાઈ જેમાં તે તે કાળ સુધીના દાર્શનિક પ્રશ્નોના જૈનદર્શનનાં મંતવ્યોને કેન્દ્રમાં રાખીને ચર્ચા કરવામાં આવી છે. સ્વયં તત્ત્વાર્થના કર્તા ઉમાસ્વાતિએ તેનું ભાષ્ય રચ્યું. ત્યાર પછી પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિ નામની વિશદ વ્યાખ્યા લખી. તેમાં ઇતર દર્શનની ચર્ચા તુલનાત્મક રીતે થોડી કરવામાં આવી છે, પણ પછી આચાર્ય અકલંકે તો રાજવાર્તિકમાં તેના પ્રત્યેક મુદ્દા વિશે અન્ય દર્શનનાં મંતવ્યો અને જૈન મંતવ્યો વિશે વિચાર કર્યો. એ જ રીતે આચાર્ય સિદ્ધસેને પણ વિસ્તૃત ટીકા લખી. તેમાં પણ જૈનદર્શનની માન્યતાઓનું સમર્થન અન્ય દર્શનોની અપેક્ષાએ વિશેષ ભાવે જોવા મળે છે. પણ વિદ્યાનંદે તો તત્ત્વાર્થશ્લોકવાર્તિક લખીને તત્ત્વાર્થના પ્રત્યેક મુદ્દાની અન્ય દર્શનોની તુલનામાં કેવી સત્યતા છે તેનું વિશેષ નિરૂપણ કર્યું. આચાર્ય હરિભદ્રે પણ સંક્ષેપમાં ટીકા લખી. અંતે ઉપાધ્યાય યશોવિજયે પણ તત્ત્વાર્થ ટીકા લખી પણ તે અધૂરી જ રહી.

તત્ત્વાર્થસૂત્રના હિંદી, ગુજરાતી, અંગ્રેજી આદિ અનેક ભાષાઓમાં અનુવાદો પણ થયા છે. આ તેના મહત્ત્વને સૂચવે છે. પ્રસ્તુતમાં પૂજ્ય મુનિશ્રી સંતબાલજીએ પં. સુખલાલજીના ગુજરાતી અનુવાદને

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આધારે પદ્યમાં રચના કરી છે. આચાર્ય વિદ્યાનંદે તત્ત્વાર્થશ્લોક-વાર્તિકમાં પદ્યબદ્ધ અને ગદ્યબદ્ધ વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કર્યો છે પણ ગુજરાતી ભાષામાં તો પૂ. સંતબાલજીનો આ પ્રથમ પ્રયાસ છે કે તેમણે મૂળ સૂત્રોના ભાવને પદ્યબદ્ધ કર્યો છે. તેમનો આ પ્રયત્ન પ્રથમ છે એટલે પ્રશંસાપાત્ર ગણાય, પણ સૂત્રને પદ્યમાં ઉતારવાનું કામ અતિ દુષ્કર છે એ તુરત જણાઈ આવે છે. સૂત્રને વળગી રહી પદ્યની રચના કરવી એ અતિ કઠણુ કામ છે. કારણુ સૂત્ર તેના લક્ષણુ પ્રમાણે અતિ સંક્ષિપ્ત હોય છે, તેને પૂરા પદ્યમાં ઉતારવું અતિ કઠણુ બને એ સ્વાભાવિક છે. આથી તત્ત્વાર્થનો ગદ્યાનુવાદ વાંચનાર-ને સમજવામાં જે મુશ્કેલી નડતી નથી તે આ પદ્યાનુવાદ સમજવામાં ડગલે ને પગલે મુશ્કેલી પડવાની એમ મને લાગે છે. પૂજ્ય મુનિશ્રીએ સૂત્રાનુસારી પદ્ય બનાવવાને બદલે તેના વક્તવ્યને પદ્યમાં ઉતાર્યું હોત તો તેમની જે કવિતા કરવાની શક્તિ છે તે છતી થાત. પણ આમાં તો માત્ર સૂત્રને તેઓ વળગી રહ્યા છે આથી પદ્યો ક્લિષ્ટ બની ગયાં છે અને ઘણે સ્થળે તો અર્થ સમજાય જ નહીં એવું બની ગયું છે. આનો અર્થ એટલો જ છે કે હવે પછી પદ્યમાં ઉતારનાર માટે એક રસ્તો શરૂ થયો છે, તે પછીનો પ્રયત્ન કરનારને માર્ગદર્શન જરૂર મળી રહે, એટલું જ આનું મૂલ્ય છે. બાકી જે ઉદ્દેશથી પૂ. સંતબાલજીએ આ પદ્યાનુવાદ કર્યો છે — જેવા કે ગીતાના અનુવાદો થયા છે — તેવું કરવામાં તો હજુ આવા બીજા અનેક અનુવાદ થશે ત્યારે કંઈક સિદ્ધિ હાંસલ થવા સંભવ છે. સંસ્કૃત શ્લોકો કે પ્રાકૃત ગાથાને ગુજરાતી પદ્યમાં ઉતારવું સરલ પડે, પણ સૂત્રને, તેના શબ્દોને જ વળગી રહી પદ્ય રચના કરવી એ અત્યંત કઠણુ છે. અને એની પ્રતીતિ આ પુસ્તક વાંચનારને સહેજે થઈ જશે.

અહીં મારે એ પણુ સ્વીકારવું જોઈએ કે મને છપાયા પૂર્વે આ નિવેદન લખી આપવા જણાવ્યું હતું. પણ મેં જણાવ્યું કે છપાઈ ફરમા આવશે એટલે લખી આપીશ. આ ભૂલ ખરેખર મારી

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

થઈ. જો છપાયા પૂર્વે તેમની ઇચ્છા મુજબ મેં જોયું હોત તો હું છાપવા મંજૂરી આપત નહીં. એટલે અહીં મારો પણ દોષ મારે સ્વીકારવો જ રહ્યો.

આ ગ્રંથમાં માત્ર પદ્યાનુવાદ જ નથી. ગદ્યમાં સૂત્રાર્થ આપ્યો જ છે અને જરૂરી જણાય ત્યાં ગદ્યમાં વિવેચન છે જ. એટલે સમગ્રભાવે આ પુસ્તક વાચકને નિરૂપયોગી છે એમ તો ન કહેવાય. એમાં તો શ્રી સંતબાલજીને અન્યાય જ થાય. એટલે પદ્યને બાદ કરતાં જે કાંઈ લખ્યું છે તે વાચકને ઉપકારક થશે જ. કારણ પૂ. સંતબાલજી — જેઓ જૈનદર્શન અને બીજાં દર્શન–ધર્મોના નિષ્ણાત છે તેમની કલમે એ ગદ્યવિવરણ લખાયું છે.

તા. ૨૪–૯–૧૯૮૧

અમદાવાદ

**દલસુખ માલવણિયા**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# મારું વક્તવ્ય

વયોવૃદ્ધ અને જૈન તત્ત્વજ્ઞાનના અનુભવ-વૃદ્ધ પંડિત શ્રી બેચરદાસજીએ પોતાના 'બે શબ્દ'ના મથાળા નીચેની પ્રસ્તાવનામાં સાચું કહ્યું છે: "સ્વર્ગસ્થ પંડિત શ્રી સુખલાલજીએ તત્ત્વાર્થસૂત્રને ગુજરાતીમાં અનુવાદ અને વિવેચન કરીને તેને (તત્ત્વાર્થસૂત્રને) સંસ્કૃત નહીં જાણનારાઓ માટે વિશેષ સુલભ બનાવવાનો મહા પ્રયત્ન કરેલ છે. આ પછી કોઈ જિજ્ઞાસુને આ બધું કંઠસ્થ કરવું હોય તો સંતબાલજીએ તેને પદ્યમાં (શ્લોકોમાં) ઉતારીને વળી વિશેષ સુગમ અને સરળ કરી આપેલ છે..."

પંડિત શ્રી સુખલાલજી પોતાના 'તત્ત્વાર્થસૂત્ર' ગ્રંથના 'વક્તવ્ય'માં કહે છે તેમ વિક્રમ સંવતના સત્તરમા — અઢારમા સૈકામાં-યશોવિજય' નામના ગણીમુનિએ સૌથી પહેલો ગુજરાતી ટબો અને તે પણ દિગંબરીય તત્ત્વાર્થસૂત્રને મોખરે રાખી લખ્યો! ત્યાર બાદ સૌથી પ્રથમ ગુજરાતી અનુવાદ અને વિવેચન સંવત ૧૯૮૬માં ગુજરાત વિદ્યાપીઠમાં સંકળાઈ પંડિત સુખલાલજીએ જ કર્યો. પણ એનેય સંક્ષેપમાં કંઠસ્થ કરવું હોય તો શું? એનો જવાબ ગુજરાતી શ્લોકો સહિતનું આ 'તત્ત્વાર્થસૂત્ર' જ સફળ રીતે આપી શકશે.

## ગુજરાતની વિશેષતાઓ

ભાલનળકાંઠા પ્રયોગનું મુખ્ય ગ્રામકેંદ્ર, ગૂંદી બરાબર ગુજરાત અને સૌરાષ્ટ્રની સરહદે છે. તેની નજીકમાં 'લોથલ' અને 'રંગપુર'માં જે પ્રાચીન અવશેષો ખોદકામ પરથી સાંપડ્યા છે, તે વિશ્વગુરુ એવા આ ભારતમાં પણ ગુજરાતની વિશેષતા સૂચવે છે. તેમાંય

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સત્યધર્મનો વિશ્વવ્યાપી ઉદ્ધાર કરવાનો જે શ્રીમદ્ રાજચંદ્રનો સંકલ્પ હતો, તે ગાંધીજીએ પાર પાડવાની મંગળ શરૂઆત પણ ગુજરાતથી કરી. તે પરથી 'ભગવાન મહાવીરના જ એ સત્ય અહિંસા પ્રચારવાનો અવતાર થયો છે' એવું અમારા સદ્ગત ગુરુદેવ નાનચંદ્રજી મહારાજે લગભગ સીત્તેર વર્ષ પહેલાં ગાંધીજીમાં પરખી લીધેલું. એ એમનાં ગાંધીજી પરનાં બે અંજલિ કાવ્યો ખાતરી આપે છે! સદ્ભાગ્યે આ જ ગુજરાતમાં વીર સંવત ૯૮૦ (અને વિક્રમ સંવત ૫૧૦)માં વલ્લભી-પુર–વળા–સૌરાષ્ટ્રમાં છેલ્લું અથવા ત્રીજું જૈન સાધુ સંમેલન પણ થયું હતું! આમ ગુજરાતની અનેક વિશેષતાઓ હોવાથી ગુજરાતી ભાષાની પણ મૌલિક વિશેષતાઓ દિનેદિને વધુ ને વધુ બહાર આવતી જવાની ધારણા રહે છે. પંડિત શ્રી બેચરદાસજીની એ વાત પણ ખરી જ છે કે "ગદ્ય કરતાં પદ્ય જલદી કંઠસ્થ કરી શકાય છે." તે આ ગ્રંથની પ્રકાશક સંસ્થા, "મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર" તરફથી બહાર પડેલ 'સાધક સહચરી' પરત્વે સ્થાનકવાસી જૈનસમાજનાં શિક્ષિત કે અશિક્ષિત (આકુમારવૃદ્ધ) સૌનો તેને કંઠસ્થ કરી લેવાનો પ્રોત્સા-હક અનુભવ થઈ ચૂકયો છે.

## તત્ત્વાર્થસૂત્રના મૂળ રચયિતા વિષે નોંધનીય

તત્ત્વાર્થસૂત્રના પ્રણેતા આચાર્યવર શ્રી ઉમાસ્વાતિ (અથવા ઉમાસ્વામી) અનેક મહાન જૈન ગ્રંથોના રચયિતા છે જ. પરંતુ વિક્રમના પ્રથમ સૈકામાં એમણે આ તત્ત્વાર્થગ્રંથ રચીને તો પરાકાષ્ઠા જ કરી દીધી એમ જ કહેવાય! કારણ કે વિશ્વગ્રંથ ગીતાની અવેજીમાં જૈન તત્ત્વજ્ઞાન કે જૈન દર્શનનો નિચોડ આ સિવાય બીજે કયાંય જોવા નથી મળતો! ઉપરાંત પરિચય પૃ. ૨, માં પંડિત સુખલાલજીએ જ કહ્યું છે: "તત્ત્વાર્થાધિગમશાસ્ત્રના પ્રણેતા જૈન સંપ્રદાય (જૈન સમાજ)ના બધા ફિરકાઓને પહેલેથી આજ સુધી એક સરખા માન્ય છે. દિગંબરો તેમને પોતાની શાખામાં થયેલા

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

માનતા આવ્યા છે — દિગંબર પરંપરામાં એ ઉમાસ્વામી અને ઉમાસ્વાતિ ... એ ... નામથી જાણીતા છે; જ્યારે શ્વેતાંબર પરંપરામાં ફક્ત ઉમાસ્વાતિ એ નામ જાણીતું છે. આ સિવાય તેઓ બ્રાહ્મણકુલમાં જન્મેલા તે અને કઈ વિદ્વાન મુનિવર શાખામાં દીક્ષિત થયા તે તેમ જ તત્ત્વાર્થ ગ્રંથ રચાયો કયાં એ વિષે પંડિત બેચરદાસજીએ ઐતિહાસિક આધારો આપ્યા છે જ. ઉપરાંત વિશેષ જોવા સદ્દગત પંડિત શ્રી સુખલાલજીના તત્ત્વાર્થાનુવાદ (સવિવેચનાત્મક) જોવા ભલામણ પણ કરી છે. એથી એ વિષે હું નહીં લખું. પરંતુ પંચ પરમેષ્ઠીના અર્ધમાગધી મૂલ મંત્રને 'સંસ્કૃત'માં આપનાર સિદ્ધસેન દિવાકરને જે જૈન સમાજે જાહેર પ્રાયશ્ચિત્ત આપી પોતાનું ભાષાંતરિત કરાયેલું 'સંસ્કૃત ભાષાંતર પાછું ખેંચાવેલું. એ જ જૈન સમાજે તત્ત્વાર્થાધિગમ ગ્રંથ 'સંસ્કૃતમાં' આપનાર ઉમાસ્વાતિ વાચકને હૃદયપૂર્વક અને આજલગી અપનાવ્યા છે, તે ખાસ નોંધનીય બની રહે છે. મને પોતાને તેનું ખાસ અગત્યનું કારણ એ મળે છે કે 'તત્ત્વાર્થસૂત્રના રચયિતા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવની ચાળણીથી ચાળી આપી શકયા છે, તે છે!' મતલબ એમણે સાતત્ય રક્ષારૂપ (જૈન આગમોના પરાપૂર્વના જાણકાર હોવા ઉપરાંત) આ રીતે પરિવર્તનશીલતા (એટલે કે અનેકાંતવાદી વિચાર અને અહિંસાનો આચાર સંશોધીને પરિવર્તનશીલતા) સિદ્ધ કરી આપી છે. તેઓ માત્ર જૈનેતર દર્શનો, સંપ્રદાયો, ધર્મો, તત્ત્વજ્ઞાન વગેરેના જાણકાર હતા એટલું જ નહીં બલકે શ્રીમદ્ રાજચંદ્રે પોતાની હાથ નોંધમાં વર્ષો પહેલાં લખેલું: "દર્શનની રીતે આ કાળમાં ધર્મ પ્રવર્તાવવો જિનને અભિમતે યોગ્ય ઠરે." તે માટે પણ આ 'તત્ત્વાર્થાધિગમસૂત્ર, ઘણું પ્રાસંગિક અને સમુચિત જણાઈ રહે છે. ઉમાસ્વાતિજીએ આ યુગના શ્રીસદ્દ્ગુરુજીના ભવ્યત્વ પ્રશ્નમાં પારિણામિકપણું કઈ દષ્ટિએ તે પણ જેમ દશમા અધ્યાયના ચોથા સૂત્રમાં આપી સિદ્ધ કર્યું છે તેમ ૨૧૮ આંકમાં 'અધિષ્ઠાનથી એક છે, અને જીવરૂપે અનેક

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છે.' જે દર્શાવ્યું છે તે પણ પાંચમા અધ્યાયમાંનું 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' એકવીસમું સૂત્ર આપી સિદ્ધ કરી આપેલ છે. બધા જીવો પારસ્પરિક ઉપકાર લેનાર અને દેનાર નિમિત્ત બની શકે છે. તે જેમ અનંતપણું દર્શાવે છે તેમ નિમિત્ત રૂપે બધા જીવોનું પ્રકાશકપણું એક પણ દર્શાવે છે. આથી ગીતાના અનાસક્તિયોગરૂપ આંતરિક નિર્ગ્રંથતા અને આચારાંગમાંની બાહ્ય નિર્ગ્રંથતારૂપ અનાસક્તિયોગ સાથે સર્વજનશ્રદ્ધેય ત્યાગ પણ સિદ્ધ થઈ જાય છે. આમ અનેક દૃષ્ટિએ 'તત્ત્વાર્થસૂત્ર'ના આ મૂળ રચયિતા શ્રી ઉમાસ્વાતિ જેમ નોંધનીય છે, તેમ એમની રચના પણ તેવી જ નોંધનીય બની જાય છે!!

## ભાલનલકાંઠા પ્રયોગ સંકલિત

ભાલનલકાંઠા પ્રયોગ કે જે ગાંધી પ્રયોગના અનુસંધાનમાં શરૂ થઈ વિશ્વવ્યાપી બનવા મથી રહ્યો છે ત્યારે વળી આ ગૂજરાતી શ્લોકો સાથે 'તત્ત્વાર્થ' ગ્રંથ બહાર પડે છે અને પંડિત બેચરદાસજી કહે છે અને ઇચ્છે છે તેમ અમારા સદ્‌ગત ગુરુદેવ (જેઓ જાતે ભા.ન. પ્રયોગ ક્ષેત્રમાં પગલાં પાડી આશીર્વાદ આપી શકયા છે, તેઓને અર્પણ થાય છે, તે ખરેખર એક વિરલ સુયોગ છે.

## મહાનિમિત્ત અને બીજાં નિમિત્તો

હવે આમાં મુખ્ય નિમિત્ત અથવા મહાનિમિત્ત અને બીજાં નિમિત્તોનો ઉલ્લખે પ્રથમ તો કરી દઉં: બહેન પ્રભાના સદ્‌ગત પિતાજી શ્રી કાન્તિલાલ અજમેરા સન ૧૯૬૦ના કપોળવાડી મુંબઈના ચોમાસામાં તેના જીવન-માર્ગદર્શન માટે તેને લાવેલા! પછી તો ગૃહાશ્રમી કૌમાર્ય સેવી આગળ વધવાનો પ્રભાએ નિર્ણય કર્યો અને ગુરુ-શિષ્યારૂપે તે વારંવાર સત્સંગાર્થે આવવા લાગી. એ નિમિત્તે (હું ન ભૂલતો હોઉં તો) પાલઘરથી તત્ત્વાર્થસૂત્રનું ગુજરાતી શ્લોકોમાં, ભાષાંતર તેને નિમિત્તે જ શરૂ થયું. દિનેદિને તેમાં તેણે પણ સક્રિયપૂર્તિ કરી. અને એ રીતે બહેન પ્રભાનાં બધી રીતે સક્રિય તથા ભાવના અને મુખ્યત્વે આર્થિક સહાય સાથે પાછળથી પુષ્પાબહેન-અરવિંદ-

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ભાઈ શ્રાવકદંપતી તથા પુષ્પાબહેનના પિતાશ્રીએ ભાગ ભજવ્યો. પછી તો હાલ પૂનાવાસી ભાઈ ખંઢેરિયા, અહીંના વૈષ્ણવ ભાઈશ્રી મણિકાંતભાઈ, વીરચંદભાઈ, ગુણીબેન વગેરેએ પણ વિવિધ રીતે સહયોગ આપ્યો. એ રીતે બાર બાર તેર તેર વર્ષ પછી આ રૂપે તત્ત્વાર્થ-ગ્રંથ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર સંસ્થા તરફથી પ્રકાશિત થાય છે.

## આ પુસ્તક વાંચતાં સ્મરણીય

પંડિત સુખલાલજીના 'તત્ત્વાર્થસૂત્ર'ના અભ્યાસ વિષેના સૂચનમાં આ નીચેના ઉદ્‌ગારો આ પુસ્તક વાંચતી વખતે પણ સ્મરણીય છે: "ભૂગોળ, ખગોળ, સ્વર્ગ અને પાતાળ વિદ્યાના ત્રીજા તથા ચોથા અધ્યાયનું શિક્ષણ આપવા બાબત બે મોટા વિરોધપક્ષો છે; એક પક્ષ તેમને શિક્ષણમાં રાખવા 'ના' પાડે છે જ્યારે બીજો પક્ષ તેમના શિક્ષણ વિના સર્વજ્ઞ-દર્શનનો અભ્યાસ અધૂરો માને છે. આ બંને એકાંતની છેલ્લી સીમાઓ છે,— તેથી....તે બે અધ્યાયોનું શિક્ષણ...છતાં તેની પાછળની દૃષ્ટિ બદલવી એ જ અત્યારે સલાહકારક છે)....(મતલબ)... એક કાળે આર્ય દર્શનોમાં સ્વર્ગ, નરક, ભૂગોળ અને ખગોળ વિષે કેવી કેવી માન્યતાઓ ચાલતી અને એ માન્યતાઓમાં જૈન દર્શનનું શું સ્થાન છે એવી ઐતિહાસિક દૃષ્ટિથી જ આ અધ્યાયોનું શિક્ષણ...(લેવાય)...તો ખોટું સમજી ફેંકી દેવાના વિષયોમાંથી જાણવા જેવું ઘણું જ બાતલ ન રહી જાય! અને સત્યશોધન માટે જિજ્ઞાસાનું ક્ષેત્ર તૈયાર થાય, તેમ જ જે સાચું હોય, તેને સવિશેષપણે બુદ્ધિની કસોટીએ ચડવાની તક મળે..."

પૂજ્ય આત્મારામજી (પંજાબી સ્થાનકવાસી સંપ્રદાયના ઉપાધ્યાય) સાધુ મુનિરાજ તરફથી "તત્ત્વાર્થસૂત્ર સાથેના જૈન આગમ-સમન્વય રૂપે બહાર પડેલા પુસ્તકનો આગમ પાઠ આધાર એ આ ગ્રંથમાં મોટામાં મોટું ઋણ છે.

નવજીવન ટ્રસ્ટના જવાબદાર ટ્રસ્ટી ભાઈશ્રી રામલાલ પરીખે આ પુસ્તકમાં પંડિત સુખલાલજીની (આ નવજીવન પ્રેસ મુદ્રિત અને

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ગૂ. વિ. પ્રકાશિત) આવૃત્તિનો સંસ્કૃત મૂળ પાઠ અને એ પરનો ગુજરાતી (એમાંનો) અર્થપાઠ લેવાની મારી ઇચ્છા મંજૂર રાખી તે અહેસાનમંદતા અને ધન્યવાદ માગી લે છે.

પંડિત બેચરદાસજીના અને પંડિત દલસુખ માલવણિયાના 'બે શબ્દ' અને પ્રાસ્તાવિક રૂપ સુંદર, અનુભવયુક્ત અને અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખી, તેમાં તે બન્નેની ઉત્સાહભરી અને આંતરિક મમતાભરી અમારા સદ્ગત પરમ પૂજ્ય ગુરુદેવ નાનચંદ્રજી મહારાજના તથા મારા તરફની આદરયુક્ત લાગણી અક્ષરે અક્ષરે દેખાઈ રહે છે. તેની કદર વાચકમાત્ર બરાબર બૂઝશે જ, એની ખાતરી રહે છે.

આ પુસ્તકમાંની કેટલીક ટિપ્પણીઓ, ઉપોદ્ઘાતો અને ઉપસંહારો પણ 'તત્ત્વાર્થાધિગમસૂત્ર'ને જૈન જૈનેતર, સૌ વાચકો, સારી પેઠે સમજી શકે, એ માટે સહાયરૂપ થઈ પડે એ દૃષ્ટિએ આપી છે. વળી આ પુસ્તકના બે ખંડો રાખ્યા છે — જે પૈકી બીજા ખંડમાં, મૂળ 'તત્ત્વાર્થાધિગમસૂત્ર'ના શ્લોકો અલગ એટલા માટે આપ્યા છે કે તે ગુજરાતી શ્લોકોને વાચક નરનારી કે સંત સતીઓ કંઠસ્થ કરી જૈન તત્ત્વજ્ઞાન અથવા જૈન દર્શનમાંના યથાર્થ **વિશ્વધર્મના** વિચાર સહિત આચારનો અનુભવ આત્મસાત્ કરવા ધારે તો સન્માર્ગ-દર્શન સાથે આત્મસાત્ કરી શકે.

ભાઈશ્રી મનુ પંડિત અમારાં અન્ય પ્રકાશનોમાં જેમ ઉત્સાહથી મદદ કરતા આવ્યા છે તેમ આ પુસ્તક પાછળની તેમની જહેમત પણ ઉલ્લેખનીય છે — તેમની મદદમાં ભાઈ હરિપ્રસાદ આચાર્યે પણ કાંઈ ને કાંઈ ભાગ લીધો જ છે. છેલ્લે છેલ્લે જૈન જૈનેતર સૌને અનુરૂપ થાય તેવું આ પુસ્તક બનાવવામાં ઊંડો અને સક્રિય રસ, જે મણિકાંતભાઈ વૈષ્ણવે લીધો છે તેમને અને પ્રથમથી આજ સુધી કેંદ્રમાતા શ્રી મીરાંબહેન તથા પ્રિય મણિભાઈએ ડગલે ને પગલે દરેક રીતે સૌને જે સાથ અને સહયોગ આપેલ છે, તે તો ખાસ નોંધવું જ જોઈએ.

મહાવીર નગર, **ચિંચણી**, જિ. થાણા **સંતબાલ**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રકાશક સંસ્થાનું નિવેદન | ... | મણિભાઈ બા. પટેલ | ૩ |
| બે શબ્દ | ... | પં. બેચરદાસ દોશી | ૫ |
| પ્રાસ્તાવિક | ... | પં. દલસુખ માલવણિયા | ૧૨ |
| મારું વક્તવ્ય | ... | સંતબાલ | ૧૫ |

ખંડ ૧લો

| | |
|---|---|
| ૧. અધ્યાય ૧ : નયપ્રધાન દર્શન-જ્ઞાન વિવરણ | ૩ |
| ૨. અધ્યાય ૨ : જીવલક્ષણ અને જીવપ્રકારો | ૨૦ |
| ૩. અધ્યાય ૩ : નારકીવર્ણન | ૩૮ |
| ૪. અધ્યાય ૪ : દેવવર્ણન | ૪૬ |
| ૫. અધ્યાય ૫ : અજીવ વિસ્તાર | ૬૨ |
| ૬. અધ્યાય ૬ : પાપ પુણ્ય અને ધર્માધર્મ વિભાગ | ૭૬ |
| ૭. અધ્યાય ૭ : સાધના | ૮૮ |
| ૮. અધ્યાય ૮ : કર્મબંધ વિશ્લેષણ | ૧૦૪ |
| ૯. અધ્યાય ૯ : સંવર–સુધ્યાન–નિર્જરા અનુક્રમ | ૧૧૬ |
| ૧૦. અધ્યાય ૧૦ : મોક્ષ પરિસ્થિતિ | ૧૩૫ |

ખંડ ૨જો

| | |
|---|---|
| અધ્યાય ૧ થી ૧૦ શ્લોકો | ૧ થી ૪૫ |


---

# શુદ્ધિપત્રક

**(આટલું સુધારી લેવા વિનંતી છે.)**

ખંડ ૧લો

| પાન | લીટી | શ્લોક | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૪ | — | ૧ | પરાકાષ્ટતા | પરાકાષ્ઠતા |
| ૫ | ૫ | ૨ | જૈનો | જે, નૌ(નવ) |
| ૭ | | સૂત્ર ૮ | તત્સંરખ્યા | સત્સંખ્યા |
| ૭ | — | ૬ | ક્ષેત્રે જ | ક્ષેત્રજ્ઞ |
| ૯ | ૧ | ૧૨ | મતિઃ | મતિ |
| ૯ | ૧૩ | ૧૪ | ઈડા | ઈહા |

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૩ | — | ધારણુ | ધારણા |
| ૧૦ | ૯ | — | મતિજ્ઞના | મતિજ્ઞાન |
| ૧૪ | સૂત્ર ૩૧નો શબ્દાર્થ : એક આત્મામાં એક સાથે એકથી લઈ ચાર સુધી જ્ઞાન, ભજનાથી–અનિયતરૂપે થાય છે. | | | |
| ૧૭ | ૧૯ | — | શ્રદ્ધાવાન | શ્રદ્ધાવાન્ |
| ૩૫ | ૬ | — | હોય છે | હોઈ શકે છે. |
| ૩૬ | ૮,૯,૧૦ | — | સમક્તિ | સમકિત |
| ૩૬ | ૧૨ | — | ચાવ્યો | ચાલ્યો |
| ૩૭ | ૧૨ | જીવોમાં પણ હોઈ શકે | | જીવોમાં હોઈ શકે |
| ૩૭ | ૧૩ | — | ખેતાણીએ | ખેતાણીએ કરી |
| ૩૯ | — | સૂ. ૧લું | ધનામ્બુ | ધનામ્બુ |
| ૪૫ | ૯ | — | પરમાધાર્મિક | પરમાધામી |
| ૫૦ | ૧૧ | — | વિત્કુમાર | વિદ્યુતકુમાર |
| ૫૧ | — | સૂ. ૧૬ | બસ્થિતાઃ | વસ્થિતાઃ |
| ૫૭ | ૧૪ | — | પલ્યોપય | પલ્યોપમ |
| ૫૮ | ૭ | સૂ.૧૭ | ગ્રૈવેયક | ગ્રૈવેયકે |
| ૬૦ | ૨ | ૨૦ | ચોથા | ચોથો |
| ૬૦ | ૯ | — | સંબંધોએ | સંબંધો એ |
| ૬૪ | — | સૂ. ૫મું | આડકાશાદેક | આ આકાશાદેક |
| ૭૦ | — | સૂ. ૩૨મું | ન્ધઃ | ન્ધઃ |
| ૭૭ | | સૂત્ર ૪નીચે ઉમેરો : ઉ.સૂ.અ.૨૮, ગાથા ૧૪ | | |
| ૭૮ | — | સૂ.૬ | અબ્રત | અવ્રત |
| ૮૦ | — | સૂ. ૧૨ | તાપાકન્દન | તાપાક્રન્દન |
| ૮૧ | — | સૂ. ૧૪ | કેવલિશ્રુતસઘ | કેવલિશ્રુતસંઘ |
| | | | શર્દનમોહસ્ય | દર્શનમોહસ્ય |
| ૮૩ | ૨૧ | — | યથાર્થવિહીન | યથાર્થ જ્ઞાનવિહીન |
| ૮૪ | — | સૂ. ૨૪ | સદ્દસદ્દ | સદસદ્દ |
| ૮૫ | — | સૂ. ૨૫ | સેકા | સેકો |
| ૮૬ | છેલ્લી | — | સમક્તિ | સમકિત |
| ૮૯ | — | સૂ. ૧ | વિરતિર્બ્રતમ | વિરતિર્વ્રતમ |

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

| | | | | |
|---|---|---|---|---|
| ૯૧ | — | સૂ. ૮ | પમત્તયોગાત્ વ્યરોપણું | પ્રમત્તયોગાત્ વ્યપરોપણું |
| ૯૨ | — | સૂ. ૧૩ | બ્રતી | વ્રતી |
| ૯૩ | — | સૂ. ૧૬ | ધૌષધો | પૌષધો |
| ૯૪ | — | સૂ. ૨૦ | બન્ધવસ્છધવિધચ્છેદાતિ | બન્ધવધચ્છવિચ્છેદાતિ |
| ૯૬ | ૭ | — | પરવિવાહકરગ | પરવિવાહકરણ |
| ૯૭ | ૨૩ | — | નિર્લજ | નિર્લજ્જ |
| ૯૭ | ૨૪ | — | પાપીષ્ટ | પાપિષ્ઠ |
| ૯૮ | ૬ | — | દંદર્પચેષ્ટા | કંદર્પચેષ્ટા |
| ૯૮ | — | સૂ. ૨૯ | પ્રક્રમણા | પક્રમણા |
| ૯૮ | ૧૭ | — | આદનનિક્ષેપ | આદાનનિક્ષેપ |
| ૯૯ | ૮ | — | અગિયારનું | અગિયારમું |
| ૯૯ | — | સૂ. ૩૨ | સુખાનુબન્ધાનિદાન | સુખાનુબન્ધનિદાન |
| ૧૦૭ | — | સૂ. ૮ | વેદનીયાની | વેદનીયાનિ |
| ૧૦૭ | ૧૮ | — | સ્ત્યાનગૃદ્ધ | સ્ત્યાનગૃદ્ધિ |
| ૧૦૮ | ૨ | — | દ્રિષોડષ ભેદાઃ | દ્વિષોડશનવ ભેદાઃ |
| ૧૦૮ | ૨૪ | — | જુગુપ્સતાનો કષાય | જુગુપ્સતા નોકષાય |
| ૧૦૯ | ૫ | — | તપોઃદ્યોતાચ્છાવાસ્તવિહા : યોગ | તપોદ્દ્યોતોચ્છવાસવિહાયોગ |
| ૧૦૯ | ૨૧ | ૧૦ | વણુહ | વર્ણ |
| ૧૧૦ | — | સૂ. ૧૩ | ઉશ્ચૈર્નીચૈશ્ચ | ઉચ્ચૈર્નીચૈશ્ચ |
| ૧૧૧ | ૫ | — | કોટીકોટી | કોટીક કોટી |
| ૧૧૧ | ૬ | — | સાગરોપણ | સાગરોપમ |
| ૧૧૩ | ૩ | | સૂક્ષ્મક ક્ષેત્રાવગાઢ | સૂક્ષ્મૈક ક્ષેત્રાવગાહ |
| ૧૧૪ | ૨૦ | — | બાલા વાળો | બાલાઃ વાળો |
| ૧૧૪ | ૨૨ | — | પ્રતિપાદન કરે | પ્રતિપાદન ખાસ કરે |
| ૧૧૯ | ૯ | | અન્યત્વ | અન્યત્વ તથા |
| ૧૧૯ | ૯ | ૬ | દુર્લભજતથા | દુર્લભ જ યથા |
| ૧૨૩ | ૧૧ | — | માદર્યવૃત્તિ | મૌદર્યવૃત્તિ |

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૫ | ૬,૧૨ | | પ્રચ્છના | પૃચ્છના |
| ૧૨૬ | — | સૂ. ૨૬ | બ્રાહ્યા | બાહ્યા |
| ૧૩૧ | — | સૂ. ૪૬ | સંકાન્તિઃ | સંક્રાન્તિઃ |
| ૧૩૧ | ૮ | — | વિનાને | વિનાનાને |
| ૧૩૮ | ૬ | — | સુક્ત | મુક્ત |

## ખંડ ૨જો

| પાન | શ્લોક | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૭ | ૨ | ૧ | ત્રાયસ્ત્રિશત | ત્રાયસ્ત્રિંશત |
| ૧૮ | ૯ | ૩ | કલ્પોપજા | કલ્પોપન્ન |
| ૧૯ | ૧૧ | ૪ | સો | સૌ |
| ૨૦ | ૧૫ | ૧ | ઉત્કૃષ્ટીને | ઉત્કૃષ્ટી તે |
| ૨૧ | ૪ | ૧ | જીવમાં જતે | જીવમાં જ તે |
| ૨૨ | ૧૩ | ૧ | અનેક ધા | અનેક ધા |
| ૨૩ | ૧૫ | ૩ | નાસદશે | ના સદશે |
| ૨૩ | ૧૬ | ૧ | દ્રવ્યા શ્રયી | દ્રવ્યાશ્રયી |
| ૨૬ | ૫ | ૧ | પ્રદ્વેશ | પ્રદ્વેષ |
| ૨૭ | ૧૨ | ૨ | નહીં | તહીં |
| ૩૦ | ૧૬ | ૧ | છ વિરછેદ | છ વિરછેદ |
| ૩૧ | ૧૯ | ૧ | પરવવિવાહ | પરવિવાહ |
| ૩૧ | ૨૧ | ૧ | માટે થાય | માહે થાય |
| ૩૨ | ૨૪ | ૨ | અનુપસ્થાન | અનુપસ્થાપન |
| ૩૨ | ૨૫ | ૨ | મૂંકવાં | મુકવાં |
| ૩૨ | ૨૫ | ૩ | પોષધોપવાસિત | પૌષધોપવાસિત |
| ૩૩ | ૨૮ | ૩ | અતિચારથી | અતિચારેથી |
| ૩૩ | ૩૦ | ૨ | નિસ્પૃહી | નિઃસ્પૃહી |
| ૩૪ | ૧ | ૧ | અવિરત | અવિરતિ |
| ૩૫ | ૬ | ૩ | સ્ત્યાનગૃદ્ધ | સ્ત્યાનગૃદ્ધિ |
| ૩૫ | ૮ | ૨ | સંજ્વલન | સંજ્વલની |
| ૩૬ | ૧૦ | ૩ | વણુહ | વર્ણું |
| ૪૪ | ૪ | ૧ | ઔદયિકે | ઔદયિકઃ |

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# તત્ત્વાર્થસૂત્ર

- સંસ્કૃત સૂત્રો
- સૂત્રોના શબ્દાર્થ
- ગુજરાતી શ્લોકો

ખંડ ૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૧

## નયપ્રધાન દર્શન–જ્ઞાન વિવરણ

### ઉપોદ્‌ઘાત

પ્રથમ અધ્યાયમાં કુલ પાંત્રીસ સૂત્રો છે. એની શરૂઆત દર્શન, જ્ઞાન, અને ચારિત્ર (જૈન પરિભાષા મુજબ રત્નત્રય)થી થાય છે. જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ શબ્દો છે, અને તે ત્રણેને રત્નત્રિપુટી પણ કહેવાય છે; તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય એમ પાંચ શબ્દો પણ આવે છે. જેમ જ્ઞાન અને દર્શન વચ્ચે ખાસ તાત્ત્વિક ભેદ નથી તેમ તપ અને વીર્ય એ બંને શબ્દો પણ એક અર્થમાં તો ચારિત્રમાં જ સમાવેશ પામે છે.

આ રીતે જૈન આગમોમાં જ્ઞાન અને ચારિત્ર અથવા જ્ઞાન અને ક્રિયા એ બે શબ્દો જ મુખ્ય છે. જ્ઞાન વિના આંધળાપણું છે, તો ક્રિયા વિના પાંગળાપણું છે. જેમ આંધળો અને પાંગળો એ બંને એકમેકમાં ઓતપ્રોત થાય, તો જ બંને ગતિ કરી શકે છે. તેમ જ્ઞાનની ખાંધ ઉપર ચારિત્ર ચડીને દોરે તો જ જીવ, સકળ કર્મબંધનથી મુક્ત થઈ શકે છે. કારણ કે પ્રાણીમાત્રની પ્રવૃત્તિ જે સુખ માટે હોય છે, તે સુખ કર્મબંધનના સંપૂર્ણ મોક્ષ સિવાય થતું નથી. સિદ્ધ ગતિમાંની સિદ્ધ શિલામાં મોક્ષ પામેલા જીવો અનાદિ અનંતકાળથી વિરાજમાન છે. તેને જ મોક્ષ પામનાર જીવ પામી જાય છે. કોઈ એને પરમાત્મપદની પ્રાપ્તિ અથવા પરમાત્મામાં કે ભગવાનમાં મળી જવાનું કહે તો એમાંયે વાંધો નથી. આ સ્થાન પામવા માટે મુખ્ય સાધન જ્ઞાન

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છે. વિશ્વગ્રંથ ગીતામાં પણ — ज्ञानाग्नि दग्ध कर्माणं — એટલે જ્ઞાનાગ્નિથી કર્મને બાળી નાખનારને જ પંડિત કહ્યા છે.

આ રીતે આ આખાયે અધ્યાયમાં માનવ શરીર મોક્ષ સાધનમાં મુખ્ય મનાયું હોઈ માનવશરીર પામીને — દર્શન જ્ઞાન ચારિત્ર — રૂપી આત્મસ્વભાવની ત્રિવેણી મેળવવા મથવાનું ખાસ કહેવાયું છે.

જેમ સંસારમાં જડ અને ચેતનની જોડી સાથે રહેલી મનાય છે તેમ મોક્ષમાર્ગમાં જ્ઞાન અને દર્શનની જોડી એકીસાથે રહેલી મનાય છે આથી પહેલાં જ્ઞાન-દર્શન પામવાં રહે છે. (દર્શન એટલે શ્રદ્ધા અથવા દર્શન એટલે નક્કર અનુભવ.) ચારિત્રની ઇમારત આવા જ્ઞાન-દર્શનના પાયા ઉપર જ ઊભી રહી શકે. આથી આ આખાયે પ્રથમ અધ્યાયમાં જુદા જુદા દષ્ટિકોણથી જ્ઞાન-દર્શન દ્વયીની અને તેનાં સાધનો વગેરેની વિશદ સમીક્ષા થઈ છે. જે હવે ક્રમથી જોઈએ:

## સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ॥૧॥

ઉત્ત. અ. ૨૮ ગા. ૧–૩

**સમ્યગ્દર્શન,[૧] સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર[૨] એ ત્રણે મળી મોક્ષનું સાધન છે.**

(શાર્દૂલવિક્રીડિત)

સર્વે ભૌતિક લાલસા જતી રહી જાગે મુમુક્ષા તથા;
લાધે જ્ઞાનશું વીતરાગીપણુની પાકી પરાકાષ્ટતા.
કર્મો ક્ષીણ થતાં વિકાસ વધતાં આત્માતણી પૂર્ણતા;
તે છે મોક્ષ સ્વરૂપ સૌ ભવિજનો જે માર્ગને ઝંખતા. ૧

૧. જૈન તત્ત્વજ્ઞાનમાં દર્શનના બે અર્થ છે: શ્રદ્ધા અને અનુભવ. શ્રદ્ધા હોય ત્યાં દર્શન પ્રથમ આવે અને અનુભવ હોય ત્યાં પછી આવે.

૨. ચારિત્ર એટલે અનુભવ જ્ઞાનપૂર્વકનું આચરણ.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ ॥૨॥

ઉત્ત. અ. ૨૮ ગા. ૧૫

**યથાર્થ રૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાની જે રુચિ તે 'સમ્યગ્દર્શન' છે.**

જૈનો તત્ત્વતણા સદા ખરખરે રૂપે જ જોડેલ છે;
તેની રુચિ યથાર્થ રૂપ સતતે સાચું જ છે દર્શન.
અધ્યાત્મ પ્રગતિ સક્રિય રૂપ તે સમ્યક્ત્વ છે નિશ્ચયે;
સંવેગ, પ્રશમે, વિરાગ, સુદયા વ્હેવારુ આસ્થામય. ૨

## તન્નિસર્ગાદધિગમાદ્વા ॥૩॥

સ્થા. સ્થાન ૨, ઉ. ૧, સૂ. ૭૦

## જીવાજીવાસ્રવબન્ધ સંવરનિર્જરામોક્ષાસ્તત્ત્વમ્ ॥૪॥

સ્થાનાંગ સ્થાન ૯, સૂત્ર ૬૬૫

**આ સમ્યગ્દર્શન નિસર્ગથી[1] એટલે કે પરિણામમાત્રથી અથવા અધિગમથી એટલે કે બાહ્ય નિમિત્તથી ઉત્પન્ન થાય છે.**

**જીવ, અજીવ, આસ્રવ,[2] બંધ, સંવર,[3] નિર્જરા[4] અને મોક્ષ એ તત્ત્વો છે.**

---

૧. નિસર્ગ એટલે એક અર્થમાં ઉપાદાન વધુ શુદ્ધ હોવાને કારણે બહારનાં નિમિત્તને મેળવવાનો પ્રયત્ન ન કરવો પડે તે.

૨. કર્મનું આવાગમન થાય તે આસ્રવ. સાતને બદલે જ્યાં નવ તત્ત્વો બતાવે છે, ત્યાં પુણ્ય અને પાપ વધારે છે. શુભ આસ્રવ પુણ્ય કહેવાય છે અને અશુભ આસ્રવ પાપ કહેવાય છે.

૩. આસ્રવનો નિરોધ તે **સંવર** કહેવાય છે.

૪. કર્મનું ખપી જવું તે જૈન પરિભાષામાં નિર્જરા કહેવાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સંસારે પરિણામ શુદ્ધિ રૂપ જે ક્રિયા અપૂર્વ સ્ફુરે;
આપોઆપ જ એવી કૈં સ્થિતિ થતી કિંવા નિમિત્તો વડે.
જીવાજીવથી પુણ્ય પાપ અથવા શુભાશુભી આસ્રવો;
સાતે સંવર, નિર્જરા નવ ગણે જો બંધને મોક્ષ તો. ૩

## નામ સ્થાપના દ્રવ્ય ભાવ તસ્તન્ન્યાસઃ ॥૫॥

**નામ,[૧] સ્થાપના,[૨] દ્રવ્ય[૩] અને ભાવરૂપથી[૪] એમનો એટલે કે સમ્યગ્દર્શન આદિ અને જીવ આદિનો ન્યાસ એટલે કે વિભાગ થાય છે.**

નામ સ્થાપન દ્રવ્યભાવ રૂપ જે છે ચાર નિક્ષેપ તો;
સર્વ તત્ત્વ તથા જ અર્થ સઘળાં તે જાણવાં સાધનો.
જે છે નામ પરંપરાગત છતાં નિર્ગુણી નિક્ષેપને;
આરોપેલ જ સ્થાપના પ્રથમ છે, ભાવોથી છે દ્રવ્ય તે. ૪

## પ્રમાણનયૈરધિગમઃ ॥૬॥

**પ્રમાણો અને નયોથી જ્ઞાન થાય છે.**

(અનુષ્ટુપ)

નય[૫] છે વસ્તુનો અંશ, ને સર્વાંશો પ્રમાણ છે;
નય વા એક દૃષ્ટિને, પ્રમાણ[૬] સર્વ દૃષ્ટિને. ૫

---

૧. ગુણ ન હોય તોયે લોકસંકેતથી ઓળખાય તે નામનિક્ષેપ કહેવાય.
૨. છબી અથવા મૂળ વસ્તુનો આરોપ જેના ઉપર કરાયો હોય તે સ્થાપના–નિક્ષેપ કહેવાય.
૩. ભૂતકાળમાં ગુણ હોય અથવા ભવિષ્યમાં ગુણ પમાય તે દ્રવ્ય–નિક્ષેપ કહેવાય.
૪. ગુણો તથા બધી રીતે ઘટે તે ભાવ–નિક્ષેપ કહેવાય છે.
૫. વસ્તુના એક અંશનો બોધ કરે તે નય.
૬. વસ્તુના તમામ અંશનો બોધ કરે તે પ્રમાણ.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## નિર્દેશ સ્વામિત્વ સાધનાધિકરણ સ્થિતિ વિધાનતઃ ॥૭॥

અનુયોગ, સુત્ર, ૧૫૧

## તત્સંખ્યાક્ષેત્રસ્પર્શન કાલાન્તરભાવાલ્પ બહુત્વૈશ્ચ ॥૮॥

અનુ. સૂ. ૮૦

**નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાનથી તથા —**

**સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વથી સમ્યગ્દર્શનાદિ વિષયોનું જ્ઞાન થાય છે.**

સ્વરૂપ[૧] અધિકારિત્વ,[૨] અને આધાર સાધનેય;
કાળ સીમા પ્રકારેય[૩] સત્તા, સંખ્યાય ક્ષેત્રે જ. ૬
સ્પર્શન[૪] કાળ ને ભાવ,[૫] આંતરો[૬] દ્વાર તેરમું;
ચૌદ છે બારણાં જેમાં, અલ્પ બહુત્વ[૭] ચૌદમું. ૭

## મતિશ્રુતાવધિમનઃ પર્યાય કેવલાનિ જ્ઞાનમ્ ॥૯॥

સ્થાનાંગસ્થાન ૫, ઉદ્દેશ ૩, સૂત્ર ૪૬૩

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય[૮] અને કેવલ એ પાંચ જ્ઞાનો છે.**

મતિ શ્રુત અને ત્રીજું, અવધિ મનઃપર્યવ;
ને કેવળ મળી પાંચ, જાણવા જ્ઞાન ભેદ જ. ૮

---

૧. તત્ત્વ તરફની રુચિ થવી તે સ્વરૂપ
૨. જીવ પોતે
૩. વિધાન અથવા પ્રકાર.
૪. આકાશને અડવું તે.
૫. અવસ્થા વિશેષ,
૬. વિરહકાળ
૭. ઓછાવધતાપણું
૮. અથવા મનઃપર્યવ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તત્ પ્રમાણે ।।૧૦।।
આદ્યે પરોક્ષમ્ ।।૧૧।।
પ્રત્યક્ષમન્યત્ ।।૧૨।।

સ્થાનાંગસ્થાન ૨, ઉદ્દેશ ૧, સૂ. ૭૧

**તે એટલે કે પાંચ પ્રકારનું જ્ઞાન, બે પ્રમાણ રૂપ છે.**
**પ્રથમનાં બે જ્ઞાન પરોક્ષ પ્રમાણ છે.**
**બાકી બધું જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.**

ગણાય જ્ઞાન અજ્ઞાન, સમ્યકત્વ પ્રગટચા વિના;
જ્ઞાન પ્રમાણ રૂપે તો, પ્રત્યક્ષ ને પરોક્ષ બે.[1] ૯
ત્યાં છે પ્રમાણ પ્રત્યક્ષ, જ્યાં માત્ર આત્મ યોગતા;
ને મન ઇંદ્રિયોની જ્યાં, મદદ ત્યાં પરોક્ષ તે. ૧૦
અવધિ મનઃપર્યાય, કેવળ જ્ઞાન તે ત્રણ;
જાણો પ્રમાણ પ્રત્યક્ષ મતિશ્રુત પરોક્ષ છે. ૧૧

મતિઃ સ્મૃતિઃ સંજ્ઞા ચિન્તાઽ
ભિનિબોધ ઇત્યનર્થાન્તરમ્ ।।૧૩।।

નંદી. પ્ર. મતિજ્ઞાન ગાથા, ૮૦

**મતિ, સ્મૃતિ, સંજ્ઞા,[2] ચિંતા,[3] અભિનિબોધ એ શબ્દો પર્યાય — એકાર્થવાચક[4] છે.**

---

૧. જૈન તત્ત્વજ્ઞાન અધ્યાત્મપ્રધાન હોવાથી ઇંદ્રિય અને મનની મદદ વિના ફક્ત આત્માની યોગ્યતાના બળથી જન્મે તે પ્રત્યક્ષ, અને જે જ્ઞાન ઇંદ્રિય અને મનની મદદથી જન્મે તેને પરોક્ષ કહે છે.

૨. સંજ્ઞા એટલે પ્રત્યભિજ્ઞાન. તે ભૂતકાળ અને વર્તમાનકાળ બંનેય સૂચવે છે.

૩. ચિંતા તો અનાગત (ભવિષ્ય) સૂચક જ છે.

૪. સામાન્ય અને વિશેષનો ભેદ કર્યા વિના જ અહીં પર્યાય અથવા એકાર્થ-વાચક–સમાનાર્થક–શબ્દો મૂક્યા છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મતિઃ સંજ્ઞા, સ્મૃતિ ચિંતા, અભિનિબોધ પાંચ આ;
એકાર્થ વાચી છે શબ્દો, જે મતિજ્ઞાન બોધતા. ૧૨

તદિન્દ્રિયાનિન્દ્રિય નિમિત્તમ્ ॥૧૪॥

નંદી સૂત્ર, ૩

તે અર્થાત્ મતિજ્ઞાન ઇંદ્રિય અને અનિંદ્રિય[૧]રૂપ નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

અવગ્રહેહાવાયધારણાઃ ॥૧૫॥

નંદી સૂત્ર, ૨૭

અવગ્રહ,[૨] ઇહા,[૩] અવાય[૪] અને ધારણા[૫] એ ચાર ભેદો મતિજ્ઞાનના છે.

ઇંદ્રિયો ને મન દ્વારા, એ નિમિત્તે થઈ જતું;
જાણવું તે મતિ જ્ઞાન, પરોક્ષ આત્મદૃષ્ટિએ. ૧૩

ઈહા અવાય અને ત્રીજા, ધારણા અર્થને અડે;
અવગ્રહ અડે ચોથો, વ્યંજન તેમ અર્થને. ૧૪

બહુબહુવિધક્ષિપ્રાનિશ્રિતાસંદિગ્ધધ્રુવાણાં
સેતરાણામ્ ॥૧૬॥

સ્નાનાંક સ્થાન ૬, સૂત્ર ૫૧૦

બહુ બહુ[૯] વિધ ક્ષિપ્ર, અનિશ્રિત અને ધ્રુવ;
અસંદિગ્ધ ને બીજા છે વિરોધીય તેમ જ. ૧૫

---

૧. અનિંદ્રિય એટલે મન.
૨. અવગ્રહ એટલે સામાન્ય રીતે અવ્યક્ત જ્ઞાન થાય છે તે.
૩. ઇહામાં જરા વિશેષ વિચારણા થાય છે.
૪. અવાય (અપાય) એટલે એકાગ્રતાથી નિશ્ચય થાય તે.
૫. ધારણા એટલે પ્રસંગ ચાલ્યો જતાં પણ તેની યાદી કાયમ માટે રહી જાય તે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સેતર[1] (પ્રતિપક્ષ સહિત) એવા બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્ચિત, અસંદિગ્ધ અને ધ્રુવનાં અવગ્રહ, ઇહા, અવાય, અને ધારણ રૂપ મતિજ્ઞાન હોય છે.

અર્થસ્ય ॥૧૭॥

નંદીસૂત્ર ૨૯ અને ૩૦

વ્યઞ્જનસ્યાવગ્રહ: ॥૧૮॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૧, સૂત્ર ૭૧.

ન ચક્ષુરનિન્દ્રિયાભ્યામ્ ॥૧૯॥

અવગ્રહ, ઇહા, અવાય, ધારણા એ ચાર મતિજ્ઞાના અર્થને ગ્રહણ કરે છે.

વ્યંજન (ઉપકરણ ઇંદ્રિયનો વિષયની સાથે સંયોગ) થતાં અવગ્રહ જ થાય છે.

નેત્ર અને મન વડે વ્યંજન દ્વારા અવગ્રહ થતો નથી.

પાંચ ઇંદ્રિયને છઠું, મન એ ચાર રૂપ છે;<br>
બારે પ્રકારને ગુણયે, બસો અઠ્ઠાસી ભેદ છે.[2] ૧૬

આંખ ને મન છોડી જે, બાકીની ચાર ઇંદ્રિયો;<br>
વ્યંજન અવગ્રહે એમ, અડતાલીસ ભેદ તો. ૧૭

---

૧. અહીં છ પ્રકાર સૂત્રમાં છે. પરંતુ 'ઇતર' શબ્દ આવવાથી તે બાર થાય છે. તે બાર આ પ્રમાણે છે:

બહુગ્રાહી, અલ્પગ્રાહી, બહુવિધગ્રાહી, એકવિધગ્રાહી, ક્ષિપ્રગ્રાહી, અક્ષિપ્રગ્રાહી, અનિશ્ચિતગ્રાહી, નિશ્ચિતગ્રાહી, અસંદિગ્ધગ્રાહી, સંદિગ્ધગ્રાહી, ધ્રુવગ્રાહી અને અધ્રુવગ્રાહી.

૨. અર્થાવગ્રહ જેમ પાંચ ઇંદ્રિય અને મનનો છે, તેમ ઇહા, અવાય અને ધારણા પણ તેવાં જ છે. જેથી ૬ × ૧૨ × ૪ એમ ગુણતાં ૨૮૮ ભેદ થાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આમ કુલ્લે થયા ભેદ, મતિ જ્ઞાન તણા બધા;
ત્રણસો વળી છત્રીસ, જાણવા નિત્ય ચારના.[1] ૧૮

## શ્રુતં મતિપૂર્વં દ્વયનેકદ્વાદશભેદમ્ ॥૨૦॥

નંદીસૂત્ર ૨૪.

## દ્વિવિધોઽવધિઃ ॥૨૧॥

નંદીસૂત્ર ૭

## તત્ર ભવપ્રત્યયો નારકદેવાનામ્ ॥૨૨॥

સ્થા. સ્થાન ૨-૧-૭૧ તથા તથા નંદીસૂત્ર ૪૪

**શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે. તે બે પ્રકારનું છે; જે અનેક પ્રકારનું અને બાર પ્રકારનું હોય છે.**

**અવધિજ્ઞાન બે પ્રકારનું છે.**

**એ બેમાંથી ભવપ્રત્યય, નારક અને દેવોને થાય છે.**

શ્રુત ઊપજતું જ્ઞાન, મતિજ્ઞાન થવા વડે;
માટે કાર્ય શ્રુતજ્ઞાન, કારણ મતિજ્ઞાન છે. ૧૯

(વસંતતિલકા)

છે બે અનેક વળી બાર પ્રકાર ભેદે,
અંગ પ્રવિષ્ટ ગણજો, શ્રુત મુખ્ય રૂપે;
જે શાસ્ત્રની ગણધરે, રચના કરી તે,
આચાર્ય અન્યકૃત અંગ બહાર રૂપે. ૨૦

(ઉપજાતિ)

અંગો હતાં બાર પરંતુ તેમાં,
વિચ્છિન્ન થાતાં ઈક દૃષ્ટિવાદ;

---

૧. વ્યંજનાગ્રહ માત્ર આંખ અને મન સિવાયની બાકીની ચાર ઇંદ્રિયોનો જ હોય છે.

આમ વ્યંજનાવગ્રના ૪ × ૧૨ = ૪૮ મળીને કુલ ૩૩૬ ભેદ થયા.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

બાકી રહ્યાં ત્યાં અગિયાર અંગો,
સિવાયનાં સર્વ જ અંગ બાહ્ય. ૨૧

(અનુષ્ટુપ)

અવધિ જ્ઞાન કહેવાય, જન્મ સિદ્ધ તે જગે;
ભવ પ્રત્યય છે નામ, નારક દેવને વિષે. ૨૨

## યથોક્તનિમિત્તઃ ષડ્વિકલ્પઃ શેષાણામ્ ॥૨૩॥

નંદીસૂત્ર ૮; સ્થાનાંક સ્થાન ૬, સૂત્ર ૫૨૬.

**યથોક્ત નિમિત્તોથી ઉત્પન્ન થતું (ક્ષયોપશમજન્ય) અવધિજ્ઞાન છ પ્રકારનું છે; જે શેષ એટલે બાકી રહેલ તિર્યંચ તથા મનુષ્યોને થાય છે.**

## ઋજુવિપુલમતી મનઃપર્યાય ॥૨૪॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૧. સૂત્ર ૭૧

## વિશુદ્ધય પ્રતિપાતાભ્યાં તદ્વિશેષઃ ॥૨૫॥

નંદીસૂત્ર ૧૮

**ઋજુમતિ અને વિપુલમતિ એ બે મનઃપર્યાય છે. વિશુદ્ધિથી અને પુનઃપતનના અભાવથી તે બંનેમાં તફાવત છે.**

ગુણોથી પ્રાપ્ત બાકીની, બંને ગતિ મહીં થતું;
નિમિત્ત જન્ય તે જ્ઞાન, અવધિ છ પ્રકારનું. ૨૩

થઈને એક જન્મે જે, એક જ ક્ષેત્રમાં રહે;
અન્ય ક્ષેત્રેય સાથે તે, ગણાય એમ ભેદ બે. ૨૪

તે જ રીતે વધે કિંવા, ઘટતું જાય એમ બે;
સ્થિર-અસ્થિર રૂપેય, કુલ્લે છ ભેદ થાય છે. ૨૫

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આનુગામિક છે એક, બીજું અનાનુગામિક;
વર્ધમાન તહીં ત્રીજું, ને ચોથું હીયમાન છે. ૨૬

પાંચમું છે અવસ્થિત, ને છઠ્ઠું અનવસ્થિત;
અવધિ જ્ઞાનના એમ, છએ વિકલ્પ નિશ્ચિત. ૨૭

ઋજુ વિપુલ બે ભેદ, મનઃપર્યાય જ્ઞાનના;
વિશેષ સ્થિતિ શુદ્ધિમાં, વિપુલ મોખરે રહે. ૨૮

વિશુદ્ધિ ક્ષેત્ર સ્વામિવિષયેભ્યોઽવધિ મનઃપર્યાયયોઃ ॥૨૬॥

પ્રજ્ઞાપના સૂત્ર પદ ૩૩, ગાથા ૧.

વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયદ્વારા અવધિ અને મનઃપર્યાયનો તફાવત જાણવો જોઈએ.

મનથી ચિંતવેલી સૌ, જાણે વિચાર આકૃતિ;
મનઃપર્યાય તે જ્ઞાન, થાય અવધિના પછી. ૨૯

તે રીતે ક્ષેત્ર ને સ્વામી, વિષયોના વડેય તે;
મનઃપર્યાય ને એમ અવધિજ્ઞાન ભેદ છે. ૩૦

મતિશ્રુતયોર્નિબન્ધઃ સર્વદ્રવ્યેષ્વસર્વપર્યાયેષુ ॥૨૭॥

નંદીસૂત્ર ૩૭

રૂપિષ્વવધેઃ ॥૨૮॥

અનુયોગ સૂત્ર ૧૪૪

મતિ અને શ્રુતજ્ઞાનની પ્રવૃત્તિ – ગ્રાહ્યતા સર્વ પર્યાયરહિત અર્થાત્ પરિમિત પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યોમાં હોય છે.

અવધિજ્ઞાનની પ્રવૃત્તિ સર્વપર્યાયરહિત ફક્ત રૂપી-મૂર્ત દ્રવ્યોમાં હોય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તે શ્રુતજ્ઞાન છે જેમાં, શબ્દ સહિત ચિંતન;
તે મતિજ્ઞાન છે જેમાં, શબ્દ રહિત ચિંતન. ૩૧

છે મર્યાદિત પર્યાયો, મતિને શ્રુત જ્ઞાનના;
છતાં રૂપી-અરૂપીમાં, તે બંને જ્ઞાન પહોંચતાં. ૩૨

રૂપી દ્રવ્યો તણા કેંક, પર્યાયો ચોગતિ વિશે;
જાણે છે અવધિ જ્ઞાન, વિશાળ ક્ષેત્રી એ રીતે. ૩૩

જાગે માત્ર મનુષ્યોમાં, મનઃપર્યાય જ્ઞાન તે;
જાણે માત્ર મનોદ્રવ્ય, ક્ષેત્ર તો તેનું ટૂંકું છે. ૩૪

તદનન્તભાગે મનઃપર્યાયસ્ય ॥૨૯॥

ભગવતીશતક ૮, ઉ, ૨, સૂત્ર ૩૨૩

સર્વદ્રવ્ય પર્યાયેષુ કેવલસ્ય ॥૩૦॥

અનુયોગ, દર્શનગુણ પ્રમાણ સૂત્ર ૧૪૪

એકાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્મિન્ના ચતુર્ભ્યઃ ॥૩૧॥

જીવાભિગમ પ્રતિપત્તિ ૧, સૂત્ર ૪૧

મનઃપર્યાયજ્ઞાનની પ્રવૃત્તિ એ સર્વ પર્યાયરહિત રૂપી દ્રવ્યના અનંતમા ભાગમાં હોય છે.

કેવલજ્ઞાનની પ્રવૃત્તિ બધાં દ્રવ્યોમાં અને બધા પર્યાયોમાં હોય છે.

ચારેય જ્ઞાન પે'લાંના સર્વ પર્યાય દ્રવ્યના;
ન જાણે તેથી કે'વાય, અપૂર્ણ જ્ઞાન એ બધાં. ૩૫

એકને જાણતું છો ને, સર્વ પર્યાય જાણતું;
એક જ સમયે સર્વ, કેવળજ્ઞાન તે કહ્યું. ૩૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

એકી સાથે, એકથી ચાર જ્ઞાન,
એકાત્મામાં પામતાં સંગસ્થાન;
નાકો’જીવે લાધતાં પાંચ જ્ઞાન,
તેથી વિશ્વે ચાર વિકલ્પ જ્ઞાન. ૩૬

મતિશ્રુતાવધયો વિપર્યયશ્ચ ॥૩૨॥

સ્થાનાંક સ્થાન ૩, ઉ, સૂ ૨૮૭.

સદસતોરવિશેષાદ્ યદચ્છોપલબ્ધેરુન્મત્તવત્ ॥૩૩॥

નંદીસૂત્ર ૪૨

મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ વિપર્ય અજ્ઞાનરૂપ પણ હોય છે.

વાસ્તવિક અને અવાસ્તવિકનો તફાવત ન જાણવાથી યદચ્છોપલબ્ધિ — વિચારશૂન્ય ઉપલબ્ધિના કારણથી ઉન્મત્તની પેઠે જ્ઞાન પણ અજ્ઞાન જ છે.

અવધિ ને મતિશ્રુત, ત્રણે અજ્ઞાન છે કહ્યાં;
અનાત્મદૃષ્ટિ ને આત્મદૃષ્ટિ અજ્ઞાન જ્ઞાનમાં. ૩૮

હોય જ્યારે ત્રણે જ્ઞાન, નહીં આત્મા વિમુખ જ્યાં;
ત્યારે ગણાય અજ્ઞાન, જ્ઞાને આત્માભિમુખતા. ૩૯

નૈગમ સંગ્રહવ્યવહારર્જુસૂત્રશબ્દા નયઃ ॥૩૪॥

અનુ. ૧૩૬

આદ્યશબ્દૌ દ્વિત્રિભેદૌ ॥૩૫॥

સ્થાનાંક સ્થાન ૭ સૂ. ૫૫૨

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પાંચ નય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**આદ્ય એટલે નૈગમના બે અને શબ્દના ત્રણ ભેદ છે.**

વર્ગીકૃત વિચારો જે, અંશશ્રુત પ્રમાણના;
તે નયવાદ છે કિંવા, નામો અનેક તેમનાં. ૪૦

શબ્દ અર્થ ક્રિયા દ્રવ્ય, ને વ્યવહાર નિશ્ચય;
સત્ય જીવનમાં પેખે, વર્તે તેમ નયદ્વય. ૪૧

લૌકિક રૂઢિ, લૌકિક, સંસ્કારોને અનુસરી;
જયંતી વીરની જેમ, નૈગમ નય તે વળી. ૪૨

અનેક ચીજને જેમ, સમૂહ રૂપ સાંકળી;
સંગ્રહ નય તે જાણો, કહે છે જ્ઞાનીઓ વળી. ૪૩

વ્યવહારિક ભેદો જે, સામાન્ય તત્ત્વથી પડે;
જેમ રેશમ ને ખાદી, વ્યવહાર નયી ગણે. ૪૪

વર્તમાન વિચારે જે, ભૂત ને ભાવિ છોડીને;
વર્તે છે જેમ સમૃદ્ધિ, તે નય ઋજુ સૂત્ર છે. ૪૫

કલ્પે છે શબ્દના ભેદે, અર્થભેદ યથાર્થ તે;
રાજગૃહ હતું જેમ, પાંચમો નય શબ્દ તે. ૪૬

જે અર્થભેદને કલ્પે, શબ્દ વ્યુત્પત્તિ આશ્રયે;
ગણે ભેદ નૃપે, ભૂપે, નય સમભિરૂઢ તે. ૪૭

જ્યારે જે શબ્દનો અર્થ, ક્રિયા ટાણે ફળે યદા;
રાજે ત્યારે ગણે રાજા, તે એવં ભૂત છે તદા. ૪૮

સાપેક્ષવાદ, નયવાદ, જ દૃષ્ટિવાદ,
એકાંતવાદ તજનાર, જ સ્યાદ્‌વાદ;

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**નામો અનેક પણ તત્ત્વ જ એક સૌમાં,**
**સ્વીકારતાં જ ફળતી સુખદા અહિંસા. ૪૯**

## ઉપસંહાર

જ્ઞાન, પ્રમાણુ, નય અને સમ્યગ્દર્શનનું સ્વરૂપ આ અધ્યાયમાં આવી ગયું. મૂળ બે તત્ત્વો, જડ અને ચેતન સંસારમાં છે. છતાં તે બંનેના જોડાણે જે કર્મ બને છે તેને લીધે તત્ત્વરૂપે નવ શબ્દો બને છે. તે નવ તત્ત્વોમાંના બંધનથી સંપૂર્ણપણે મુક્ત થઈ સમતાની અથવા વીતરાગતાની પરાકાષ્ઠા સાધી લેવી જોઈએ. એને સારુ ત્રણ પ્રકારના અજ્ઞાનથી વેગળા થઈ જવાની જરૂર છે. અને જ્ઞાનમાં સ્થિર થવાની જરૂર છે. તેમાં આ અધ્યાયમાં તત્ત્વ અને તે બધાં તત્ત્વોના સાચા અર્થો પરની શ્રદ્ધાનો સવિશેષ ઉલ્લેખ સારી પેઠે વિચારવા જેવો છે.

## આ અધ્યાયમાંની વિશેષતાઓ

આ અધ્યાયમાં જે વિશેષતાઓ કે ખૂબીઓ છે તે પૈકીની (૧) પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાનની વ્યાખ્યા છે. (૨) સમ્યગ્દર્શનનાં પાંચ લક્ષણોમાં અનુકંપાનું સ્થાન મહત્ત્વનું છે. તે અહીં ઠીક ઠીક વિચાર માગી લે છે.

## ગીતામાં પણ આ વાત

ગીતામાં પણ શ્રદ્ધાવાન લભતે જ્ઞાનં। તો કહે જ છે. પણ શ્રદ્ધા થવા પહેલાં રાગદ્વેષ વશતાને કારણે જીવ અસત્યાગ્રહમાં અથવા કદાગ્રહમાં પડે છે. અહંતા મમતામાં અટવાઈ પડે છે. એટલે વિચાર વિવેકની જેમ જરૂર છે, સારાં નિમિત્તોની પણ જરૂર છે, તેમ દાન-દયા આદિ અન્યજીવો તેમાંય ખાસ કરીને માનવો તરફની ફરજોનો



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પણ અમલ અનિવાર્ય થઈ પડે છે. જો મન અને ઇંદ્રિયોના સહારાથી જ યથાર્થ અથવા સાચું જ્ઞાન થઈ જતું હોત તો ઉપલા પ્રાથમિક સદ્‌ગુણોની આવશ્યકતા જ ન રહેત, બસ, એકલા એકલા કોઈ મહાપુરુષનો ગ્રંથ વંચવાથી કામ પતી જાત. પણ અંદરની અભિમુખતા ન હોય તો સદ્‌ગ્રંથ તો શું પણ ખુદ સર્વજ્ઞ તીર્થંકર એવા મહાવીર ભગવાનનો સત્સંગ અને સાધુ વેશ આદિ પણ એકડા વગરના શૂન્યની જેમ નકામાં થઈ પડે છે! આ રીતે જોતાં 'કર વિચાર તો પામ' એમ કહીને શ્રીમદ્‌જીએ વિચાર પર જોર આપ્યું. મહાત્મા ગાંધીજીએ સત્યને જ પરમાત્મા માની તેના અનેક પ્રયોગો કર્યા. અને 'પ્રાણીમાત્રનો વાલી' માનવ બની શકે એમ કહીને માનવકાયા મેળવી માનવતાની દિશામાં આગળ વધવાની પ્રેરણા લીધી અને આપી. એમણે તો આ ધર્મપ્રધાન દેશ મારફત આખાયે જગતના પ્રાણીમાત્રનું કલ્યાણ થઈ શકે, એમ ધારીને દરેક ક્ષેત્રે શ્રીમદ્ ઇચ્છતા હતા, તેવા નગદ સત્યનો પુટ લગાડવાનો સફળ પ્રયાસ પણ આદરી દીધો. અહીં આપણે ટૂંકમાં અશ્રદ્ધા કે અંધશ્રદ્ધાની બંને ભૂમિકાઓ વટાવી સાચી શ્રદ્ધાએ આગળ વધેલાંનાં બેચાર દૃષ્ટાંતો ટૂંકમાં જોઈએ :

વૈદિક ગ્રંથ ભાગવતમાંનું અજામિલનું અધમાધમ તરીકેનું ઉદાહરણ જાણીતું છે. મહાત્મા ઈશુએ જે પાપિણીને લોકોએ ઝાડ સાથે બાંધીને સામૂહિક પથ્થરમારો કરી મારવા ધારેલી તેવી બાઈને પુણ્યશાલિની બનાવી મૂકી હતી. જૈનશાસ્ત્રોમાંનું પ્રદેશી રાજાનું ઉદાહરણ પણ એટલું જ જાણીતું છે. એ નાસ્તિક શિરોમણિ હતો. અને એના હાથ કહેવાય છે કે સદાય લોહીથી ખરડાયેલા રહેતા, પરંતુ ચિત્ત સારથીના શુભ નિમિત્તે જ્ઞાની અને પ્રત્યક્ષ સદ્‌ગુરુરૂપ કેશીમુનિ સાંપડ્યા તો પળવારમાં આસ્તિક બની ગયો. અને સમકિતપણું — એટલે કે (સમત્વયોગ અથવા સત્યાર્થીપણું) તથા શ્રાવકપણું પામી પંડિત મરણે (પંડિત મરણ એટલે જ્ઞાનમય મરણ) મરી આજે દેવગતિનો સુદેવ બન્યો. અને હવે પછીનું ચરમ - અંતિમ છેલ્લું – શરીર ધારણ કરી

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મોક્ષગતિમાં મહાલવાનો.

ભગવાન રામચંદ્રજીને નિમિત્તે ગૂહરાજ નાવિકનો તો ઉદ્ધાર થયો જ. શલ્યામાંથી ફરી મહાસતી અહલ્યા પ્રકાશી ઊઠી. વાલિયા શિકારીમાંથી વાલ્મીકિ મહર્ષિ બન્યા, એટલું જ નહીં, બલ્કે ગીધ અને ગજેન્દ્રનો પણ મોક્ષમાર્ગ સ્પષ્ટ થયો.

મુસ્લિમ મહાત્માઓ પૈકી મહાન સતી રાબેયા એક સામાન્ય ગુલામડીમાંથી અજોડ સતી બન્યાં હતાં. જો આમ અશ્રદ્ધાના અંધકારમાંથી પણ સતશ્રદ્ધાનો સૂરજ પ્રગટી ઊઠે છે, તો પછી અંધશ્રદ્ધામાંથી સુશ્રદ્ધા બનતાં શી વાર ? હા, પહેલાં પહેલાં વિચાર અને પરોપકારમાંથી અહંતા-મમતા વિસર્જનની આગ પ્રગટી નીકળવી જોઈએ. પુરુષાર્થની જલતી પરમજ્યોતે મહાપુરુષનું મહાનિમિત્ત મળતાં પ્રગટવું જોઈએ. એક વખતનો અકામ નિર્જરાએ — એટલે કે ભાનવગરની બાળક જેવી તપસ્યાએ — શક્તિશાળી બનેલો ચંડકૌશિયો નાગ પણ ભગવાન મહાવીરને નિમિત્તે પ્રચંડ વિષને 'પ્રશમરસસિંધુતા'માં પલટાવી શકે છે. અને ખુદ મહાવીરને પોતાને માટે પણ આ બધાં નિમિત્તો કેવળજ્ઞાન પ્રાપ્તિનાં સુચારુ નિમિત્ત બની શકે છે. આવો છે પ્રત્યક્ષ શુભ નિમિત્તોનો શ્રદ્ધાની દિશામાંનો સુભગ યોગ.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૨

## જીવલક્ષણ અને જીવપ્રકારો

### ઉપોદ્ઘાત

બીજા અધ્યાયમાં કુલ બાવન સૂત્રો છે. જીવમાં રહેલા પાંચ ભાવોથી એની શરૂઆત થાય છે. જૈન તત્ત્વજ્ઞાનની રીતે જોતાં આત્મા પોતે જ કર્તા-ભોક્તા છે. અને તેને લીધે તે 'શુદ્ધબુદ્ધ ચૈતન્ય ઘન સ્વયં જ્યોતિ સુખધામ' હોવા છતાં અશુદ્ધ થાય છે, અજ્ઞાનવશ બને છે, જીવે છે અને મરે છે, મોહાંધકારમાં અટવાય છે. દુઃખ, ભય અને વધુ ક્લેશ વેદે(અનુભવે)છે અને સંસાર-અરણ્યમાં ભમે છે.

તેથી શરૂઆતમાં જ સાચાં દર્શન, જ્ઞાન થતાં પહેલાં સદાચાર અપનાવવા માટે એકધારો પુરુષાર્થ કરવો પડે છે. આમ તેમ અથડાવા કુટાવા છતાં 'કરતાં જાળ કરોળિયો'ની માફક વારંવાર શુભ પ્રવૃત્તિ અને સત્પ્રયત્નો કરવા પડે છે. આ માટે જીવ અનંત અજ્ઞાનાવરણમાં અટવાયો હોવા છતાં સદ્ભાગ્યે નિમિત્ત મળ્યે કે નિમિત્ત મેળવી કષાય (ક્રોધાદિ) મંદતાને માર્ગે આવી શકે છે.

'સર્વ જીવ છે સિદ્ધસમ જે સમજે તે થાય.'

જ્ઞાની એ વાક્ય સાચું ઠેરવી શકે છે. એકેન્દ્રિયતાથી માંડીને પંચેંદ્રિયતા અને સંમૂર્ચ્છિમ[1] (અયોનિજ)માંથી ગર્ભજ તથા અસંજ્ઞી

---

૧. સંમૂર્ચ્છિમ — માતાપિતાના સંયોગ વિના જન્મેલું તે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(મનોજ્ઞાનથી રહિતપણું)માંથી સંજ્ઞી બની શકે છે. મોક્ષ માર્ગને યોગ્ય માનવશરીર પામી માનવતાને માર્ગે આગળ વધી શકે છે. આ બધું આ અધ્યાયમાં આપણે જોઈ શકીશું :

**ઔપશમિકક્ષાયિકા ભાવૌ મિશ્રશ્ચ જીવસ્ય સ્વતત્ત્વમૌદયિક પારિણામિકૌ ચ ॥ ૧ ॥**

૦ સ્થાનાંક સ્થાન ૬, સૂત્ર ૫૩૭ તથા અનુયોગદ્વારનો ષડ ભાવાધિકાર.

**દ્વિનવાષ્ટાદશૈકવિંશતિત્રિભેદા યથાક્રમમ્ ॥ ૨ ॥**

**સમ્યકત્વચારિત્રે ॥ ૩ ॥**

ઔપશમિક, ક્ષાયિક અને મિશ્ર (ક્ષાયોપશમિક) એ ત્રણ, તથા ઔદયિક અને પારિણામિક એ બે એમ કુલ પાંચ ભાવો છે; તે જીવનું સ્વરૂપ છે.

ઉપરના પાંચ ભાવોના અનુક્રમે બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદ થાય છે.

સમ્યક્ત્વ અને ચારિત્ર એ બંને ઔપશમિક છે.

(અનુષ્ટુપ)

છે નિત્યતા પરિણામી,[1] આત્માની જૈન દર્શને;
છે ભિન્નભિન્ન પર્યાયો, જીવસ્વરૂપ ભાવ તે. ૧

જીવના પાંચ છે મુખ્ય, ભાવો ઔપશમિકને;
ક્ષયોપ શમિક ક્ષાયિક, ઔદયી પારિણામિક. ૨

ઔપશમિકના ભેદો, સમ્યક્ત્વ ને ચરિત બે;
કર્મ ઉપશમે ત્યારે, આછર્યું જળ જેમ તે. ૩

---

૧. પરિણામી નિત્યતા એટલે મૂળ વસ્તુ ત્રણેય કાળમાં સ્થિર રહ્યા છતાં દેશ, કાળ આદિ નિમિત્ત પ્રમાણે ફેરફાર પામ્યા કરે તે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જ્ઞાન દર્શનદાનલાભ ભોગોપભોગ વીર્યાણિ ચ ॥ ૪ ॥

જ્ઞાનાજ્ઞાનદર્શનદાનાદિલબ્ધયશ્ચતુસ્ત્રિપંચભેદા: યથાક્રમં સમ્યકત્વ ચારિત્ર સંયમાશ્ચ ॥ ૫ ॥

ગતિકષાયલિંગમિથ્યાદર્શનાજ્ઞાનાસંયતા
સિદ્ધત્વ લેશ્યાશ્ચતુશ્ચતુ સ્ત્રે કે કે કે ક્ષડ્ભેદા: ॥ ૬ ॥

જીવભવ્યાભવ્યત્વાદનિ ચ ॥ ૭ ॥

જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય તથા સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ક્ષાયિક છે.

ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, દાનાદિ પાંચ લબ્ધિઓ, સમ્યક્ત્વ, ચારિત્ર — સર્વવિરતિ અને સંયમાસંયમ — દેશવિરતિ એ અઢાર ક્ષાયોપશમિક છે.

ચાર ગતિઓ, ચાર કષાય, ત્રણ લિંગ-વેદ, એક મિથ્યાદર્શન, એક અજ્ઞાન, એક અસંયમ, એક અસિદ્ધત્વ અને છ લેશ્યાઓ એ એકવીસ ઔદાયિક છે.

જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ તથા બીજા પણ પારિણામિક ભાવો છે.

દાનાદિ પાંચ ને જ્ઞાન, દર્શન બે જ ઉપલા;
કર્મક્ષયે નવે ભેદો, ક્ષાયિકે સ્વચ્છ પાણી શા. ૪

ઉદિત કર્મનો નાશ, સત્તાસ્થ કર્મનો શમ;
ક્ષયોપશમ તે ભાવ, કોદરાની વિશુદ્ધિશો. ૫

ચાર જ્ઞાન ત્રિ-અજ્ઞાન, દાનાદિ પાંચ લબ્ધિઓ;
ત્રણ દર્શન ને સર્વ, વિરતિ દેશવિરતિ. ૬

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સંયમાસંયમી એમ, તેના અઢાર ભેદ છે;
ને ડો'ળાં પાણી શો જન્મે, ઉદયે ઓદયિકતે. ૭

(શાર્દૂલવિક્રીડિત)

ચારેય ગતિઓ કષાય પણ છે ને ચારેય લિંગો ત્રણે;
મિથ્યા દર્શન જ્ઞાનની રહિતતા ને એક અસંયમ.
અસિદ્ધત્વ તથા વિશેષ વદતા જ્ઞાની છ લેશ્યા પૂરી,
એવા જે ઈકવીસ ભેદ જીવના, તે ભાવ ચોથા[1] તણા. ૮

(અનુષ્ટુપ)

જીવત્વ ને અભવ્યત્વ, ભવ્યત્વ આદિ જે કહ્યા;
પારિણામિક છે ભાવો, જીવમાં શાશ્વતા રહ્યા. ૯

પારિણામિક ભાવોય, જાણવા બે પ્રકારના;
એક વ્યષ્ટિ સમષ્ટિમાં, બીજા માત્ર સમષ્ટિમાં. ૧૦

## ઉપયોગો લક્ષણમ્ ॥૮॥

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨૮, ગાથા ૧૦

ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

જેમ જીવત્વ વ્યષ્ટિને, સ્થાયી સદા સમષ્ટિમાં;
ને ભવ્યત્વ, અભવ્યત્વ, બન્ને માત્ર સમષ્ટિમાં. ૧૧

જડમાં જીવનો તોડ, થતો વિવેકથી સદા;
જે બોધરૂપ વ્યાપાર, તે ઉપયોગ લક્ષણ. ૧૨

## સ દ્વિવિધોઽષ્ટ ચતુર્ભેદઃ ॥૯॥

પ્રજ્ઞા. સૂત્ર, પદ ૨૯.

---

૧. ચોથો ભાવ એટલે ઓદાયિકભાવ.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**તે અર્થાત્ ઉપયોગ બે પ્રકારનો છે; તથા આઠ પ્રકારનો અને ચાર પ્રકારનો છે.**

તે બે આઠ અને ચાર, પ્રકારે ભેદથી થશે;
બે સાકાર નિરાકાર, કિંવા બે જ્ઞાન દર્શન.[1] ૧૩

જ્ઞાનના આઠ ભેદો તે, જે બતાવેલ આગળે;
ને ચક્ષુ દર્શનાદિના, બીજા ચાર[2] તહીં વધે. ૧૪

સંસારિણો મુક્તાશ્ચ ॥ ૧૦ ॥

**સંસારી અને મુક્ત એવા બે વિભાગ છે.**

જીવરાશિ તણા મુખ્ય, સંસારી મુક્ત ભેદ બે;
સંસારી જીવના બીજા, ભેદ પ્રભેદ છે ઘણા. ૧૫

સમનસ્કાઽમનસ્કાઃ ॥ ૧૧ ॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૧, સૂત્ર, ૭૯

સંસારિણસ્ત્રસ સ્થાવરાઃ ॥ ૧૨ ॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૧, સૂત્ર, ૫૭

પૃથિવ્યપ્તેજો વાયુવનસ્પતયઃ સ્થાવરાઃ ॥ ૧૩ ॥

સ્થાનાંક સ્થાન ૫, ઉ. ૧, સૂત્ર, ૩૯૪

દ્વીન્દ્રિયાદયઃત્રસાઃ ॥ ૧૪ ॥

જીવાભિગમ પ્રતિપત્તિ ૧, સૂત્ર, ૨૭

**મનયુક્ત અને મનરહિત એવા સંસારી જીવ હોય છે. તેવી જ રીતે ત્રસ અને સ્થાવર છે.**

---

૧. મૂળે સાકાર નિરાકાર અથવા જ્ઞાન અને દર્શનરૂપે ઉપયોગના કુલ્લે બાર ભેદો થાય છે.

૨. તેમાં સાકારના આઠ ભેદો અને નિરાકારના ચાર ભેદો થાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પૃથ્વીકાય, જલકાય અને વનસ્પતિકાય એ ત્રણ સ્થાવર છે.

તેજઃકાય, વાયુકાય અને દ્વીન્દ્રિય આદિ ત્રસ છે.

મનોયુક્ત મનોહીન, ત્રસ સ્થાવર રૂપ છે;
એમ ઘણા ભલે ભેદો! આત્મા છતાંયે એક છે. ૧૬

સ્થાવરો ત્રણ મુખ્યત્વે, પૃથ્વી જલ વનસ્પતિ;
તેજ વાયુ દ્વીન્દ્રિયાદિ, ત્રસ જીવો જગત મહીં. ૧૭

અગ્નિ ને વાયુ બંનેય, લબ્ધિ ત્રસ ગણાય છે;
પરંતુ દ્વીન્દ્રિયાદિની, ગતિ ત્રસ ગણાય છે. ૧૮

પઞ્ચેન્દ્રિયાણિ ॥ ૧૫ ॥

પ્રજ્ઞા. સૂ ૧૫, ઇન્દ્રિયપદ ઉ. ૧, સૂત્ર ૧૯૧

દ્વિવિધાનિ ॥ ૧૬ ॥

પ્રજ્ઞા. પદ ૧૫ ઉ. ૧

નિર્વૃત્ત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયમ્ ॥ ૧૭ ॥

પ્રજ્ઞા. ઉ. ૨, પદ ૧૫

લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયમ્ ॥ ૧૮ ॥

પ્રજ્ઞા. ઉ. ૨. ઇન્દ્રિયપદ ૧૫

ઉપયોગઃ સ્પર્શાદિષુ ॥ ૧૯ ॥

પ્રજ્ઞા. ઉ. ૨, ઇન્દ્રિયપદ, ૧૫

સ્પર્શનરસનઘ્રાણ ચક્ષુઃ શ્રોત્રાણિ ॥ ૨૦ ॥

ઇંદ્રિયો પાંચ છે.

તે પ્રત્યેક બબ્બે પ્રકારની છે.

દ્રવ્યેંદ્રિય નિર્વૃત્તિ અને ઉપકરણ રૂપ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**ભાવેંદ્રિય લબ્ધિ અને ઉપયોગ રૂપ છે.**

ઉપયોગ સ્પર્શાદિ વિષયોમાં થાય છે.

**સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ ઇન્દ્રિયોનાં નામ છે.**

ચામડી જીભ ને નાક, આંખ ને કાન પાંચ એ;
ઈંદ્રિયો દ્રવ્ય ને ભાવ, બે રૂપે મુખ્ય છે ખરે. ૧૯

ઉપકરણ-આકાર, છે દ્રવ્યેંદ્રિય એમ બે;
ઉપયોગ અને લબ્ધિ, છે ભાવેન્દ્રિય તેમ બે. ૨૦

ક્ષયોપશમથી થાય, જ્ઞાનાવરણ કર્મના;
જે આત્મિક પરિણામ, લબ્ધિની શક્તિ તે તથા. ૨૧

લબ્ધિ થકી જ આકાર, ઉપકરણ તેમ જ;
ને ઉપયોગમાં પાછાં, એ ત્રણેય સમાય છે. ૨૨

સ્પર્શ, રસ તથા ગંધ, રૂપ ને શબ્દ પાંચ તો;
પાંચેય ઈંદ્રિયોના એ, ક્રમશઃ જ્ઞેય વિષયો. ૨૩

## સ્પર્શરસગન્ધવર્ણશબ્દાસ્તેષામર્થાઃ ॥ ૨૧ ॥

નંદી સૂત્ર, ૨૪

## શ્રુતમનિન્દ્રિયસ્ય ॥ ૨૨ ॥

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ (રૂપ) અને શબ્દ એ પાંચ ક્રમથી એમના અર્થાત્ પૂર્વોક્ત પાંચ ઈંદ્રિયોના અર્થ જ્ઞેય છે.**

**અનિંદ્રિય-મન-નો વિષય શ્રુત છે.**

સર્વત્ર દેહમાં બેઠું, અનિન્દ્રિય રૂપી મન;
રહે ઇંદ્રિય-આધારે, તેનો વિષય છે શ્રુત. ૨૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## વાય્વન્તાનામેકમ્ ॥ ૨૩ ॥
## કૃમિપિપીલિકાભ્રમરમનુષ્યાદીનામેકૈકવૃદ્ધાનિ ॥ ૨૪ ॥
## સંજ્ઞિનઃ સમનસ્કાઃ ॥ ૨૫ ॥

**વાયુકાય સુધીના જીવોને એક ઇન્દ્રિય હોય છે, કૃમી-કરમિયાં પિપીલિકા-કીડી, ભ્રમર અને મનુષ્ય વગેરેને ક્રમે ક્રમે એક એક ઇન્દ્રિય અધિક હોય છે.**

**સંજ્ઞી મનવાળાં હોય છે.**

પૃથ્વી પાણી તથા અગ્નિ, વાયુ અને વનસ્પતિ;
તે પાંચેમાં કહી એક, પે'લી ઇંદ્રિય ચામડી. ૨૫
ચામડી જીભવાળા છે, કૃમિ, જળાદિ દ્વીંદ્રિય;
ચામડી જીવ ને નાકવાળા તે કીડી માંકડ. ૨૬
ચામડી જીભ ને નાક, આંખાળા ભ્રમરાદિક;
મનુષ્ય, દેવ, તિર્યંચ ને નારકાદિ જાણવા. ૨૭
પાંચ ઇન્દ્રિયવાળા તે ક્રમશઃ આ રીતે ગણે;
ચામડી જીભ ને નાક, આંખ ને કાનવંત તે. ૨૮
છે દ્રવ્ય મન દેવોમાં, નારકોમાં જ પૂર્ણતઃ
કિંતુ ગર્ભજ તિર્યંચો, ને તેવા માનવો મહીં. ૨૯
ન સંમૂર્ચ્છિમ તિર્યંચો કે તેવા માનવો વિષે;
ભાવ મન રૂપી સંજ્ઞા, તો સર્વે જીવમાં રહે. ૩૦

## વિગ્રહગતૌ કર્મયોગઃ ॥ ૨૬ ॥

પ્રજ્ઞા. પદ ૧૬.

## અનુશ્રેણિ ગતિઃ ॥ ૨૭ ॥

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અવિગ્રહા જીવસ્ય ॥૨૮॥
વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ ॥૨૯॥
એકસમયો વિગ્રહઃ ॥૩૦॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૭. ઉ. ૧ સૂ. ૨૬૦.

એકં દ્વૌ વાનાહારકઃ ॥૩૧॥

આચારાંગ સૂત્ર અ. ૧. ઉ. ૬ સૂ. ૪૮

વિગ્રહગતિમાં કર્મયોગ — કાર્મણયોગ જ હોય છે.

ગતિ શ્રેણિ–સરળ રેખા પ્રમાણે થાય છે.

જીવની—મોક્ષમાં જતા આત્માની—ગતિ વિગ્રહ રહિત જ હોય છે.

સંસારી આત્માની ગતિ અવિગ્રહ અને સવિગ્રહ હોય છે. વિગ્રહ ચારથી પહેલાં સુધી અર્થાત્ ત્રણ સુધી હોઈ શકે છે.

એક વિગ્રહ એક જ સમયનો હોય છે.

એક અથવા બે સમય સુધી જીવ અનાહારક રહે છે.

(વસંતતિલકા)

મોક્ષે જનાર જીવને ન રહે શરીર,
છૂટેલ બાણ-ધનુથી જીવ તે જ રીતે;
સિદ્ધિનું સ્થાન મૂળ ઋજુ ગતિથી પામી.
તે પૂર્ણ આત્મરૂપ સે'જ બની રહેતો. ૩૧

(શાર્દૂલવિક્રીડિત)

સંસારી જીવ રાશિમાં, ઋજુ ગતિ ને વક્ર હોયે ગતિ;
બીજો જન્મ ધરે, જીવો તહીં વીતે ઓછાથી ઓછો સમો;
બે ને ચાર વધુ મહીં વધુ થતું એ યોગ છે વિગ્રહી,
'પાણિ મુક્ત' જ લાંગલિક, દ્વિતીયા, ગોમૂત્રિકા ત્યાં ત્રીજી. ૩૨

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

બીજો જન્મ ધરે જીવ, ત્યારે તે એક બે ક્ષણે;
અનાહારી રહે પોતે, વદે છે કેવલી ખરે. ૩૩

સંમૂર્છનગર્ભોપપાતા જન્મ ॥ ૩૨ ॥

પ્રજ્ઞાપના યોનિપદ ૯

સચિત્તશીતસંવૃતા: સેતરા મિશ્રાશ્ચૈકશસ્તદ્યોનય: ॥૩૩॥

દશવૈકાલિક અ. ૪

જરાય્વણ્ડ પોતજાનાં ગર્ભ: ॥ ૩૪ ॥

સ્થાનાંક સ્થાન ૨. ઉ. ૩, સૂ. ૮૫.

નારકદેવાનામુપપાત: ॥ ૩૫ ॥

સૂત્ર કૃતાંગ શ્રુત ૨, અ. ૩

શેષાણાં સંમૂછનમ્ ૩૬ ॥

સંમૂર્છિમ, ગર્ભ અને ઉપપાત ભેદથી ત્રણ પ્રકારના જન્મ છે.

સચિત્ત, શીત, અને સંવૃત્ત એ ત્રણ, તથા એ ત્રણના પ્રતિપક્ષભૂત અચિત્ત, ઉષ્ણ અને વિવૃત, તથા મિશ્ર અર્થાત્ સચિત્તાચિત્ત, શીતોષ્ણ અને સંવૃતવિવૃત્ત એમ કુલ નવ એની — જન્મની યોનિઓ છે.

જરાયુજ, અંડજ અને પોતજ પ્રાણીઓને ગર્ભજન્મ હોય છે.

નારકો અને દેવોને ઉપપાતજન્મ હોય છે.

બાકીનાં બધાં પ્રાણીઓને સંમૂર્છિમજન્મ હોય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સંમૂર્છિમ અને ગર્ભ, ને ઉપપાત છે ત્રીજો;
આધેય જન્મ ભેદોએ, આધાર નવ યોનિઓ. ૩૪
જે અધિષ્ઠિત જીવોથી બીજી તેનાથી ઊલટી;
ને તેવી મિશ્ર ને શીત ઉષ્ણશીતોષ્ણ તે વળી. ૩૫
ઢાંકેલા સ્થાનવાળી ને ઉઘાડી મિશ્ર એ રીતે;
યોનિઓ નવ થાયે છે સંક્ષેપે જાણજો જગે. ૩૬
જરાયુ અંડ ને પોત એ ત્રણ જન્મ ગર્ભજ
તે રીતે નારકો દેવો છે ઉપપાત જન્મીએ. ૩૭
બાકીના સર્વ જીવો તો સંમૂર્છિમ ગણાય છે;
સંક્ષેપે નવ યોનિયે ચોરાશી લાખ વિસ્તરે. ૩૮

**ઔદારિકવૈક્રિયાહારકતૈજસકાર્મણાનિ શરીરાણિ ॥૩૭॥**

**પરં પરં સૂક્ષ્મમ્ ॥ ૩૮ ॥**

**પ્રદેશતોઽસંખ્યેયગુણં પ્રાક્ તૈજસાત્ ॥ ૩૯ ॥**

પ્રજ્ઞાપના શરીર પદ ૨૧

**અનન્તગુણે પરે ॥ ૪૦ ॥**

રાજપ્રશ્નીય સૂત્ર,સૂ. ૬૬

**અપ્રતિઘાતે ॥ ૪૧ ॥**

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શ. ૮, ઉ. ૯, સુ, ૩૫૦-૧

**અનાદિસમ્બન્ધે ચ ॥૪૨॥**

જીવાભિગમસૂત્ર સર્વજીવાભિગમ પ્રતિપત્તિ ૬. અ. ૪, સૂત્ર ૨૬૪.

**સર્વસ્ય ॥ ૪૩ ॥**

પ્રજ્ઞાપના પદ ૨૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ત્તદાદીનિ ભાજ્યાનિ યુગપદેકસ્યાચતુર્ભ્યઃ ॥ ૪૪ ॥

ભગવતી શતક ૧, ઉદ્દેશક ૭.

નિરુપભોગમન્ત્યમ્ ॥ ૪૫ ॥

પ્રજ્ઞા પદ ૨૧

આદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ પ્રકારનાં શરીરો છે.

ઉપરના પાંચ પ્રકારોમાં જે શરીર પછી પછી આવે છે, તે પૂર્વ કરતાં સૂક્ષ્મ છે

તૈજસનાં પૂર્વવતી ત્રણ શરીરો, પૂર્વપૂર્વનાં કરતાં ઉત્તરોત્તર શરીરના પ્રદેશો — સ્કંધો વડે અસંખ્યાત ગુણ હોય છે.

અને પછીનાં બે અર્થાત્ તૈજસ અને કાર્મણ શરીર પ્રદેશો વડે અનંતગુણ હોય છે.

તૈજસ અને કાર્મણ બન્ને શરીરો પ્રતિઘાતરહિત છે.

આત્માની સાથે એ અનાદિ સંબંધવાળાં છે.

અને બધાયે સંસારી જીવોને એ હોય છે.

એકી સાથે એક જીવને તૈજસ અને કાર્મણથી લઈને ચાર સુધી શરીર, વિકલ્પથી હોય છે.

અંતિમ—કાર્મણ શરીર જ ઉપભોગ—સુખ દુઃખાદિના અનુભ -રહિત છે.

(શાર્દૂલવિક્રીડિત)

ઔદારિક શરીર, વૈક્રિયવળી, આહારકં તૈજસી
એ રીતે વળી પાંચમું શરીર એ છે કાર્મણં નામથી;
આવે છે ક્રમથી પછી પછી જ જે છે દેહ તે સૂક્ષ્મ જે,
ને તેથી તન તૈજસિષ્ઠકથી અસંખ્યાત ગુણે તે ત્રણે. ૩૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તેમાં તૈજસ કાર્મણી ઉભયના ગુણો અનંતા રહ્યા,
ને આઘાત રહિત છે ઉભય એ આત્માનુબંધી સદા;
આત્માસંગ અનાદિ કાળથી રહે સૌ જીવ સાથે તથા,
એકી સાથ જ ચાર એક જીવમાં તે બે અને બે બીજાં. ૪૦

(અનુષ્ટુપ)

સુખદુઃખાદિ ભોગોના, અનુભવરહિત છે,
જ્ઞાનીઓએ કહ્યું છેલ્લું, કાર્મણિય શરીર તે. ૪૧

ગર્ભસમ્મૂર્છનજમાદ્યમ્ ॥ ૪૬ ॥

સ્થા. સ્થાન ૨, ઉ. ૧, સૂત્ર ૭૫

વૈક્રિયમૌપપાતિકમ્ ॥ ૪૭ ॥

ઔપપાતિક સૂ. ૪૦

લબ્ધિ પ્રત્યયં ચ ॥ ૪૮ ॥

શુભં વિશુદ્ધમવ્યાઘાતિ ચાહારકં ચતુર્દશપૂર્વધરસ્યૈવ ॥૪૯॥

પ્રજ્ઞાપદ ૨૧, સૂ. ૨૭૩

પહેલું અર્થાત્ ઔદારિક શરીર સંમૂર્છિમજન્મથી અને ગર્ભજન્મથી જ પેદા થાય છે.

વૈક્રિય શરીર ઉપપાતજન્મથી પેદા થાય છે.

તથા તે લબ્ધિથી પણ પેદા થાય છે.

આહારક શરીર શુભ—પ્રશસ્ત પુદ્ગલ દ્રવ્ય જન્ય, વિશુદ્ધ-નિષ્પાપકારી અને વ્યાઘાત-બાધારહિત હોય છે; તથા તે ચૌદપૂર્વધારી મુનિને જ પ્રાપ્ત થાય છે.

સંમૂર્ચ્છિમ અને ગર્ભ, જન્મો ઔદારિકે હશે;
ઉપપાત કહીં લબ્ધિ, થકી વૈક્રિય સાંપડે. ૪૨

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

બાધા રહિત નિષ્પાપી, પ્રશસ્ત પુદ્ગલો વડે;
ચૌદ પૂર્વી મુનિ પામે, આહારક શરીરને. ૪૩

નારકસમ્મૂર્છિનો નપુંસકાનિ ॥ ૫૦ ॥

સ્થા. સ્થાન ૩, ઉ. ૧. સૂત્ર ૧૩૧.

ન દેવાઃ ॥ ૫૧ ॥

ઔપપાતિક ચરમ દેહોત્તમ પુરુષાઽસંખ્યેય વર્ષાયુષોઽનપવર્ત્યાયુષઃ ॥ ૫૨ ॥

સમવાયાંગ સૂત્ર ૧૫૬.

નારક અને સંમૂર્છિમ નપુંસક જ હોય છે.

દેવ નપુંસક હોતા નથી.

ઔપપાતિક[1] (નારક અને દેવ) ચરમશરીરી, ઉત્તમ પુરુષ અને અસંખ્યાતવર્ષજીવી એ અનપવર્તનીય આયુષ્યવાળા જ હોય છે.

છે નપુંસક તે માત્ર, નારક ને સંમૂર્છિમ;[2]
દેવોમાં નર ને નારી, બે જ લિંગો સુનિશ્ચિત. ૪૪

ઘાસે સળગતી આગ, જેવો પુરુષ વેદ તે;
ને અંગાર શો સ્ત્રીનો, તપ્યો શો ઈંટિ વ્યંડલે. ૪૫

કિન્તુ મનુષ્યમાં તેમ, તિર્યંચોય સમસ્તમાં;
ત્રણેય લિંગ કે વેદ, હોય છે નિશ્ચયે તિહાં. ૪૬

૧. ઔપપાતિક એટલે જન્મથી જ પેદા થતું વૈક્રિય શરીર, દેવોને શુભ અને નારક જીવોને અશુભ હોય છે.

૨. સંમૂર્છિમ એટલે નર-નારીના સંયોગ વિના જન્મે તે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ચરમ દેહીને નારક દેવો, દીર્ઘજીવી ને શ્રેષ્ઠજનો;
કાળ પામતાં મૃત્યુકાળે અન-અપ વર્ત્ય આયુ જીવો.
મન પરિણામી તર-તમતાથી, ભોગવે જિંદગી સહ તેઓ;
અકાળ મૃત્યુ પશુઓ મનુજો, અપવર્ત્યાયુ છે જેઓ. ૪૭

## ઉપસંહાર

જીવ, ભાન વગર અનંતકાળથી આથડ્યા કર્યો છે. અનુભવી મહાપુરુષોએ કહ્યું છે કે 'કોઈ યોનિ અને કોઈ ગતિ એવી નથી કે જ્યાં આ જીવ કોઈ ને કોઈ કાળે ન ગયો હોય — ન જન્મ્યો હોય અને સક્રિય સંવેદન ન કર્યું હોય!' એ રીતે આ આખા અધ્યાયમાં બધા જીવોની, બધી જ યોનિઓની અને શરીરો તથા ઇન્દ્રિયો વગેરે સાધનોની સમજ આપવામાં આવી છે,

માનવ શરીર જ બધી ગતિઓમાં તથા યોનિઓમાં શ્રેષ્ઠ છે. અને એ ચોર્યાસી લાખ જીવયોનિમાં દુર્લભ બતાવ્યું છે. 'મોક્ષમાર્ગ લઈ મુક્તિમાં એ જ શરીર દ્વારા જઈ શકાતું હોય છે.' દશવૈકાલિક સૂત્રમાં તો સાચા ધર્મના અનુરાગી માનવને દેવો પણ નમે છે, એમ બતાવ્યું છે. એથી પ્રત્યક્ષ રીતે પણ બધા દેવો કરતાં માનવ શરીરધારીમાં વિશેષતા હોય, એ સ્વાભાવિક છે. આ અધ્યાયમાં એવી ત્રણ ખાસ બાબતો છે કે તે સમજી લેવાથી આવો સ્પષ્ટ ખ્યાલ આવી શકે તેમ છે.

## ખાસ ત્રણ બાબતો

એ ખાસ ત્રણ બાબતોમાં પહેલી બાબત 'ભવ્યત્વ'ની જે ઊંડાણથી વિચારવા યોગ્ય છે. કારણ કે, કહેવાય છે કે, ભવ્યત્વ પામ્યા પછી જ તેવો જીવ મોક્ષ માર્ગનો સાચો અધિકારી બની શકે છે. આ અધ્યાયમાં જીવત્વ, ભવ્યત્વ (મોક્ષ માટેની પ્રાથમિક પાત્રતા) અને અભવ્યત્વ એમ ત્રણ ભાવો પારિણામિક ભાવો ગણવામાં આવ્યા છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પારિણામિક ભાવ એટલે “અનાદિસિદ્ધ (પ્રથમથી જ સિદ્ધ એવા) આત્મદ્રવ્યના અસ્તિત્વથી જ સિદ્ધ હોય તેમ જીવમાંના અનાદિસિદ્ધ આત્મદ્રવ્યનું અસ્તિત્વ સિદ્ધ કરનારા, આ જ પારિણામિક ભાવો” છે. અહીં સવાલ એ ઊઠે છે કે જેમ ‘જીવત્વ’રૂપી પારિણામિક ભાવ એવો છે કે જે સિદ્ધગતિના જીવોમાં પણ હોય છે અને સંસારી જીવોમાં પણ હોય છે. જ્યારે ‘ભવ્યત્વ’ અને ‘અભવ્યત્વ’ પારિણામિક ભાવોનું એવું નથી. તે બંને સંસારીઓમાં જ હોય છે, મુક્તાત્મામાં હોતા નથી. આ જ ‘તત્ત્વાર્થસૂત્ર’ના દશમા અધ્યાયમાંનું ચોથું સૂત્ર સ્પષ્ટ કહે છે: “ક્ષાયિક(કર્મક્ષયે ઉત્પન્ન થતું)સમ્યક્ત્વ, ક્ષાયિકજ્ઞાન, ક્ષાયિકદર્શન અને સિદ્ધત્વ સિવાયના ઔપશમિક (કર્મનો ક્ષય નહીં પણ કર્મને દબાવી દેવાય તે) આદિ ભાવોના તથા ભવ્યત્વના અભાવથી મોક્ષ પ્રગટે છે.” આમ ઉપર કહ્યું તેમ ‘અનાદિસિદ્ધ આત્મદ્રવ્યના અસ્તિત્વ સિદ્ધ કરનારા પારિણામિક ભાવોમાં જીવત્વ કરતાં આટલી આ બંને ભાવોની જુદાઈ છે. એની એક મતલબ એવી પણ તારવી શકાય કે આ બંને — ભવ્યત્વ અને અભવ્યત્વ — ભાવો અનાદિસિદ્ધ આત્મદ્રવ્યના અસ્તિત્વને સિદ્ધ કરનારા પારિણામિક હોવા છતાં ‘બધા જીવો સાથે કાયમી રહેનારા નથી.’ માત્ર સંસારી જીવો સાથે કાયમી રહેનારા છે. પણ જે સંસારી જીવ, નિમિત્તો તથા વિકાસની અભિમુખતાના પુરુષાર્થરૂપ ઉપાદાનથી મુક્તિની યોગ્યતા પ્રાપ્ત કરે કે તરત તે જીવમાં વ્યક્તિગત રીતે ભવ્યત્વ સ્થિર થાય છે, અને અભવ્યત્વ દૂર થઈ જાય છે. આમ જો અભવ્યત્વવાળો જીવ, વ્યક્તિગત રીતે ભવ્યત્વ પ્રાપ્ત કરે તો અભવ્યત્વ દૂર થાય, તેમ ભવ્યત્વ હોય અને તે જાળવવા સાવધાનપણું ચાલુ ન રાખે તો અભવ્યત્વ દાખલ થઈ માંડ માંડ આવેલું ભવ્યત્વ પણ દૂર થઈ જ જાય. આ રીતે ઘટાવતાં જેમ “વ્યક્તિગત મોક્ષ થઈ શકે છે અને સમષ્ટિગત મોક્ષ કદી થઈ શકતો નથી.” એ જૈન તત્ત્વજ્ઞાનની માન્યતા યથાર્થ બની જાય છે તેમ વ્યક્તિગત રીતે સંસારી

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જીવોમાંના આ બંને ભાવો વ્યક્તિગત રીતે આવતા જતા રહે, તે વાત ઘટી રહે છે. રાયપસેણીય સૂત્રમાંનો પ્રદેશી રાજા જેના હાથ લોહીથી ખરડાયેલા રહેતા અને પૂરો નાસ્તિક હતો તે પણ કેશીમુનિ જેવું વિશિષ્ટ જ્ઞાની ગુરુનું પ્રત્યક્ષ નિમિત્ત મળતાં જ વિકાસાભિમુખતાના પુરુષાર્થરૂપ ઉપાદાનના સુયોગે આસ્તિક બની જવા પામે છે.

જ્યારે સૂર્યાભદેવરૂપે ભગવાન મહાવીરની સભામાં આવી તેઓ પહેલો પ્રશ્ન એ કરે છે કે, 'હું ભવી છું કે અભવી?' પછી પ્રશ્ન કરે છે: 'હું સમકિતિ છું કે મિથ્યાત્વી?' (મિથ્યાત્વ એટલે સમકિતપણાનો અભાવ.) કારણ કે સમકિત પણ આવ્યા પછી ચાલી જવાની ભીતિ છે જ. હા, એટલું ખરું કે સમકિત ગમે તે જાતનું હોય, પણ એક વાર પ્રાપ્ત થયા પછી ચાલ્યું જાય તોય ક્યારેક ને ક્યારેક પણ મોક્ષ પમાય છે. જ્યારે ભવ્યત્વ ગુણ આવ્યા પછી ચાલ્યો જાય તો ભવ્યત્વ ક્યારે પમાય, તેનો પણ નિશ્ચય હોઈ શકતો નથી, તો પછી મોક્ષનો નિશ્ચય તો એવા જીવને હોય જ શી રીતે? ટૂંકમાં, આથી જ એક વાત ફરી ફરીને કહેવાય: 'ભવ્યત્વ પ્રાપ્ત કરવું અને તેને જાળવી રાખવું' એ જ સૌથી અગત્યની વસ્તુ છે.

ભગવાન મહાવીરની કેવળજ્ઞાન પામ્યા પછીની પ્રથમ દેશના (ઉપદેશ) કોઈ ભવિજીવરૂપ શ્રોતા ન મળવાથી, તે દેશના નિષ્ફળ ગયેલી, એમ કહેવાય છે. આ દૃષ્ટિએ જોવાથી આમ બરાબર ઘટી રહે છે: જીવત્વનો પારિણામિક ભાવ સંસારી જીવ અને મુક્તજીવ બંનેમાં હોય છે. પણ ભવ્યત્વ અને અને અભવ્યત્વ એ બે પારિણામિક ભાવો તો એવા છે કે જે માત્ર સંસારી જીવોમાં જ ઘટે છે. અને એક વખતે એક સંસારી જીવમાં ભવ્યત્વ અને અભવ્યત્વ પૈકી કોઈ એક, એક વખતે હોય અને કોઈ બીજો એક વખતે હોય.

હવે ઉપર દર્શાવેલી ત્રણે બાબતોમાં બીજી બે બાબતો છે: ૧ લબ્ધિની — કર્મક્ષયથી પ્રાપ્ત થતી અમુક શક્તિની; તથા ૨. શુદ્ધ શરીરની વૈક્રિય લબ્ધિ (એક પ્રકારની શારીરિક શક્તિ), માનવી,

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દેવ, ગુરુ, ધર્મકૃપાએ સ્વપુરુષાર્થે પામી શકે છે. તે જ રીતે આહારક શરીર — અથવા એવું પાંચ પૈકીનું ત્રીજું શુદ્ધ શરીર કે જે વીતરાગ તીર્થંકર પાસે પહોંચી પોતાના સંદેહને નિવારવા માટેનું જ સુયોગ્ય સાધન બને છે — તે પણ પામી શકે છે. અને માનવીમાં પણ ચૌદ પૂર્વધારી – અમુક પ્રાચીન શાસ્ત્રના જાણકાર – સાધુ પુરુષ જ, તેના અધિકારી ગણાય છે.

લબ્ધિ તો એવા મુનિ ઉપરાંત એવી જાતના પ્રયત્ન કરનાર માનવમાં તથા કોઈ ગર્ભજ પશુમાં અથવા કોઈ બાદરકાયિક (દૃષ્ટિગોચર થાય તેવા) જીવોમાં પણ માનવામાં આવે છે. એટલે કે વૈક્રિય લબ્ધિની પ્રાપ્તિ સાધુ ઉપરાંત બીજા માનવોમાં, પશુઓમાં, બાદરવાયુના જીવોમાં પણ હોઈ શકે છે જ. 'સમયસાર' નાટકનું, ગુજરાતી ભાષાંતર ભાઈશ્રી દુર્લભજી ખેતાણીએ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ, ઘાટકોપર તરફથી બહાર પાડયું છે. તેમાં આ શબ્દો છે :

> દેવસેન આચાર્ય દર્શનસારમાં કરેલા ઉલ્લેખ મુજબ તો એક પ્રકારની લબ્ધિથી સંપન્ન હતા. એ લબ્ધિની સહાય વડે તેઓ એ મહા વિદેહક્ષેત્ર (પંદર કર્મભૂમિ પૈકીનું એક ક્ષેત્ર)માં પુંડરીકિણી નગરી જ્યાં વર્તમાન તીર્થંકરો બિરાજે છે ત્યાં જઈને સીમંધર સ્વામીનાં દર્શન કરી તેમની પાસેથી શ્રુતજ્ઞાન (ગુરુગમ શાસ્ત્રજ્ઞાન) પ્રાપ્ત કર્યું. તે પછી ભરતક્ષેત્રમાં આવીને ભવ્યજીવોના ઉદ્ધારાર્થે પ્રવચનો કર્યાં તથા અનેક સૈદ્ધાંતિક ગ્રંથો લખ્યા.

(સમયસાર નાટક, પા. ૧૨)

આ પરથી ઐતિહાસિક રીતે પણ આવી વૈક્રિય લબ્ધિ તથા આહારક શરીરવાળી બાબત આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૩

## નારકી વર્ણન

### ઉપોદ્ઘાત

ત્રીજા અધ્યાયમાં કુલ અઢાર સૂત્રો છે.

આમાં ખાસ કરીને નરકગતિ અને આયુસ્થિતિ ઉપરાંત શાસ્ત્રીય દૃષ્ટિએ જગતનું વર્ણન છે. મનુષ્યોના પ્રકારો તથા પશુ-ગતિનોય નિર્દેશ છે. મતલબ, મનુષ્ય શરીર પામીને જેમ મોક્ષ પમાય છે, તેમ પશુ યોનિમાં તથા સ્વર્ગમાં અને નરકમાં પણ જવાય છે. અને મનુષ્ય શરીરધારી પુરુષ તો ઠેઠ સાતમા નરક લગી પણ પહોંચી જાય છે. કારણ કે, જૈન આગમો કહે છે:

"જે કમ્મેસૂરા તે ધમ્મેસૂરા"

જે કર્મમાં શૂરવીર હોય છે તે ધર્મમાં પણ શૂરવીર હોય છે. અથવા એ સૂત્રને ઊલટાવીએ તો જેમ શૂરવીરતાનો સદુપયોગ ઊંચેથી ઊંચે લઈ જાય છે તેમ શૂરવીરતાનો દુરુપયોગ નીચેથી નીચે પણ જરૂર લઈ જ જાય છે. તેથી જ તુલસીરામાયણ કહે છે:

"સ્વર્ગનરક અપવર્ગ નિઃશ્રેણી"

સ્વર્ગ, નરક તથા મોક્ષ એ ત્રણેની (મોક્ષની નિસરણી) આ પુણ્યપુંજ એવી માનવ કાયા — નિસરણી રૂપ છે.

એ રીતે આ અધ્યાયમાં એક અર્થમાં તો નરકગતિ, લોકવર્ણન મનુષ્યોની વિવિધતાનું અને તેઓનાં ક્ષેત્રો, કાળ-સ્થિતિ તથા પશુની કાળ સ્થિતિનું પણ વર્ણન આ અઢાર સૂત્રમાં આવી જાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

રત્નશર્કરાવાલુકાપંક ધૂમતમોમહાતમઃ
પ્રભાભૂમયો ઘનામ્બુવાતાકાશપ્રતિષ્ઠાઃ
સપ્તાધોઽધઃ પૃથુતરાઃ ॥ ૧ ॥

પ્રજ્ઞા. નરકા. પદ ૨
જીવાભિગમ પ્રતિપત્તિ ૨ સૂત્ર ૭૦–૭૧

તાસુ નરકાઃ ॥ ૨ ॥

સ્થાનાંક સ્થાન ૩. ઉ. ૧, સૂ. ૧૩૨.

નિત્યાશુભતરલેશ્યાપરિણામદેહવેદનાવિક્રિયાઃ ॥ ૩ ॥

જીવાભિગમ પ્રતિપત્તિ ૩, ઉ. ૧. સૂ. ૧૩૨

પરસ્પરોદીરિત દુઃખાઃ ॥ ૪ ॥

જીવાભિગમ પ્રતિપત્તિ ૩, ઉ. ૨, સૂ. ૮૯

સંકિલષ્ટા સુરોદીરિત દુઃખાશ્ચ પ્રાક્ ચતુર્થ્યાઃ ॥ ૫ ॥

વ્યાખ્યા. શ. ૩, ઉ. ૨. સૂત્ર ૧૪૨

તેષ્વેક ત્રિસપ્તદશસપ્તદશદ્વાવિંશતિ
ત્રયસ્ત્રિંશત્સાગરોપમાઃ સત્ત્વાનાં પરા સ્થિતિઃ ॥ ૬ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩૬, ગાથા ૧૬૦ થી ૧૬૬

**રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમ-પ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા એ સાત ભૂમિઓ છે; જે ઘનાંબુ, વાત અને આકાશ ઉપર સ્થિત છે; એકબીજાની નીચે છે; અને નીચેનીચેની એકબીજાથી અધિક વિસ્તાર-વાળી છે.**

**એ ભૂમિઓમાં નરક છે.**

**તે નરક નિત્ય-નિરંતર અશુભતર, લેશ્યા, પરિણામ, દેહ, વેદના અને વિક્રિયાવાળાં છે.**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તથા પરસ્પર ઉત્પન્ન કરેલા દુઃખવાળાં હોય છે.

અને ચોથી ભૂમિથી પહેલાં અર્થાત્ ત્રણ ભૂમિઓ સુધી સંક્લિષ્ટ અસુરો દ્વારા ઉત્પન્ન કરેલા દુઃખવાળાં પણ હોય છે.

એ નરકોમાં વર્તમાન પ્રાણીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમથી એક, ત્રણ, સાત, દસ, સત્તર, બાવીસ અને તેત્રીસ સાગરોપમ પ્રમાણ છે.

(અનુષ્ટુપ)

પ્રભાયુક્ત તલે ભૂમિ, છે એમ રત્ન શર્કરા;
વાલુ પંક અને ધૂમ, તમ તથા મહાતમ. ૧
કહેવાય નરકો સાત, નીચે નીચે સુવિસ્તૃત;
ઘનાંબુ વાયુ આકાશ, ઉપરા ઉપર સ્થિત. ૨

(વંશસ્થ)

તે નારકી જીવ સદા નિરંતર;
અશુભ લેશ્યા ક્રમથી વધુ વધુ.
શરીરને વેદન વિક્રિયા વડે,
લડે પરિણામથી જે પરસ્પર. ૩

(સવૈયા એકત્રીસા)

સાત નરકમહીં પે'લાં ત્રણમાં પરમાધામી અસુરતણાં,
દુઃખો હોય બાકી ચારમાં તોયે પરસ્પર અતિ ઘણાં.
ક્રમશઃ આયુસ્થિતિ વધુમાં વધુ એક ત્રણ સાતવળી,
દશ, સત્તર, બાવીસ તેત્રીસે સાગરઉપમા ગણી સહી. ૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જમ્બૂદ્વીપલવણાદય: શુભનામાનો દ્વીપસમુદ્રા: ॥ ૭ ॥

જીવાભિગમપ્રતિપત્તિ ૩, ઉ. ૨, સૂ. ૧૮૬
જીવાભિગમપ્રતિપત્તિ ૩, ઉ. ૨ સૂત્ર ૧૮૯

દ્વિર્દ્વિર્વિષ્કમ્ભા: પૂર્વપૂર્વપરિક્ષેપિણો વલયાકૃતય: ॥ ૮ ॥

જીવાભિગમ પ્રતિપત્તિ ૩, ઉ. ૨, સૂત્ર ૧૨૩
જીવાભિગમ પ્રતિપત્તિ ૩, ઉ. ૨, સૂત્ર ૧૫૪

તન્મધ્યે મેરુનાભિર્વૃત્તો યોજનશતસહસ્ર
વિષ્કમ્ભો જમ્બૂદ્વીપ: ॥ ૯ ॥

જંબૂ સૂત્ર ૧૦૩
જંબૂ સૂત્ર ૩

તત્ર ભરતહૈમવતહરિવિદેહરમ્યકહૈરણ્યવતૈરાવત
વર્ષા: ક્ષેત્રાણિ ॥ ૧૦ ॥

સ્થાનાંકસ્થાન ૭, સૂત્ર ૫૫૫

તદ્વિભાજિન: પૂર્વાપરાયતા હિમવન્મહાહિમવન્નિ-
ષધનીલરુક્મિશિખરિણો વર્ષધરપર્વતા: ॥ ૧૧ ॥

જંબૂદ્વીપ સૂ. ૧૫
સ્થાનાંક સ્થાન ૬, સૂ. ૫૨૪

જંબૂદ્વીપ વગેરે શુભ નામવાળા દ્વીપ તથા લવણ વગેરે શુભ નામવાળા સમુદ્રો છે.

તે બધા દ્વીપ અને સમુદ્ર, વલય જેવી આકૃતિવાળા પૂર્વપૂર્વને વેષ્ટિત કરવાવાળા અને બમણા બમણા વિષ્કંભ — વ્યાસ — વિસ્તારવાળા છે.

એ બધાની વચમાં જંબૂદ્વીપ છે; જે વૃત્ત એટલે કે ગોળ છે, લાખ યોજન વિષ્કંભવાળો છે અને જેની મધ્યમાં મેરુ પર્વત છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

એમાં — જંબૂદ્વીપમાં ભરતવર્ષ, હૈમવતવર્ષ, હરિ-વર્ષ, વિદેહવર્ષ, રમ્યકવર્ષ, હૈરણ્યવતવર્ષ, ઐરાવતવર્ષ એ સાત ક્ષેત્રો છે. એ ક્ષેત્રોને જુદા કરતા અને પૂર્વથી પશ્ચિમ લંબાયેલા એવા હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુકમી અને શિખરી એ છ વર્ષધર – વંશધર પર્વતો છે.

(સવૈયા એકત્રીસા)

મધ્યલોકમાં જંબૂઆદિ શુભનામી દ્વીપ જલધિ આ,
લવણાદિ વલયાકૃતિ બમણું પૂર્વપૂર્વને વીંટી વળ્યાં;
જંબૂદ્વીપ છે ગોળ તહીં એક લાખ યોજન વિસ્તાર તણો,
જેની વચ્ચે મેરુ પર્વત અડોલ અકંપ ખડો રહ્યો. ૫

ભરત, હૈમવત, હરિ – વિદેહને, રમ્યક્‌વર્ષો ક્ષેત્ર રહ્યાં,
હૈરણ્યવત ઐરાવત સાતે પૂર્વથી પશ્ચિમ વ્યાપ્ત બન્યાં;
હિમ-મહાહિમ, નિષધ, નીલ ને રુકમી શિખરી વર્ષધરો,
છ સંખ્યામાં પર્વત તેઓ વચ્ચે રહેતા વંશધરો. ૬

## દ્વિર્ધાતકીખણ્ડે ॥ ૧૨ ॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૩, સૂત્ર ૮૭

## પુષ્કરાર્ધે ચ ॥ ૧૩ ॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૩, સૂત્ર ૯૩

## પ્રાઙ્. માનુષોત્તરાન્ મનુષ્યાઃ ॥ ૧૪ ॥

જીવા પ્ર. ૩. માનુષ્યોત્તર ઉ. ૨. સૂત્ર ૧૭૮

## આર્યા મ્લેચ્છાશ્ચઃ ॥ ૧૫ ॥

પ્રજ્ઞા ૧, મનુષ્યાધિકાર.

ધાતકીખંડમાં પર્વત તથા ક્ષેત્રો જંબૂદ્વીપથી બમણાં છે. પુષ્કરાર્ધદ્વીપમાં પણ એટલાં જ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

માનુષ્યોત્તર નામક પર્વતના પૂર્વભાગ સુધી મનુષ્યો છે. તે આર્ય અને મ્લેચ્છ છે.

જંબૂદ્વીપથી ધાતકી ખંડે ક્ષેત્રો પર્વત બમણાં છે,
પુષ્કરાર્ધ દ્વીપેય એટલાં પર્વત ક્ષેત્રો નમણાં છે.
માનુષોત્તર નામ ગિરિના પૂર્વભાગ લગી મર્ત્ય વસે,
મ્લેચ્છો આર્યો એમ ઉભય છે, જાતિ એમની રૂડી દીસે. ૭

ભરતૈરાવતવિદેહાઃ કર્મભૂમયોઽન્યત્ર દેવકુરૂત્તર
કુરુભ્યઃ ॥ ૧૬ ॥

પ્રજ્ઞાપદ ૧, મનુષ્યાધિકાર સૂત્ર ૩૨

નૃસ્થિતી પરાપરે ત્રિપલ્યોપમાન્તર્મુહૂર્તે ॥ ૧૭॥

ઉત્તરાધ્યયન અધ્યાય ૩૬, ગાથા ૧૯૮

તિર્યગ્યોનીનાં ચ ॥ ૧૮ ॥

પ્રજ્ઞાપના સ્થિતિ પદ ૪, તિર્યગધિકાર

દેવકુરુ અને ઉત્તરકુરુ બાદ કરી ભરત, ઐરાવત, તથા વિદેહ એ બધી કર્મભૂમિઓ છે.

મનુષ્યોની સ્થિતિ-આયુષ્ય ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સુધી અને જઘન્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

તથા તિર્યંચોની સ્થિતિ પણ એટલી જ છે.

(સવૈયા)

ભરત, ઐરાવત, વિદેહ આદિ કર્મભૂમિઓ પંદર છે,
દેવકુરુ, ઉત્તરકુરુ, આદિ અકર્મભૂમિ ત્રીસ દિસે;
માનવ આયુ સ્થિતિ રહી ત્યાં જઘન્ય અંતર્મુહૂર્તની,
ત્રણ પલ્યોપમ ઉત્કૃષ્ટી ત્યાં અવશ્ય આયુસ્થિતિ બની. ૮

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તિર્યંચ અથવા પશુઓની એ આયુસ્થિતિ ત્યાં એ જ કહી,
કર્મભૂમિમાં મળે મોક્ષ પણ અકર્મ ભૂમિમાં કદી નહીં.
તિર્યંચ માનવ આયુસ્થિતિના ભવ ને કાય બે ભેદ ગણ્યા,
જીવે ત્યાં ભવ જાણો વારંવાર જન્મ ત્યાં કાય દશા. ૯

## ઉપસંહાર

વૈદિક અને જૈન બંનેમાં લોકવર્ણન લગભગ સરખું આવે છે. લોક અથવા સંસારના ત્રણ ભાગો તેઓ આમ કરે છે: અધોલોક, ઊર્ધ્વલોક અને તિરછોલોક. આમાં આપણે મુખ્યત્વે અધોલોક તથા તિર્યંક્ અથવા તિરછાલોકનું વર્ણન જોઈ લીધું. અહીં એ સવાલ થઈ શકે કે 'આ શાસ્ત્રીય લોકવર્ણનની સાથે આજની વૈજ્ઞાનિક શોધનો મેળ યથાર્થ રીતે કેમ નથી મળતો?' વાત સાચી છે. ત્યારે અમે નીચેના શબ્દો તરફ ધ્યાન દોરીએ છીએ :

> વિજ્ઞાન સૃજનકા પ્રતીક હો. ન કિ ધ્વંસકા. પાશ્ચાત્ય વૈજ્ઞાનિક ભી અબ યહ માનને લગે હૈં કિ જો વિજ્ઞાન માનવ-નાશકા કારણ હૈ, વહ અપની મૂલ સંજ્ઞા ખો બૈઠતા હૈ.
> (પૂ. પુષ્કરમુનિજીના શિષ્ય ગણેશમુનિજી કૃત 'આધુનિક વિજ્ઞાન ઔર અહિંસા'.)

આનો અર્થ એ સ્પષ્ટ થાય છે કે 'વિજ્ઞાન' જેમ જેમ 'આત્માભિમુખ' થતું જશે અથવા ધર્મ કે સક્રિય અધ્યાત્મ સાથે એ સંધાશે, તેમ તેમ આ જ લોકવર્ણન સાચું ઠરશે. ત્યાં લગી શ્રદ્ધાથી વાટ જોવી એ યોગ્ય માર્ગ છે. કારણ કે વિજ્ઞાન પહેલાં જે વાત નહોતું સ્વીકારતું, તેવી કેટલીય વાતો હવે સ્વીકારવા લાગ્યું છે. દા. ત. આત્મા! આજે હવે ઈંદ્રિયવિજ્ઞાન, પ્રાણવિજ્ઞાન અને મનોવિજ્ઞાન પછી — 'ત્યાં કંઈક છે' એવી જિજ્ઞાસાપૂર્વક હવે તે આગેકૂચ કરવા ધારતું જણાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આમ તો નરક-સ્વર્ગ ભલે આજે યોનિ કે ગતિરૂપ આજનો તર્કપ્રધાન માનવી નહીં સ્વીકારે. દીર્ઘદ્રષ્ટા ધર્મસ્તંભો એમાં વાંધો નહીં લે. એ માત્ર એટલું જ પૂછશે — કર્મના પરિણામને તો માનશો ને ? એટલે કે શુભ કર્મોનું પરિણામ શુભ અને અશુભ કર્મોનું પરિણામ અશુભ આટલું તો સ્વીકારશો ને ?" જો આટલું સ્વીકારાય તો જેમણે આ જગતના લાખો કરોડો દેખીતા નિર્દોષ એવા માનવીઓનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો અને એમાં તન, મન અને સાધનથી સાથ આપ્યો, એવાં ખરેખરાં અધમાધમ માનવીઓ કાં તો પરસ્પર ત્રાસ ગુજારે અથવા શક્તિશાળી પરમાધાર્મિક ગણાતા અસુરો (જેમને બીજાઓ પર ત્રાસ ગુજારવામાં અથવા પરસ્પર લડાવવામાં જ મજા આવે છે, તેવા આસુરી કોટિના દેવો) મારફત ત્રાસ પામે, તેમાં આશ્ચર્ય શું છે ?

'જેવું કરે તેવું પામે અને વાવે તેવું લણે' એ અચળ જગતનો ન્યાય છે.

અહીં આપણે આર્યોને આર્યેતર માનવોથી અલગ પાડવા જરૂરી સમજીએ છીએ. ક્ષેત્રથી, જાતિથી, કુલથી, કર્મથી, શિલ્પથી અને ભાષાથી જેઓ આર્યો છે તેઓ આ પંદર કર્મભૂમિ (જૈન આગમોમાં કર્મભૂમિનાં પંદર ક્ષેત્રો છે, તે)માં પણ ઉત્તમ પ્રકારના મનુષ્યો છે. ખૂબીની વાત એ છે કે "કર્મથી જ ત્રણે કાળનાં કર્મોનો ક્ષય થવાનો છે. નૈષ્કર્મ્યથી, અકાર્મણ્યવૃત્તિથી કદી નહીં." ગીતાની આ મૂળભુત વાતને તત્ત્વાર્થસૂત્ર ટેકો આપે છે. એટલું જ નહીં, બલકે ક્રમશઃ તેનો વ્યક્તિગત તથા સંસ્થાગત કે સમાજગત ઉકેલ પણ બતાવી આપે છે. શ્રીમદ્ પ્રભાવિત ગાંધીજીએ સત્યના પ્રયોગો કરી ભારત જેવા સર્વધર્મ સમન્વયી દેશ દ્વારા જ જગતનું કલ્યાણ થવાનું, તેની આખા જગતને એટલે–પૂર્વ–પશ્ચિમ–ઉત્તર–દક્ષિણવાસી માનવમાત્રને ખાતરી કરાવી આપી છે. કાયમી વિશ્વશાંતિ માટે શું આ નાનુંસૂનું આશ્વાસન છે ?

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૪

## દેવવર્ણન

### ઉપોદ્ઘાત

આ અધ્યાયમાં ત્રેપન સૂત્રો આવે છે. ખરેખર તો અતિ અશુભ અથવા પાપનો પરિપૂર્ણ સરવાળો તે જેમ નરકગતિ તથા નરકના (વચ્ચેથી નાશ ન પામે તેવા) અનપવર્ત્ય એવા આયુષ્યનું મુખ્ય કારણ બને છે, તેમ અતિ શુભ અથવા પુણ્યનો પરિપૂર્ણ સરવાળો એ સ્વર્ગગતિ તથા સ્વર્ગના અનપવર્ત્ય એવા આયુષ્યનું મુખ્ય કારણ જરૂર બને જ છે. તર્કની રીતે ભલે એવી કાયા, એવી કાયાના વસવાટનાં સ્થાનો એમના લાંબા લાંબા કાળનાં શાસ્ત્રીય વર્ણનો આપણને ગળે ન ઊતરે અથવા ટાઢા પહોરે હાંક્યે રાખેલાં ગપ્પાં પણ લાગે. પરંતુ તર્કની રીતે પણ 'ક્રિયા માત્ર ફલવતી' એટલું તો તરત સમજાઈ જાય તેમ છે. અને જ્યારે જૈનોના નમોક્કાર અથવા પંચ પરમેષ્ઠી મંત્રમાં સૌથી પ્રથમ સ્થાન જેમનું છે અને જેઓ જ્યાંથી પાછા ફરવાપણું નથી એવી સિદ્ધગતિના સિદ્ધો કરતાં પણ આગળનું સ્થાન આખાયે જગતમાં શોભાવે છે, તેવા ચતુર્વિધ – સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર — સંઘના સંસ્થાપક તીર્થંકરો પણ પોતાનો આગલો જન્મ જો અશુભ કર્મ — સંચય વધી ગયો હોય તો નરકમાં, અને શુભકર્મ સંચય વધી ગયો હોય તો સ્વર્ગમાં અચૂકપણે પેદા થાય જ છે, ભૂતકાળમાં ખુદ ભગવાન મહાવીરને પણ આવો જન્મ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

લેવો જ પડયો છે, અને આજે જૈન આગમોમાંના ભગવાન કૃષ્ણને પણ વેદવો પડે જ છે ! આ વસ્તુ પણ સ્વર્ગ — નરક ગતિનું પ્રબળ પ્રતિપાદન દર્શાવે છે. આ અધ્યાયમાં હવે આપણે જુદા જુદા પ્રકારના ચાર જાતિના દેવોનું વિગતવાર વર્ણન જોઈએ :

દેવાશ્ચતુર્નિકાયાઃ ॥૧॥

વ્યાખ્યાન શ. ૨, ઉ. ૭

તૃતીયઃ પીતલેશ્યઃ ॥૨॥

સ્થાનાંક સ્થાન ૧, સૂત્ર ૫૧

દશાષ્ટપઞ્ચદ્વાદશવિકલ્પાઃ કલ્પોપન્નપર્યન્તાઃ ॥ ૩ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૩૬, ગાથા ૨૦૩થી ૨૦૯

**દેવ ચાર[1] નિકાયવાળા છે.**

**ત્રીજો નિકાય પીતલેશ્યાવાળો છે.**

**કલ્પોપપન્ન દેવ સુધીના ચતુર્નિકાયિક દેવોના અનુક્રમે દશ, આઠ, પાંચ અને બાર ભેદ છે.**

(સવૈયા એકત્રીસા)

ભવનપતિ વાણવ્યંતર એ બે નિમ્નકોટીના દેવ કહ્યા
પીત લેશ્યી જ્યોતિષી દેવો અને વૈમાનિક ઉચ્ચ ગણ્યા;
દશ ને આઠ – પાંચ બાર ગણાતા ભેદ ચાર દેવો કેરા
ઈંદ્રાદિ દશ ભવનપતિને, વૈમાનિકના ભેદ બીજા. ૧

ઇંદ્રસામાનિકત્રાયસ્ત્રિંશપારિષદ્યાત્મરક્ષલોકપાલાનીક

---

૧. ભવનપતિ, વાણવ્યંતર(વ્યંતર), જ્યોતિષ્ક અને વૈમાનિક એ પ્રમાણે દેવોની ચાર જાતિ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## પ્રકીર્ણકાભિયોગ્ય કિલ્બિષિકાશ્ચૈકશઃ ॥ ૪ ॥

[1]સ્થાનાંક સ્થાન ૩, ઉ, ૧, સૂત્ર ૧૩૪
તથા ઔપપાતિક જીવોપ, સૂત્ર ૪૧.

## ત્રાયસ્ત્રિંશલોકપાલવર્જ્યા વ્યન્તરજ્યોતિષ્કાઃ ॥ ૫ ॥

પ્રજ્ઞાપના સૂત્ર પદ ૨, સૂત્ર ૪

## પૂર્વયોર્દ્વીન્દ્રાઃ ॥ ૬ ॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૩, સૂત્ર ૯

## પીતાન્ત લેશ્યાઃ ॥ ૭ ॥

**ચતુર્નિકાયના ઉપરના દશ આદિ એકેક ભેદ ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્બિષિક રૂપે છે.**

**વ્યંતર અને જ્યોતિષ્ક ત્રાયસ્ત્રિંશ તથા લોકપાલ રહિત છે.**[1]

**પહેલા બે નિકાયોમાં બે બે ઇંદ્ર છે.**[2]

**પહેલા બે નિકાયના દેવ પીત – તેજો પર્યંત લેશ્યાવાળા છે.**[3]

---

૧. ઇંદ્રાદિ દશ ભેદો દેવોમાં હોય છે: પરંતુ ચાર પ્રકારના દેવો પૈકી વ્યંતર અને જ્યોતિષ્કમાં ત્રાયસ્ત્રિંશ તથા લોકપાલ એ બે પ્રકારો હોતા નથી. એટલે કે બાકીના આઠ જ પ્રકાર હોય છે.

૨. ભવનપતિ અને વ્યંતર એ બંને જાતિના દેવોમાં ઇંદ્ર એક નહીં પણ બે બે હોય છે.

૩. ભવનપતિ અને વ્યંતર એ બંને જાતિના દેવોમાં દ્રવ્યલેશ્યા પીત – તેજો લગી ચાર જ હોય છે. દા.ત. કૃષ્ણ, નીલ, કાપોત અને પીત (તેજો) લેશ્યાઓ.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ઇંદ્ર, સામાનિક ને ત્રાયસ્ત્રિંશત પારિષદ્ય આત્મારક્ષી,
લોકપાલ ને અનીક પ્રકીર્ણક, આભિયોગ્ય ને કિલ્બિષી;
એ દશ પૈકી ત્રીજા છઠ્ઠા નથી વ્યંતર જ્યોતિષીમાં
ભવનપતિ વ્યંતરમાં ઇંદ્રો બેને લેશ્યા પીત સીમા. ૨

કાયપ્રવીચારા આ ઐશાનાત્ ॥ ૮ ॥

શેષાઃ સ્પર્શરૂપશબ્દમનઃ પ્રવીચારાદ્વયોદ્વર્યોઃ ॥૯॥

પ્રજ્ઞાપદ ૩૪, પ્રચારણા વિષયક, સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૪, સૂત્ર ૧૧૬.

પરેઽપ્રવીચારાઃ ॥૧૦॥

પ્રજ્ઞાપદ, વૈમાનિક દેવાધિકાર.

ઈશાન સુધીના દેવો કાયપ્રવીચાર એટલે કે શરીરથી વિષયસુખ ભોગવનારા છે.

બાકીના દેવો બે બે કલ્પોમાં ક્રમથી સ્પર્શ, રૂપ, શબ્દ સંકલ્પ દ્વારા વિષયસુખ ભોગવે છે.

બીજા બધા દેવો પ્રવીચારરહિત અર્થાત્ વૈષયિક સુખ-ભોગથી રહિત હોય છે.

ભવનપતિ વ્યંતર જ્યોતિષી દેવલોક બે મર્ત્યસમાં
કામસુખો ભોગવે દેહથી પછીના બે બે ક્રમે યથા.

---

૧. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા પહેલા બીજા વર્ગના વૈમાનિક એટલા દેવો મનુષ્યની માફક જ કામસુખ ભોગવે છે.
૨. ઉપરના દેવલોકોમાં બબ્બે ક્રમશઃ સ્પર્શ, રૂપ, શબ્દ અને છેલ્લા ચારે દેવલોકોમાં મનઃસંકલ્પ કામસુખ ભોગવી શકે છે.
૩. બાર દેવલોક ઉપરના પાંચે વિમાનોનાં દેવો કામસુખ ભોગવવા ઇચ્છતા નથી કારણ કે તેઓ શાંત કામનાવાળા છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સ્પર્શ રૂપને શબ્દ મને કરી બાકી ક્ષીણ વિકાર બધા,
ક્રમશઃ એમ વિકાર રહિત છે, દશા ઉચ્ચ દેવોની આ. ૩

ભવનવાસિનો ઽસુરનાગ વિદ્યુત્સુપર્ણાગ્નિવાત-
સ્તનિતોદધિદ્વીપદિક્કુમારાઃ ॥ ૧૧ ॥

વ્યન્તરાઃ કિન્નરકિમ્પુરુષમહોરગગાન્ધર્વયક્ષરાક્ષસ-
ભૂતપિશાચાઃ ॥ ૧૨ ॥

પ્રજ્ઞાપના પ્રથમપદ દેવાધિકાર.

જ્યોતિષ્કાઃ સૂર્યાશ્ચન્દ્રમસો ગ્રહનક્ષત્ર
પ્રકીર્ણ તારકાશ્ચ ॥ ૧૩ ॥

જીવાભિગમ, તૃતીય પ્રતિપત્તિ, ઉ. ૨, સુત્ર ૧૭૭.

અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપ-કુમાર અને દિક્કુમાર એ ભવનવાસિનિકાય છે.[1]

કિંનર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ એ વ્યંતરનિકાય છે.

સૂર્ય, ચંદ્ર તથા ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણ તારા એ જ્યોતિષ્કનિકાય છે.[2]

(અનુષ્ટુપ)

અસુર નાગ ને વિદ્યુત સુપર્ણ અગ્નિ વાયુ ને;
સ્તનિત ઉદધિ દ્વીપ ને દિક્ દશકુમાર તે. ૪

---

૧. આ ભવનપતિ દેવોના દસ પ્રકાર છે અને તે સુકુમાર જ હોય છે,
૨. આઠ પ્રકારના વ્યંતર દેવો અને પાંચ પ્રકારના જ્યોતિષ્કો છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા એકત્રીસા)

ભવનપતિ દેવો પછી, શાસ્ત્રે આઠ નામ વ્યંતરનાં છે,
કિન્નર, કિંપુરુષ, ત્રીજા મહોરગ, ગાંધર્વ, યક્ષ ને રાક્ષસ તે.
ભૂત, પિશાચ એ આઠ પછી છે સૂર્ય, ચંદ્ર, ગ્રહ દીપી રહ્યા,
નક્ષત્રો ને પ્રકીર્ણ તારા પાંચ જ્યોતિષી દેવ કહ્યા. ૫

## મેરુ પ્રદક્ષિણા નિત્યગતયો નૃલોકે ॥ ૧૪ ॥

વ્યા. પ્રજ્ઞપ્તિ શ. ૧૧, સૂત્ર ૪૨૪

## તત્કૃતઃ કાલવિભાગઃ ॥ ૧૫ ॥

જીવા તૃતીય પ્રતિપત્તિ, ઉ. ૨, સૂત્ર ૧૭૭

## બહિર બસ્થિતાઃ ॥ ૧૬ ॥

વ્યા. પ્રજ્ઞપ્તિ શ. ૨૦, ઉ. ૬૭૫-૬૮૨

## વૈમાનિકાઃ ॥ ૧૭ ॥

પ્રજ્ઞા પ્રથમપદ સૂત્ર ૫૦

## કલ્પોપપન્નાઃ કલ્પાતીતાશ્ચ ॥ ૧૮ ॥

## ઉપર્યુપરિ ॥ ૧૯ ॥

પ્રજ્ઞાપદ ૬, અનુયોગ સૂત્ર ૧૦૩, ઔપપાતિક સિદ્ધાધિકાર

તે મનુષ્યલોકમાં મેરુની ચારે બાજુએ પ્રદક્ષિણા કરવા-વાળા તથા નિત્ય ગતિશીલ છે.

કાળનો વિભાગ એ ચાર જ્યોતિષ્કો દ્વારા કરાયો છે.

મનુષ્યલોકની બહાર જ્યોતિષ્કો સ્થિર રહેલા હોય છે.

ચતુર્થ નિકાયવાળા વૈમાનિક દેવો છે.

તે કલ્પોપપન્ન અને કલ્પાતીત રૂપ છે.

અને ઉપર ઉપર રહે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

મેરુ પ્રદક્ષિણા રૂપે, નિત્ય જે ગતિશીલ તે;
જ્યોતિષી દેવથી એમ, સમય નક્કી થાય છે. ૬

જ્યોતિષ્કો રહે સ્થિર, મર્ત્યલોક બહારનાં;
પીત ને સ્થિરતાવાળાં, લેશ્યા પ્રકાશ તેમનાં. ૭

ચોથા વૈમાનિકો દેવો, વળી તે બે પ્રકારના;
જે કલ્પાતીત, કલ્પસ્થ, ઉપરોપર તે રહ્યા. ૮

સૌધર્મૈશાનસાનત્કુમારમાહેન્દ્રબ્રહ્મલોકલાન્ત કમહાશુક્ર સહસ્રારેષ્વાનત પ્રાણતયોરારણાચ્યુતયોર્નવસુ ગ્રૈવેયકેષુ વિજયવૈજયન્તાજયન્તાપરાજિતેષુ

સવાર્થ સિદ્ધે ચ ।। ૨૦ ।।

જીવાભિગમ પ્રતિપત્તિ ૩, સૂત્ર ૨૧૭, વૈમાનિકાધિકાર

સ્થિતિ પ્રભાવસુખદ્યુતિલેશ્યા વિશુદ્ધિન્દ્રિ-
યાઽવધિવિષયતોઽધિકાઃ ।। ૨૧ ।।

પ્રજ્ઞાપના ૧૭, લેશ્યાપદ ઉ. ૩

ગતિશરીર પરિગ્રહાભિમાનતો હીનાઃ ।। ૨૨ ।।

જીવાભિગમ પ્રતિપત્તિ ૩, ઉ. ૧, સૂત્ર ૨૧૪

પીતપદ્મશુક્લલેશ્યા દ્વિત્રિશેષેષુ ।। ૨૩ ।।

પ્રજ્ઞાપના પ્રથમ પદ સૂત્ર ૪૯.

**સૌધર્મ, ઐશાન, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત અને આરણ, અચ્યુત તથા નવ ગ્રૈવેયક અને વિજય, વૈજયંત, જયંત, અપરા-**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જિત તથા સર્વાર્થસિદ્ધમાં એમનો નિવાસ છે.

સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાની વિશુદ્ધિ ઇન્દ્રિયવિષય અને અવધિવિષયમાં ઉપર ઉપરના દેવો અધિક હોય છે.

ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાનમાં ઉપર-ઉપરના દેવો હીન છે.

બે, ત્રણ અને બાકીનાં સ્વર્ગોમાં ક્રમપૂર્વક પીત પદ્મ અને શુકલ લેશ્યાવાળા દેવો છે.

(સવૈયા એકત્રીસા)

સૌધર્મ, ઐશાન, સાનત્ કુમારને, માહેંદ્ર બ્રહ્મલોક તથા,
લાંતક,વળી મહાશુક્ર, સહસ્રાર,આણત,પ્રાણત, આરણ આ;
અચ્યુત, કલ્પોપન્ન,[1] ગ્રૈવેયક,[2] વિજય, વૈજયંત, જયંત,
અપરાજિત અને સર્વાર્થસિદ્ધ ચૌદ એ કલ્પાતીત. ૯

(શાર્દૂલ વિક્રીડિત)

પે'લા બે મહિ સ્વર્ગમાં વિબુધને લેશ્યા[3] સ્થૂળા પીતને,
તેજો પદ્મજ પાંચ ઠેઠ લગી છે લેશ્યા પછી શુકલ એ;
શુદ્ધિ, દ્યુતિ, પ્રભાવ, ઇંદ્રી, અવધિ સુખો ક્રમે છે વધુ;
ને સૌમાં ગતિ, દેહને પરિગ્રહે જ્યાં માન ઓછું થતું. ૧૦

---

૧. બાર દેવલોકો કલ્પસ્થ કહેવાય છે. અને

૨. બાકીના નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન મળીને તે કુલ ચૌદ કલ્પાતીત અથવા કલ્પનાતીત કહેવાય છે. કલ્પનાતીત દેવો કયાંય જતા નથી, બધા ઇંદ્ર જેવા હોવાથી.

૩ આ નિયમ દ્રવ્યલેશ્યા માટે છે, ભાવલેશ્યા માટે નથી, કારણ કે તે તો છએ હોય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## પ્રાગ્ ગ્રૈવેયકેભ્યઃ કલ્પાઃ ॥ ૨૪ ॥

સ્થાનાંક સ્થાન ૮, સૂત્ર ૬૨૩
ભગવતી સૂત્ર ૬, શ. ૫ ઉ.

## બ્રહ્મલોકાલયા લોકાન્તિકાઃ ॥ ૨૫ ॥
## સારસ્વતાદિત્યવહ્નયરુણ ગર્દતોયતુષિતાવ્યા બાધમરુતોઽરિષ્ટાશ્ચ ॥ ૨૬ ॥

પ્રજ્ઞાપદ ૧૫, ઇંદ્રિયપદ

**ગ્રૈવેયકની પહેલાં કલ્પ છે.**

**બ્રહ્મલોક એ જ લોકાન્તિક દેવોનું આલય એટલે કે નિવાસસ્થાન છે.**

**સારસ્વત, આદિત્ય, વહ્નિનન, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એ લોકાન્તિક છે.**

(અનુષ્ટુપ)

કલ્પ ગ્રૈવેયકો પે'લાં, જેમાં ભેદ રહે બહુ;
કિંતુ ગ્રૈવેયકો માંહે, અહમિંદ્ર ગણાય સૌ. ૧૧

(સવૈયા એકત્રીસા

વિષયરતિથી રહિત તેથી તે દેવર્ષિલોકાંતિકો,[1]
દિશા, વિદિશા બ્રહ્મલોક જ્યાં વસનારા સૌ છે તેઓ,
સારસ્વત આદિત્ય વહ્નિ ને અરુણ ગર્દતોય જ તેઓ,
તુષિત અવ્યાબાધ મરુત ને અરિષ્ટ સ્વતંત્ર સૌ જેઓ. ૧૨

---

૧. આ બધા દેવો દેવર્ષિ કહેવાય છે, નાનામોટા ન હોવાથી સ્વતંત્ર કહેવાય છે, અને તીર્થંકરોના ગૃહત્યાગ વખતે એમની સામે ઊભા રહીને પ્રતિબોધ કરે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

विजयादिषु द्विचरमाः ॥२७॥

દશ, અ. ૪, ષટ્કાયાધિકાર

औपपातिक मनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥ २८ ॥

स्थितिः ॥ २९ ॥

भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ॥ ३० ॥

शेषाणां पादोने ॥ ३१ ॥

असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥ ३२ ॥

વિજય આદિમાં દેવ, દ્વિચરમ — ફક્ત બે વાર મનુષ્ય જન્મ ધારણ કરવાવાળા હોય છે.

ઔપપાતિક અને મનુષ્ય સિવાયના જે જે બાકી રહ્યા તે તે તિર્યંચયોનિવાળા છે.

આયુષ્યનું વર્ણન કરવામાં આવે છે.

ભવનોમાં દક્ષિણાર્ધના ઇન્દ્રોની સ્થિતિ દોઢ પલ્યોપમની છે.

શેષ ઇન્દ્રોની સ્થિતિ પોણા બે પલ્યોપમની છે.

બે અસુરેન્દ્રોની સ્થિતિ ક્રમથી સાગરોપમ અને કંઈક અધિક સાગરોપમની છે.

(સવૈયા એકત્રીસા)

વિજય વગેરે ચાર વિમાને ચરમ શરીરી બે વારે,
સર્વાર્થસિદ્ધ વિમાનવાસી તે દેવો એક જ જન્મ ધરે,
ઔપપાતિક જે દેવ નરક ને મનુષ્ય વિણુ તિર્યંચ ગણો
હવે આયુસ્થિતિ દેવ, નરકની કે'વાયે તે સર્વ સુણો.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

એક સાગરોપમા ચમરની, બલિની કંઈક અધિક તેથી,
બાકી નવ દક્ષિણાર્ધ ઇંદ્રની પલ્યોપમ છે દોઢ વળી;
પોણાબે પલ્યોપમ આયુસ્થિતિ ઉત્તરાર્ધ ઇંદ્રોની,
આ ઉત્કૃષ્ટી કિંતુ, જઘન્ય વર્ષો છે, દશહજારની .૧૩

સૌધર્માદિષુ યથાક્રમમ્ ॥ ૩૩ ॥

સાગરોપમે ॥ ૩૪ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૩૬, ગાથા ૨૧૭ અને ૨૨૦ થી ૨૪૨

અધિકે ચ ॥ ૩૫ ॥

સપ્ત સાનત્કુમારે ॥ ૩૬ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર ૩૬, ગાથા

વિશેષત્રિસપ્તદશૈકાદશત્રયોદશ
પંચદશભિરધિકાનિ ચ ॥ ૩૭ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર ૩૬, ગાથા

આરણાચ્યુતાદૂર્ધ્વમેકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ
વિજયાદિષુ સર્વાર્થસિદ્ધે ચ ॥ ૩૮ ॥

અપરા પલ્યોપમમધિકં ચ ॥૩૯॥

પ્રજ્ઞાપના સ્થિતિપદ ૪

સાગરોપમે ॥ ૪૦ ॥

અધિકે ચ ॥ ૪૧ ॥

ઉત્તરાધ્યયન અધ્યયન ૩૬

પરતઃ પરતઃ પૂર્વા પૂર્વાઽનન્તરા ॥૪૨॥

સ્થા. સ્થાન ૮, સૂત્ર ૬૩૩
વ્યાખ્યા શતક ૬, ઉ. ૫

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સૌધર્મ આદિ દેવલોકમાં નીચે જણાવ્યા પ્રમાણે અનુક્રમે સ્થિતિ જાણવી.

સૌધર્મમાં બે સાગરોપમની સ્થિતિ છે.

ઐશાનમાં કાંઈક અધિક બે સાગરોપમની સ્થિતિ છે.

સાનત્કુમારમાં સાત સાગરોપમની સ્થિતિ છે.

માહેન્દ્રથી આરણાચ્યુત સુધીમાં અનુક્રમે કાંઈક અધિક સાત સાગરોપમ, ત્રણથી અધિક સાત સાગરોપમ, સાતથી અધિક સાત સાગરોપમ, દશથી અધિક સાત સાગરોપમ, અગિયારથી અધિક સાત સાગરોપમ, તેરથી અધિક સાત સાગરોપમ, પંદરથી અધિક સાત સાગરોપમ પ્રમાણ સ્થિતિ છે.

આરણ અચ્યુતની ઉપર નવ ગ્રૈવેયક, ચાર વિજય આદિ અને સર્વાર્થસિદ્ધમાં અનુક્રમે એક એક સાગરોપમ અધિક સ્થિતિ છે.

અપરા-જઘન્ય સ્થિતિપલ્યોપય અને કંઈક અધિક પલ્યોપમની છે.

બે સાગરોપમની છે.

કંઈક અધિક બે સાગરોપમની છે.

આગળ આગળની પૂર્વપૂર્વની પરા-ઉત્કૃષ્ટ સ્થિતિ અનંતર અનંતરની જઘન્ય સ્થિતિ છે.

જઘન્ય એક પલ્યોપમ પ્રથમે, ઉત્કૃષ્ટી બે સાગરની,
બીજે પ્રથમથી વધુ કંઈક છે, ઉત્કૃષ્ટી પણ તે રીતની;
જઘન્ય ત્રીજાની બે છે એ ઉત્કૃષ્ટી વળી સાત રહી,
ચોથામાં છે, જઘન્ય ને ઉત્કૃષ્ટી પણ કંઈક વધુ ગણી. ૧૪

છે ચોથાની ઉત્કૃષ્ટીને, પંચમ તણી જઘન્ય ગણી,
છે પાંચમાની ઉત્કૃષ્ટી તે જ જઘન્યે છઠ્ઠાની,

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

એમ દ્વાદશ દેવલોકે, ગણવી ક્રમે જઘન્ય ને ઉત્કૃષ્ટી,
બાવીસ સાગરોપમ ઉત્કૃષ્ટી એમ બારમા તણી ગણી. ૧૫

પાંચમાની ઉત્કૃષ્ટી દશ ને, છઠ્ઠાની ચૌદ સાગર છે,
સાતમું સત્તર, આઠમું અઢાર, નવમું, દશમું વીસ જ છે,
અગ્યારમું બારમું બાવીસ છે, એ રીતે ઉત્કૃષ્ટી જો,
ઉત્કૃષ્ટી જે નિમ્ન સ્વર્ગની, તે જઘન્ય ઉપરની હો. ૧૬

પહેલે ગ્રૈવેયક જઘન્ય બાવીસ ત્રેવીસ ઉત્કૃષ્ટી,
જઘન્યે એમ ક્રમે ઉત્કૃષ્ટી, એકત્રીસ છે નવમાની;
ચાર અનુત્તર વિમાને એમ જ, જઘન્ય એકત્રીસ ગણી,
છે ઉત્કૃષ્ટી બત્રીસ એની, સર્વાર્થસિદ્ધિ એ તેત્રીશની. ૧૭

નારકાણાં ચ દ્વિતીયાદિષુ ॥ ૪૩ ॥
દશવર્ષ સહસ્રાણિ પ્રથમાયામ્ ॥ ૪૪ ॥
ભવનેષુ ચ ॥ ૪૫ ॥
વ્યન્તરાણાં ચ ॥ ૪૬ ॥
પરા પલ્યોપમમ્ ॥ ૪૭ ॥
જ્યોતિષ્કાણામધિકમ્ ॥ ૪૮ ॥
ગ્રહાણામેકમ્ ॥ ૪૯ ॥
નક્ષત્રાણામર્ધમ્ ॥ ૫૦ ॥
તારકાણાં ચતુર્ભાગઃ ॥ ૫૧ ॥
જઘન્યા ત્વષ્ટભાગઃ ॥ ૫૨ ॥
ચતુર્ભાગઃ શેષાણામ્ ॥ ૫૩ ॥

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

બીજી આદિ ભૂમિઓમાં નારકોની જઘન્ય સ્થિતિ પૂર્વપૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

પહેલી ભૂમિમાં જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

ભવનોમાં પણ દશ હજાર વર્ષ પ્રમાણની જઘન્ય સ્થિતિ છે.

વ્યંતરોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમ પ્રમાણ છે.

જ્યોતિષ્ક અર્થાત્ સૂર્ય, ચંદ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ કાંઈક અધિક પલ્યોપમની છે.

ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે.

નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધપલ્યોપમની છે.

તારાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમની ચોથો ભાગ છે.

અને જઘન્ય સ્થિતિ તો પલ્યોપમનો આઠમો ભાગ છે.

શેષ અર્થાત્ તારાઓને છોડીને બાકીના જ્યોતિષ્ક એટલે કે ગ્રહ-નક્ષત્રોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો ચોથો ભાગ છે.

પહેલી નરકની જઘન્ય આયુસ્થિતિ વર્ષ દશ હજારની,
ઉત્કૃષ્ટી ત્યાં સાગરોપમ છે, પછી સાત એમ ગણવાની;
નીચે નીચેની ઉત્કૃષ્ટી તે ઉપર, ઉપરની જઘન્ય છે,
એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ ને તેત્રીસ સાગર છે. ૧૮

જઘન્ય છે દશ હજાર વર્ષો વ્યંતર દેવોના ગણજો,
ઉત્કૃષ્ટી પલ્યોપમ ત્યાં કંઈક જ્યોતિષ્કોની વધુ ભણો;
ગ્રહો તણી ઉત્કૃષ્ટી પલ્યોપમ નક્ષત્રોની અડધી ગણો,
ઉત્કૃષ્ટી ત્યાં તારાઓની, નક્ષત્રોથી છે અડધી. ૧૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

તારાઓની જઘન્યે છે, આઠમો ભાગ પલ્યની;
જ્યોતિષ્ક ગ્રહ નક્ષત્રો છે ચોથા ભાગ પલ્યની. ૨૦

## ઉપસંહાર

આ અધ્યાયમાં જેમ આપણે ક્રમપૂર્વક જુદા જુદા અનેક પ્રકારના દેવો અને દેવોની સમાજવ્યવસ્થા, એમનાં દિવ્યતામય શરીરો જેમાં સ્થૂળ અને સૂક્ષ્મ = અથવા ભાવ = એમનો માનવ સ્થળો સાથે તથા માનવગતિના સર્વશ્રેષ્ઠ સાધુપુરુષો તથા તીર્થંકરો સાથેના સ્નેહમય અથવા ભક્તિમય સંબંધોએ બધું દેવ-માનવ પ્રત્યેનો परस्परोपग्रहोजीवानाम्। પરસ્પરના ઉપકારે જ જીવો રહી શકે છે. એ સૂત્રનું આ આખીયે દુનિયામાંની જે વ્યક્તિચેતના અને વિશ્વચેતના છે, તેનું રસમય અને સફળ પ્રતિપાદન કરે છે. અને કવિશ્રી કલાપિના "આધાર સૌનો સહુને રહ્યો જ્યાં" એ ઉક્તિને સાચી પુરવાર કરે છે. તેમ આ અધ્યાય નરનારી એકતા માટેનું અદ્ભુત રહસ્ય ખોલી આપે છે.

બ્રહ્મચર્ય પ્રેમી સ્વામી વિવેકાનંદ જેમ આ મતલબનું કહે છે: જો કાંઈક પણ સુખ વીર્યક્ષરણ કે નારી રેતસ્ તથા નરવીર્યના સંયોગની ગાઢ ક્ષણમાં અનુભવાય છે, તો તેના કરતાં વીર્યરક્ષણ અને નારી રેતસ્ રક્ષણ તે નરનારીને સત્ય જીવનનું સનાતન અને કેટલું બધું સવિશેષ સુખ આપી શકે?

આમ કહી मरणं बिन्दु पातेन् जीवनं बिन्दु रक्षणात् સૂત્રનું જેમ પ્રતિપાદન કરે છે, તેને આ અધ્યાયમાંના આઠ, નવ અને દસ સૂત્રો મહોર છાપ મારી આ રીતે પણ માનવજીવન, જગતમાં સર્વોપરી જીવન છે એવું સિદ્ધ કરી આપે છે. સદ્ભાગ્યે સાધુ જીવનમાં તો સ્થૂલિભદ્ર જેવા અજોડ સાધુઓ જિનશાસનમાં પાક્યા જ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પરંતુ પરિણીત છતાં આ દૃષ્ટિએ અપરિણીત એવાં વિજયા શેઠાણી અને વિજય શેઠ જેવાં ગૃહસ્થ દંપતી છતાં પૂર્ણ બ્રહ્મચારી રહેલાં. અને અનેક પ્રલોભનો અને પાડનારાં નિમિત્તો સંસારમાં એક પછી એક વધુ ને વધુ કસોટીએ ચડાવનારાં મળવા છતાં 'સોનું જેમ કસોટીએ ચડે તેમ વધુ શોભે છે,' તે વાતને પણ સિદ્ધ કરનારાં સુદર્શન શેઠ જેવાં શ્રાવક પાત્રો અને સુલસા સુભદ્રા સતી જેવાં શ્રાવિકા પાત્રો પણ અનેકાનેક આપી દીધાં છે. અલબત્ત ભરત ચક્રવર્તી જેવાં પાત્રો (કે જેઓ) બત્રીસ બત્રીસ હજાર રાણીઓ વચ્ચે અને છ ખંડના આધિપત્યરૂપ લક્ષ્મી અને અધિકારો છતાં અરીસાભવનમાં પણ (બાર અનુપ્રેક્ષા અથવા બાર ભાવના પૈકીની એક) અન્યત્વ ભાવનાને ચિંતવી કેવળજ્ઞાન (સંપૂર્ણજ્ઞાન) પામેલાં અને મોક્ષે ગયેલાં પાત્રો ઓછાં મળે છે. એમ છતાં એ એટલું તો સ્પષ્ટ દર્શાવે જ છે કે 'ભગવાન શ્રીકૃષ્ણનું જીવન જો સદા બ્રહ્મચારી ગણાયું છે તો તેમાં નગદ સચ્ચાઈ રહેલી છે જ.'

આખરે તો નર અને નારી શરીરે ભિન્ન અને પરસ્પરાકર્ષણથી ઘેરાયેલાં છતાં મૂળે તો એ બંનેમાં રહેલો મૂળ આત્મા જ્ઞાનદૃષ્ટિએ એક જ છે. તેનું પ્રતિપાદન કરી આપે છે. જ્યાં વ્યક્તિચેતના અને વિશ્વચેતનાનો અંતે એકરૂપે તાળો મળ્યો ત્યાં પછી શ્રીમદ્ કહે છે તેમ—

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
તે ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ.

એમાં અને (પ્રથમ સ્થૂલ ભલે હોય, તોયે તે) બ્રહ્મચર્યની દિશા લીધા વિના પાત્રતા આવતી જ નથી, તે હકીકત યથાર્થ ઠરી રહે છે.

આમ આ આખો અધ્યાય છે તો ચાર નિકાય(ચાર પ્રકાર)વાળા—દેવોનો પણ આવી આવી રહસ્યમય અનેક બાબતો એમાંથી ઊંડું વિચારતાં નીકળી તો આવે જ છે. જે બધા જ પ્રકારનાં બાહ્ય સુખો કરતાં સર્વ જીવો પ્રત્યેનું આત્મીયતાનું સુખ અથવા ઊંડું આત્મસુખ જ સર્વોપરી છે તેની હૂબહૂ ખાતરી આપી જાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૫

## અજીવ વિસ્તાર

### ઉપોદ્ઘાત

આપણે ગત ચાર અધ્યાયોમાં ૧૩૮ સૂત્રો જોઈ ગયા. હવે આવતા આ પાંચમા અધ્યાયમાં કુલ ૪૪ સૂત્રો છે. આમ જોઈએ તો પહેલા અધ્યાયમાં મુખ્યત્વે જ્ઞાન અને જ્ઞાનનાં સાધનો અને બીજાથી ચોથા અધ્યાયમાં મુખ્યત્વે જ્ઞાનનો જ્ઞાતા આત્મા સંસારી દશામાં મોહ અને અજ્ઞાનને લીધે અનાદિકાળથી અટવાઈ ગયો હોવા છતાં તે બંધનથી, એ મુક્ત જરૂર થઈ શકે છે. માત્ર એણે ઉપાયો સાચી દિશાના અને સાચા કરવા જોઈએ. મોક્ષ પામવાના ઉપાયોનો યથાર્થ વિચાર કરતાં પહેલાં ચાર—નરક, સ્વર્ગ, પશુ અને માનવી એમ ચાર—ગતિ અને ચોર્યાસી લાખ યોનિઓ (આ વર્ણન તત્વાર્થ સૂત્ર ભાષ્યમાં વિગતે છે) તે કેવી રીતે અને શું છે તેનો ખ્યાલ કરી લેવો જોઈએ. આ બધું ગયા ચાર અધ્યાયોમાં જોવાઈ ગયું.

હવે આ અધ્યાયમાં પ્રારંભમાં જીવ ઉપરાંત જગતમાં મૂળે દ્રવ્યો કેટલાં? એ વિશે કહેવાયું છે. સામાન્ય રીતે તો જીવ અને જડ બે જ પદાર્થો છે. જેમ ગોસ્વામી તુલસીદાસજી મહારાજે —

"જડચેતન ગુણદોષમય"થી રામાયણમાં વર્ણન કરેલ છે. પણ જેવું શુદ્ધ આત્મ દ્રવ્યને બદલે સંસારી જીવ સ્વીકાર્યો કે તરત ગુણદોષ બંને એમાં આવવાના અને જડ, ચેતન અને આકાશ ઉપરાંત બીજાં

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દ્રવ્યો પણ સ્વીકારવાં પડવાનાં. જૈન તત્ત્વજ્ઞાન વિજ્ઞાનમય હોવાથી એણે જેમ જડ અને જીવના સંયોગજન્ય નવ તત્ત્વો સ્વીકાર્યાં તેમ જગતની અંદર પાંચ દ્રવ્યો સ્વીકારી, તેમાં ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયનો પણ જગદ્ દ્રવ્યોમાં સમાવેશ કરી દીધો છે. એ બધાંનાં મૂળ લક્ષણોનું આ અધ્યાયમાં વર્ણન છે.

એક જીવ સિવાયનાં એ ચારે દ્રવ્યો ૧. આકાશ, ૨. ધર્માસ્તિકાય, ૩. અધર્માસ્તિકાય અને ૪. પુદ્ગલોની વાત આવે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો આ રીતે 'જગતમાંનાં દ્રવ્યો' તરીકેનો કોઈ જ દર્શનમાં સમાવેશ જ નથી. હા, વ્યક્તિગત જીવનમાં અને સર્વ સંસારી જીવોના સમષ્ટિગત જીવનમાં ધર્મ અને અધર્મનું તત્ત્વરૂપે નિરૂપણ પ્રાયઃ સૌ કરે છે. પણ જીવ અને પુદ્ગલ (પુદ્ગલ એટલે એક અર્થમાં જડ અને રૂપી—આકારવાળું) જેના ચાર પ્રકારો જૈનાગમોમાં વર્ણવ્યા છે: ૧. પ્રદેશ, ૨. દેશ, ૩. સ્કંધ, ઉપરાંત ૪. પરમાણુઓને શાશ્વત અને સ્થિર ગણેલ છે. દ્રવ્યોમાં ગતિ અને સ્થિરતા (ચલપણું અને અચલપણું) એવા પરસ્પર વિરોધી દેખાતા ગુણોનું સંચાલક અને નિયામક દ્રવ્ય હોવું જ ઘટે. જે ગતિમાં અને સ્થિરતામાં મદદગાર બને. બસ આ જ અનુક્રમે 'ધર્માસ્તિકાય' અને 'અધર્માસ્તિકાય' છે. પાંચ દ્રવ્યોમાં જીવ, આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ ચાર અરૂપી છે, તો પુદ્ગલ (જડ) અજીવ અને રૂપી છે. જોકે આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પણ અરૂપી છતાં અજીવ જ છે! આમ કુલ્લે અસ્તિકાય (એટલે સમૂહરૂપ અથવા વિદ્યામાન) રૂપે પાંચ થાય છે. કાળ તો જ્યાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ ચાલે છે ત્યાં જ હસ્તી ધરાવે છે, તેથી જૈન તત્ત્વજ્ઞાનમાં કેટલાક આચાર્યો જ કાળને સ્વીકારે છે, બધા સ્વીકારતા નથી.

આ રીતે ઊંડાણનું તત્ત્વજ્ઞાન અને જીવો તથા પુદ્ગલોના તેમ જ સંસારી જીવોના પારસ્પરિક કઈ જાતના, કેવા અને શાથી

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સંબંધો છે તે સુંદર રીતે આ અધ્યાયમાં વર્ણાયું છે, જે હવે આપણે ક્રમપૂર્વક જોઈશું :

અજીવકાયા ધર्माधर्माकाश पुद्गलाः ॥ १ ॥

સ્થાનાંગ સ્થાન ૪, ઉ. ૧, સૂત્ર ૨૫૧.

द्रव्याणि जीवाश्च ॥ २ ॥

અનુયોગ સૂત્ર ૧૪૧.

नित्यावस्थितान्यरूपाणि ॥ ३ ॥

નંદિસૂત્ર, સૂત્ર ૫૮

रूपिणः पुद्गलाः ॥ ४ ॥

સ્થાનાંગ સ્થાન ૫, ઉ. ૩, સૂત્ર ૧.

आऽकाशादेकद्रव्याणि ॥ ५ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૨૮, ગાથા ૮.

निष्क्रियाणि च ॥ ६ ॥

असङ्ख्येयाः प्रदेशा धर्माधर्मयोः ॥ ७ ॥

जीवस्य च ॥ ८ ॥

સ્થાનાંક સ્થાન ૪, ઉ. ૩. સૂત્ર ૩૩૪

आकाशस्यानन्ताः ॥ ९ ॥

પ્રજ્ઞાપદ ૩, સૂત્ર ૪૧.

सङ्ख्येयाऽसंख्येयाश्च पुद्गलानाम् ॥ १० ॥

नाणोः ॥ ११ ॥

પ્રજ્ઞાપદ ૫ મું.

लोकाकाशेऽवगाहः ॥ १२ ॥

ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્યયન ૨૮, ગાથા ૭.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## ધર્માધર્મયોઃ કૃત્સ્ને ॥ ૧૩ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૬, ગાથા ૭

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય એ ચાર અજીવકાયો છે.

ધર્માસ્તિકાય આદિ ઉક્ત ચાર અજીવ તત્ત્વ અને જીવ એ પાંચ દ્રવ્યો છે.

ઉક્ત દ્રવ્ય નિત્ય છે, સ્થિર છે અને અરૂપી છે.

પુદ્‌ગલ રૂપી એટલે કે મૂર્ત છે.

ઉકત પાંચમાંથી આકાશ સુધીનાં દ્રવ્ય એક એક છે.

અને નિષ્ક્રિય[1] છે.

ધર્મ અને અધર્મના પ્રદેશ અસંખ્યાત છે.

એક જીવના પ્રદેશ અસંખ્યાત છે.

આકાશના પ્રદેશ અનંત છે.

પુદ્‌ગલદ્રવ્યના પ્રદેશ સંખ્યાત, અસંખ્યાત અને અનંત છે.

અણુ-પરમાણુને પ્રદેશ હોતા નથી.

આધેય-સ્થિતિ કરનારાં દ્રવ્યોની સ્થિતિ લોકાકાશમાં જ છે.

ધર્મ અને અધર્મ દ્રવ્યની સ્થિતિ સમગ્ર લોકાકાશમાં છે.

(અનુષ્ટુપ)

પુદ્‌ગલ, ધર્મ, આકાશ અને અધર્મ એમ એ;
અજીવકાય છે ચાર, પાંચમું દ્રવ્ય જીવ છે. ૧

---

૧. નિષ્ક્રિય એટલે ગતિક્રિયાનો નિષેધ ખરો, પણ ક્રિયામાત્રનો નહીં. કારણ કે ગતિ શૂન્ય ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં પણ સદૃશ પરિણમનરૂપ ક્રિયા જૈનદર્શન માને જ છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છે અસ્તિકાય આકાશ, ધર્મ અધર્મ ને જીવ;
નિત્ય સ્થિર અરૂપી તે, રૂપી પુદ્ગલ પાંચમું. ૨
ધર્મ અધર્મ આકાશ, તે છે ત્રણેય નિષ્ક્રિય;
દ્રવ્યરૂપે ત્રણેકેરી, સંખ્યા એક ગણી પ્રિય. ૩

(વંશસ્થ)

ધર્મે અધર્મે વળી જીવમાં જ તે,
ગણે અંખ્યેય પ્રદેશ જ્ઞાનીઓ;
અનંત આકાશ, નહીં અણુતણા,
સંખ્યે, અસંખ્યેય અનંત પુદ્ગલો. ૪

(અનુષ્ટુપ)

લોકાકાશ સમગ્રે છે, ધર્મ અધર્મની સ્થિતિ;
લોકાકાશ પ્રદેશેય, વિકલ્પે પુદ્ગલ સ્થિતિ. ૫

## એકપ્રદેશાદિષુ ભાજ્યઃ પુદ્ગલાનામ્ ॥ ૧૪ ॥

પ્રજ્ઞાપના પચંમ પર્યાયપદ, અજીવ પર્યાવાધિકાર

## અસંખ્યેયભાગાદિષુ જીવાનામ્ ॥ ૧૫ ॥

પ્રજ્ઞાપદ ૨, જીવસ્થાનાધિકાર

## પ્રદેશસંહારવિસર્ગાભ્યાં પ્રદીપવત્ ॥ ૧૬ ॥

રાજપ્રશ્નીય સૂત્ર, સૂ. ૭૪

**પુદ્ગલદ્રવ્યોની સ્થિતિ લોકાકાશના એક પ્રદેશ-આદિમાં વિકલ્પે એટલે કે અનિયત રૂપે હોય છે.**

**જીવોની સ્થિતિ લોકના અસંખ્યાતમા ભાગાદિમાં હોય છે.**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

કેમ કે પ્રદીપની માફક એમના પ્રદેશોનો સંકોચ અને વિસ્તાર થાય છે.

લોકભાગે અસંખ્યાતે, જીવોની સ્થિતિ કેમ કે;
તે પ્રદેશો દિવા પેઠે, સંકોચે તેમ વિસ્તરે. ૬

ગતિસ્થિત્યુપગ્રહો ધર્માધર્મયોરુપકારઃ ॥ ૧૭ ॥

આકાશસ્યાવગાહઃ ॥ ૧૮ ॥

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શ. ૧૩, ઉ. ૪, સૂ, ૪૮૧

શરીરવાઙ્મનઃપ્રાણાપાનાઃ પુદ્ગલાનામ્ ॥ ૧૯ ॥

સુખદુઃખજીવિતમરણોપગ્રહાશ્ચ ॥ ૨૦ ॥

વ્યા. પ્ર, શત, ૧૩, ઉ. ૪, સૂ. ૪૮૧

પરસ્પરોપગ્રહો જીવાનામ્ ॥ ૨૧ ॥

વર્ત્તના પરિણામઃ ક્રિયા પરત્વાપરત્વે ચ કાલસ્ય ॥ ૨૨ ॥

ઉ. અ. સૂ. અ. ૨૮, ગાથા ૧૦

ગતિ અને સ્થિતિમાં નિમિત્ત થવું, એ જ અનુક્રમે ધર્મ અધર્મ દ્રવ્યોનું કાર્ય છે.

અવકાશમાં નિમિત્ત થવું એ આકાશનું કાર્ય છે.

શરીર, વાણી, મન, નિઃશ્વાસ અને ઉચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર-કાર્ય છે.[1]

તથા સુખ, દુઃખ, જીવન અને મરણ એ પણ પુદ્ગલોનો ઉપકાર છે.

પરસ્પરના કાર્યમાં નિમિત્ત થવું એ જીવોનો ઉપકાર છે.

વર્તના, પરિણામ, ક્રિયા અને પરત્વાપરત્વ એ કાળના ઉપકારો છે.

---

૧. આ બધા સુખ દુઃખ આદિ પર્યાયો જીવોમાં ઉત્પન્ન થાય છે ખરા, પરંતુ તે પુદ્ગલો દ્વારા ઉત્પન્ન થાય છે. માટે પુદ્ગલના ઉપકાર મનાયા છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ધર્મ, અધર્મ એ બંને, નિમિત્ત ગતિ સ્થિતિમાં;
અને આકાશનું કાર્ય, નિમિત્ત અવગાહને. ૭
દેહ વાક્ મન નિઃશ્વાસ, ઉચ્છ્વાસ સુખ દુઃખ આ;
જીવિત, મૃત્યુ છે કાર્યો, પુદ્ગલ ઉપકારનાં. ૮

(સવૈયા એકત્રીસા)

પરસ્પરે ઉપકારો કરવા,[1] જીવ લક્ષણો એ જ રહ્યાં,
પ્રેરણા કરવી નિમિત્ત રૂપે, દ્રવ્યોને છે તે વર્તના;
દશા પલટતી તે પરિણામો, ગતિ રૂપ જે થતી ક્રિયા,
વળી થતું નાનું ને મોટું, કાળ લક્ષણો એ જ કહ્યાં. ૯

સ્પર્શરસગન્ધવર્ણવન્તઃ પુદ્ગલાઃ ॥ ૨૩ ॥
શબ્દબન્ધસૌક્ષ્મ્યસ્થૌલ્યસંસ્થાનભેદતમશ્છાયાઽઽ-
તપોદ્યોતવન્તશ્ચ ॥ ૨૪ ॥

ઉ. અ. સૂ. અ. ૨૮, ગાથા ૧૨-૧૩

**પુદ્ગલ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા હોય છે. તથા તે શબ્દ, બંધ, સૂક્ષ્મત્વ, સ્થૂલત્વ સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોતવાળા પણ છે.**

(વસંતતિલકા)

છે સ્પર્શ ગંધ, રસ, વર્ણજ શબ્દ બંધ,
સ્થૂલત્વ, સૂક્ષ્મપણું, છાંય, પ્રકાશવંત;
સંસ્થાન, ભેદ, વળી, આતપ, અંધકાર,
એ સર્વ પૌદ્ગલિક લક્ષણના પ્રકાર. ૧૦

---

૧. એક જીવ બીજા જીવના હિતાહિતમાં પણ નિમિત્ત બને જ છે. તે એક રીતે પારસ્પરિક ઉપકાર ગણી શકાય.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અણવઃ સ્કન્ધાશ્ચ ॥ ૨૫ ॥

સંઘાતભેદેભ્ય ઉત્પદ્યન્તે ॥ ૨૬ ॥

સ્થાનાંક સ્થાન ૨, ઉ. ૩, સૂ. ૮૨

ભેદાદણુઃ ॥ ૨૭ ॥

ઉત્તરા. અધ્ય. ૩૬, ગાથા ૧૧

ભેદસંઘાતાભ્યાં ચાક્ષુષાઃ ॥ ૨૮ ॥

અનુયોગ, દર્શન ગુણ પ્રમાણ સૂ. ૧૪૪

પુદ્ગલ પરમાણુરૂપ અને સ્કંધરૂપ છે.

સંઘાતથી, ભેદથી અને સંઘાત-ભેદ બન્નેથી સ્કંધ ઉત્પન્ન થાય છે.

આણુ ભેદથી જ ઉત્પન્ન થાય છે.

ભેદ અને સંઘાતથી ચાક્ષુષ સ્કંધ બને છે.

સ્કંધો તથા અણુરૂપે સહુ પુદ્ગલો છે,
ત્યાં માત્ર ભેદથી અણુ જન્મી જતું એ;
સંઘાત, ભેદ, અથવા ઉભયેથી સ્કંધ,
સંઘાત, ભેદથી બને વળી ચાક્ષુષેય. ૧૧

ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ ॥ ૨૯ ॥

સ્થાનાંક સ્થાન ૧૦

તદ્ભાવાવ્યયં નિત્યમ્ ॥ ૩૦ ॥

વ્યા. પ્ર, શતક ૧૪, ઉ. ૪, સૂ. ૫૧૨

અર્પિતાનર્પિતસિદ્ધેઃ ॥ ૩૧ ॥

સ્થાનાંક સ્થાન ૧૦, સૂ. ૭૨૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેથી યુક્ત અર્થાત્ તદાત્મક છે તે સત્ કહેવાય છે.

જે એના ભાવથી (પોતાની જાતિથી) ચ્યુત ન થાય તે નિત્ય છે.

સત્ પોતાના સ્વભાવથી ચ્યુત થતું નથી માટે નિત્ય છે.

પ્રત્યેક વસ્તુ અનેક ધર્માત્મક છે; કેમ કે અર્પિત એટલે કે અર્પણા અર્થાત્ અપેક્ષાથી અને અનર્પિત એટલે કે, અનર્પણા અર્થાત્ બીજી અપેક્ષાએ વિરુદ્ધ સ્વરૂપ સિદ્ધ થાય છે.

(અનુષ્ટુપ)

ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય, ત્રણેથી યુક્ત સત્ સદા;
સ્વજાતિથી, સ્વભાવેથી, ન નષ્ટ થાય નિત્ય આ. ૧૨
પ્રત્યેક વસ્તુના જેમ, મુખ્ય ગૌણ અનેકધા;
અપેક્ષાએ બધા ધર્મો, વ્યવહારે બને જુદા. ૧૩

સ્નિગ્ધરુક્ષત્વાદ્બન્ધઃ ॥ ૩૨ ॥
ન જઘન્યગુણાનામ્ ॥ ૩૩ ॥
ગુણસામ્યે સદૃશાનામ્ ॥ ૩૪ ॥
દ્વ્યધિકાદિગુણાનાં તુ ॥ ૩૫ ॥
બન્ધે સમાધિકૌ પારિણામિકૌ ॥ ૩૬ ॥

પ્રજ્ઞાપદ ૧૩, સૂ. ૧૮૫

સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વથી બંધ થાય છે.

જઘન્ય ગુણ – અંશ – વાળા સ્નિગ્ધ અને રૂક્ષ અવયવોનો બંધ થતો નથી.

સમાન અંશ હોય તો સદૃશ અર્થાત્ સરખે સરખા

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સ્નિગ્ધ-સ્નિગ્ધ અવયવોનો તથા સરખે સરખા રૂક્ષ-રૂક્ષ અવયવોનો બંધ થતો નથી.

બે અંશ અધિકવાળા આદિ અવયવોનો તો બંધ થાય છે.

બંધના સમયે સમ અને અધિક ગુણ, સમ અને હીન-ગુણના પરિણમન કરવાવાળા હોય છે.

(ઉપજાતિ)

સ્નિગ્ધત્વ, રુક્ષત્વથી બંધ જેમ,
જઘન્ય અંશે નહિ કિંતુ તેમ;
ગુણો સમાને નહિ સદૃશેય,
દ્વિત્યંશાદિ કિંતુ વધતાં થશે જ. ૧૪

## ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ॥ ૩૭ ॥

ઉત્તરા. અ. અ, ૨૮, ગાથા ૬

## કાલશ્ચેત્યેકે ॥ ૩૮ ॥

અનુ, દ્રવ્યગુણ સૂ, ૧૨૪

## સોऽનન્તસમયઃ ॥ ૩૯ ॥

વ્યા. પ્ર. શ. ૨૫, ઉ. ૫, સૂ. ૭૪૭

## દ્રવ્યાશ્રયા નિર્ગુણા ગુણાઃ ॥ ૪૦ ॥

ઉ. અ. ૨૮, ગા. ૬

દ્રવ્ય, ગુણપર્યાયવાળું છે.

કોઈ આચાર્ય કહે છે કે કાળ પણ દ્રવ્ય છે અને તે અનંત સમય (પર્યાય)વાળો છે.

જે દ્રવ્યમાં હંમેશાં રહે છે અને ગુણરહિત છે, તે ગુણ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(વસંતતિલકા)

જે દ્રવ્ય, ક્ષેત્ર, સમયે વળી ભાવ વશ્યે,
વિસદૃશે, સમગુણી પલટાય બેને;
ના સદૃશે, સમગુણે કદી થાય બંધ,
હીનાંશને શમવતા અધિકાંશવંત. ૧૫

(શાર્દૂલ વિક્રીડિત)

પર્યાયો ગુણથી જ દ્રવ્ય બનતું, દ્રવ્યાશ્રયી છે ગુણો,
પોતે નિર્ગુણ તોય દ્રવ્ય મહીં તે નિત્યે વસેલા ગુણો;
કો આચાર્ય કહે અનંત સમયો, પર્યાય છે કાળના,
તેથી દ્રવ્ય ગણાય કાળ પણ એ, ભાવિ, ભૂતે ચાલુ, આ. ૧૬

તદ્ભાવ: પરિણામ: ॥ ૪૧ ॥

પ્રજ્ઞાપના પરિણામ પદ ૧૩, સૂ. ૧૮૧

અનાદિરાદિમાંશ્ચ ॥ ૪૨ ॥

ઉત્તરા. સૂ. અધ્ય. ૩૬, ગા. ૧૨

રૂપિષ્વાદિમાન્ ॥ ૪૩ ॥

યોગોપયોગૌ જીવેષુ ॥ ૪૪ ॥

"તે થવું" અર્થાત્ સ્વરૂપમાં સ્થિત રહી ઉત્પન્ન તથા નષ્ટ થવું તેનું નામ પરિણામ.

તે અનાદિ અને આદિમાન બે પ્રકારના છે.

રૂપી અર્થાત્ પુદ્ગલ દ્રવ્યમાં આદિમાન છે.

જીવોમાં યોગ અને ઉપયોગ આદિમાન છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા એકત્રીસા)

સ્વરૂપમાં સ્થિતિ રહી, જન્મવું, નષ્ટ થવું પરિણામ કહ્યું,
છે એ અનાદિ, આદિમાન વળી, સ્વરૂપ ત્યાં બે પ્રકારનું;
રૂપાદિરૂપે, પુદ્ગલ દ્રવ્યે, આદિમાન ને નિત્ય રહ્યું,
જીવોમાં વળી યોગોપયોગે, આદિમાન[1] તે બન્યું ખરું. ૧૭

## ઉપસંહાર

જીવ કર્મથી બંધાયો છે. એની શરૂઆત ભલે સમષ્ટિગત થઈ અને સદાકાળ રહેવાની જ હોય, એમ છતાં એ વ્યક્તિગત રીતે મોક્ષ પામી જ શકે છે, જો એના યથાર્થ ઉપાયો યોજાય તો. આ ઉપાયોમાં જે એકવીસમું સૂત્ર — परस्परोपग्रहो जीवानाम्। આવ્યું તે જરૂર અદ્ભુત જ કહી શકાય. સામાન્ય રીતે મનુષ્ય માટે, મનુષ્ય એ સામાજિક પ્રાણી છે, એવું સિદ્ધ થયું છે. ગમે તેવો એકાંતપ્રિય માનવી પણ ભલે માનવસમાજથી અલગ થઈને લાંબો વખત રહી શકે અને જીવી શકે, પણ પ્રાણીસૃષ્ટિ વિના જો તેને એકલો મૂકવામાં આવે તો તે જીવી શકતો જ નથી. આ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલું છે. પરંતુ માત્ર માનવ માટે આવું નથી, જીવમાત્ર માટે છે. તે આ સૂત્ર દર્શાવે છે.

કેટલાક પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો जीवो जीवस्य भक्षणं કહીને પ્રાણીમાત્રનું સમષ્ટિપણે રહેવું અને જીવવું દર્શાવે છે, એ ખરું પરંતુ ધાર્મિક–આધ્યાત્મિક વૈજ્ઞાનિકો जीवो जीवस्य रक्षणम् એ દૃષ્ટિએ સાથે

---

૧. એક રીતે કોઈ પણ દ્રવ્ય કે કોઈ પણ ગુણ પોતાના મૂળ સ્વરૂપને છોડી શકે નહીં. જેમ આત્માનું આત્મત્વ અને પુદ્ગલનું પુદ્ગલત્વ કાયમ રહે છે છતાં સંસારમાં ભિન્ન ભિન્ન અવસ્થામાં તે બંને (આત્મા અને પુદ્ગલ) પર્યાયથી પલટાયા કરે છે. આ દૃષ્ટિએ રૂપી એવાં પુદ્ગલોમાં આદિમાન શબ્દ પર્યાયની રીતે ઘટે છે. એ જ રીતે જીવોનું મૂળ આત્મસ્વરૂપ છૂટતું નથી. છતાં જ્યાં લગી મોક્ષ ન થાય ત્યાં લગી જીવમાત્ર ભિન્ન ભિન્ન અવસ્થાઓ પામી (કર્મસંબંધ હોય ત્યારે) પલટાયા કરે છે, એ રીતે યોગ અને ઉપયોગ, બંને આદિમાન રૂપે ઘટે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

રહેવું અને જીવવું દર્શાવે છે, તે તેની ખૂબી છે. વનસ્પતિ જેવા જૈનદષ્ટિએ એકેન્દ્રિય જીવોમાં પણ હવે તો ભૌતિક વૈજ્ઞાનિકોએ પણ એ સ્થાવર એવી વનસ્પતિમાં પણ નર-નારીની જોડ મુખ્યપણે અને બીજા પણ જીવો એકમેકોપકારી અને એકમેકના વિકાસ સહાયક હોઈ શકે છે, એમ કહેવા માંડ્યું જ છે.

જૈન તત્ત્વજ્ઞાનની વિવિધ ખૂબીઓ જેમ આ અધ્યાયમાંથી ઉપરની વિશેષતા તારવી તેમ આ આખાયે પુદ્ગલ દ્રવ્યનો જેમ સમુચ્ચય છે અને કર્મરૂપે જીવ સાથે એ જોડાઈ અનિચ્છાએ પણ જીવને સંસાર પરિભ્રમણ કરાવે છે તેમ જીવ અને જડ અથવા જીવ અને બીજાં ચારે અજીવ દ્રવ્યો પણ જોડાઈને જગતની સદાકાળની પરિવર્તનશીલતા અને

क्षणे क्षणे यन्नवता मुपैति,
तदेवरूपं रमणीयता याः ॥

એ દર્શાવી દે છે. જેમ આત્મામાં સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ નો સાક્ષાત્કાર થઈ શકે છે, તેમ સ્થૂળ જગતમાં પણ સત્ય, શિવ અને સુંદરતાને સાકાર કરાવી મૂકે છે! આથી જ એક બાજુ જડ અને ચેતન પરસ્પર સંધાવ છે. અને છતાંય 'જળકમળવત્' જીવ અને અજીવ બંને મૂળતત્ત્વોના મૂળ ગુણોને દ્રવ્યો પોતપોતામાં જાળવી રાખે છે. આ રીતે જોતાં જડ અને ચેતન બંને પરસ્પર સાવ ઓતપ્રોત થવા છતાં પોતપોતાનું જેમ સ્વસ્થિતપણું જાળવે છે, તેમ અલગપણું પણ યથાર્થ રીતે જાળવી શકે છે. આ પરથી જ એક દષ્ટિએ એક વસ્તુ બીજી હોઈ શકે છે અને બીજી દષ્ટિએ એ જ બીજી વસ્તુ પેલી પણ હોઈ જ શકે છે. આ અનેકાંતવાદની ખૂબી ઉપસી આવે છે. ગમે તેવા અધર્મી અને ગમે તેવા મહાપાપીમાં પણ આથી જ ધર્મીપણું અને પુણ્યશાળીપણું આવી શકે છે. આ ખૂબી એવી તો સચોટ છે કે "અધર્મીઓ તથા પાપીઓના સંગમાં રહેવા છતાં એક બાજુથી એ અધર્મીઓને તથા પાપીઓને સુધરવાની

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તક મળે છે, અને બીજી બાજુથી ધર્મીઓ તથા પુણ્યશાળીઓને પોતાના સદ્ગુણો વધારવાની પણ તક રહે છે અને અધર્મીઓને તથા પાપીઓને સુધારવાનાં નિમિત્તરૂપ પણ બની શકાય છે !"

જીવ પોતાનાં આસક્તિમય એવાં ભાવકર્મની ભીનાશ અનુભવી અજાગ્રતપણે નવાં નવાં કર્મો કેમ બાંધે છે? ભોગવવાથી કર્મ છૂટે છે તેમ વળી અજ્ઞાન હોય ત્યાં સુધી એ કર્મો શી રીતે બંધાય છે? અને સંસારચક્ર શી રીતે ચાલે છે? એ આખીય બાબત આ અધ્યાયમાં બહુ સ્પષ્ટ થાય છે. પુદ્ગલો જીવના આસકિતમય વાતાવરણથી જે કર્મસ્વરૂપ ધારણ કરે છે, તે પણ અહીં સારી પેઠે વૈજ્ઞાનિક રીતે સ્પષ્ટ થાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૬

## પાપ પુણ્ય અને ધર્માધર્મ વિભાગ

### ઉપોદ્‌ઘાત

આ અધ્યાયમાં કુલ ૨૬ સૂત્રો છે. આત્માનું મૂળ લક્ષણ 'ઉપ-યોગ.' પણ એ ઉપયોગમાં અજ્ઞાન (મોહને લીધે) ભળે એટલે તે સંસારમાં ભમનારો કર્મસંગી જીવ બને છે. આમ એક જ આત્માના ત્રણ ભેદો પડે છે:

૧. બહિરાત્મા (માયામય આત્મદશા),

૨. અંતરાત્મા (શુદ્ધ આત્મદશા), અને

૩. પરમાત્મા (મુક્ત આત્મદશા)

"દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત."

– એ જિનવર મહાવિદેહ નામના કર્મક્ષેત્રમાં આજે પણ વિચરે છે, તેના ઉપરની અથવા આ ભરતક્ષેત્રમાં જેઓ આ ચોવીસીના અંતિમ તીર્થંકર થયા તે ભગવાન મહાવીર સિદ્ધ થવા છતાં આ શાસન એમનું હોવાથી એમના નામ પરની શ્રદ્ધા તે પરમાત્મપદ અથવા દેવ પરની શ્રદ્ધા અને આ કાળે પણ સાચા ગુરુની [વ્યાખ્યા જૈન આગમોમાં અને તત્ત્વાર્થસૂત્રમાં બતાવી છે. ઉપરાંત શ્રીમદ્‌જીએ આત્મ સિદ્ધિશાસ્ત્રમાં દર્શાવી છે, તેમની] શ્રદ્ધાએ અંતરાત્મદશા ચિંતવી બહિરાત્મદશાથી વિરમી જવું એ જ સાચે માર્ગે જવાની વાત છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આમ હોઈ આજે ફરી પાછી નવ તત્ત્વ પરની અર્થપૂર્ણ શ્રદ્ધાની વાત આવીને ઊભી રહી. તેથી આ અધ્યાયમાં ઉપાદાનરૂપે સદ્ધર્માર્થે આસ્રવનાં લક્ષણથી શરૂઆત થઈ, તે કર્મનું આવાગમન આત્મા સાથે જે કારણોથી થાય છે, તેના ભેદો અને પ્રભેદો બતાવ્યા છે. પછી જ્ઞાનાવરણાદિ જે મૂળ આઠ કર્મો શી રીતે બંધાય છે તે તથા ચાર ગતિ ઉપરાંત ખુદ તીર્થંકર પદ શો રીતે પમાય આદિનો ખ્યાલ આપનારાં જે સૂત્રો અપાયાં છે, તે હવે આ અધ્યાયમાં આપણે ક્રમશઃ જોઈશું :

## કાયવાઙ્મનઃકર્મ યોગઃ ॥ ૧ ॥

વ્યાખ્યા પ્ર. શ. ૧૬, ઉ. ૧, સૂ. ૫૬૪

## સ આસ્રવઃ ॥ ૨ ॥

સમવાયાંગ સૂત્ર, સમવાય ૫

## શુભઃ પુણ્યસ્ય ॥ ૩ ॥

## અશુભઃ પાપસ્ય ॥ ૪ ॥

**કાય, વચન, મનની ક્રિયા યોગ છે.**

**તે જ આસ્રવ અર્થાત્ કર્મનો સંબંધ[1] કરાવનાર હોવાથી આસ્રવ કહેવાય છે.**

**શુભ યોગ[2] પુણ્યનો આસ્રવ અર્થાત્ બંધહેતુ છે. અને અશુભ યોગ[3] પાપનો આસ્રવ છે.**

---

૧. કર્મને લીધે પુદ્ગલોના આલંબનથી થતો આત્મપ્રદેશોનો કંપનવ્યાપાર તે જ યોગ. જે યોગ દ્વારા જ આત્મામાં કર્મરૂપ સંબંધ બંધાય છે.

૨-૩ ક્રોધાદિ કષાયની મંદતાને સમયે બંધાતો યોગ શુભ અને ક્રોધાદિ કષાયની તીવ્રતાને સમયે બંધાતો યોગ અશુભ કહેવાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

કાયા વાક્, મનનું કર્મ,
છે યોગ તે જ આસ્રવ,
અશુભ પાપ છે તેમ,
શુભ પુણ્ય ખરેખર. ૧

**સકષાયાકષાયયોઃ સામ્પરાયિકેર્યાપથયોઃ ॥ ૫ ॥**

વ્યા. પ્ર. શ. ૭. ઉ. ૧. સૂ. ૨૬૭

**અવ્રતકષાયેન્દ્રિયક્રિયાઃ પંચચતુઃપંચપંચવિંશતિસંખ્યાઃ પૂર્વસ્ય ભેદાઃ ॥ ૬ ॥**

સ્થાનાંક સ્થાન ૨. ઉ. ૧, સૂ. ૬૦

**તીવ્રમન્દજ્ઞાતાજ્ઞાતભાવવીર્યાધિકરણવિશેષેભ્ય-સ્તદ્વિશેષઃ ॥ ૭ ॥**

સૂત્ર કૃતાંગ શ્રુતસ્કંધ ૨, અ. ૫, ગા. ૬-૭

કષાયસહિત અને કષાયરહિત આત્માનો યોગ અનુક્રમે સાંપરાયિક કર્મ અને ઈર્યાપથ કર્મનો બંધહેતુ — આસ્રવ — થાય છે.

પૂર્વના અર્થાત્ બેમાંથી સાંપરાયિક કર્માસ્રવના અવ્રત, કષાય, ઈંદ્રિય અને ક્રિયારૂપ ભેદ છે; તે અનુક્રમે સંખ્યામાં પાંચ, ચાર, પાંચ અને પચીસ છે.

તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, વીર્ય અને અધિકરણના ભેદથી એની એટલે કે કર્મબંધની વિશેષતા થાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા એકત્રીસા)

સકષાયી, નિઃકષાયી, આત્મા કર્મબંધ બે પ્રકારના,
બાંધે સાંપરાયિક, ઈર્યાપથ, સાંપરાયિકે કારણ આ,
પાંચ અવ્રત ને ચાર કષાયો, પાંચ ઈંદ્રિય પચ્ચીસ ક્રિયા,
ભાવે વિશેષ તીવ્ર મંદ અજ્ઞાત જ્ઞાત બળશસ્ત્ર રહ્યાં. ૨

## અધિકરણં જીવાજીવા: ॥ ૮ ॥

વ્યાખ્યા પ્ર. શ. ૧૬, ઉ. ૧,

## આદ્યં સંરમ્ભસમારમ્ભયોગકૃતકારિતાનુમતકષાય-વિશેષૈસ્ત્રિસ્ત્રિસ્ત્રિશ્ચતુશ્ચૈકશ: ॥ ૯ ॥

ઉ. ૨૪, ગા. ૨૧ પ્રથમ બે ચરણ

## નિર્વર્તનાનિક્ષેપસંયોગનિસર્ગા દ્વિચતુર્દ્વિત્રિભેદા: પરમ્ ॥ ૧૦ ॥

સ્થાનાંક સ્થાન ૨, સૂ. ૬૦

**અધિકરણ જીવ અને અજીવરૂપ છે.**

**આદ્ય – પહેલું જીવરૂપ અધિકરણ ક્રમશ: સંરંભ, સમારંભ અને આરંભ ભેદથી ત્રણ પ્રકારનું; યોગભેદથી ત્રણ પ્રકારનું; કૃત, કારિત અને અનુમતભેદથી ત્રણ પ્રકારનું તથા કષાયભેદથી ચાર પ્રકારનું છે.**

**પર અર્થાત્ અજીવાધિકરણ અનુક્રમે બે ભેદ, ચાર ભેદ બે ભેદ અને ત્રણ ભેદવાળા નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગરૂપ છે.**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

અધિકરણ વા શસ્ત્ર જીવ અજીવ બે યથા;
શુભાશુભ બધાં કર્મો, તે બંનેય થકી થતાં. ૩

(સવૈયા એકત્રીસા)

ત્રણ સંરંભ, સમારંભ આરંભ, કૃત, કારિત અનુમત ત્રણ આ,
કષાય ભેદ ચાર પછીથી, અજીવ અધિકરણેય તથા;
નિર્વર્તના નિક્ષેપ તેવાં સંયોગ નિસર્ગ[1] એમ થયાં,
અનુક્રમ વળી એ ચારેના, બે ચાર, બે, ત્રણ ભેદ લહ્યા. ૪

## તત્પ્રદોષનિહ્નવમાત્સર્યાન્તરાયાસાદનોપઘાતા જ્ઞાન-દર્શનાવરણયોઃ ॥ ૧૧ ॥

તત્પ્રદોષ, નિહ્નવ, મત્સર, અંતરાય, આસાદન અને ઉપઘાત, એ જ્ઞાનાવરણકર્મ તથા દર્શનાવરણકર્મના બંધહેતુ — આસ્રવ છે.

(વસંતતિલકા)

પ્રદ્વેષ, નિહ્નવ, સમત્સર, અંતરાયા,
જ્ઞાની, સુજ્ઞાન, વળી સાધન એ બધાંનાં;
આસાદના જ, ઉપઘાત જ એમ નામ,
એ જ્ઞાન આવરણ દર્શન આદિ કેરાં. ૫

## દુઃખશોકતાપાક્રન્દનવધપરિદેવનાન્યાત્મપરોભય-સ્થાન્યસદ્વેદ્યસ્ય ॥ ૧૨ ॥

---

૧. શરીરની, વચનની અને મનની પ્રવર્તના અનુક્રમે કાયનિસર્ગ, વચનનિસર્ગ અને મનોનિસર્ગ એ ત્રણ રૂપે નિસર્ગ કહેવાય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પોતાના આત્મામાં, પારકાના આત્મામાં અથવા બંનેના આત્મામાં રહેલાં દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ અને પરિદેવન એ અસાતવેદનીય કર્મના બંધહેતુ છે.

પોતા મહીં, પર મહીં ઉભયો મહીંયે,
આક્રંદ, દુઃખ વધ ને પરિદેવના જે;
ને શોક, તાપ છ જ કારણ બંધ જેનાં,
તે વેદનીય કહ્યું કર્મ વળી અસાતા. ૬

## ભૂતવ્રત્યનુકમ્પા દાનં સરાગસંયમાદિયોગઃ ક્ષાન્તિઃ શૌચમિતિ સદ્વેદ્યસ્ય ॥ ૧૩ ॥

વ્યા. પ્ર. શ. ૭, ઉ. ૬, સૂ. ૨૮૬

## કેવલિશ્રુતસઘધર્મદેવાવર્ણવાદો દર્શનમોહસ્ય ॥ ૧૪ ॥

સ્થાનાંક સ્થાન ૫, ઉ. ૨, સૂ. ૪૨૬

ભૂતઅનુકંપા, વ્રતીઅનુકંપા, દાન, સરાગસંયમ આદિ યોગ, ક્ષાન્તિ અને શૌચ, એ સાતવેદનીય કર્મના બંધહેતુ છે.

કેવળજ્ઞાની, શ્રુત, સંઘ, ધર્મ અને દેવનો અવર્ણવાદ, એ દર્શનમોહનીય કર્મના બંધહેતુ છે.

(અનુષ્ટુપ)

ભૂત-વ્રતી અનુકંપા, દાન સરાગ સંયમ,
આદિ યોગો ક્ષમા શૌર્ય, શાતા-વેદની કર્મજ. ૭
કેવળી શ્રુતને સંઘ ધર્મ દેવ તણો થતો,
અવર્ણવાદથી બંધ, દર્શન મોહનીયનો. ૮



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

કષાયોદયાત્તીવ્રાત્મપરિણામશ્ચારિત્રમોહસ્ય ॥ ૧૫ ॥

વ્યા. પ્ર. શ. ૮, ઉ. ૯, સૂ. ૩૫૧

બહ્વારમ્ભપરિગ્રહત્વં ચ નારકસ્યાયુષઃ ॥ ૧૬ ॥

માયા તૈર્યગ્યોનસ્ય ॥ ૧૭ ॥

અલ્પારમ્ભપરિગ્રહત્વં સ્વભાવમાર્દવાર્જવં ચ માનુષસ્ય ॥ ૧૮ ॥

સ્થાનાંક સ્થાન ૪, ઉ. ૪, સૂ. ૩૭૩

નિઃશીલવ્રતત્વં ચ સર્વેષામ્ ॥ ૧૯ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૧, ઉ. ૮, સૂ. ૬૩

કષાયના ઉદયથી થતો તીવ્ર આત્મપરિણામ ચારિત્રમોહનીય કર્મનો બંધહેતુ છે.

બહુ આરંભ અને બહુ પરિગ્રહ, એ નરકાયુના બંધહેતુ છે.

માયા, તિર્યંચાયુષનો બંધહેતુ છે.

અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સ્વભાવની મૃદુતા અને સ્વભાવની સરળતા, એ મનુષ્યાયુષના બંધહેતુ છે.

શીલરહિત અને વ્રતરહિત થવું તથા પૂર્વોક્ત અલ્પ આરંભ આદિ એ બધાં આયુષોના બંધહેતુ છે.

કષાયોદયથી તીવ્ર, આત્માનું પારણામ જે,
કર્મબંધ ગણાયે છે, ચારિત્ર મોહનીયને. ૯

નરક આયુ બંધાય, અત્યારંભ પરિગ્રહે,
જવાનું થાય માયાથી, તિર્યંચે એમ નિશ્ચયે. ૧૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મૃદુતા, ઋજુતા સ્હેજે, અલ્પારંભ — પરિગ્રહ,
બંધાય માનવી આયુ, હોય જો ચાર તે ગુણ. ૧૧
શીલવ્રત વિહોણાં જે, અલ્પારંભાદિ થાય તે,
મોક્ષોપાય નહીં થાતાં, આયુ બંધ તહીં પડે. ૧૨

સરાગસંયમસંયમાસંયમાકામનિર્જરાબાલતપાંસિ દેવસ્ય ॥ ૨૦ ॥

સ્થાનાંક સ્થાન ૪, ઉ. ૪, સૂ. ૩૭૩

યોગવક્રતા વિસંવાદનં ચાશુભસ્ય નામ્નઃ ॥ ૨૧ ॥

વિપરીતં શુભસ્ય ॥ ૨૨ ॥

વ્યા. શ. ૮, ઉ. ૯

સરાગસંગમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ,[1] એ દેવાયુષના બંધહેતુ છે.

યોગની વક્રતા અને વિસંવાદ, એ અશુભ નામકર્મના બંધહેતુ છે.

એનાથી ઊલટું, અર્થાત્ યોગની અવક્રતા અને અવિસંવાદ, એ શુભ નામકર્મના બંધહેતુ છે.

સંયમ, તપ, બંનેય, મુખ્ય કારણ મોક્ષનાં,
હોય સરાગતા તેમાં, તો તો દેવગતિ તિહાં. ૧૩
યોગની વક્રતાએ ને વિસંવાદે અશુભ જે;
નામ કર્મજ બંધાય, ઊલટું શુભ તેમ, તે. ૧૪

૧. તપની સાથે 'બાલ' વિશેષણ આવે છે, બાલનો અર્થ યથાર્થ વિહીન એટલે કે મિથ્યાદષ્ટિ યુક્ત જે તપ તે બાલતપ.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દર્શનવિશુદ્ધિર્વિનયસંપન્નતા શીલવ્રતેષ્વનતિચારો-
ऽભીક્ષ્ણં જ્ઞાનોપયોગસંવેગૌ શક્તિતસ્ત્યાગતપસી સંઘ-
સાધુસમાધિવૈયાવૃત્ત્યકરણમર્હદાચાર્યબહુશ્રુતપ્રવચન-
ભક્તિ રાવશ્યકાપરિહાણિર્માર્ગ પ્રભાવના પ્રવચન-
વત્સલત્વમિતિ તીર્થકૃત્ત્વસ્ય ॥ ૨૩ ॥

જ્ઞાતાધર્મકથાંગ, અ. ૮, સૂ. ૬૪

પરાત્મનિન્દાપ્રશંસે સદ્સદ્ગુણાચ્છાદનોદ્ભાવને ચ
નીચૈર્ગોત્રસ્ય ॥ ૨૪ ॥

દર્શનવિશુદ્ધિ, વિનયસંપન્નતા, શીલ અને વ્રતોમાં અત્યંત અપ્રમાદ, જ્ઞાનમાં સતત ઉપયોગ તથા સંવેગ, શક્તિ પ્રમાણે ત્યાગ અને તપ, સંઘ અને સાધુનું સમાધાન તથા વૈયાવૃત્ત્ય કરવાં, અરિહંત, આચાર્ય, બહુશ્રુત તથા પ્રવચનની ભક્તિ કરવી, આવશ્યક ક્રિયાઓને ન છોડવી, મોક્ષમાર્ગની પ્રભાવના અને પ્રવચનવાત્સલ્ય, એ તીર્થંકર નામકર્મના બંધહેતુ છે.

પરનિંદા, આત્મપ્રશંસા, સદ્ગુણોનું આચ્છાદન અને અસદ્ગુણોનું પ્રકાશન, એ નીચ ગોત્રના બંધહેતુ છે.

(સવૈયા એકત્રીસા)

દર્શનશુદ્ધિ, વિનયયુક્તતા, અતિ અપ્રાદશીલ વ્રતે વળી,
જ્ઞાન અને સંવેગ વિષે તો, સતત રહે ઉપયોગ અતિ;
શક્તિ મુજબ તપ, ત્યાગ, સમાધિ, વૈયાવચ્ચ, સંઘ સાધુનાં
આચાર્ય, અરિહંત, બહુશ્રુત, પ્રવચન કેરી ભક્તિ સુધા. ૧૫

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તજવી ન આવશ્યક ક્રિયાઓ મોક્ષ માર્ગની પ્રભાવના,
જિનશાસન સહધર્મી પરત્વે, વાત્સલ્યામૃત વહે સદા;
શુભ તીર્થંકર નામ કર્મના, બંધહેતુ આ છે સઘળા,
પરમેષ્ઠીનાં પાંચ પદોમાં, પ્રથમ પદ છે એહ સદા. ૧૬

## તદ્વિપર્યયો નીચૈર્વૃત્ત્યનુત્સેકૌ ચોત્તરસ્ય ॥ ૨૫ ॥

વ્યા. પ્ર. શ. ૮, ઉ. ૯, સૂ. ૩૫૧

## વિઘ્નકરણમન્તરાયસ્ય ॥ ૨૬ ॥

પ્ર. શ. ૮, ઉ. ૯, સૂ. ૩૫૧

એનાથી ઊલટું, અર્થાત્ પરપ્રશંસા, આત્મનિંદા આદિ તથા નમ્ર વૃત્તિ અને નિરભિમાનતા, એ ઉચ્ચ ગોત્રકર્મના બંધહેતુ છે.

દાનાદિમાં વિઘ્ન નાંખવું તે અંતરાયકર્મનો બંધહેતુ છે.

(વંશસ્થ)

નિંદા બીજાની, સુપ્રશંસના તથા
ઢાંકી ગુણો, દોષ કહી બતાવવા;
તે નીચ ગોત્રે થઈ બંધ કારણ,
ને ઉચ્ચ ગોત્રે, ઊલટું થતાં પણ. ૧૭

(અનુષ્ટુપ)

ભોગ ઉપભોગને લાભે, દાને વિઘ્ન નખાય જો;
તે થકી કર્મનો બંધ, બંધાયે અંતરાયનો. ૧૮

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## ઉપસંહાર

આપણે અગાઉ, એ તો જોઈ જ ગયા હતા કે "ભવ્યત્વ ગુણ પ્રાપ્ત કરીને તે જો પૂરેપૂરી રીતે સચવાય તો આ સંસારમાં પરિભ્રમણ કરનારો જીવ અનંતકાળથી અથડાયો કુટાયો હોય, તોયે તેનો નિસ્તાર (અંત) થાય જ છે. આમાં મુખ્યત્વે દેવ, ગુરુ અને સત્યધર્મ પરની શ્રદ્ધા ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમાંયે મહાનિમિત્ત રૂપે (સવિશેષનિમિત્ત રૂપે) તો સાચા ગુરુનું માર્ગદર્શન પ્રત્યક્ષ મળી ગયું તો બેડો પાર થાય છે."

આ દૃષ્ટિએ ભગવાન મહાવીરનાં સત્તાવીસ જન્મોનું વર્ણન વારંવાર ચિંતનીય સહેજે બની જાય છે. એ સત્તાવીસ જન્મોમાં પણ તેઓ નરકમાં ગયા છે. હિંસ્રમાંયે મહાહિંસ્ર પશુ પણ થયા છે. તેમ સ્વર્ગમાંય ગયા છે અને માનવ પણ થયા છે. માનવ થઈને સંન્યાસી પણ થયા છે અને જૈન મુનિ પણ થયા છે. જૈન મુનિ થઈને પોતાને પ્રાપ્ત થયેલી લબ્ધિનો સ્વચ્છંદ કે અહંકાર પોષવા માટે દુરુપયોગ પણ કર્યો છે અને રાજાના ઐશ્વર્યપદનો પણ અતિશય દુરુપયોગ કર્યો છે. દા. ત. ત્રિપૃષ્ઠ વાસુદેવના જન્મમાં પોતાના શય્યાપાલકે પોતાના હુકમનું અજાણતાં પણ અપમાન કર્યું, તો તેને તે જ વખતે ઉકાળેલા સીસાનો કાનમાં રસ રેડીને ભયંકર ત્રાસ પોતાની સામે પોતા દ્વારા ગુજરાયો છે. અને છતાં આ બધામાંથી પસાર થઈ તીર્થંકર પણ થયા છે. અને એ જ ક્રોધી, માની, માયાવી અને લોભી મહાવીર આખરે વિશ્વવત્સલ મહાવીર બની જાય છે. અહીં માત્ર કામ થયું હોય તો તે નયસારના જન્મમાં ભગવાન મહાવીરને પ્રાપ્ત થયેલ ભવ્યત્વ જ છે. પરંતુ ભવ્યત્વ જાણે કાયમી જન્મોજન્મથી મળી આવતો ભાવપરંપરાથી સ્વીકારાયેલ હોઈ, ત્યાં નયસારના જન્મમાં તો સમકિત મળ્યું, એવું જ અનેક જૈનાચાર્યોએ સ્વીકાર્યું છે. પરંતુ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અગાઉ ઉલ્લેખેલ રાયપસેણીય સૂત્રમાં પ્રદેશી રાજાને કેશી મુનિના સુયોગે મહા અધર્મીમાંથી ધર્મી બની ઠેઠ (મર્યાદિત જન્મોવાળું) પરીત સંસારીપણું અને છેવટે (છેલ્લું શરીર હોય તે) ચરમ શરીરીપણું પામવાની હદે જઈ શકાયું અને એમ ત્રીજે ભવે તો મોક્ષ પણ પામી જવાયો તેમ બતાવાયું છે. એટલે માત્ર વ્યક્તિગત મોક્ષ (તીર્થંકરોએ સ્થાપેલા સંઘરૂપી) જિનશાસનના અનુસંધાને પામવાની વાત હોત તો આટલા બધા જન્મો ભવ્યત્વ પામ્યા પછી શક્તિશાળી આત્માને ભાગ્યે જ કરવાના આવી શકે, એમ પણ એથી ફલિત થઈ શકે. પરંતુ જે શક્તિશાળી આત્માએ પોતાના હાથે સ્વપર શ્રેયનાં કાર્યો કરવાનાં છે, તેવા આત્મા માટે જ આટલા બધા જન્મો કરવા પડે અને એ બાંધેલાં ચીકણાં કર્મોને નિવારવાનો ભગીરથ પુરુષાર્થ પણ સંવર (કર્મોનું રોકાવાપણું) અને નિર્જરા (કર્મનું ક્ષીણપણું થાય તે) દ્વારા કરવો જ પડે, એવું બધું આથી ફલિત થતું જણાઈ રહે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૭

## સાધના

### ઉપોદ્ઘાત

સાતમા અધ્યાયમાં કુલ્લે ચોત્રીસ સૂત્રો છે. જેમ સંસારમાં પરિભ્રમણ કરાવનારાં અવ્રત, કષાય, ઇંદ્રિય સાંપરાયિકી (સંસાર વધારનારી) ક્રિયા વગેરે છઠ્ઠા અધ્યાયમાં આવી ગયાં. તો હવે આ સાતમા અધ્યાયની શરૂઆત જ સંસાર પરિભ્રમણમાંથી છોડાવનાર વ્રતથી થઈ. પ્રાયઃ દરેક ધર્મો આવાં વ્રતોને તો સ્વીકારે જ છે. ભારતના ત્રણે ધર્મો તો પાંચે વ્રતોને અક્ષરશઃ સ્વીકારે છે. ભારતેતર એશિયામાં પેદા થયેલા યહૂદી, ખ્રિસ્તી, જરથુષ્ટ્રી અને ઇસ્લામ ધર્મો પણ એક યા બીજા પ્રકારે માનવતાની પાયાની ભૂમિકા સ્થિર કરવામાં સહાયક બની એ જ દિશામાં આગળ વધે છે. પરંતુ અહીં માનવતા અથવા ભવ્યત્વ પામ્યા પછીના ભારતના ધર્મો અને તેમાંય ખાસ કરીને આ જૈન ધર્મ એ વ્રતોના ગૃહસ્થવર્ગ માટે અને શ્રમણ વર્ગ માટે અણુ અને મહાન એમ બે ભેદ કરી, તે વ્રતોને દૃઢ કરવા માટે કેવા વ્યવસાયો કરવા અને કેવા ન કરવા, તથા કઈ કઈ ભાવનાઓ વારંવાર ભાવવી અને આચરવી તથા આખી જિંદગી આવા સાધક સાધિકાઓએ કેવા કેવા સંકલ્પોથી ગાળવી કે જેથી અંતકાળ (એટલે કે મૃત્યુકાળ) સુધરી જાય; એ વિષે ઘણું ઊંડું ચિંતન કરી સુચવાયું છે, તે આપણે ક્રમે ક્રમે આ સાતમા અધ્યાયમાં જોઈ શકીશું :

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

હિંસાનૃતસ્તેયાબ્રહ્મપરિગ્રહેભ્યો વિરતિર્વ્રતમ્ ॥ ૧ ॥
દેશસર્વતોઽણુમહતી ॥ ૨ ॥

સ્થાનાંક સ્થાન ૫, ઉ. ૧. સૂ. ૩૮૯

તત્સ્થૈર્યાર્થં ભાવનાઃ પઞ્ચ પઞ્ચ ॥ ૩ ॥

પ્રશ્ન વ્યાકરણ ૧-૫; સંવરસૂત્ર ૨૩-૨૯
સમવાયાંગ સમવાય, ૨૫૦

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહથી (મન વચન, કાયા વડે) નિવૃત્ત થવું તે વ્રત.

અલ્પ અંશે વિરતિ તે 'અણુવ્રત' અને સર્વાંશે વિરતિ તે 'મહાવ્રત.'

તે વ્રતોને સ્થિર કરવા માટે તે દરેકની પાંચ પાંચ ભાવનાઓ છે.

(અનુષ્ટુપ)

હિંસા અસત્ય ને ચોરી, મૈથુન ને પરિગ્રહ;
કાયા વાણી મને તેથી, થવું નિવૃત્ત, તે વ્રત. ૧
અલ્પાંશે વળી સર્વાંશે, વિરતિ અણુ-મહાવ્રતો;
તે બેની સ્થિરતા માટે, ભાવના પાંચ પાંચ હો. ૨

(સવૈયા એકત્રીસા)

પે'લી ત્રીજી ચોથી સમિતિ મનગુપ્તિ ભોજનપાને,
સારી પેઠે જોવું એ છે પાંચ ભાવના પ્રથમ વ્રતે;
વિચારપૂર્વક ભાષા વદવી, ક્રોધ લોભ ભય હાસ્ય તજી,
પાંચ ભાવના બીજા વ્રતની વારંવાર એ ચિંતવવી. ૩

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(વંશસ્થ)

ત્રિવેદી સેવેલ જ સ્થાન વર્જવાં,
કથા તથા ઇંદ્રિયરાગ વર્જવાં,
રસાળ એ ભોજન સ્વાદ ત્યાગવાં,
છે પાંચ ચોથા વ્રતની જ ભાવના. ૪

(સવૈયા એકત્રીસા)

વાપરવાનું સ્થાન માગવું વિચારપૂર્વક તે જ રીતે,
વારંવાર વળી સ્થાન માગવાં તેના તેના સ્વામીકને;
ખપે તેટલું સ્થાન જ લેવું વળી સહધર્મીજનો થકી,
રજા લઈ ખાવું પીવું એ, પાંચ ભાવના અસ્તેયની. ૫

(અનુષ્ટુપ)

મનોજ્ઞ – અમનોજ્ઞાદિ, સ્પર્શાદિ પાંચ વિષયે;
ને સમભાવ છે પાંચ, અપરિગ્રહ ભાવના. ૬

## હિંસાદિષ્વિહામુત્ર ચાપાયાવદ્યદર્શનમ્ ॥ ૪ ॥
## દુઃખમેવ વા ॥ ૫ ॥

સ્થાનાંક સ્થાન ૪, ઉ. ૨, સૂ. ૨૮૨

## મૈત્રીપ્રમોદકારુણ્યમાધ્યસ્થ્યાનિ સત્ત્વગુણાધિક-ક્લિશ્યમાનાવિનેયેષુ ॥ ૬ ॥

સૂત્રકૃતાંગ, પ્રથમ શ્રુતિ સ્કંધ, અ. ૧૫, ગાથા ૩; ઔપપાતિક સૂત્ર. ૧, પ્રકરણ ૨૦

**હિંસા આદિ પાંચ દોષોમાં ઐહિક આપત્તિ અને પારલૌકિક અનિષ્ટનું દર્શન કરવું.**

**અથવા ઉક્ત હિંસા આદિ દોષોમાં દુઃખ જ છે, એવી ભાવના કેળવવી.**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**પ્રાણીમાત્રમાં મૈત્રીવૃત્તિ; ગુણથી મોટાઓમાં પ્રમોદ-વૃત્તિ, દુઃખ પામતાઓમાં કરુણાવૃત્તિ અને જડ જેવા અપાત્રોમાં માધ્યસ્થ્યવૃત્તિ કેળવવી.**

હિંસાદિ પાંચ દોષોમાં, આ લોકે પરલોકમાં;
જોવાં અનિષ્ટ ને દુઃખ, આપદ્ એ પાંચ ભાવના. ૭
હો જીવમાત્રમાં મૈત્રી, વધુ ગુણે પ્રમોદના;
દુઃખમાં કરુણાવૃત્તિ, મધ્યસ્થતા કુપાત્રમાં. ૮

## જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્ ॥ ૭ ॥

સમવાયાંગ સૂત્ર વિપાક સૂત્રાધિકાર તથા ઉતરાધ્યયન અ. ૧૮; ગાથા ૧૧-૧૩.

## પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા ॥ ૮ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શતક ૧, ઉ. ૧, સૂ. ૪૮.

**સંવેગ અને વૈરાગ્ય માટે જગતનો સ્વભાવ અને શરીરનો સ્વભાવ ચિંતવવો.**

**પ્રમત્તયોગથી થતો જે પ્રાણવધ તે હિંસા.**

જગતને દેહ બંનેનો, ચિંતવવો સ્વભાવ તો;
સંવેગ તેમ વૈરાગ્ય, આવે જરૂર આગવો. ૯

(શાર્દૂલ વિક્રીડિત)

હિંસા, પ્રાણવધે થતી, પણ તહીં મુખ્ય પ્રમાદે ખરી,
કિંવા દ્રવ્ય જ ભાવ, નિશ્ચય અને વ્હેવહાર એ બે ગણી;
ભાવો દુષ્ટ થતાં જ એ બની જશે, હિંસા ખરી નિશ્ચયે,
સદ્ભાવે વધ થાય તો પણ કદી થાયે અહિંસા ખરે. ૧૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## અસદભિધાનમનૃતમ્ ॥ ૯ ॥

પ્રશ્ન વ્યાકરણ, આસ્રવ ૨

## અદત્તાદાનં સ્તેયમ્ ॥ ૧૦ ॥

પ્ર. વ્યા. આસ્રવ ૩

## મૈથુનમબ્રહ્મ ॥ ૧૧ ॥

પ્ર. વ્યા. આ.દ્વાર ૪

## મૂર્છા પરિગ્રહઃ ॥ ૧૨ ॥

દશ. અ. ૬, ગાથા ૨૧

**અસત્ કહેવું તે અનૃત – અસત્ય.**
**અણદીધું લેવું તે સ્તેય એટલે ચોરી.**
**મૈથુનપ્રવૃત્તિ તે અબ્રહ્મ.**
**મૂર્છા પરિગ્રહ છે.**

(વસંતતિલકા)

દુર્ભાવવાળું કથવું થતું, તે અસત્ય,
સદ્‌ભાવિ સત્ય, અણદીધું ગ્રહ્યે જ ચૌર્ય;
અબ્રહ્મ તો કદી પ્રમાદ વિના ન થાય,
મૂર્છા પરિગ્રહ ગણે સુજનો સદાય. ૧૧

## નિઃશલ્યો બ્રતી ॥ ૧૩ ॥

આવશ્યક, ચતુ. આ. સૂ. ૭

## અગાર્યનગારશ્ચ ॥ ૧૪ ॥

સ્થાનાંક સ્થાન ૨. ઉ. ૧

**જે શલ્ય વિનાનો હોય તે વ્રતી સંભવે.**

**વ્રતી અગારી — ગૃહસ્થ અને અનગાર — ત્યાગી એમ બે પ્રકારે સંભવે.**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

ત્રિશલ્યથી[1] વિહોણા તે, વ્રતી એ જ ગણાય બે;
અણગારી ગૃહત્યાગી, ને અગારી ગૃહસ્થ છે. ૧૨

## અણુવ્રતોऽગારી ॥ ૧૫ ॥

## દિગ્દેશાનર્થ દણ્ડવિરતિસામાયિકપૌષધોપવાસો પભોગપરિભોગપરિમાણાતિથિસંવિભાગવ્રત- સમ્પન્નશ્ચ ॥ ૧૬ ॥

ઔપપાતિક સૂત્ર, શ્રી વીરદેશના, ૫૭

## મારણાન્તિકીં સંલેખનાં જોષિતા ॥ ૧૭ ॥

ઔપપાતિક સૂત્ર ૫૭

**જે અણુવ્રતધારી હોય તે અગારી વ્રતી કહેવાય છે.**

**તે વ્રતી, દિગ્વિરતિ, દેશવિરતિ, અનર્થદણ્ડવિરતિ, સામાયિક, પૌષધોપવાસ, ઉપભોગપરિભોગ પરિમાણ અને અતિથિસંવિભાગ એ વ્રતોથી પણ સંપન્ન હોય છે.**

**અને તે મારણાંતિક સંલેખનાનો આરાધક પણ હોય છે.**

(સવૈયા એકત્રીસા)

અણુવ્રતધારી; અગારી વ્રતીઓ, દિશા દેશ ઉભયે વિરમે,
અનર્થદંડ વિરતિ, સામાયિક ભોગોપભોગે સીમિત રહે;
પૌષધોપવાસ કરી પખવાડે, અતિથિભાગે રાચે છે,
મૃત્યુ આવ્યે મારણાંતિકી સંલેખના વળી સાધે તે. ૧૩

---

૧. ઠગવાની વૃત્તિ, ભોગલાલસા અને અસત્યાગ્રહ આ ત્રણ આત્મનાશ કરનારાં શલ્યો છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

શંકાકાઙ્ક્ષાવિચિકિત્સાઽન્યદૃષ્ટિપ્રશંસાસંસ્તવાઃ
સમ્યગ્દૃષ્ટેરતિચારાઃ ॥ ૧૮ ॥
વ્રતશીલેષુ પઞ્ચ પઞ્ચ યથાક્રમમ્ ॥ ૧૯ ॥
બન્ધવધચ્છવિચ્છેદાઽતિભારારોપણાઽન્નપાનનિ
રોધાઃ ॥ ૨૦ ॥

ઉપાસકદશાંગ, અધ્યાય ૧

**શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિસંસ્તવ એ સમ્યગ્દર્શનના પાંચ અતિચારો છે.**

**વ્રત અને શીલમાં પાંચ પાંચ અતિચારો છે. તે અનુક્રમે આ પ્રમાણે :**

**બન્ધ, વધ, છવિચ્છેદ, અતિભારનું આરોપણ અને અન્નપાનનો નિરોધ એ પાંચ અતિચાર પ્રથમ અણુવ્રતના છે.**

(શાર્દૂલ વિક્રીડિત)

શંકા આત્મમહી ભવે પરભવે, ભૌતિકીકાંક્ષા તથા,
બુદ્ધિ અસ્થિર થાય, મંદમતિએ, ત્રીજી વિચિકિત્સતા;
મિથ્યાદૃષ્ટિ પ્રશંસવી, પરિચયો અદ્યાપિ હો તે બધા,
સમ્યગ્ દર્શન દોષ પાંચ તજવા શુદ્ધાત્મને સ્પર્શવા. ૧૪

(અનુષ્ટુપ)

વ્રતો ને શીલમાં પાંચ, કહ્યા જે અતિચાર તે; ૧૫
અનુક્રમે હવે ત્યાજ્ય, તે દોષો વર્ણવાય છે.
વધ, બન્ધ, છ વિચ્છેદ, નિરોધ ખાનપાનનો;
અતિભાર વ્રતે પે'લે, છે અતિચાર પાંચ તો. ૧૬

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મિથ્યોપદેશરહસ્યાભ્યાખ્યાનકૂટલેખક્રિયા-
ન્યાસાપહારસાકારમન્ત્રભેદાઃ ॥ ૨૧ ॥

ઉપાસકદશાંગ, અ. ૧

સ્તેનપ્રયોગતદાહૃતાદાનવિરુદ્ધરાજ્યાતિક્રમ-
હીનાધિકમાનોન્માનપ્રતિરૂપકવ્યવહારાઃ ॥ ૨૨ ॥

મિથ્યોપદેશ, રહસ્યાભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસાપહાર અને સાકારમંત્રભેદ એ પાંચ અતિચાર બીજા અણુવ્રતના છે.

**સ્તેનપ્રયોગ**, સ્તેન-આહૃત-આદાન, વિરુદ્ધ રાજ્યનો અતિક્રમ, હીન-અધિક-માનોન્માન અને પ્રતિરૂપક-વ્યવહાર એ પાંચ ત્રીજા અણુવ્રતના અતિચાર છે.

(વસંતતિલકા)

મિથ્યોપદેશ કરવા વિખૂટા[1] સુસ્નેહી,
કુટિલલેખ[2] વળી થાપણ ઓળવાવી;[3]
ને ખાઈ ચાડી[4] પ્રીતિ તોડવી એકમેક,
બીજા અસત્ય વ્રતના અતિચાર પાંચ. ૧૭

ચોરી પ્રયોગ, વળી ચૌર્ય ખરીદનાર,
કાનૂનભંગ કરવાં, કૂટતોલ માપ;
કૃત્રિમ વસ્તુ વ્યવહાર જ દોષ પાંચ,
અસ્તેય તે વ્રતતણા અતિચાર ખાસ. ૧૮

૧. વિખૂટા = રહસ્યાભ્યાખ્યાન; ૨. કુટિલ લેખ = કૂટ લેખક્રિયા;
૩. થાપણ = ન્યાસાપહાર; ૪. ચાડી ખાવી = સાકારમંત્રભેદ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પરવિવાહકરણેત્વરપરિગૃહીતાઽપરિગૃહીતાગમ-
નાઽનઙ્ગક્રીડાતીવ્રકામાભિનિવેશાઃ ॥ ૨૩ ॥

ક્ષેત્રવાસ્તુહિરણ્યસુવર્ણધનધાન્યદાસીદાસકુપ્ય-
પ્રમાણાતિક્રમાઃ ॥ ૨૪ ॥

ઊર્ધ્વાધસ્તિર્યગ્વ્યતિક્રમક્ષેત્રવૃદ્ધિસ્મૃત્યન્તર્ધા-
નાનિ ॥ ૨૫ ॥

**પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ એ પાંચ અતિચાર ચોથા અણુવ્રતના છે.**

**ક્ષેત્ર અને વાસ્તુના પ્રમાણને અતિક્રમ, હિરણ્ય અને સુવર્ણના પ્રમાણનો અતિક્રમ, ધન અને ધાન્યના પ્રમાણનો અતિક્રમ, દાસી-દાસના પ્રમાણનો અતિક્રમ, તેમ જ કુપ્યના પ્રમાણનો અતિક્રમ એ પાંચ અતિચાર પાંચમા અણુવ્રતના છે.**

પરવિવાહ કરી દેવો મોહે, અણુહક્કની સ્ત્રી ભોગવવી,
વેશ્યા વા તત્સમ નારીથી વ્યભિચાર જો થાય વળી;
સૃષ્ટિ વિરુદ્ધ જે કામસેવના, કામક્રીડા ઉદ્દીપન તે,
ચતુર્થ વ્રત અતિચાર, પાંચ એ નડે ઉભય નરનારીને. ૧૯

(સવૈયા એકત્રીસ.)

ખેતર–મકાન, ચાંદી-સોનું, પ્રમાણ ઓળંગી જાવું;
પશુ ધન ધાન્ય તણુંયે તેમ જ પ્રમાણ છોડી લલચાવું;
નોકર ચાકર, વાસણ કપડાં કુપ્ય પ્રમાણો વટી જવું,
પંચમ અણુવ્રતના એ પાંચે અતિચારોથી રહિત થવું. ૨૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

મોહે થાય, દિશાભંગ, તીરછો, ઊંચ, નીચ જે;
ક્ષેત્ર–વૃદ્ધિ, સ્મૃતિભૂલ, દિગ્વ્રતે અતિચાર તે. ૨૧

આનયનપ્રેષ્યપ્રયોગશબ્દ રૂપાનુપાતપુદ્ગલક્ષેપાઃ ॥ ૨૬ ॥
કન્દર્પકૌત્કુચ્યમૌખર્યાઽસમીક્ષ્યાધિકરણોપભોગા-
ધિકત્વાનિ ॥ ૨૭ ॥

ઉપાસકદશાંગ, અ. ૧

ઊર્ધ્વવ્યતિક્રમ, અધોવ્યતિક્રમ, તિર્યગ્વ્યતિક્રમ, ક્ષેત્ર-વૃદ્ધિ અને સ્મૃત્યંતર્ધાન[1] એ પાંચ અતિચાર છઠ્ઠા દિગ્વિરતિવ્રતના છે.

આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્ગલક્ષેપ એ પાંચ અતિચાર સાતમા દેશવિરતિ વ્રતના છે.

કંદર્પ,[2] કૌત્કુચ્ય,[3] મૌખર્ય,[4] અસમીક્ષ્યઅધિકરણ[5] અને ઉપભોગનું અધિકત્વ એ પાંચ અતિચાર આઠમા અનર્થદંડવિરમણવ્રતના છે.

(વસંતતિલકા)

દિશાવકાશ વ્રત ભંગ કરે બીજાથી,
કાં મોકલી, વચન, આકૃતિને બતાવી;
શબ્દોથી ચીજ મગવે અથવા અશબ્દે,
કે ફેંકી પુદ્ગલથી પાંચ જ દોષ થાશે. ૨૨

---

૧. સ્મૃત્યંતર્ધાન = પ્રમાદ અથવા મોહને લીધે મર્યાદા ઓળંગવી તે.

૨. કંદર્પ = રાગવશ અસભ્ય બોલવું તે; ૩. કૌત્કુચ્ય = શારીરિક કુચેષ્ટાઓ કરવી તે; ૪. મૌખર્ય = નિર્લજ ભાષણ કરવું તે; ૫. અસમીક્ષ્યઅધિકરણ = જરૂરિયાતનો વિચાર કર્યા વિના જાત જાતનાં પાપીષ્ટ સાધનો બીજાંને આપ્યાં કરવાં તે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

યોગદુષ્પ્રણિધાનાઽનાદરસ્મૃત્યનુપસ્થાપનાનિ ॥ ૨૮ ॥

કાયદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન, મનોદુષ્પ્રણિધાન, અનાદર, અને સ્મૃતિનું અનુપસ્થાપન એ પાંચ અતિચારો સામાયિકવ્રતના છે.

(ઉપજાતિ)

દંદર્પ ચેષ્ટા, વળી ભાંડ જેમ,
મૌખર્ય પાપિષ્ઠજ સાધનેય;
દેવા બીજાનેય, અનર્થ દંડ
ભોગો વધુ તે, અતિચાર પાંચ. ૨૩

(અનુષ્ટુપ)

ત્રિયોગ દુષ્પ્રણિધાન, સામાયિકે અનાદર;
છે પાંચમો અનાચાર, સ્મૃતિ અનુપસ્થાન. ૨૪

અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગાદાનનિક્ષેપસંસ્તારોપક્રમણાનાદરસ્મૃત્યનુપસ્થાપનાનિ ॥ ૨૯ ॥

સચિત્તસમ્બદ્ધસંમિશ્રાઽભિષવદુઃપક્વાહારાઃ ॥ ૩૦ ॥

અપ્રત્યવેક્ષિત અને અપ્રમાર્જિતમાં ઉત્સર્ગ, અપ્રત્યવેક્ષિત અને અપ્રમાર્જિતમાં આદાનનિક્ષેપ, અપ્રત્યવેક્ષિત અને અપ્રમાર્જિત સંસ્તારનો ઉપક્રમ, અનાદર, અને સ્મૃતિનું[1] અનુપસ્થાપન એ પાંચ અતિચાર પૌષધવ્રતના છે.

સચિત્ત[2] આહાર, સચિત્ત સંબદ્ધ આહાર, સચિત્તસંમિશ્ર આહાર, અભિષવ[3] આહાર, અને દુષ્પક્વ[4] આહાર એ અતિચાર ભોગોપભોગવ્રતના છે.

---

૧. સ્મૃતિઅનુપસ્થાપન = ચિત્તની એકાગ્રતાનો અભાવ; ૨. સચિત્ત = સજીવ; ૩. અભિષવ = માદક; ૪. દુષ્પક્વ = કાચું

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા એકત્રીસા)

વિના દીઠે કે વિના પ્રમાર્જ્યે, મળ મૂત્રાદિ પરિઠવવાં,
પાત્રો આસન ને સંથારો, તે રીતે લેવાં મૂકવાં;
આદર કે ઉત્સાહ વિના, પૌષધોપવાસિત આચારો,
સ્મરણ ન રહેવું તે છે, તેવા વ્રતના પાંચ અતિચારો. ૨૫

(અનુષ્ટુપ)

ભોગોપભોગનો ત્યાગ, ગણ્યું બીજું ગુણવ્રત;
કિંતુ અહીં કહ્યું તેને, છે અગિયારનું વ્રત. ૨૬

(ઉપજાતિ)

સચિત્ત કે સચિત્તયુક્ત ખાણું,
કે મિશ્રિતે ભોજન સચ્ચિતાળું;
દુષ્પકવ ને માદક, ખાદ્ય પેય,
પાંચેય જેના અતિચાર આય. ૨૭

## સચિત્તનિક્ષેપપિધાનપરવ્યપદેશમાત્સર્યકાલાતિ-
## ક્રમાઃ ॥ ૩૧ ॥

ઉપાસક દશાંગ, અ. ૧

## જીવિતમરણાશંસામિત્રાનુરાગસુખાનુબન્ધાનિદાન-
## કરણાનિ ॥ ૩૨ ॥

**સચિત્તમાં નિક્ષેપ,[1] સચિત્તપિધાન,[2] પરવ્યપદેશ, માત્સર્ય, અને કાલાતિક્રમ એ પાંચ અતિચાર અતિથિ-સંવિભાગ વ્રતના છે.**

---

૧. સચિત્ત નિક્ષેપ = આપવાની ભીક્ષા સજીવ બનાવવી; ૨. સચિત્ત-પિધાન = સચિત્ત વસ્તુથી ઢાંકી દેવી.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

**જીવિતાશંસા,[1] મરણાશંસા,[2] મિત્રાનુરાગ,[3] સુખાનુબંધ, અને નિદાનકરણ[4] એ મારણાંતિક સંલેખનાના પાંચ અતિચારો છે.**

(સવૈયા એકત્રીસા)

અજીવ વસ્તુ સજીવ કરવી ઢાંકવી સજીવથી કિંવા,
સ્વની છતાંયે પરની કે'વી, અણદેવા કાજે અથવા,
મત્સર રાખીને દેવું કે કાળ ઉલ્લંઘી ખાઈ જવું,
તે અતિથિ સંવિભાગવ્રતના પાંચ અતિચારથી બચવું. ૨૮

(શાર્દૂલ)

મૃત્યુ જીવિત ચાહવું ન ચહવું કંટાળી કે લાલચે,
મોહે જે મમતા સગાં સુહૃદમાં મિત્રાનુરાગો થયે;
વેઠ્યાં તે સુખને વળી સમરવાં સુખાનુબંધેય જે,
નિયાણું[5] અતિચાર પાંચ જ ગણ્યા સંલેખના દોષ તે. ૨૯.

## અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્ ॥ ૩૩ ॥

વ્યા. પ્ર. શ. ૭, ઉ. સૂ. ૨૬૩-૪

## વિધિદ્રવ્યદાતૃપાત્રવિશેષાત્તદ્વિશેષઃ ॥ ૩૪ ॥

વ્યા. પ્ર. શ. ૧૫, સૂ. ૫૪૧

**અનુગ્રહ માટે પોતાની વસ્તુનો ત્યાગ કરવો તે દાન છે.**

**વિધિ, દેયવસ્તુ, દાતા અને ગ્રાહકની વિશેષતાથી તેની અર્થાત્ દાનની વિશેષતા છે.**

---

૧. જીવિતાશંસા = જીવતરની ઇચ્છા રાખવી; ૨. મરણાશંસા = મરણની ઇચ્છા રાખવી; ૩. મિત્રાનુરાગ = સ્નેહી પ્રત્યેની આસક્તિ; ૪-૫. નિદાનકરણ = નિયાણું, તપત્યાગનો બદલો માગવો તે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સ્રગ્ધરા)

ત્યાગે પ્રીતે પદાર્થો સુકરણમતિએ દાનપાત્રે સુરીતે,
દાતા નિસ્પૃહી થૈને વિધિરહિત તે ગુણવૃદ્ધિ નિમિત્તે;
જેથી ન્યાયી વ્યવસ્થા સકલગુણ વધે માનવીના સમાજે,
લેનારો યોગ્ય હોયે, મતલબ ઉભયે દાનથી શ્રેષ્ઠ થાયે. ૩૦.

## ઉપસંહાર

માનવ શરીર જ જોકે ઘણા પુણ્યોના સંચય પછી મળે છે. પરંતુ આપણે ગોસ્વામીજીના શબ્દોમાં પણ જોયું કે માનવતા ન પમાય ત્યાં લગી તો મોક્ષની દિશા ઊઘડે જ નહીં. ભગવાન મહાવીરે પોતે જ નિર્વાણ પામતાં પહેલાં જ અણઉકેલ્યા પ્રશ્નોના સુંદર ઉત્તરો આપ્યા. તેમાંથી શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર રચાયું છે. તેમાં ધર્મશ્રવણ પણ માનવતા પછી જ થઈ શકે છે તેમ બતાવ્યું છે. કદાચ પોતે કેવળ-જ્ઞાન પામ્યા પછી જે પ્રથમ દેશના આપી તે નિષ્ફળ ગઈ હતી, તે અનુભવે પણ આ વાત કહી હોય એ બનવા જોગ છે. ભવ્યત્વ અને મનુષ્યત્વ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ જણાતો નથી. અને આજે જ્યારે વિજ્ઞાને દુનિયાને એક કરી દીધી છે, નિકટ લાવી દીધી છે ત્યારે ધર્મનું ખેડાણ જ તે માનવજાતને પ્રાણિમાત્રના વાલીરૂપ બનાવી આખા જગતનું કાયમી પ્રેય–શ્રેય સધાવી શકશે. જેમાં પ્રાણિજાતનું આખુંયે પરિસ્થિતિ પરિવર્તન – એટલે કે પરસ્પર એક બીજાને રંજાડયા વિના ઉપયોગી થવાની વાત સહજ બને તે. વિચાર પરિ-વર્તન એટલે આખીય માનવજાત સત્ય અહિંસારૂપ ધર્મની પ્રેમી બની, તેવું આચરણ કરવા તત્પર થાય તે. તથા હૃદય પરિવર્તન – એટલે માનવોમાંથી વ્યક્તિગત એવા સજ્જન માણસો, સવિશેષ પાકે કે જેઓ પોતે તો સાચે માર્ગે વળે જ, પરંતુ બીજા માનવોને પણ સાચે માર્ગે વાળી શકે તેવા પ્રભાવશાળી બને.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આ ત્રિવેણી માટે આ અધ્યાયમાં બતાવેલાં વ્રતો અને તે પણ તે તે વ્રતોમાંના અતિચારો (દોષો) ત્યજીને સારી રીતે પળાય તે ખૂબ જરૂરી છે.

## આ અધ્યાયની સવિશેષ ખૂબીઓ

આ અધ્યાયમાં ભલે છેવટનાં બે સૂત્રોમાં પણ દાતા અને દાન એ બેની જે યોગ્યતા બતાવી છે, તે વારંવાર વિચારવા જેવી છે. કારણ કે મૂળે તો સંચય ન કરવા પર જ ભાર જૈન તત્ત્વજ્ઞાનનો છે. જેમ પુણ્યો શ્રાવક પરિશ્રમથી રોજી મેળવી પરિવાર સહિત સમતાથી જીવે છે તેમ. પરંતુ ન્યાય સંપન્ન આજીવિકા ચલાવવા છતાંય સંપત્તિ વધતી જાય તો ? એમ થાય તો પોતાને માટે મર્યાદા બાંધી લેવી અને પોતે પણ ઊંચે જાય તેવી ઉદાર ભાવનાથી તથા લેનાર પણ ગૌરવ અનુભવે અને દાન કરતાં તે દાતા પણ શીખે, એવું વાતાવરણ થાય, તે જરૂરી છે.

છઠ્ઠું અને સાતમું (તેમ જ ક્યાંક તે દશમું આવે છે તે) વ્રત દિશાની (આ દિશાએ આટલું જવું તે) મર્યાદા સૂચવે છે. વર્ષો પહેલાં 'ધર્મદૃષ્ટિએ સમાજરચના' પુસ્તકમાં દિશાની મર્યાદા એટલા માટે જૈન ધર્મે પોતાના ત્રિશલ્ય રહિત (દંભરહિત, ભૌતિક લાલસા-રહિત અને અજ્ઞાનરહિત) શ્રાવક સાધક–સાધિકા માટે બતાવી છે કે જેથી તે પોતાનાં પેટ, પહેરણ અને પથારી જ્યાં જન્મ્યો છે, ત્યાંથી જ મેળવી લે. હા, જ્ઞાનના આદાનપ્રદાન માટે જરૂર બીજા દેશોમાં, પ્રદેશોમાં જાય! જો યોગ્ય વ્યવસ્થા ગોઠવાય, એટલે કે સૌ પોત–પોતાનાં કર્તવ્યો સંભાળે તો આ સાવ સરળ થઈ શકે તેવું છે. અને નીચે નીચેથી વ્યવસ્થા વિકેન્દ્રિત ગોઠવાય, તો આ બધું આખાયે જગત માટે સાવ સરળ થઈ શકે તેવું છે.

જેમ આ અધ્યાયમાં સાધક સાધિકાઓના વ્રતોમાં આવતા અતિચારોમાં આધુનિક યુગ — ઔદ્યોગિક યુગ — ને કારણે ફેરફારો

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પણ વિચારવા જેવા છે. તેમ સમ્યક્ત્વ અથવા સમ્યગ્ દર્શન માટે 'સર્વધર્મ સમન્વય'ની પણ ખૂબ જરૂર છે. સદ્દભાગ્યે આમાં આગળ આવી ગયેલ, તે અનેકાંતવાદનું તત્ત્વ આમાં ઘણું ઉપયોગી થાય તેવું છે. ભારતમાં આવી ભૂમિકા છે પણ ખરી જ, આખાયે દુનિયામાં આ જ એક એવો દેશ છે કે જેણે બધાય ધર્મોના અને જગતની બધીય વિચારધારાઓનું મૂળભૂત સત્ત્વ સ્વીકારી વ્યક્તિગત અને સમાજગત જીવનમાં આચર્યું પણ છે, તેથી તો મહાત્મા ગાંધીજી અહીં જન્મ્યા અને તેમણે આખાય જગતમાં ભારત દ્વારા સર્વધર્મ સમન્વયની વાત વહેતી મૂકી.

અને છેલ્લે એટલું ખાસ કહેવું જોઈએ કે આ અધ્યાયમાં પાંચેય વ્રતોની વ્યાખ્યાઓ આપી છે, તે પણ ખાસ વિચારવા જેવી છે. દા.ત. પ્રમાદથી, એટલે કે આત્મહનનની સાથે પ્રાણઘાત થાય તે જ હિંસા છે. આ વ્યાખ્યાને લીધે સામાજિક ન્યાય ખાતર અને દૂરગામી હિત ખાતર કેટલીય વાર અપ્રમત્ત ભાવે (આત્મરક્ષણ સાથે) જે પ્રાણઘાત થાય તે ક્ષમ્ય માનવો જ પડે છે. આ પરથી એ પણ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે જૈન તત્ત્વજ્ઞાનમાં પણ જેમ ઊંડાણ છે, તેમ વ્યાપકતા માટેની વિચારણા પણ સ્વસ્થ, દૂરગામી અને પરિપૂર્ણ છે. જે દરેક યુગ માટે ખૂબ ઉપયોગી છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૮

## કર્મબંધ વિશ્લેષણ

### ઉપોદ્ઘાત

આ અધ્યાયમાં કુલ ૨૬ સૂત્રો છે.

એની શરૂઆત કર્મબંધનના પાંચ (મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ અને યોગ) હેતુઓથી કરીને આગળ જેમ આસ્રવ તત્ત્વનું ઝીણવટથી નિરૂપણ કર્યું, તેમ અહીં કર્મબંધન પ્રકારો મૂળે જ્ઞાનાવરણીય આદિ આઠથી માંડીને એ શાથી શિથિલ બંધાય? અને શાથી નિકાચિત (નિબિડ અથવા ગાઢ) બંધાય? તે સારી રીતે સમજાવ્યું છે. સાંખ્ય દર્શન કહે છે તેમ કર્મમાત્ર પ્રકૃતિમાં અથવા પુદ્ગલોમાં જ નથી રહેતું. પરંતુ આત્માના યોગ (મન, વચન અને કાયાથી) પ્રાયઃ બધા પ્રદેશો (સાથે અથવા બધા પ્રદેશો)માં બંધાય છે.'કર્મ' જેવા વિષય પર જૈન તત્ત્વજ્ઞાને કેવો ઝીણવટભર્યો અને સુંદર પ્રકાશ પાડ્યો છે, તે આ અધ્યાયમાં જોઈ શકીશું.

**મિથ્યાદર્શનાવિરતિપ્રમાદકષાયયોગા બન્ધહેતવઃ ॥ ૧ ॥**

સમવાયાંગ સમય ૫

**સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્ગલાનાદત્તે ॥ ૨ ॥**

સ્થાનાંકસ્થાન ૨, ઉ. ૨, તથા પ્રજ્ઞાપદ ૨૩, સૂ. ૫

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના હેતુઓ છે.

કષાયના સંબંધથી જીવ કર્મને યોગ્ય એવાં પુદ્ગલોનું ગ્રહણ કરે છે.

(અનુષ્ટુપ)

યોગ કષાય મિથ્યાત્વ અવિરતિ પ્રમત્તતા;
એ પાંચે બંધના હેતુ, આમ બંધાય બંધ આ. ૧;

સ બન્ધઃ ॥ ૩ ॥

પ્રકૃતિસ્થિત્યનુભાવપ્રદેશાસ્તદ્વિધયઃ ॥ ૪ ॥

સમવાયાંગ સમવાય ૪

તે બંધ કહેવાય છે.

પ્રકૃતિ,[1] સ્થિતિ,[2] અનુભાવ અને પ્રદેશ એ ચાર તેના અર્થાત્ બંધના પ્રકારો છે.

(અનુષ્ટુપ)

ગ્રહે જીવ કષાયોથી કર્મને યોગ્ય પુદ્ગલો;
તેમાં રસ વધુ ઓછો, કષાયે બંધ જે થતો. ૨

(માલિની)

જીવ ગ્રહણ કરે છે, કર્મ ચાર પ્રકારે,
પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશે ને વિપાક સ્વરૂપે;
તહીં પ્રકૃતિ પ્રદેશે મુખ્ય આધાર યોગ,
વળી સ્થિતિ અનુભાવે છે કષાય પ્રયોગ. ૩

---

૧. યોગની તરતમતા ઉપર જ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનો તરતમભાવ અવલંબિત છે.

૨. કષાયની તીવ્રતા મંદતા ઉપર જ સ્થિતિબંધ અને અનુભાવબંધની અધિકતા કે અલ્પતા અવલંબિત છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## આદ્યો જ્ઞાનદર્શનાવરણવેદનીયમોહનીયાયુષ્કનામ-ગોત્રાન્તરાયાઃ ॥ ૫ ॥

પ્રજ્ઞાપના પદ ૨૧, ઉ. ૧, સૂ. ૨૮૮

## પઞ્ચનવદ્વયષ્ટાવિંશતિચતુર્દ્વિચત્વારિંશદ્દ્વિપઞ્ચભેદા યથાક્રમમ્ ॥ ૬ ॥

સ્થાનાંક સ્થાન ૫, ઉ. ૩, સૂ. ૪૬૪

**પહેલો અર્થાત્ પ્રકૃતિબંધ, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ક, નામ, ગોત્ર અને અંતરાય રૂપ છે.**

**આઠ મૂળ પ્રકૃતિના અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ ભેદો છે.**

(ચોપાઇ)

જ્ઞાન દર્શન આવરણ ઉભયેય,
વેદનીય ને મોહનીય પણ તેમ;
આયુષ્ય નામ ગોત્ર અંતરાય,
એ આઠ પ્રકૃતિભેદ ગણાય. ૪

(આર્યા)

અનુક્રમથી પાંચ નવ બે,
અઠ્ઠાવીસ ને ચાર કહ્યા ભેદો;
બેંતાલીસ બે પાંચ,
આઠ કર્મ પ્રકૃતિ તેથી ચોતો. ૫

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મત્યાદીનામ્ ॥ ૭ ॥

ચક્ષુરચક્ષુરવધિકેવલાનાં નિદ્રાનિદ્રાનિદ્રાપ્રચલા-
પ્રચલાપ્રચલાસ્ત્યાનગૃદ્ધિવેદનીયાની ચ ॥ ૮ ॥

સ્થાનાંક સ્થાન ૯, સૂ. ૬૬૮

સદસદ્વેદ્યે ॥ ૯ ॥

પ્રજ્ઞાપદ ૨૩, ઉ. ૨, સૂ. ૨૯૩

મતિ વગેરે પાંચ જ્ઞાનોના આવરણો એ પાંચ જ્ઞાનાવરણ છે.

ચક્ષુર્દર્શન, અચક્ષુર્દર્શન, અવધિદર્શન અને કેવલદર્શનનાં ચાર આવરણો; તથા નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા,[1] પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ[2] એ પાંચ વેદનીય એમ નવ દર્શનાવરણીય છે.

પ્રશસ્ત — સુખવેદનીય અને અપ્રશસ્ત — દુઃખવેદનીય એ બે વેદનીય છે.

(સવૈયા એકત્રીસા)

મતિ આદિનાં પાંચ બનાવ્યાં જ્ઞાનાવરણીય કર્મ તથા,
ચક્ષુ અચક્ષુ અવધિ કેવલ નિદ્રા ને નિદ્રા-નિદ્રા;
પ્રચલા તેમ જ પ્રચલા-પ્રચલા સ્ત્યાનગૃદ્ધ એમ નવે બન્યા,
દર્શનાવરણીય કર્મતણા આ, ભેદ બતાવ્યા છે સઘળા. ૬

(અનુષ્ટુપ)

સાતા ને અસાતા એ વેદનીય પ્રકાર બે;
સત્ય અસત્ય ને મિશ્ર દર્શન મોહનીય તે. ૭

---

૧. પ્રચલા = ચાલતાં ચાલતાં નિદ્રા આવવી; ૨. સ્ત્યાનગૃદ્ધિ = એ નિદ્રામાં સહજ બળ કરતાં ઘણું બળ પ્રગટે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દર્શનચારિત્રમોહનીયકષાયનોકષાયવેદનીયાખ્યાસ્ત્રિ-
દ્વિષોડષભેદાઃ સમ્યક્ ત્વમિથ્યાત્વતદુભયાનિ કષાયનો-
કષાયાવનન્તાનુબન્ધ્યપ્રત્યાખ્યાનપ્રત્યાખ્યાનાવરણ-
સંજ્વલનવિકલ્પાશ્ચૈકશઃ ક્રોધમાનમાયાલોભા હાસ્ય-
રત્યરતિશોકભયજુગુપ્સાસ્ત્રીપુંનપુંસકવેદાઃ ॥ ૧૦ ॥
નારકતૈર્યગ્યોનમાનુષદૈવાનિ ॥ ૧૧ ॥

પ્રજ્ઞાપના પદ ૨૩, ઉ ૨

દર્શનમોહ, ચારિત્રમોહ, કષાયવેદનીય અને નોકષાય-વેદનીયના અનુક્રમે ત્રણ, બે, સોળ અને નવ ભેદો છે. જેમ કે — સમ્યકત્વ, મિથ્યાત્વ, તદુભય — સમ્યક્ત્વમિથ્યાકત્વ એ ત્રણ દર્શનમોહનીય. કષાય અને નોકષાય એ બે ચારિત્રમોહનીય.

ક્રોધ, માન, માયા અને લોભ એ પ્રત્યેક અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનરૂપે ચાર ચાર પ્રકારના હોઈ એ સોળ કષાયચારિત્રમોહનીય.

હાસ્ય, રતિ, અરિત, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ નવ નોકષાયચારિત્રમોહનીય છે.

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી એમ ચાર આયુષ છે.

(સવૈયા એકત્રીસા)

કષાય ચોકડી ચાર ચારની, અનંતાનુબંધી પે'લી,
અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની સંજ્વલન છે એ છેલ્લી;
હાસ્ય રતિ અરતિ ભય શોકે જુગુપ્સતાનો કષાય છે,
ત્રણ વેદ નર નારી નપુંસક ચારિત્ર મોહનીય પચ્ચીસ તે. ૮

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

ગતિ નારક તિર્યંચ મનુષ્ય દેવ ચાર એ;
આયુષ્ય કર્મના ભેદો જ્ઞાનીઓએ કહ્યા ખરે. ૯

ગતિજાતિશરીરાઙ્ગોપાઙ્ગનિર્માણબન્ધનસંઘાતસંસ્થાન-સંહનનસ્પર્શરસગન્ધવર્ણાનુપૂર્વ્યગુરુલઘૂપઘાતપરા-ઘાતાતપોદ્યોતોચ્છ્વાસવિહાયોગતયઃ પ્રત્યેકશરીર-ત્રસસુભગસુસ્વરશુભસૂક્ષ્મપર્યાપ્તસ્થિરાદેયયશાંસિ સેતરાણિ તીર્થકૃત્વં ચ ॥ ૧૨ ॥

ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, વિહાયોગતિ, અને પ્રતિપક્ષ સહિત અર્થાત્ સાધારણ અને પ્રત્યેક, સ્થાવર અને ત્રસ, દુર્ભગ અને સુભગ, દુઃસ્વર અને સુસ્વર, અશુભ અને શુભ, બાદર અને સૂક્ષ્મ, અપર્યાપ્ત અને પર્યાપ્ત, અસ્થિર અને સ્થિર, અનાદેય અને આદેય, અયશ અને યશ તેમ જ તીર્થંકરપણું એ બેંતાલીસ પ્રકારનું નામકર્મ છે.

(શાર્દૂલ વિક્રીડિત)

અંગોપાગ શરીર બંધન તથા સંઘાત સંસ્થાનથી,
ને ઉચ્છવાસ જ ઉપઘાત ગતિ છે નિર્માણ તીર્થંકરે;
વિહાયોગતિ વર્ણ સ્થાવર-ત્રસોને સૂક્ષ્મ કે બાદર,
પ્રત્યેક સ્થિર-અસ્થિરે સુભગ ને પર્યાપ્ત ને ઊલટ. ૧૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ઉચ્ચૈર્નીચૈશ્ચ ॥ ૧૩ ॥

દાનાદીનામ્ ॥ ૧૪ ॥

પ્રજ્ઞાપના પદ ૨૩, ઉ. ૨૨, સૂ. ૨૯૩

આદિતસ્તિસૃણામન્તરાયસ્ય ચ ત્રિંશત્સાગરોપમ-
કોટીકોટ્યઃ પરા સ્થિતિઃ ॥ ૧૫ ॥

ઉત્તરાધ્યયન, સૂ. ૩૩

સપ્તતિર્મોહનીયસ્ય ॥ ૧૬ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર ૩૩, ગાથા ૨૧

**ઉચ્ચ અને નીચ એ બે પ્રકાર ગોત્રના છે.**
**દાન વગેરેના પાંચ અંતરાયો છે.**

**પહેલી ત્રણ પ્રકૃતિઓ અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીય તથા અંતરાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોટીકોટી સાગરોપમ પ્રમાણ છે.**

**મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટીકોટી સાગરોપમ પ્રમાણ છે.**

ને સાધારણ દુઃસ્વર સુસ્વર ને શુભાશુભે દુર્ભગ,
આદેયં ઊલટુંય સંહનનને જાતિયશઃ કીર્તિદ;
ને તેથી ઊલટું અગુરુલઘુને ઉદ્યોતને આતપ,
આનુપૂર્વીક ગંધ સ્પર્શ રસ ને તેવું પરાઘાતક. ૧૧

(અનુષ્ટુપ)

બેંતાલીસ થયા ભેદ પ્રકૃતિ નામ કર્મના,
ગોત્રકર્મ ઊંચું નીચું એમ બે માત્ર ભેદ ત્યાં. ૧૨

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દાને લાભે તથા ભોગે વીર્યમાં ઉપભોગમાં,
અંતરાયો કરે પાંચે તે અંતરાય કર્મ આ. ૧૩

(વસંતતિલકા)

પે'લી ત્રણે પ્રકૃતિ આઠમી અંતરાય;
ઉત્કૃષ્ટ સૌની સ્થિતિ કોટીકોટી ત્રીસ;
છે સાગરોપણ પ્રમાણ સ્થિતિજ શ્રેષ્ઠ;
સિત્તેર કોટી વળી કોટી જ મોહનીય. ૧૪

## નામગોત્રયોર્વિંશતિ: ॥ ૧૭ ॥

ઉત્તરાધ્યયન, સૂત્ર ૩૩, ગાથા ૨૩

## ત્રયસ્ત્રિંશત્સાગરોપમાણ્યાયુષ્કસ્ય ॥ ૧૮ ॥

ઉત્તરાધ્યયન, સૂત્ર ૩૩, ગાથા ૨૨

## અપરા દ્વાદશમુહૂર્તા વેદનીયસ્ય ॥ ૧૯ ॥

પ્રજ્ઞાપના પદ ૨૩. ઉ. ૨, સૂ. ૨૯૩

## નામગોત્રયોરષ્ટૌ ॥ ૨૦ ॥

ભગવતી સૂત્ર. શતક ૬, ઉ. ૩, સૂ. ૨૩૬

નામ અને ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોટીકોટી સાગરોપમ પ્રમાણ છે.

આયુષની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમ પ્રમાણ છે.

જઘન્ય સ્થિતિ વેદનીયની બાર મુહૂર્ત પ્રમાણ છે.

નામ અને ગોત્રની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત પ્રમાણ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

કોટી કોટી સ્થિતિ વીસ ઉત્કૃષ્ટી નામ ગોત્રની;
ને સિંધૂપમ તેત્રીસ તે પ્રમાણે જ આયુની. ૧૫
જઘન્ય બાર મુહૂર્ત સ્થિતિ છે વેદનીયની,
નામે ગોત્રે જઘન્યે છે સ્થિતિ આઠ મુહૂર્તની. ૧૬

શેષાણામન્તર્મુહૂર્તમ્ ॥ ૨૧ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૩૩, ગાથા ૧૯-૨૨

વિપાકોऽનુભાવઃ ॥ ૨૨ ॥

વ્યા. પ્ર. શ. ૧, ઉ. ૧, સૂ. ૧૧

સમવાયાંગ વિપાકશ્રુતવર્ણન

**બાકીનાં પાંચે અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય અને આયુષની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.**

**વિપાક એટલે વિવિધ પ્રકારનાં ફળ આપવાની શક્તિ તે અનુભાવ કહેવાય છે.**

(શાલિની)

પે'લાં બેને આઠમું ચોથું જેમ,
કાલ સ્થિતિ પાંચમાનીય તેમ;
ઓછામાં તે ઓછી અંતર્મુહૂર્ત,
સૌની મધ્યસ્થિતિ કાષાય તુલ્ય.[1] ૧૭

---

૧. મધ્યસ્થિતિ આઠેય કર્મની અસંખ્યાત પ્રકારની છે. અને તેના અધિકારીઓ કાષાયિક પરિણામના તારતમ્ય પ્રમાણે અસંખ્યાત હોય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સ યથાનામ ॥ ૨૩ ॥

તતશ્ચ નિર્જરા ॥ ૨૪ ॥

નામપ્રત્યયાઃ સર્વતો યોગવિશેષાત્ સૂક્ષ્મકક્ષેત્રાવગાઢસ્થિતાઃ સર્વાત્મપ્રદેશેષ્વનન્તાનન્તપ્રદેશાઃ ॥ ૨૫ ॥

ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૩૩, ગાથા ૧૭-૮

સદ્વેદ્યસમ્યક્ત્વહાસ્યરતિપુરુષવેદશુભાયુર્નામગોત્રાણિ પુણ્યમ્ ॥ ૨૬ ॥

પ્રજ્ઞાપનાસૂત્ર, પદ ૨૩, ઉ. ૧ તથા
સ્થાનાંગ સ્થાન ૧, સૂ. ૧૬

**તે અનુભાવ જુદાં જુદાં કર્મની પ્રકૃતિ કે સ્વભાવ પ્રમાણે વેદાય છે.**

**તે વેદનથી નિર્જરા થાય છે.**

**કર્મ(પ્રકૃતિ)ના કારણભૂત, સૂક્ષ્મ, એક ક્ષેત્રને અવગાહીને રહેલા અને અનંતાનંત પ્રદેશવાળા પુદ્ગલો યોગવિશેષથી બધી તરફથી બધા આત્મપ્રદેશમાં બંધાય છે.**

**સાતવેદનીય, સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભ આયુ, શુભ નામ અને શુભ ગોત્ર એટલી પ્રકૃતિઓ જ પુણ્યરૂપ છે; બાકીની બધી પાપરૂપ છે.**

(સવૈયા એકત્રીસા)

જુદાં જુદાં ફળ દે તે શક્તિ અનુભાવ કહેવાયે છે,
પ્રકૃતિ ને સ્વભાવ થકી તે વિવિધ કર્મે વેદે છે;
તે વેદનથી થાય નિર્જરા પ્રકૃતિનો સંક્રમ થાતો,
છતાં મૂળમાં રહે પ્રકૃતિ એ જ નિયમ ત્યાં સચવાતો. ૧૮



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ત્રણે દિશાના આત્મપ્રદેશે પુદ્ગલો સ્થિર થતાં જે જે,
સૂક્ષ્મ છતાંયે અનંતાનંતએ બંધાય કર્મો ગ્રહણ થયે;
જેવી કક્ષા હોય જીવની, તેવા તેને બંધાયે;
સ્થિરતા પામે કર્મ સ્કંધ જે, તે જ કર્મરૂપે થાયે. ૧૯
સાતા વેદનીય સમ્યક્ મોહનીય પુરુષવેદને હાસ્ય રતિ,
નામ ગોત્ર આયુષ્ય શુભ પુણ્ય બેંતાલીસ છે પ્રકૃતિ;
બાકી બ્યાશી કર્મ–પ્રકૃતિ પાપરૂપ તે ખસૂસ થતી,
એકસો ચોવીસ બે વિભાગે પાપ પુણ્ય પ્રકૃતિ બનતી. ૨૦

## ઉપસંહાર

ઈશ્વરને જગતકર્તા માનવાથી એમનામાં પણ રાગ દ્વેષાદિનો સંભવ ઊભો થાય ! વળી 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' એ ઉક્તિ પ્રમાણે જીવમાત્રમાં એકસરખી યોગ્યતા છે, એવા મૂળભૂત વ્યક્તિસ્વાતંત્ર્યને પણ બાધ ન આવે, તે રીતે આ દેશમાં શરૂ શરૂમાં આર્ય–આર્યેતરના મેળાપ વખતે ઈશ્વર કર્તૃત્વવાદ ચાલ્યો હશે. પરંતુ જેમ જેમ ધર્મનો વિકાસ થયો અને ઊંડાણ આવ્યું ત્યારથી કર્મનું તત્ત્વજ્ઞાન સારી પેઠે પાંગર્યું. આ કર્મના તત્ત્વજ્ઞાનમાં પણ મુખ્ય ફાળો તો જૈન તત્ત્વજ્ઞાનનો હોય તેમ જણાઈ રહે છે.

'જૈન દૃષ્ટિએ ગીતાદર્શન'માં આથી જ મેં વિશ્વગ્રંથ ગીતાનો આત્મા જૈન ધર્મીય દર્શાવ્યો છે. ગીતામાં ઠેર ઠેર જેમ અનેકાંતવાદ છે. દા. ત. ત્રીજા અધ્યાયનો — सांख्य योगो पृथग् बालावाळो શ્લોક એ સૂચવે છે, તેમ પાંચમા અધ્યાયના ૧૪મો અને ૧૫મો એ બે શ્લોક સ્પષ્ટપણે કર્મના તત્ત્વજ્ઞાનનું જ પ્રતિપાદન કરે છે.

ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ
ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ।।
નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ
અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ।।

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આ અધ્યાયના સૂત્રોની ખૂબી એ છે કે એણે ગીતાએ કહેલ મોહના મુખ્ય બે ભેદ પાડ્યા, (મોહનીય કર્મમાંના) દર્શનમોહ અને ચારિત્રમોહ અને ક્રોધ, માન, માયા અને લોભની ચાર ચાર કષાયની ચાર ચોકડીઓ ઉપરાંત હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને સ્ત્રીવેદ, પુરુષવેદ તથા નપુંસક વેદરૂપ નવ નોકષાયો (કષાય સમર્થક દોષ)ને પણ એ રીતે જોડી દીધા, કે શ્રીમદ્ કહે છે :

"મોહ ખરેખર સ્વયંભૂ રમણ સમુદ્ર જેવો વિશાળ અને ગહનથીયે ગહન છે." તેની ખાતરી થાય. ઉપરાંત કાયા કરતાં વચનથી અને વચન કરતાંય મનથી કેટલીક વાર કેટલાં ઊંડાં અને ગાઢ કર્મો બંધાય છે, તે વિચારતાં થાકી જવાય એવું છે. પણ આ વિષય એટલો બધો રસમય બની જાય છે કે એ વિચારમાં લયલીન પણ થઈ જવાય એવું છે. દા. ત. જૈન આગમો એક તંદુલિયા મચ્છનો દાખલો આપે છે. ત્યાં કહે છે કે એ વિશાળકાય મહામચ્છ કરતાંય એ મહામચ્છની આંખોની પાંપણમાં રહેલો ચોખાના દાણા જેવો મચ્છ માત્ર મનથી એટલાં બધાં કર્મો બાંધી નાખે છે કે પેલો મહામચ્છ પ્રત્યક્ષ પોતાની મહાકાયાથી ખોરાકમાં માછલાંઓની હિંસા કરી ભોગવીને જો છઠ્ઠી નરકમાં જાય, તો પેલો માત્ર મનના વિચારે એના કરતાંયે નીચે સાતમી નરકમાં જઈ શકે છે. મતલબ, તમે કર્મ કાયાથી કરો છો, વચનથી કરો છો કે મનથી કરો છો એ સાથે કર્મ બંધનને ગૌણ નિસ્બત છે; મુખ્ય નિસ્બત છે, તમે તમારા મનમાં કર્મ પર કેટલી આસક્તિ ધરાવો છો !

આથી જ ગીતા જે કર્મયોગ પર ભાર આપે છે તે જ સાચો રસ્તો સિદ્ધ થાય છે. આ યુગના સમાજગત સાધનાને બહાર લાવનાર મહાત્મા ગાંધીજી સાચા અને મહાન વ્યવહારુ કર્મયોગી આ રસ્તે જ બની શક્યા હતા.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૯

## સંવર – સુધ્યાન – નિર્જરા – અનુક્રમ

### ઉપોદ્ઘાત

આ અધ્યાયમાં કુલ ૪૯ સૂત્રો છે. આ અધ્યાય આસ્રવના નિરોધ (નિવારણ) રૂપી સંવરથી શરૂ થાય છે. પણ સંવર એટલે તો આવતાં નવાં કર્મો રોકાય, પરંતુ જૂનાં અનંતકાળનાં સત્તામાં પડ્યાં છે, તેમનું શું? તે માટે આભ્યંતર અને બાહ્ય તપ બતાવ્યાં. જેમ સાતમા અધ્યાયમાં વ્રતનિરૂપણ આવ્યું, તો અહીં ગુપ્તિ (મન, વચન કાયા સંયમિત બનાવી દેવાં તે) સમિતિ (સમિતિ એટલે બોલવામાં ચાલવામાં, મૂકવામાં ફેંકવામાં વગેરે ક્રિયાઓમાં વિવેક) ધર્મ, પરીષહ (બાવીસ પ્રકારના) (અનાયાસે કે આયાસે આવેલાં કષ્ટ પ્રેમથી સહેવાં તે) વ. બતાવ્યાં. તેમ જ એ બધાના ઝીણવટથી પ્રકારો પણ સમજાવ્યા છે. છેવટે ધ્યાન તથા વિકાસ ભૂમિકાઓના ગુણસ્થાનકરૂપે આત્માનો આરોહણ ક્રમ બતાવી, સાધુઓના વિવિધ પ્રકારો સમજાવી જાણે પ્રત્યક્ષ સદ્ગુરુનું સર્વોચ્ચ મહત્ત્વ બતાવી દીધું હોય, તેમ અહીં જણાય છે. હવે તે ક્રમશઃ અહીં જોઈએ :

**આસ્રવનિરોધઃ સંવરઃ ॥ ૧ ॥**

સ્થાનાંક સ્થાન ૧, ઉત્તરાધ્યયન અ. ૨૯, સૂ. ૧૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## સ ગુપ્તિસમિતિધર્માનુપ્રેક્ષાપરીષહજયચારિત્રૈ: ॥ ૨ ॥

સ્થાનાંગ વૃત્તિ સ્થાન ૧

## તપસા નિર્જરા ચ ॥ ૩ ॥

ઉત્તરા. અ. ૩૦ ગાથા ૬

## સમ્યગ્યોગનિગ્રહો ગુપ્તિ: ॥ ૪ ॥

ઉત્તરાધ્યયન, અ. ૨૪, ગાથા ૨૬

## ઈર્યાભાષૈષણાદાનનિક્ષેપોત્સર્ગા: સમિતય: ॥ ૫ ॥

સમવાયાંગ સમવાય ૫

આસ્રવનો નિરોધ તે સંવર.

ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય અને ચારિત્ર વડે તે અર્થાત્ સંવર થાય છે.

તપ વડે સંવર અને નિર્જરા થાય છે.

પ્રશસ્ત એવો યોગનો નિગ્રહ તે ગુપ્તિ.

સમ્યગ્ અર્થાત્ નિર્દોષ ઈર્યા, સમ્યગ્ ભાષા, સમ્યગ્ એષણા, સમ્યગ્ આદાનનિક્ષેપ અને સમ્યગ્ ઉત્સર્ગ એ પાંચ સમિતિઓ છે.

(મંદાક્રાંતા)

પાપો પુણ્યો અશુભ-શુભ એ આસ્રવે બંધભાન,
જો રોકે સંવર કરણિથી તો વધે ગુણસ્થાન;
ત્યાં ત્રિગુપ્તિ[૧] વળી સમિતિ છે પાંચ ને ધર્મશિષ્ટ,
ચારિત્રો ને પરીષહ જયો ભાવનાઓ વિશિષ્ટ. ૧.

---

૧. ગુપ્તિમાં અસત્ક્રિયાનો નિષેધ મુખ્ય છે અને સમિતિમાં સત્ક્રિયાની પ્રવૃત્તિ મુખ્ય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

સંવર તપથી તેમ, થાય છે નિર્જરા પણ;
ગુપ્તિ એ જ કે'વાય, પ્રશસ્ત[1] યોગનિગ્રહ. ૨

(ઉપજાતિ)

નિર્દોષ ઈર્યા, વળી ત્યાગ સમ્યગ્,
આદાન, નિક્ષેપ વળી ગણાય;
ભાષાય સમ્યગ્ મળી પાંચ શુદ્ધ,
સમિતિ પ્રવૃત્તિ વિવેકયુક્ત. ૩

## ઉત્તમ: ક્ષમામાર્દવાર્જવશૌચસત્યસંયમતપસ્ત્યાગા-કિઞ્ચન્યબ્રહ્મચર્યાણિ ધર્મ: ॥ ૬ ॥

સમવાયાંગ સમવાય ૧૦

**ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો ઉત્તમ ધર્મ છે.**

(વસંતતિલકા)

શૌચ, ક્ષમા, મૃદુપણું, ઋજુતા, સુસત્ય,
ને ત્યાગ સંયમ, ગુરુકુલવાસ[2] તત્ત્વં;
છે ધર્મ શ્રેષ્ઠ, તપ જે વળી આકિંચન્ય,[3]
જેથી કષાય ટળવા બનતા સુશક્ય. ૪

---

૧. પ્રશસ્ત એટલે સમજીને શ્રદ્ધાપૂર્વક સ્વીકારેલો નિગ્રહ.

૨. અહીં બ્રહ્મ એટલે ગુરુકુલ અને ચર્યા એટલે વસવું, આમાં બ્રહ્મચર્ય જેવો મોટો શબ્દ મૂકવાનું કારણ એ કે, ગુરુકુલમાં રહેવાથી ચોથા વ્રતમાંની પાંચ ભાવનાઓને સારી રીતે કેળવવાની તાલીમ મળે છે.

૩. આકિંચન્ય = કોઈ પણ વસ્તુમાં મમત્વબુદ્ધિ ન રાખવી તે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અનિત્યાશરણસંસારૈકત્વાન્યત્વાશુચિત્વાસ્રવસંવર-
નિર્જરાલોકબોધિદુર્લભધર્મસ્વાખ્યાતત્વાનુ-
ચિન્તનમનુપ્રેક્ષા:[1] ॥ ૭ ॥

**અનિત્યનું, અશરણનું, સંસારનું, એકત્વનું, અન્યત્વનું અશુચિનું, આસ્રવનું, સંવરનું, નિર્જરાનું, લોકનું, બોધિદુર્લભત્વનું અને ધર્મના સ્વાખ્યાતત્વનું જે અનુચિંતન, તે અનુપ્રેક્ષા.**

(સવૈયા એકત્રીસા)

અનિત્ય, અશરણ, વળી સાંસારિક, એકત્વ ને અન્યત્વ,
અશુચિ, આસ્રવ, સંવર, વળી તે, લોક, બોધિ, દુર્લભ જ તથા;
ધર્મ, નિર્જરા, બાર ભાવના, અનુપ્રેક્ષા પણ એ જ કહી,
જે ચિંતનથી સંવર કરણિ, થાય ઘનિષ્ઠ વળી સઘળી. ૫

માર્ગાચ્યવનનિર્જરાર્થં પરિસોઢવ્યાઃ પરીષહા: ॥ ૮ ॥

ઉત્તરાધ્યયન અ. ૨ પ્રથમ પાઠ

ક્ષુત્પિપાસાશીતોષ્ણદશમશકનાગ્ન્યારતિસ્ત્રીચર્યા-
નિષદ્યાશય્યાક્રોશવધયાચનાલાભરોગતૃણસ્પર્શ મલ-
સત્કારપુરસ્કારપ્રજ્ઞાજ્ઞાનાદર્શનાનિ ॥ ૯ ॥

સૂક્ષ્મસંપરાયચ્છદ્મસ્થ વીતરાગયોશ્ચતુર્દશ ॥ ૧૦ ॥

**માર્ગથી ચ્યુત ન થવા અને કર્મ ખપાવવા માટે જે સહન કરવા યોગ્ય છે તે પરીષહ.**

---

૧. સ્થાનાંક, સૂત્ર કૃતાંગ અને ઉત્તરાધ્યયન, આ ત્રણે સૂત્રોમાં અનુપ્રેક્ષા અથવા ભાવનાનાં પ્રતિપાદક સૂત્રો અને ગાથાઓ છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ક્ષુધાનો, તૃષાનો, શીતનો, ઉષ્ણનો, દંશમશકનો, નગ્નત્વનો, અરતિનો, સ્ત્રીનો, ચર્યાનો, નિષદ્યાનો, શય્યાનો, આક્રોશનો, વધનો, યાચનાનો, અલાભનો, રોગનો, તૃણ-સ્પર્શનો, મલનો, સત્કારપુરસ્કારનો, પ્રજ્ઞાનો, અજ્ઞાનનો અને અદર્શનનો પરીષહ એમ કુલ બાવીસ પરીષહ છે.

સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થ વીતરાગમાં ચૌદ પરીષહો સંભવે છે.

(સવૈયા એકત્રીસા)

ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, નગ્ન,[1] દંશ-મશક, અરતિ અહો;
સ્ત્રીને, નિષદ્યા, ચર્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના વહો;
અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલત્વ, પુરસ્કાર—સત્કાર રહો;
પ્રજ્ઞા ને અજ્ઞાન, અદર્શન, જૈન નિર્જરા પરીષહો. ૬

---

૧. ખરી રીતે નગ્નપણાને સમભાવપૂર્વક સહન કરવું, તે જ નગ્નત્વ પરીષહ છે. આ માટે જૈન આગમોમાં સ્થવિરકલ્પ અને જિનકલ્પ એવી બે સાધનાઓ હતી. જેને લીધે નગ્નત્વ પરીષહની બંને બાજુઓ જળવાતી. કારણ કે જિનકલ્પી સાધનામાં રહેલા સાધુઓ દિગંબર તરીકે જંગલમાં રહેતા અને સ્થવિરકલ્પી સાધનામાં રહેલા સાધુઓ વસ્તીમાં વિચરતા. પાછળથી આ બંને સંપ્રદાયો રૂપે જુદા થયા છે.

સ્વપર શ્રેયને માટે વસ્તીમાં વિચરવું પણ અનિવાર્ય હોઈ ત્યાં ભાવથી નગ્નત્વ અને દ્રવ્યથી મૂર્છારહિતપણે વસ્ત્ર ધરવાં તે પણ નગ્નત્વ ગણવું એ જરૂરી જણાય છે. એવું જ ક્ષુધા પરીષહની બાબતમાં. દિગંબર સંપ્રદાય કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરો પણ કોળિયાથી આહાર કરતા નથી એમ માને છે. અને સ્ત્રીઓને માટે વસ્ત્ર અનિવાર્ય હોવાથી સ્ત્રી સાધુ પણ ન બની શકે અને તીર્થંકરપણું ન પામે તેવું માને છે. જ્યારે શ્વેતાંબર સંપ્રદાય, આ બધા પરીષહોમાં મુખ્ય ભાવપણું સ્વીકારતો હોઈ એ બધા પરીષહોનો અંગીકાર કરવામાં કશી હાનિ જોતો નથી.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

અધિકારી પરત્વેને, ચૌદ પરીષહો[1] રહ્યા;
સૂક્ષ્મ સંપરાયેને, છદ્મસ્થ વીતરાગને. ૭

એકાદશ જિને ॥ ૧૧ ॥

બાદરસંપરાયે સર્વે ॥ ૧૨ ॥

**જિનમાં અગિયાર સંભવે છે.**

**બાદરસંપરાયમાં બધા અર્થાત્ બાવીશે સંભવે છે.**

અગિયાર જિને કિંતુ, નવમ ગુણસ્થાન જ્યાં,
ત્યાં પરીષહ બાવીસ, બાદર સંપરાયમાં.[2] ૮

જ્ઞાનાવરણે પ્રજ્ઞાજ્ઞાને ॥ ૧૩ ॥

દર્શન મોહાન્તરાયયોરદર્શનાલાભૌ ॥ ૧૪ ॥

ચારિત્રમોહે નાગ્ન્યારતિસ્ત્રીનિષદ્યાક્રોશયાચના-
સત્કારપુરસ્કારાઃ ॥ ૧૫ ॥

**જ્ઞાનાવરણરૂપ[3] નિમિત્તથી પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ થાય છે.**

---

૧. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, પ્રજ્ઞા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ, અજ્ઞાન અને અલાભ એ ચૌદ પરીષહો સૂક્ષ્મ સંપરાય, (દશમું) ઉપશાંત, મોહનીય (અગિયારમું) અને ક્ષીણ મોહનીય (બારમું) ગુણ સ્થાનકમાં સંભવે છે.

૨. બાદર સંપરાય નામના નવમા ગુણસ્થાનકમાં બાવીસેય પરીષહો સંભવે છે.

૩. જ્ઞાનાવરણ, એ પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહનું નિમિત્ત છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

દર્શનમોહ[1] અને અંતરાયકર્મથી અનુક્રમે અદર્શન અને અલાભ પરીષહ થાય છે.

ચારિત્રમોહથી[2] નગ્નત્વ, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કારપુરસ્કાર પરીષહ થાય છે.

(સવૈયા એકત્રીસા)

જ્ઞાનાવરણ નિમિત્તે, પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ બે,
દર્શનમોહથકી જ, અદર્શન, અંતરાયથી અલાભ છે;
નગ્નત્વ, સ્ત્રી, અરતિ, નિષદ્યા, યાચના જ આક્રોશ તથા,
ન ખિન્ન થાવું, ના ફુલાવું, ચારિત્ર મોહે સાત કહ્યાં. ૯

## વેદનીયે શેષાઃ ॥ ૧૬ ॥

## એકાદયો ભાજ્યા યુગપદેકોનવિંશતેઃ * ॥ ૧૭ ॥

બાકીના બધા વેદનીયથી થાય છે.

એક સાથે એક આત્મામાં એકથી માંડી ૧૯ સુધી પરીષહો વિકલ્પે સંભવે છે.

(અનુષ્ટુપ)

બાકી બીજા અગિયાર, વેદનીય[3] થકી ગણો;
ઓગણીસ[4] રહે સાથે, વિકલ્પે એક જીવમાં. ૧૦

---

૧. દર્શનમોહ એ અદર્શનનું અને અંતરાય એ અલાભ પરીષહનું કારણ છે.

૨. ચારિત્રમોહ એ સાત પરીષહનું કારણ છે.

૩. વેદનીય કર્મ સર્વજ્ઞમાં સંભવતા અગિયાર પરીષહોનું કારણ છે.

૪. બાવીસ પરીષહોમાં એક જ સમયે પરસ્પર વિરોધી પરીષહો આવી શકે નહીં. માટે એક જીવમાં એક સાથે વધુમાં વધુ ઓગણીસ પરીષહોનો સંભવ જણાવાયો છે.

* સૂત્ર ૧૦ થી ૧૭ માટે— વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૮, ઉ. ૮, સૂ. ૩૪૩

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સામાયિકચ્છેદોપસ્થાપ્યપરિહારવિશુદ્ધિસૂક્ષ્મસંપ-
રાયયથાખ્યાતાનિ ચારિત્રમ્ ॥ ૧૮ ॥

ઉત્તરાધ્યયન અ. ૨૮, ગાથા ૩૨-૩.

**સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ-સંપરાય અને યથાખ્યાત[1] એ પાંચ પ્રકારનું ચારિત્ર[2] છે.**

(સવૈયા એકત્રીસા)

સામાયિકને, છેદોપસ્થાપન, પરિહાર વિશુદ્ધિ તથા,
સૂક્ષ્મસંપરાયો ત્યાં ચોથું, યથાખ્યાત પાંચમું યથા;
એ પાંચે ચારિત્રો ક્રમથી, મોક્ષમાર્ગ સોપાન બને,
તપ પણ કર્મ ક્ષયે ઉપયોગી, બાહ્યાભ્યંતર બેય રીતે. ૧૧

અનશનાવમૌદર્યવૃત્તિપરિસંખ્યાનરસપરિત્યાગવિ-
વિક્તશય્યાસનકાયક્લેશા બાહ્યં તપઃ ॥ ૧૯ ॥
પ્રાયશ્ચિત્તવિનયવૈયાવૃત્ત્યસ્વાધ્યાયવ્યુત્સર્ગધ્યાના-
ન્યુત્તરમ્ ॥ ૨૦ ॥

વ્યાખ્યા પ્ર. શ. ૨૫, ઉ. ૭, સૂ. ૮૦૨.

**અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશ એ બાહ્ય તપ છે.**

**પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ આભ્યંતર તપ છે.**

---

૧. જેમાં કોઈ પણ કષાય ઉદીયમાન નથી જ હોતો, તે યથાખ્યાત અથવા તથાખ્યાત કે વીતરાગ ચારિત્ર કહેવાય છે.

૨. આત્મિક શુદ્ધદશામાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો તે ચારિત્ર.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

અનશન, ઉણોદરી, રસત્યાગી, વૃત્તિ સંક્ષેપ વળી કરવો,
કાયક્લેશ, એકાંતપ્રિયતા, છયે ગણાતાં બાહ્ય તપો;
પ્રાયશ્ચિત્ત ને વિનય, સુસેવા, સ્વાધ્યાય ને ધ્યાન તથા,
કાયોત્સર્ગની[1] સદા સજાવટ, આભ્યંતર તપ છ એ રહ્યાં. ૧૨

નવચતુર્દશપઞ્ચદ્વિભેદં યથાક્રમં પ્રાગ્ધ્યાનાત્ ॥ ૨૧ ॥
આલોચનપ્રતિક્રમણતદુભયવિવેકવ્યુત્સર્ગ તપશ્છેદ-
પરિહારોપસ્થાપનાનિ ॥ ૨૨ ॥

સ્થાનાંક સ્થાન ૯, સૂ. ૬૮૮

**ધ્યાન પહેલાંના આભ્યંતર તપના અનુક્રમે નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદ છે.**

**આલોચન, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન એ નવ પ્રકાર પ્રાયશ્ચિત્તના છે.**

(આર્યાગીતિ)

ધ્યાન[2] પે'લાંના પાંચ,
આભ્યંતર તપ તણા કહે ભેદો;
નવ, ચાર, દશ ને પાંચ,
અનુક્રમે ત્યાં વળી રહ્યા બે તો. ૧૩

(સવૈયા એકત્રીસા)

આલોચન, પ્રતિક્રમણ, તદુભયે, વિવેક ને વ્યુત્સર્ગ વળી,
તપશ્છેદને પરિહાર એ, ઉપસ્થાપના થાય ખરી;

---

૧. કાયોત્સર્ગ = અહંતા અને મમત્વનો ત્યાગ કરવો તે.

૨. ચિત્તના વિક્ષેપોના ત્યાગ કરવાની ધ્યાનની સ્થિતિ તે સ્વદોષ નિરીક્ષણ, બીજાના ગુણોનું બહુમાન, માનસિક સેવા, શારીરિક સેવા, જ્ઞાનપ્રાપ્તિનો સફળ પ્રયાસ અને અહંતા તથા મમતાનો ત્યાગ કર્યા પછી જ આવી શકે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

નવ પ્રકારનાં આ પ્રાયશ્ચિત, ભૂલ ન થાયે ફરી જરી,
તે માટે આ વ્યવસ્થિત છે, આત્મદર્દ ઔષધિ મળી. ૧૪

જ્ઞાનદર્શનચારિત્રોપચારાઃ ॥ ૨૩ ॥

આચાર્યોપાધ્યાયતપસ્વિશૈક્ષકગ્લાનગણકુલસંઘ-
સાધુસમનોજ્ઞાનામ્ ॥ ૨૪ ॥

વાચનાપ્રચ્છનાનુપ્રેક્ષામ્નાય ધર્મોપદેશાઃ ॥ ૨૫ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૨૫, ઉ. ૭, સૂ. ૮૦૨

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને ઉપચાર એ ચાર પ્રકાર વિનયના છે.

આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, ગણ, કુલ સંઘ, સાધુ અને સમનોજ્ઞ એમ દશ પ્રકારે વૈયાવૃત્ત્ય છે.

વાચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એ પાંચ સ્વાધ્યાયના ભેદો છે.

(વંશસ્થ)

જે જ્ઞાન ને દર્શન સાચવે યથા,
ચારિત્રને તેમ જ જાળવે તથા;
સદ્ગુણ શ્રેષ્ઠે ઉપચાર યોગ્ય જે,
ચાર પ્રકારે વિનયો ગણાય તે. ૧૫

(શિખરીણી)

ઉપાધ્યાયે, જ્ઞાને, ગણ વળી તપસ્વી પ્રતિ થતી,
સમનોજ્ઞાનાદિ, ગુણ વિષયમાં, શૈક્ષજનની;[1]

---

૧. જે નવ દીક્ષિત હોઈ શિક્ષણ મેળવવાનો ઉમેદવાર હોય તે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સુસેવા ગ્લાનોની,[૧] જિનમુનિ સુસંઘો તણી વળી,
કુલે ને આચાર્યે, દશવિધ થતી એવી રીતથી. ૧૬

(અનુષ્ટુપ)

આમ્નાય ને અનુપ્રેક્ષા, વાચના પૃચ્છના અને;
ધર્મોપદેશ એવા છે, સ્વાધ્યાય ભેદ પાંચ તે. ૧૭

## બ્રાહ્યાભ્યન્તરોપધ્યોઃ ॥ ૨૬ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શતક ૨૫ ઉ. ૭, સૂ. ૮૦૨

## ઉત્તમસંહનનસ્યૈકાગ્રચિન્તાનિરોધો ધ્યાનમ્[૨] ॥ ૨૭ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૨૫, ઉ. ૬, સૂ. ૭૭૦

## આમુહૂર્તાત્ ॥ ૨૮ ॥

સ્થાનાંગવૃત્તિસ્થાન ૪, ઉ. ૧, સૂ ૨૪૭

**બાહ્ય અને આભ્યંતર ઉપાધિનો ત્યાગ એમ બે પ્રકારનો વ્યુત્સર્ગ છે.**

**ઉત્તમ સંહનનવાળાનું જે એક વિષયમાં અંતઃકરણની વૃત્તિનું સ્થાપન તે ધ્યાન.**

**તે મુહૂર્ત સુધી એટલે અંતર્મુહૂર્ત પર્યંત રહે છે.**

(સવૈયા)

આંતર બાહ્ય વસ્તુનો, ત્યાગ, સુત્યાગની સ્થિતિ;
અહંતા મમતા બન્ને, થાય નિવૃત્ત જેહથી. ૧૮

---

૧. રોગ વગેરેથી ક્ષીણ હોય તે ગ્લાન. આ માટે ભગવાન મહાવીરે એટલી હદ સુધી કહ્યું કે — જે ગ્લાનની સહૃદય સેવા કરે છે, તે મારી જ સેવા કરે છે.

૨. આ સૂત્રોમાં ધ્યાનના જે અધિકારીઓ આપ્યા છે, તે સંહનનનો શાસ્ત્રીય વ્યાખ્યા પ્રમાણે ન હોય તો પણ તેવા ભાવવાળાઓને, તે ધ્યાન પ્રાપ્ત થઈ શકે છે. કારણ કે જૈન તત્ત્વનો મુખ્ય ઝોક ભાવ ઉપર છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા)

અર્ધ વજ્રઋષભને, પૂરણ વજ્રઋષભનારાચ ત્રણે,
સંહનનો તે શ્રેષ્ઠ ગણાતાં, તેના અધિકારી જનને;
વધુમાં વધુ સ્થિર રહે એક વિષયે, આંતરવૃત્તિ તે ધ્યાન બને,
બાર ગુણસ્થાન લગી રહે તે, આંતરમુહૂર્ત કાળ ગણે. ૧૯

આર્તરૌદ્રધર્મશુક્લાનિ ॥ ૨૯ ॥

વ્યાખ્યા, પ્ર. શ, ૨૫, ઉ. ૭, સૂ. ૮૦૩

પરે મોક્ષહેતૂ ॥ ૩૦ ॥

ઉત્તરાધ્યયન અ. ૩૦, ગાથા ૩૫

**આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ એ ચાર પ્રકાર ધ્યાનના છે.**

**તેમાંથી પર — પછીનાં બે મોક્ષનાં કારણ છે.**

(અનુષ્ટુપ)

આર્ત, રૌદ્ર અને ધર્મ, શુક્લ એ ધ્યાન ચાર છે;
તેમાંય ધર્મ ને શુક્લ, મોક્ષ કારણ તો બને. ૨૦

આર્તમમનોજ્ઞાનાં સમ્પ્રયોગે તદ્વિપ્રયોગાય સ્મૃતિ-સમન્વાહારઃ ॥ ૩૧ ॥

વેદનાયાશ્ચ ॥ ૩૨ ॥

વિપરીતં મનોજ્ઞાનામ્ ॥ ૩૩ ॥

નિદાનં ચ ॥ ૩૪ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૨૫, ઉ. ૭, સૂ. ૮૦૩

**અપ્રિય વસ્તુ પ્રાપ્ત થાય ત્યારે તેના વિયોગ માટે**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જે ચિંતાનું સાતત્ય, તે પ્રથમ આર્તધ્યાન.

દુઃખ આવ્યે તેને દૂર કરવાની જે સતત ચિંતા, તે બીજું આર્તધ્યાન.

પ્રિયવસ્તુનો વિયોગ થાય ત્યારે તેને મેળવવા માટે જે સતત ચિંતા થાય, તે ત્રીજું આર્તધ્યાન.

નહિ પ્રાપ્ત થયેલ વસ્તુની પ્રાપ્તિનો સંકલ્પ કરવો કે સતત ચિંતા કરવી, તે ચોથું આર્તધ્યાન.

(દ્રુતવિલંબિત છંદ)

અપ્રિય ચીજ છૂટે ત્યમ ચિંતવે,
પ્રિય વિયોગ ન હો, નહીં દુઃખકે;
વળી અપ્રાપ્તિની પ્રાપ્તિ થવાપણું,
સતત આર્તજ ધ્યાન ગણ્યું બધું. ૨૧

## તદવિરતદેશવિરતપ્રમત્તસંયતાનામ્ ॥ ૩૫ ॥

ઉત્તરાધ્યયન અ. ૩૦, ગાથા ૩૫

## હિંસાનૃતસ્તેયવિષયસંરક્ષણેભ્યો રૌદ્રમવિરતદેશ-વિરતયોઃ ॥ ૩૬ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૨૫, ઉ. ૭, સૂ. ૮૦૩

તે આર્તધ્યાન[1] અવિરત, દેશસંયત અને પ્રમત્તસંયત એ ગુણસ્થાનોમાં જ સંભવે છે.

હિંસા, અસત્ય, ચોરી અને વિષયરક્ષણ માટે જે સતત ચિંતા, તે રૌદ્રધ્યાન[2] છે; તે અવિરત અને દેશવિરતમાં સંભવે છે.

---

૧. અવિરત, દેશસયંત અને પ્રમત્તસંયતમાં આર્તધ્યાન સંભવે છે.
૨. પહેલા પાંચ ગુણસ્થાનકોમાં રૌદ્રધ્યાન હોઈ શકે છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા એકત્રીસા)

આર્તધ્યાન, દેશવિરતિ, અવિરતિ, પ્રમત્તસંયતમાં વસતું,
દેશવિરતિ ને અવિરતિમાં, રૌદ્રધ્યાન નિત સંભવતું;
હિંસા, અસત્ય, ચોરી, વિષયની, રક્ષા, ચિંતા સતત થતી,
પાંચ ગુણસ્થાનોમાં એમ જ, રૌદ્રધ્યાનની રહે ગતિ. ૨૨

## આજ્ઞાપાયવિપાકસંસ્થાનવિચયાય ધર્મમપ્રમત્તસંયતસ્ય ॥ ૩૭ ॥

## ઉપશાન્તક્ષીણકષાયયોશ્ચ ॥ ૩૮ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૨૫, ઉ. ૭, સૂ. ૮૦૩

**આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનની વિચારણા માટે જે એકાગ્ર મનોવૃત્તિ કરવી તે ધર્મધ્યાન છે; એ અપ્રમત્તસંયતને સંભવે છે.**

**વળી તે ધર્મધ્યાન ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનમાં સંભવે છે.***

(વસંતતિલકા)

આજ્ઞા,[1] અપાય,[2] જ વિપાક[3] જ ધર્મધ્યાન,
સંસ્થાન,[4] વિચય[5] — જ ચાર પ્રકાર જાણ;

---

૧. આજ્ઞા = વીતરાગ તીર્થંકરની આજ્ઞા; ૨. અપાય = દોષસ્વરૂપમાંથી છૂટવાનો વિચાર; ૩. વિપાક = કર્મફળ વિશેનો વિચાર; ૪. સંસ્થાન = સંસારી જીવોના સ્વરૂપનો વિચાર. ૫. વિચય = વિશિષ્ટ રીતે મનને જોડવું તે.

* અગિયારમા અને બારમા ગુણસ્થાનકમાં પણ ધર્મધ્યાન સંભવી શકે છે. અલબત્ત દિગંબર સંપ્રદાયમાં ક્ષપક-શ્રેણી શરૂ થયા પછી ધર્મધ્યાન હોય જ નહીં, માત્ર શુક્લ ધ્યાન જ હોય એમ માને છે.



Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તે ક્ષીણમોહ, ગુણસ્થાનક, ઉપશાંત,
મોહે જ સંભવતું એ ઉભયે નિતાંત. ૨૩

શુકલે ચાદ્યે પૂર્વવિદઃ ।। ૩૯ ।।

પ્રજ્ઞાપદ સૂત્ર ૧, ચારિત્રાર્યવિષય

પરે કેવલિનઃ ।। ૪૦ ।।

પ્રજ્ઞાપના સૂત્ર પદ ૧, ચારિત્રાર્યવિષય

પૃથક્ત્વૈકત્વવિતર્કસૂક્ષ્મક્રિયાપ્રતિપાતિવ્યુપરત–
ક્રિયાનિવૃત્તીનિ ।। ૪૧ ।।

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ. ૨૫, ઉ. ૭, સૂ. ૮૦૩

**ઉપશાંત અને ક્ષીણમોહમાં પહેલાં બે શુકલધ્યાન સંભવે છે; બંને પહેલાં શુકલધ્યાન પૂર્વધરને હોય છે.**

**પછીનાં બે કેવલીને હોય છે.**

**પૃથકત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી અને વ્યુપરતક્રિયાનિવૃત્તિ એ ચાર શુકલધ્યાન છે.**

(અનુષ્ટુપ)

શુકલ ધ્યાનો[1] પહેલાં બે, હોય પૂર્વધરો વિષે;
બંને પાછળનાં હોય, કેવળજ્ઞાનીઓ[2] વિષે. ૨૪

---

૧. ૨. શુકલધ્યાનના પ્રથમ પાયાવાળા અધિકારી અગિયારમા અને બારમા ગુણસ્થાનકવાળા અને તે પણ પૂર્વધર હોય તે જ હોય, બીજાં નહીં. અપવાદે માષતુષ અને મરુદેવી વગેરે ગણાય. આ ગુણસ્થાનકની રીતે વાત થઈ. હવે યોગને હિસાબે ત્રણ યોગવાળા હોય તે જ ચારમાંથી શુકલધ્યાનના પહેલા પાયાના સ્વામી છે. પણ ત્રણ પૈકી એક યોગવાળા હોય તે શુકલધ્યાનના બીજા પાયાના સ્વામી છે. અને ત્રીજા ભેદના સ્વામી માત્ર કાયયોગવાળા અને ચોથા ભેદના સ્વામી તો માત્ર અયોગીકેવલી જ હોય છે.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તત્ ત્ર્યેકકાયયોગાયોગાનામ્ ॥ ૪૨ ॥
એકાશ્રયે સવિતર્કે પૂર્વે ॥ ૪૩ ॥
અવિચારં દ્વિતીયમ્ ॥ ૪૪ ॥
વિતર્કઃ શ્રુતમ્ ॥ ૪૫ ॥
વિચારોઽર્થવ્યઞ્જનયોગસંક્રાન્તિઃ ॥ ૪૬ ॥

સ્થાનાંક સૂત્ર વૃત્તિ, સ્થાન ૪, ઉ. ૧, સૂ. ૨૪૭

તે શુકલધ્યાન અનુક્રમે ત્રણ યોગવાળા, કોઈ પણ એક યોગવાળા, કાયયોગવાળા અને યોગ વિનાને હોય છે.

પહેલા બે, એક આશ્રયવાળાં તેમ જ સવિતર્ક છે. એમાંથી બીજું અવિચાર છે, અર્થાત્ પહેલું સવિચાર છે.

વિર્તક એટલે શ્રુત.

વિચાર એટલે અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ.

(ઉપજાતિ)

પૃથક્ત્વ, એકત્વ વિતર્ક સંગે,
સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અંગે;
ક્રિયા નિવૃત્તિ, સમુચ્છિન્ન ત્યારે,
એ શુકલ ધ્યાન સ્વ પ્રકાર ચારે. ૨૫

(સવૈયા એકત્રીસા)

પૃથક્ત્વ ને એકત્વ વિતર્ક, અગિયાર બારમા ગુણસ્થાને
સવિચાર, નિર્વિચાર, રૂપે બે, અપૂર્વધરમાં અપવાદે;
યોગ હિસાબે પ્રથમ શુકલ છે, ત્રિયોગવાળાને જાણો
ત્રિયોગમાંથી એક હોય ત્યાં બીજા ભેદના સ્વામી ગણો. ૨૬

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સમ્યગ્દૃષ્ટિશ્રાવકવિરતાનન્તવિયોજકદર્શનમોહક્ષ-
પકોપશમકોપશાન્તમોહક્ષપકક્ષીણમોહજિનાઃ ક્રમશો
ऽसंख्येयगुणनिर्जराः ॥ ४७ ॥

સમવાયાંગ સમવાય ૧૪

પુલાકબકુશકુશીલનિર્ગ્રન્થસ્નાતકા નિર્ગ્રન્થાઃ ॥ ૪૮ ॥
સંયમશ્રુતપ્રતિસેવનાતીર્થલિઙ્ગલેશ્યોપપાતસ્થાનવિ-
કલ્પતઃ સાધ્યાઃ ॥ ૪૯ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, શ, ૨૫. ઉ. ૬, સૂ. ૭૫૧

સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, વિરત, અનંતાનુબંધિવિયોજક, દર્શનમોહક્ષપક, ઉપશમક, ઉપશાંતમોહ, ક્ષપક, ક્ષીણમોહ, અને જિન એ દશ અનુક્રમે અસંખ્યેયગુણ નિર્જરાવાળા હોય છે.

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એ પાંચ પ્રકારના નિર્ગ્રંથ છે.

સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાત અને સ્થાનના ભેદ વડે એ નિર્ગ્રંથો વિચારવા યોગ્ય છે.

(અનુષ્ટુપ)

અર્થ, વ્યંજન ને યોગ, ત્રણે સંક્રાંત થાય તે;
તે કહેવાય વિચાર, શ્રુત વિતર્ક એટલે. ૨૭

(સવૈયા એકત્રીસા)

સમ્યગ્દૃષ્ટિ ને શ્રાવક, વિરત, અનંત વિયોજક ચાર થશે,
દર્શનમોહ, ક્ષપક, ઉપશામક, ઉપશાંત મોહે સાત હશે;

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ક્ષપક અને ક્ષીણ મોહ જિનેશ્વર, કુલ્લે એમ દશ કક્ષાઓ,[1]
ક્રમે અસંખ્યેય ગુણવધી નિર્જરા – મોક્ષનો માર્ગ ખરો. ૨૮

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક, પાંચ એ નિર્ગ્રંથો,[2]
સંયમ, શ્રુત, પ્રતિસેવન, તીર્થ, લિંગ, લેશ્યા ઉપપાત સ્થળો;
એવા આઠ, પ્રકારથી સહુની, કક્ષા વિધ વિધ બની જતી,
સાધુતા દ્રવ્યે ને ભાવે, અથવા ભાવથી હોય કહી. ૨૯

## ઉપસંહાર

છેવટે તો યેનકેન પ્રકારે જૂનાં બંધાયેલાં કર્મો ક્ષય પામે અને નવાં કર્મો બંધાવા ન પામે, તે જ બધા વીર્ય ફોરવવાના કે સત્પુરુષાર્થના છેવટના ઉપાયો છે. પરંતુ જ્યાં લગી કર્મ આવવાનાં બારણાં બંધ ન થાય ત્યાં લગી, એ બને જ શી રીતે? એટલે જ જેમ વિશ્વગ્રંથ ગીતાએ મુખ્યપણે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ બતાવ્યા; શ્રી અરવિંદોએ ગાંધીયુગના અને વિજ્ઞાનના વિશ્વૈક્યનો લાભ લઈ, એ ત્રણેય યોગોનો અનુબંધ જોડી, પૂર્ણયોગની અભિનવ સાધના વિશ્વયોગાનમાંનાં સાધક સાધિકાઓ આગળ મૂકી, તેમ જૈન તત્ત્વજ્ઞાન તો વળી પ્રત્યક્ષ વ્યવહારુ આચરણમાં માનતું હોવાથી તેણે જ્ઞાન, દર્શન, ચારિત્ર; તપ અને વીર્ય એ પાંચેય આચારોને વ્યવહારુ રૂપ આપવાના રસ્તાઓ આ અધ્યાયમાં ઠીક ઠીક રીતે બતાવ્યા છે. એટલું જ નહીં, પણ આ નવમા અધ્યાયની મુખ્ય ખૂબી

---

૧. અહીં દશ કક્ષાઓનો નામ નિર્દેશ છે. કક્ષાઓ એટલે ગુણસ્થાનકો, સમ્યક્દૃષ્ટિ શ્રાવકથી માંડીને ઠેઠ અયોગી કેવલી ગુણસ્થાનક સુધી.

૨. આંતર સાધુતા હોય પણ બાહ્યચિહ્ન ગમે તે સંન્યાસી વર્ગનું હોય તોપણ તેમનો સમાવેશ નિર્ગ્રંથમાં થઈ શકે છે. માત્ર મૂળ ગુણો સાધુના હોવા જોઈએ!

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

એ છે કે એમાં આ બધા માર્ગો માટે જે મુખ્ય માર્ગોપદેશક જોઈએ તે સાધુઓરૂપી પ્રત્યક્ષ ગુરુની વાત કરી છે. અહીં ખૂબીની પરાકાષ્ટા તો એ કે જે બે ગુણો — ૧. મૂળગુણો, અને ૨. ઉત્તરગુણો તરીકે ગણે છે તે સાધુવેશે માત્ર મૂળગુણ જાળવી ઉત્તરગુણોમાં (અપ્રશસ્ત રાગ છૂટી જાય અને) પ્રશસ્ત રાગીની ભૂમિકા હોય, તોયે તે ચલાવી લે છે.

આથી મૂળ વાત દા.ત. બ્રહ્મચર્યની પાયાની વાત જાળવતાં તે વ્રતમાં પણ બાહ્યદોષ જાણ્યે અજાણ્યે ક્ષમ્ય ગણ્યા છે. તો પછી બીજાં વ્રતોમાં તો તે ક્ષમ્ય ગણી શકાય તે સ્વાભાવિક જ છે. માત્ર સત્યમાં અને કાયિક રીતે બ્રહ્મચર્યમાં કશો અપવાદ નથી. કારણ કે તે મૂળગુણમાંયે મૂળગુણ છે.

આ અધ્યાયમાં ધ્યાનના પ્રકારો જે રીતે વર્ણવ્યા છે, તે બતાવે છે કે સાચા ધ્યાનની ભૂમિકા, અમુક કક્ષાએ માનવી પહોંચી જાય પછી જ આવી શકે છે. દા.ત. સમ્યક્ જ્ઞાન ન થયું હોય ત્યાં લગીનાં બધાં ધ્યાનો ખરેખર તો બંધનકારક જ થાય છે. જેને જૈન પરિભાષામાં આર્ત (આત્માને પીડનાર તે આર્ત) અને રૌદ્ર કહેવાય છે. સાચું ધર્મધ્યાન તો અમુક (આત્મવિકાસની ચૌદકક્ષારૂપ) ગુણસ્થાનકે ખાસ કરીને સમ્યગ્ દર્શન પછી જ આવી શકે. એટલે જેમ બધા દરદીઓના દરદો પર મિંઢિયાવળ ન અપાય તેમ બધાં જ જિજ્ઞાસુ નરનારીઓ માટે ધ્યાનની એક સરખી ભૂમિકા ન આપી શકાય!

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૧૦

## મોક્ષ પરિસ્થિતિ

### ઉપોદ્‌ઘાત

આ અધ્યાયમાં કુલ સાત સૂત્રો છે.

જ્ઞાન પછી જ સાચું ધ્યાન સંભવી શકે છે. ગીતા પણ આ જ વાત કહે છે: ज्ञानाद् ध्यानं विशिष्यते। પણ એ ધ્યાનથી ક્રમે ક્રમે પણ કર્મફળનો ત્યાગ થતો રહેવો જોઈએ, તો જ નિરંતરની શાંતિ થાય. એ દૃષ્ટિએ "ત્યાગાચ્છાન્તિરનન્તરમ્" એવું ગીતાએ કહ્યું. નવમા અધ્યાયમાં સંવર અને નિર્જરા વિશે શરૂઆતથી જ ઠીક ઠીક આવી ગયેલું.

નિર્જરા બે પ્રકારની હોય છે: ૧. સકામ, અને ૨. અકામ. અહીં કામનો અર્થ આસક્તિ નહિ પણ જ્ઞાન અથવા સમજણ છે. જ્ઞાનપૂર્વકની નિર્જરા હોય, તો જ ધરમૂળનાં કર્મો ક્ષીણ થઈ શકે. આમ જ્યારે જ્ઞાન, ચારિત્ર, તપ એ ત્રણે સ્થિર થઈ જે ધ્યાન સ્વાભાવિક બને છે, તે ધ્યાન ધર્મધ્યાન પછીનું છેવટનું શુકલ ધ્યાન હોય છે. શુકલ ધ્યાનના પાયા પામ્યે છેવટે મોહનો સંપૂર્ણપણે ક્ષય થાય છે. જ્ઞાન અને દર્શન બંનેનાં આવરણો પૂર્ણપણે ખસી જાય છે. એ જ રીતે અંતરાય કર્મ પણ ખસે છે. ત્યારે જ કેવલજ્ઞાન, સંપૂર્ણ આત્મજ્ઞાન અને સંપૂર્ણ દર્શન પ્રગટ થાય છે. આવું કેવલજ્ઞાન થાય ત્યારે કેવલી સમુદ્‌ઘાત પણ થાય છે. જેને લીધે કેવલજ્ઞાનીના

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

આત્માના અસંખ્યાત પ્રદેશોના ફેલાવાને લીધે લોકના નાનામોટા સર્વ જીવોનો સંસ્પર્શ થઈ જાય છે. તે જ વખતે જે સાધનોથી જીવ મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી આગળ વધ્યો, તે બધાં સાધનો ચાલ્યાં જઈ એવો મુક્ત જીવ જ્યાં ગયા પછી પાછું ફરવું પડતું નથી, તે લોક (જ્યાં લગી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય છે, તે)ના અંતભાગમાં જઈ સ્થિરતા પામે છે. અત્યાર લગી સંસાર પરિભ્રમણ આસક્તિને કારણે હતું તે ખતમ થાય છે. કારણના નાશથી થવાનાં બધાં કાર્યના નાશ થઈ જ જાય છે. ધર્માસ્તિકાય તત્ત્વ, લોકના અંત લગી હોવાથી બાણ જેમ ધનુષ્યમાંથી છૂટતાં તેની ગતિ પહેલાંનું જે જોર અજમાવેલું તેના પર છે, તેમ 'એકી સાથે પ્રબળપણે જીવ પ્રદેશથી કર્મપુદ્ગલને ઉદીરણાદિક (સત્તામાં કર્મો સ્થિર થયાં હોય ત્યાંથી પરાણે ઉદયમાં લાવવાં તે)થી આકર્ષી, ભોગવી ખંખેરી નંખાય છે.' આ રીતે આ છેલ્લો અધ્યાય સાધનાનો છતાં મહત્ત્વનો બની રહે છે. તે શી રીતે તે જોઈએ :

## મોહક્ષયાજ્જ્ઞાનદર્શનાવરણાન્તરાયક્ષયાચ્ચ કેવલમ્ ॥ ૧ ॥

ઉત્તરાધ્યયન, અ. ૨૯, સૂ. ૭૧

સ્થાનાંગ સ્થાન, ૩, ઉ. ૪, સુ. ૨૨૬

**મોહના ક્ષયથી અને જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાયના ક્ષયથી કેવલ પ્રગટે છે.**

(દોહરો)

**પ્રથમ મોહનો ક્ષય થતાં, આવરણો પણ જાય;**
**જ્ઞાન અને દર્શન તણા, અંતરાય દૂર થાય. ૧.**

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

બન્ધહેત્વભાવનિર્જરાભ્યામ્ ॥ ૨॥

ઉત્તરાધ્યયન, અ. ૨૯, સૂ. ૭૨

કૃત્સ્નકર્મક્ષયો મોક્ષઃ ॥ ૩॥

પ્રજ્ઞાપના પદ ૧૮

ઔપશમિકાદિભવ્યત્વાભાવાચ્ચાન્યત્ર કેવલસમ્યક્ત્વજ્ઞાનદર્શનસિદ્ધત્વેભ્યઃ ॥ ૪ ॥

અનુયોગદ્વાર સૂત્ર ષણ્ણામાધિકાર સૂ. ૧૨૬

બંધહેતુઓના અભાવથી અને નિર્જરાથી કર્મનો આત્યંતિક ક્ષય થાય છે.

સંપૂર્ણ કર્મનો ક્ષય થવો એ મોક્ષ છે.

ક્ષાયિકસમ્યક્ત્વ, ક્ષાયિકજ્ઞાન, ક્ષાયિકદર્શન અને સિદ્ધત્વ સિવાયના ઔપશમિક આદિ ભાવોના તથા ભવ્યત્વના અભાવથી મોક્ષ પ્રગટે છે.

(દોહરો)

કર્મચારથી સર્વ એ આત્મપ્રદેશ વિમુક્ત;
પ્રગટ થાય કેવળ તહીં, જ્ઞાન, દર્શને યુક્ત. ૨.
બંધનહેતુ અભાવથી ને નિર્જરા[1] થકી જ;
સકલ કર્મક્ષય[2] થઈ પછી, મળતો મોક્ષ ખચિત. ૩.

---

૧. નિર્જરા એટલે કે પ્રથમ બંધાયેલાં કર્મોનો અભાવ થવો તે.

૨. કર્મનો આત્યંતિક ક્ષય એટલે પૂર્વે બંધાયેલા કર્મોનો અભાવ અને નવાં કર્મો બાંધવાની યોગ્યતાનો અભાવ.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

## તદનન્તરમૂર્ધ્વં ગચ્છત્યાલોકાન્તાત્ ॥ ૫ ॥

જ્ઞાતાધર્મકથાંગ અધ્યયન ૬, સૂ. ૬૨

## પૂર્વપ્રયોગાદસઙ્ગત્વાદ્બન્ધચ્છેદાત્તથાગતિપરિણામાચ્ચ તદ્ગતિઃ ॥ ૬ ॥

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શ. ૭, ઉ. ૧, સૂ. ૨૬૫

**સંપૂર્ણ કર્મનો ક્ષય થયા પછી તુરત જ મુક્ત જીવ લોકના અંત સુધી ઊંચે જાય છે.**

**પૂર્વપ્રયોગથી, સંગના અભાવથી, બંધન તૂટવાથી અને તે પ્રકારના ગતિપરિણામથી મુક્ત જીવ ઊંચે જાય છે.**

(ચોપાઈ)

ક્ષાયોપશમિક, ઔપશમિક, ઔદયિક,
ત્રણે ભાવથી, આત્મા થતો અલિપ્ત;
વળી ભવ્યત્વ[1] ગુણ જાયે જ્યારે,
ક્ષાયિક, જ્ઞાન, દર્શન સિદ્ધત્વ જ ત્યારે. ૪.

(દોહરો)

કર્મક્ષય પૂર્ણ થયા પછી, તરત મુક્ત જીવ થાય;
કાયા અલગ પડચા પછી, લોકાંતે સ્થિર થાય. ૫.

---

૧. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણે પારિણામિક ભાવો હોવા છતાં જીવત્વની જેમ ભવ્યત્વ અને અભવ્યત્વ નથી; જેથી જ વ્યક્તિગત મોક્ષ થઈ શકે છે. મતલબ એ પારિણામિક ભાવ સમષ્ટિની દૃષ્ટિએ છે વ્યષ્ટિની દૃષ્ટિએ નહીં. વ્યક્તિગત મોક્ષ જેમ થાય છે, તેમ વ્યક્તિગત ભવ્યત્વ, અભવ્યત્વનો ફેરફાર થાય છે. સમષ્ટિગત રીતે એ બંને પારિણામિક ભાવો કાયમી છે. (વિશેષ માટે જુઓ અધ્યાય ૨જાનો ઉપસંહાર)

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અપૂર્વ અવસર-ઘોળ)

પૂર્વપ્રયોગે કર્મસંગ એ ભાવથી,
બંધન છેક તૂટયે જીવ ગતિ પરિણામ જો;
ઊંચે જઈ તે સિદ્ધગતિમાં સ્થિરતા,
પામે મુક્તાત્મા અનંત સુખધામ જો. ૬.

## ક્ષેત્રકાલગતિલિંગતીર્થચારિત્રપ્રત્યેકબુદ્ધબોધિત-જ્ઞાનાવગાહનાન્તરસંખ્યાલ્પબહુત્વતઃ સાધ્યાઃ ॥ ૭ ॥

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, શ. ૨૫, ઉ. ૬, સૂ. ૭૫૧

નંદીસૂત્ર કેવળજ્ઞાનાધિકાર તથા ઉત્તરાધ્યયન સૂત્ર, અ. ૩૬, ગાથા ૫૩.

**ક્ષેત્ર, કાલ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુદ્ધ-બોધિત, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા અને અલ્પ-બહુત્વ એ બાર બાબતો વડે સિદ્ધ જીવો ચિંતવવા.**

(અનુષ્ટુપ)

તીર્થ કાળ ગતિ ક્ષેત્ર પ્રત્યેક બુદ્ધ બોધિત;
ચારિત્ર લિંગ ને જ્ઞાન અંતર અવગાહન. ૭.
અલ્પબહુત્વ ને સંખ્યા એ બાર બાબતો વડે;
ત્રિકાળ ભાવ સિદ્ધોના આત્માર્થે નિત્ય ચિંતવે. ૮.

### ઉપસંહાર

અગાઉ કહ્યું તેમ આ અધ્યાયમાં કુલ સાત જ સૂત્રો છે. તે પૈકી મૂળ ખૂબી એ છે કે 'આમ તો જીવ અને પુદ્ગલ બંનેય દ્રવ્યો ગતિશીલ છે. પરંતુ પાણી જેમ નીચે જ અને ધુમાડો જેમ ઊંચે જ જાય છે, (જીવ ઊંચે જવાના સ્વભાવવાળો છે અને પુદ્ગલ નીચે

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જવાના સ્વભાવવાળું હોય છે.) ત્યારે સવાલ અહીં એ થાય કે જીવ ઊંચે જવાના સ્વભાવવાળો છે છતાં નીચે શાથી જાય છે? આ ખૂબ સમજવા જેવો મુદ્દો છે.

પુદ્ગલનાં બનેલાં અને જીવને વળગેલાં કર્મોના કારણે જ તે નીચે જાય છે. અને આ કારણે અવરોધો પણ જીવને સહેવા પડે છે. જ્યારે એ સકલ પુદ્ગલ સંબંધ જીવનો છૂટી જાય ત્યારે એ કશા જ આઘાત પ્રત્યાઘાત વિના લોકાગ્રે (જ્યાં લગી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય પુદ્ગલાસ્તિકાય છે ત્યાં લગી) જ જાય અને તેને ધર્માસ્તિકાય મદદગાર પણ થાય જ એ દેખીતું છે. છેલ્લે છેલ્લે ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેક બોધિત, બુદ્ધ બોધિત, કાળ, અવગાહના, આંતરો (એક બીજા સિદ્ધો વચ્ચેનો કાળ) સંખ્યા અને સિદ્ધ થયેલા અને થનારાઓ પૈકી કયા ઓછા સિદ્ધ કયા વધુ સિદ્ધ એનો વિચાર, આ બાર બાબતોનો વિચાર પણ જરૂર ઉપયોગી થઈ શકે છે.

સાચાં સાધક સાધિકા કે સાચા શ્રમણોપાસક–શ્રમણોપાસિકાને સૌથી પ્રથમ ત્રણ સંકલ્પો કરવાના હોય છે. ક્યારે આરંભ છોડીશ? ક્યારે પરિગ્રહ છોડીશ? અને મૃત્યુ સમય આવ્યે ક્યારે પંડિત મૃત્યુ (જ્ઞાનમય મૃત્યુ)થી મરીશ? આ સંકલ્પ પછી અહંતા અને મમતા ઉપર કાબૂ મેળવવા માટે કાયા પ્રત્યેનો મમત્વભાવ (જેને અહંતા કહી શકાય છે) ઉતારવા માટે તથા સગાં વહાલાં અને માલમિલકત વગેરે પ્રત્યેનો મમત્વભાવ ઉતારવા માટે અમુક વખતનો સામાયિક (સામાયિક એટલે સમભાવ લાવવા માટેની તાલીમ) પ્રતિક્રમણાદિ (પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવાની વિધિ) ક્રિયાઓનો યોગ શ્રાવક-વર્ગ સાધે છે. ઉપરાંત સાચાં શ્રાવિકા શ્રાવકો દર પાખીએ (પખવાડિયે) પોષધોપવાસ (પૂરા ચોવીસ કલાક લગી સાધુજીવન જીવવું તે પોષધો-પવાસ) કરીને મૃત્યુ આવે ત્યારે તે મૃત્યુ વખતે પંડિત મૃત્યુ થાય

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તેવી તાલીમ પણ લેતાં હોય છે. આ રીતે જ એકાવતારી એવા સુદર્શન શેઠ આદિ અનશન લીધા વગર મોક્ષ પામી શક્યા છે.

ટૂંકમાં, પુરુષ, સ્ત્રી, કૃતનપુંસક,[1] ગૃહસ્થાશ્રમી કે સાધુ, જૈન કે જૈનેતર સૌ આવા ગુણોથી અવશ્ય મોક્ષ પામી શકે છે. આમ જોવાથી બધાં દર્શનો અથવા બધા ધર્મો યોગીશ્વર આનંદઘનજી મહારાજ પોતાના નમિનાથ સ્તવનમાં કહે છે તેમ — 'ષડ્ દર્શન જિન અંગ ભણી જે' સાચે જ જૈન તત્ત્વજ્ઞાનમાં સમાઈ જાય છે.

---

૧. શસ્ત્રક્રિયાથી કરવામાં આવેલ નપુંસક.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

તત્ત્વાર્થસૂત્ર સંક્ષેપે, પ્રભા–નિમિત્ત કાવ્યમાં;
શરૂ થયે વીત્યાં વર્ષો, સમારાય હવે સુખે.

સંતબાલ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# તત્ત્વાર્થ સૂત્ર

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# તત્ત્વાર્થસૂત્ર

## સંસ્કૃત સૂત્રો પર આધારિત
## ગુજરાતી શ્લોકો

ખંડ ૨

સંતબાલ

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૧

## નયપ્રધાન દર્શન–જ્ઞાન વિવરણ

(શાર્દૂલવિક્રીડિત)

સર્વે ભૌતિક લાલસા જતી રહી જાગે મુમુક્ષા તથા;
લાધે જ્ઞાનશું વીતરાગીપણુની પાકી પરાકાષ્ટતા.
કર્મો ક્ષીણુ થતાં વિકાસ વધતાં આત્માતણી પૂર્ણતા;
તે છે મોક્ષ સ્વરૂપ સૌ ભવિજનો જે માર્ગને ઝંખતા. ૧

જૈનો તત્ત્વતણા સદા ખરખરે રૂપે જ જોડેલ છે;
તેની રુચિ યથાર્થ રૂપ સતતે સાચું જ છે દર્શન.
અધ્યાત્મ પ્રગતિ સક્રિય રૂપ તે સમ્યક્ત્વ છે નિશ્ચયે;
સંવેગ, પ્રશમે, વિરાગ, સુદયા વ્હેવારુ આસ્થામય. ૨

સંસારે પરિણામ શુદ્ધિ રૂપ જે ક્રિયા અપૂર્વ સ્ફુરે;
આપોઆપ જ એવી કૈં સ્થિતિ થતી કિંવા નિમિત્તો વડે.
જીવાજીવથી પુણ્ય પાપ અથવા શુભાશુભી આસ્રવો;
સાતે સંવર, નિર્જરા નવ ગણે જો બંધને મોક્ષ તો. ૩

નામ સ્થાપન દ્રવ્યભાવ રૂપ જે છે ચાર નિક્ષેપ તો;
સર્વ તત્ત્વ તથા જ અર્થ સઘળાં તે જાણવાં સાધનો.
જે છે નામ પરંપરાગત છતાં નિર્ગુણી નિક્ષેપને;
આરોપેલ જ સ્થાપના પ્રથમ છે, ભાવોથી છે દ્રવ્ય તે. ૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

નય છે વસ્તુનો અંશ, ને સર્વાંશો પ્રમાણ છે;
નય વા એક દૃષ્ટિને, પ્રમાણ સર્વ દૃષ્ટિને. ૫

સ્વરૂપ અધિકારિત્વ, અને આધાર સાધનો;
કાળ સીમા પ્રકારોય સત્તા, સંખ્યાય ક્ષેત્રે જ. ૬

સ્પર્શન કાળ ને ભાવ, આંતરો દ્વાર તેરમું;
ચૌદ છે બારણાં જેમાં, અલ્પ બહુત્વ ચૌદમું. ૭

મતિ શ્રુત અને ત્રીજું, અવધિ મનઃપર્યવ;
ને કેવળ મળી પાંચ, જાણવા જ્ઞાન ભેદ જ. ૮

ગણાય જ્ઞાન અજ્ઞાન, સમ્યકત્વ પ્રગટ્યા વિના;
જ્ઞાન પ્રમાણ રૂપે તો, પ્રત્યક્ષ ને પરોક્ષ બે. ૯

ત્યાં છે પ્રમાણ પ્રત્યક્ષ, જ્યાં માત્ર આત્મ યોગતા;
ને મન ઇંદ્રિયોની જ્યાં, મદદ ત્યાં પરોક્ષ તે. ૧૦

અવધિ મનઃપર્યાય, કેવળ જ્ઞાન તે ત્રણ;
જાણો પ્રમાણ પ્રત્યક્ષ મતિશ્રુત પરોક્ષ છે. ૧૧

મતિઃ સંજ્ઞા, સ્મૃતિ ચિંતા, અભિનિબોધ પાંચ આ;
એકાર્થ વાચી છે શબ્દો, જે મતિજ્ઞાન બોધતા. ૧૨

ઇંદ્રિયો ને મન દ્વારા, એ નિમિત્તે થઈ જતું;
જાણવું તે મતિ જ્ઞાન, પરોક્ષ આત્મદૃષ્ટિએ. ૧૩

ઈહા અવાય અને ત્રીજા, ધારણા અર્થને અડે;
અવગ્રહ અડે ચોથો, વ્યંજન તેમ અર્થને. ૧૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

બહુ બહુ વિધ ક્ષિપ્ર, અનિશ્રિત અને ધ્રુવ;
અસંદિગ્ધ ને બીજા છે વિરોધીય તેમ જ. ૧૫

પાંચ ઇંદ્રિયને છઠ્ઠું, મન એ ચાર રૂપ છે;
બારે પ્રકારને ગુણ્યે, બસો અઠ્ઠાસી ભેદ છે. ૧૬

આંખ ને મન છોડી જે, બાકીની ચાર ઇંદ્રિયો;
વ્યંજન અવગ્રહે એમ, અડતાલીસ ભેદ તો. ૧૭

આમ કુલ્લે થયા ભેદ, મતિ જ્ઞાન તણા બધા;
ત્રણસો વળી છત્રીસ, જાણવા નિત્ય ચારના. ૧૮

શ્રુત ઊપજતું જ્ઞાન, મતિજ્ઞાન થવા વડે;
માટે કાર્ય શ્રુતજ્ઞાન, કારણ મતિજ્ઞાન છે. ૧૯

(વસંતતિલકા)

છે બે અનેક વળી બાર પ્રકાર ભેદે,
અંગ પ્રવિષ્ટ ગણજો, શ્રુત મુખ્ય રૂપે;
જે શાસ્ત્રની ગણધરે, રચના કરી તે,
આચાર્ય અન્યકૃત અંગ બહાર રૂપે. ૨૦

(ઉપજાતિ)

અંગો હતાં બાર પરંતુ તેમાં,
વિચ્છિન્ન થાતાં ઈક દૃષ્ટિવાદ;
બાકી રહ્યાં ત્યાં અગિયાર અંગો,
સિવાયનાં સર્વ જ અંગ બાહ્ય. ૨૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

અવધિ જ્ઞાન કહેવાય, જન્મ સિદ્ધ તે જગે;
ભવ પ્રત્યય છે નામ, નારક દેવને વિષે. ૨૨

ગુણોથી પ્રાપ્ત બાકીની, બંને ગતિ મહીં થતું;
નિમિત્ત જન્ય તે જ્ઞાન, અવધિ છ પ્રકારનું. ૨૩

થઈ ને એક જન્મે જે, એક જ ક્ષેત્રમાં રહે;
અન્ય ક્ષેત્રેય સાથે તે, ગણાય એમ ભેદ બે. ૨૪

તે જ રીતે વધે કિંવા, ઘટતું જાય એમ બે;
સ્થિર-અસ્થિર રૂપેય, કુલ્લે છ ભેદ થાય છે. ૨૫

આનુગામિક છે એક, બીજું અનાનુગામિક;
વર્ધમાન તહીં ત્રીજું, ને ચોથું હીયમાન છે. ૨૬

પાંચમું છે અવસ્થિત, ને છઠ્ઠું અનવસ્થિત;
અવધિ જ્ઞાનના એમ, છએ વિકલ્પ નિશ્ચિત. ૨૭

ઋજુ વિપુલ બે ભેદ, મનઃપર્યાય જ્ઞાનના;
વિશેષ સ્થિતિ શુદ્ધિમાં, વિપુલ મોખરે રહે. ૨૮

મનથી ચિંતવેલી સૌ, જાણે વિચાર આકૃતિ;
મનઃપર્યાય તે જ્ઞાન, થાય અવધિના પછી. ૨૮

તે રીતે ક્ષેત્ર ને સ્વામી, વિષયોના વડેય તે;
મનઃપર્યાય ને એમ અવધિજ્ઞાન ભેદ છે. ૩૦

તે શ્રુતજ્ઞાન છે જેમાં, શબ્દ સહિત ચિંતન;
તે મતિજ્ઞાન છે જેમાં, શબ્દ રહિત ચિંતન. ૩૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છે મર્યાદિત પર્યાયો, મતિને શ્રુત જ્ઞાનના;
છતાં રૂપી-અરૂપીમાં, તે બંને જ્ઞાન પહોંચતાં. ૩૨

રૂપી દ્રવ્યો તણા કૈંક, પર્યાયો ચોગતિ વિષે;
જાણે છે અવધિ જ્ઞાન, વિશાળ ક્ષેત્રી એ રીતે. ૩૩

જાગે માત્ર મનુષ્યોમાં, મનઃપર્યાય જ્ઞાન તે;
જાણે માત્ર મનોદ્રવ્ય, ક્ષેત્ર તો તેનું ટૂંકું છે. ૩૪

ચારેય જ્ઞાન પે'લાંના સર્વ પર્યાય દ્રવ્યના;
ન જાણે તેથી કે'વાય, અપૂર્ણ જ્ઞાન એ બધાં. ૩૫

(શાલિની)

એકી સાથે, એકથી ચાર જ્ઞાન,
એકાત્મામાં પામતાં સંગસ્થાન;
નાકો'જીવે લાધતાં પાંચ જ્ઞાન,
તેથી વિશ્વે ચાર વિકલ્પ જ્ઞાન. ૩૬

(અનુષ્ટુપ)

એકને જાણતું છો ને, સર્વ પર્યાય જાણતું;
એક જ સમયે સર્વ, કેવળજ્ઞાન તે કહ્યું. ૩૭

અવધિ ને મતિશ્રુત, ત્રણે અજ્ઞાન છે કહ્યાં;
અનાત્મદૃષ્ટિ ને આત્મદૃષ્ટિ અજ્ઞાન જ્ઞાનમાં. ૩૮

હોય જ્યારે ત્રણે જ્ઞાન, નહીં આત્મા વિમુખ જ્યાં;
ત્યારે ગણાય અજ્ઞાન, જ્ઞાને આત્માભિમુખતા. ૩૯

વર્ગીકૃત વિચારો જે, અંશશ્રુત પ્રમાણના;
તે નયવાદ છે કિંવા, નામો અનેક તેમનાં. ૪૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

શબ્દ-અર્થ ક્રિયા દ્રવ્ય, ને વ્યવહાર નિશ્ચય;
સત્ય જીવનમાં પેખે, વર્તે તેમ નયદ્વય. ૪૧

લૌકિક રૂઢિ લૌકિક, સંસ્કારોને અનુસરી;
જયંતી વીરની જેમ, નૈગમ નય તે વળી. ૪૨

અનેક ચીજને જેમ, સમૂહ રૂપ સાંકળી;
સંગ્રહ નય તે જાણો, કહે છે જ્ઞાનીઓ વળી. ૪૩

વ્યવહારિક ભેદો જે, સામાન્ય તત્ત્વથી પડે;
જેમ રેશમ ને ખાદી, વ્યવહાર નયી ગણે. ૪૪

વર્તમાન વિચારે જે, ભૂત ને ભાવિ છોડીને;
વર્તે છે જેમ સમૃદ્ધિ, તે નય ઋજુ સૂત્ર છે. ૪૫

કલ્પે છે શબ્દના ભેદે, અર્થભેદ યથાર્થ તે;
રાજગૃહ હતું જેમ, પાંચમો નય શબ્દ તે. ૪૬

જે અર્થભેદને કલ્પે, શબ્દ વ્યુત્પત્તિ આશ્રયે;
ગણે ભેદ નૃપે, ભૂપે, નય સમભિરૂઢ તે. ૪૭

જ્યારે જે શબ્દનો અર્થ, ક્રિયા ટાણે ફળે યદા;
રાજે ત્યારે ગણે રાજા, તે એવં ભૂત છે તદા. ૪૮

(વસંતતિલકા)

સાપેક્ષવાદ, નયવાદ, જ દૃષ્ટિવાદ,
એકાંતવાદ તજનાર, જ સ્યાદ્વાદ;
નામો અનેક પણ તત્ત્વ જ એક સૌમાં,
સ્વીકારતાં જ ફળતી સુખદા અહિંસા. ૪૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૨

## જીવલક્ષણ અને જીવપ્રકારો

(અનુષ્ટુપ)

છે નિત્યતા પરિણામી, આત્માની જૈન દર્શને;
છે ભિન્નભિન્ન પર્યાયો, જીવસ્વરૂપ ભાવ તે. ૧

જીવના પાંચ છે મુખ્ય, ભાવો ઔપશમિકને;
ક્ષયોપ શમિક ક્ષાયિક, ઔદયી પારિણામિક. ૨

ઔપશમિકના ભેદો, સમ્યક્ત્વ ને ચરિત બે;
કર્મ ઉપશમે ત્યારે, આછર્યું જળ જેમ તે. ૩

દાનાદિ પાંચ ને જ્ઞાન, દર્શન બે જ ઉપલા;
કર્મક્ષયે નવે ભેદો, ક્ષાયિકે સ્વચ્છ પાણી શા. ૪

ઉદિત કર્મનો નાશ, સત્તાસ્થ કર્મનો શમ;
ક્ષયોપશમ તે ભાવ, કોદરાની વિશુદ્ધિશો. ૫

ચાર જ્ઞાન ત્રિ-અજ્ઞાન, દાનાદિ પાંચ લબ્ધિઓ;
ત્રણ દર્શન ને સર્વ, વિરતિ દેશ વિરતિ. ૬

સંયમાસંયમી એમ, તેના અઢાર ભેદ છે;
ને ડો'ળાં પાણી શો જન્મે, ઉદયે ઓદયિકતે. ૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(શાર્દૂલવિક્રીડિત)

ચારેય ગતિઓ કષાય પણ છે ને ચારેય લિંગો ત્રણે;
મિથ્યા દર્શન જ્ઞાનની રહિતતા ને એક અસંયમ.
અસિદ્ધત્વ તથા વિશેષ વદતા જ્ઞાની છ લેશ્યા પૂરી,
એવા જે ઈકવીસ ભેદ જીવના, તે ભાવ ચોથા તણા. ૮

(અનુષ્ટુપ)

જીવત્વ ને અભવ્યત્વ, ભવ્યત્વ આદિ જે કહ્યા;
પારિણામિક છે ભાવો, જીવમાં શાશ્વતા રહ્યા. ૯

પારિણામિક ભાવોય, જાણવા બે પ્રકારના;
એક વ્યષ્ટિ સમષ્ટિમાં, બીજા માત્ર સમષ્ટિમાં. ૧૦

જેમ જીવત્વ વ્યષ્ટિને, સ્થાયી સદા સમષ્ટિમાં;
ને ભવ્યત્વ, અભવ્યત્વ, બન્ને માત્ર સમષ્ટિમાં. ૧૧

જડમાં જીવનો તોડ, થતો વિવેકથી સદા;
જે બોધરૂપ વ્યાપાર, તે ઉપયોગ લક્ષણ. ૧૨

તે બે આઠ અને ચાર, પ્રકારે ભેદથી થશે;
બે સાકાર નિરાકાર, કિંવા બે જ્ઞાન દર્શન. ૧૩

જ્ઞાનના આઠ ભેદો તે, જે બતાવેલ આગળે;
ને ચક્ષુ દર્શનાદિના, બીજા ચાર તહીં વધે. ૧૪

જીવરાશિ તણા મુખ્ય, સંસારી મુક્ત ભેદ બે;
સંસારી જીવના બીજા, ભેદ પ્રભેદ છે ઘણા. ૧૫

મનોયુક્ત મનોહીન, ત્રસ સ્થાવર રૂપ છે;
એમ ઘણા ભલે ભેદો! આત્મા છતાંયે એક છે. ૧૬

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

સ્થાવરો ત્રણ મુખ્યત્વે, પૃથ્વી જલ વનસ્પતિ;
તેજ વાયુ દ્વીન્દ્રિયાદિ, ત્રસ જીવો જગત માંહી. ૧૭

અગ્નિ ને વાયુ બંનેય, લબ્ધિ ત્રસ ગણાય છે;
પરંતુ દ્વીન્દ્રિયાદિની, ગતિ ત્રસ ગણાય છે. ૧૮

ચામડી જીભ ને નાક, આંખ ને કાન પાંચ એ;
ઇંદ્રિયો દ્રવ્ય ને ભાવ, બે રૂપે મુખ્ય છે ખરે. ૧૯

ઉપકરણ-આકાર, છે દ્રવ્યેંદ્રિય એમ બે;
ઉપયોગ અને લબ્ધિ, છે ભાવેન્દ્રિય તેમ બે. ૨૦

ક્ષયોપશમથી થાય, જ્ઞાનાવરણ કર્મના;
જે આત્મિક પરિણામ, લબ્ધિની શક્તિ તે તથા. ૨૧

લબ્ધિ થકી જ આકાર, ઉપકરણ તેમ જ;
ને ઉપયોગમાં પાછાં, એ ત્રણેય સમાય છે. ૨૨

સ્પર્શ, રસ તથા ગંધ, રૂપ ને શબ્દ પાંચ તો;
પાંચેય ઇંદ્રિયોના એ, ક્રમશઃ જ્ઞેય વિષયો. ૨૩

સર્વત્ર દેહમાં બેઠું, અનિન્દ્રિય રૂપી મન;
રહે ઇંદ્રિય-આધારે, તેનો વિષય છે શ્રુત. ૨૪

પૃથ્વી પાણી તથા અગ્નિ, વાયુ અને વનસ્પતિ;
તે પાંચેમાં કહી એક, પે'લી ઇંદ્રિય ચામડી. ૨૫

ચામડી જીભવાળા છે, કૃમિ, જળાદિ દ્વીંદ્રિય;
ચામડી જીવ ને નાક વાળા તે કીડી માંકડ. ૨૬

ચામડી જીભ ને નાક, આંખાળા ભ્રમરાદિક;
મનુષ્ય, દેવ, તિર્યંચ ને નારકાદિ જાણવા. ૨૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

પાંચ ઇન્દ્રિયવાળા તે ક્રમશઃ આ રીતે ગણે;
ચામડી જીભ ને નાક, આંખ ને કાનવંત તે. ૨૮

છે દ્રવ્ય મન દેવોમાં, નારકોમાં જ પૂર્ણતઃ
કિંતુ ગર્ભજ તિર્યંચો, ને તેવા માનવો મહીં. ૨૯

ન સંમૂર્ચ્છિમ તિર્યંચો કે તેવા માનવો વિષે;
ભાવ મન રૂપી સંજ્ઞા, તો સર્વે જીવમાં રહે. ૩૦

(વસંતતિલકા)

મોક્ષે જનાર જીવને ન રહે શરીર,
છૂટેલ બાણ-ધનુથી જીવ તે જ રીતે;
સિદ્ધિનું સ્થાન મૂળ ઋજુ ગતિથી પામી.
તે પૂર્ણ આત્મરૂપ સે'જ બની રહેતો. ૩૧

(શાર્દૂલ વિક્રીડિત)

સંસારી જીવ રાશિમાં, ઋજુ ગતિ ને વક્ર હોયે ગતિ;
બીજો જન્મ ધરે, જીવો તહીં વીતે ઓછાથી ઓછો સમો;
બે ને ચાર વધુ મહીં વધુ થતું એ યોગ છે વિગ્રહી,
'પાણિ મુક્ત' જ લાંગલિક, દ્વિતીયા, ગોમૂત્રિકા ત્યાં ત્રીજી. ૩૨

(અનુષ્ટુપ)

બીજો જન્મ ધરે જીવ, ત્યારે તે એક બે ક્ષણે;
અનાહારી રહે પોતે, વદે છે કેવલી ખરે. ૩૩

સંમૂર્ચ્છિમ અને ગર્ભ, ને ઉપપાત છે ત્રીજો;
આધેય જન્મ ભેદોએ, આધાર નવ યોનિઓ. ૩૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જે અધિષ્ઠિત જીવોથી, બીજી તેનાથી ઊલટી;
ને તેવી મિશ્ર ને શીત, ઉષ્ણુશીતોષ્ણુ તે વળી. ૩૫

ઢાંકેલા સ્થાનવાળી ને, ઉઘાડી મિશ્ર એ રીતે;
યોનિઓ નવ થાયે છે, સંક્ષેપે જાણજો જગે. ૩૬

જરાયુ અંડ ને પોત, એ ત્રણ જન્મ ગર્ભ જ
તે રીતે નારકો દેવો, છે ઉપપાત જન્મીએ. ૩૭

બાકીના સર્વ જીવો તો, સંમૂર્ચ્છિમ ગણાય છે;
સંક્ષેપે નવ યોનિયે, ચોરાશી લાખ વિસ્તરે. ૩૮

(શાર્દૂલવિક્રીડિત)

ઔદારિક શરીર, વૈક્રિયવળી, આહારકં તૈજસી,
એ રીતે વળી પાંચમું શરીર એ છે કાર્મણં નામથી;
આવે છે ક્રમથી પછી પછી જ જે છે દેહ તે સૂક્ષ્મ જે,
ને તેથી તન તૈજસિષ્ઠકથી અસંખ્યાત ગુણે તે ત્રણે. ૩૯

તેમાં તૈજસ કાર્મણી ઉભયના ગુણો અનંતા રહ્યા,
ને આઘાત રહિત છે ઉભય એ આત્માનુબંધી સદા;
આત્માસંગ અનાદિ કાળથી રહે સૌ જીવ સાથે તથા,
એકી સાથ જ ચાર એક જીવમાં તે બે અને બે બીજાં. ૪૦

(અનુષ્ટુપ)

સુખદુઃખાદિ ભોગોના, અનુભવરહિત છે,
જ્ઞાનીઓએ કહ્યું છેલ્લું, કાર્મણેય શરીર તે. ૪૧

સંમૂર્ચ્છિમ અને ગર્ભ, જન્મો ઔદારિકે હશે;
ઉપપાત કહીં લબ્ધિ, થકી વૈક્રિય સાંપડે. ૪૨

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

બાધા રહિત નિષ્પાપી, પ્રશસ્ય પુદ્ગલો વડે;
ચૌદ પૂર્વી મુનિ પામે, આહારક શરીરને. ૪૩

છે નપુંસક તે માત્ર, નારક ને સંમૂર્ચ્છિમ;
દેવોમાં નર ને નારી, બે જ લિંગો સુનિશ્ચિત. ૪૪

ઘાસે સળગતી આગ, જેવો પુરુષ વેદ તે;
ને અંગાર શો સ્ત્રીનો, તપ્યો શો ઈંટ વ્યંડલે. ૪૫

કિન્તુ મનુષ્યમાં તેમ, તિર્યંચોય સમસ્તમાં;
ત્રણેય લિંગ કે વેદ, હોય છે નિશ્ચયે તિહાં. ૪૬

(સવૈયા એકત્રીસા)

ચરમ દેહીને નારક દેવો, દીર્ઘજીવી ને શ્રેષ્ઠજનો;
કાળ પામતાં મૃત્યુકાળે અન-અપ વર્ત્ય આયુ જીવો.
મન પરિણામી તર-તમતાથી, ભોગવે જિંદગી સહ તેઓ;
અકાળ મૃત્યુ પશુઓ મનુજો, અપવર્ત્યાયુ છે જેઓ. ૪૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૩

## નારકી વર્ણન

(અનુષ્ટુપ)

પ્રભાયુક્ત તલે ભૂમિ, છે એમ રત્ન શર્કરા;
વાલુ પંક અને ધૂમ, તમ તથા મહાતમ. ૧
કહેવાય નરકો સાત, નીચે નીચે સુવિસ્તૃત;
ઘનાંબુ વાયુ આકાશ, ઉપરા ઉપર સ્થિત. ૨

(વંશસ્થ)

તે નારકી જીવ સદા નિરંતર;
અશુભ લેશ્યા ક્રમથી વધુ વધુ.
શરીરને વેદન વિક્રિયા વડે,
લડે પરિણામથી જે પરસ્પર. ૩

(સવૈયા એકત્રીસા)

સાત નરક મહીં પે'લાં ત્રણમાં પરમાધામી અસુરતણાં,
દુઃખો હોય બાકી ચારમાં તોયે પરસ્પર અતિ ઘણાં.
ક્રમશઃ આયુ સ્થિતિ વધુમાં વધુ એક ત્રણ સાત વળી,
દશ, સત્તર, બાવીસ તેત્રીસે સાગરઉપમા ગણી સહી. ૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

મધ્યલોકમાં જંબૂઆદિ શુભનામી દ્વીપ જલધિ આ,
લવણાદિ વલયાકૃતિ બમણાં પૂર્વપૂર્વને વીંટી વળ્યાં;
જંબૂદ્વીપ છે ગોળ તહીં એક લાખ યોજન વિસ્તાર તણો;
જેની વચ્ચે મેરુ પર્વત અડોલ અકંપ ખડો રહ્યો. ૫

ભરત, હૈમવત, હરિવિદેહને, રમ્યક્ વર્ષો ક્ષેત્ર રહ્યાં,
હૈરણ્યવત ઐરાવત સાતે પૂર્વથી પશ્ચિમ વ્યાપ્ત બન્યાં;
હિમ-મહાહિમ, નિષેધ, નીલ ને રુકમી શિખરી વર્ષધરો,
છ સંખ્યામાં પર્વત તેઓ વચ્ચે રહેતાં વંશધરો. ૬

જંબૂદ્વીપથી ઘાતકી ખંડે ક્ષેત્રો પર્વત બમણાં છે,
પુષ્કરાર્ધિ દ્વીપેય એટલાં પર્વત ક્ષેત્રો નમણાં છે.
માનુષોત્તર નામ ગિરિના પૂર્વભાગ લગી મર્ત્યવસે,
મ્લેચ્છો આર્યો એમ ઉભય છે, જાતિ એમની રૂડી દીસે. ૭

ભરત, ઐરાવત, વિદેહ આદિ કર્મભૂમિઓ પંદર છે,
દેવકુરુ, ઉત્તરકુરુ, આદિ અકર્મભૂમિ ત્રીસ દિસે;
માનવ આયુ સ્થિતિ રહી ત્યાં જઘન્ય અંતર્મુહૂર્તની,
ત્રમ પલ્યોપમ ઉત્કૃષ્ટી ત્યાં અવશ્ય આયુસ્થિતિ બની. ૮

તિર્યંચ અથવા પશુઓની એ આયુસ્થિતિ ત્યાં એ જ કહી,
કર્મભૂમિમાં મળે મોક્ષ પણ અકર્મ ભૂમિમાં કદી નહીં.
તિર્યંચ માનવ આયુ સ્થિતિના ભવને કાય બે ભેદ ગણ્યા,
જીવે ત્યાં ભવ જાણો વારંવાર જન્મ ત્યાં કાય દશા. ૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૪

## દેવવર્ણન

(સવૈયા એકત્રીસા)

ભવનપતિ વાણવ્યંતર એ બે નિમ્ન કોટીના દેવ કહ્યા,
પીત લેશ્યી જ્યોતિષી દેવો અને વૈમાનિક ઉચ્ચ ગણ્યા;
દશને આઠ – પાંચ બાર ગણાતા ભેદ ચાર દેવો કેરા,
ઇંદ્રાદિ દશ ભવનપતિને, વૈમાનિકના ભેદ બીજા. ૧

ઇંદ્ર, સામાનિકને ત્રાયસ્ત્રિંશત, પારિષદ્ય, આત્મારક્ષી,
લોકપાલને અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય ને કિલ્બિષી;
એ દશ પૈકી ત્રીજા છઠ્ઠા નથી વ્યંતર જ્યોતિષીમાં,
ભવનપતિ વ્યંતરમાં ઇંદ્રો બેને લેશ્યા પીત સીમા. ૨

ભવનપતિ વ્યંતર જ્યોતિષી દેવલોક બે મર્ત્યસમાં,
કામસુખો ભોગવે દેહથી પછીના બે બે ક્રમે યથા.
સ્પર્શ, રૂપને શબ્દ, મને કરી બાકી ક્ષીણ વિકાર બધા,
ક્રમશઃ એમ વિકાર રહિત છે, દશા ઉચ્ચ દેવોની આ. ૩

(અનુષ્ટુપ)

અસુર નાગ ને વિદ્યુત, સુપર્ણ અગ્નિ વાયુને;
સ્તનિત ઉદધિ દ્વીપ, ને દિક્ દશકુમાર તે. ૪

(સવૈયા એકત્રીસા)

ભવનપતિ દેવો પછી, શાસ્ત્રે આઠ નામ વ્યંતરનાં છે,
કિન્નર, કિંપુરુષ, ત્રીજા મહોરગ, ગાંધર્વ, યક્ષને રાક્ષસ તે.
ભૂત, પિશાચ એ આઠ પછી છે સૂર્ય,ચંદ્ર, ગ્રહ દીપી રહ્યા,
નક્ષત્રોને પ્રકીર્ણ તારા પાંચ જ્યોતિષી દેવ કહ્યા. ૫

(અનુષ્ટુપ)

મેરુ પ્રદક્ષિણા રૂપે, નિત્ય જે ગતિશીલ તે;
જ્યોતિષી દેવથી એમ, સમય નક્કી થાય છે. ૬

જ્યોતિષ્કો રહે સ્થિર, મર્ત્યલોક બહારનાં.
પીતને સ્થિરતાવાળાં, લેશ્યા પ્રકાશ તેમનાં. ૭

ચોથા વૈમાનિકો દેવો, વળી તે બે પ્રકારના;
જે કલ્પાતીત, કલ્પસ્થ, ઉપરોપર તે રહ્યા. ૮

(સવૈયા એકત્રીસા)

સૌધર્મ, ઐશાન, સાનતકુમારને, માહેંદ્ર બ્રહ્મલોક તથા,
લાંતક,વળી મહા શુક્ર,સહસ્રાર,આણુત,પ્રાણુત, આરણુ આ;
અચ્યુત, કલ્પોપજા, ગ્રૈવેયક, વિજય, વૈજયંત, જયંત,
અપરાજિત અને સર્વાર્થસિદ્ધ ચૌદ એ કલ્પાતીત. ૯

(શાર્દૂલ વિક્રીડિત)

પેલા બે મહિ સ્વર્ગમાં વિબુધને લેશ્યા સ્થૂળા પીતને,
તેજો પદ્મજ પાંચ ઠેઠ લગી છે લેશ્યા પછી શુકલ એ;
શુદ્ધિ, દ્યુતિ, પ્રભાવ, ઇંદ્રી, અવધિ સુખો ક્રમે છે વધુ;
ને સૌમાં ગતિ, દેહને પરિગ્રહે જ્યાં માન ઓછું થતું. ૧૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

કલ્પ ગ્રૈવેયકો પે'લાં,
જેમાં ભેદ રહે બહુ;
કિંતુ ગ્રૈવેયકો માંહે,
અહમિંદ્ર ગણાય સો. ૧૧

(સવૈયા એકત્રીસા)

વિષયરતિથી રહિત તેથી તે દેવર્ષિલોકાંતિકો,
દિશા, વિદિશા બ્રહ્મલોક જ્યાં વસનારા સૌ છે તેઓ,
સારસ્વત આદિત્ય વહ્નિ ને અરુણ ગર્દતોય જ તેઓ,
તુષિત અવ્યાબાધ મરુત ને અરિષ્ટ સ્વતંત્ર સૌ જેઓ. ૧૨

વિજય વગેરે ચાર વિમાને ચરમ શરીરી બે વારે,
સર્વાર્થસિદ્ધ વિમાનવાસી તે દેવો એક જ જન્મ ધરે,
ઔપપાતિક જે દેવ નરક ને મનુષ્ય વિણ તિર્યંચ ગણો
હવે આયુસ્થિતિ દેવ, નરકની કે'વાયે તે સર્વ સુણો.
એક સાગરોપમા ચમરની, બલિની કંઈક અધિક તેથી,
બાકી નવ દક્ષિણાર્ધ ઈંદ્રની પલ્યોપમ છે દોઢ વળી;
પોણાબે પલ્યોપમ આયુસ્થિતિ ઉત્તરાર્ધ ઈંદ્રોની,
આ ઉત્કૃષ્ટી કિંતુ, જઘન્ય વર્ષો છે, દશહજારની. ૧૩

જઘન્ય એક પલ્યોપમ પ્રથમે, ઉત્કૃષ્ટી બે સાગરની,
બીજે પ્રથમથી વધુ કંઈક છે, ઉત્કૃષ્ટી પણ તે રીતની;
જઘન્ય ત્રીજાની બે છે એ ઉત્કૃષ્ટી વળી સાત રહી,
ચોથામાં છે, જઘન્ય ને ઉત્કૃષ્ટી પણ કંઈક વધુ ગણી, ૧૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છે ચોથાની ઉત્કૃષ્ટીને, પંચમ તણી જઘન્ય ગણી,
છે પાંચમાની ઉત્કૃષ્ટી તે જ જઘન્યે છઠ્ઠાની,
એમ દ્વાદશ દેવલોકે, ગણવી ક્રમે જઘન્ય ને ઉત્કૃષ્ટી,
બાવીસ સાગરોપમ ઉત્કૃષ્ટી એમ બારમા તણી ગણી. ૧૫

પાંચમાની ઉત્કૃષ્ટી દશને, છઠ્ઠાની ચૌદ સાગર છે,
સાતમું સત્તર, આઠમું અઢાર, નવમું, દશમું વીસ જ છે,
ગ્યારમું બારમું બાવીસ છે, એ રીતે ઉત્કૃષ્ટી જો.
ઉત્કૃષ્ટી જે નિમ્ન સ્વર્ગની, તે જઘન્ય ઉપરની હો. ૧૬

પહેલે ગ્રૈવેયક જઘન્ય બાવીસ ત્રેવીસ ઉત્કૃષ્ટી,
જઘન્યે એમ ક્રમે ઉત્કૃષ્ટી, એકત્રીસ છે નવમાની;
ચાર અનુત્તર વિમાને એમ જ, જઘન્ય એકત્રીસ ગણી,
છે ઉત્કૃષ્ટી બત્રીસ એની, સર્વાર્થસિદ્ધિ એ તેત્રીશની. ૧૭

પહેલી નરકની જઘન્ય આયુસ્થિતિ વર્ષ દશ હજારની,
ઉત્કૃષ્ટી ત્યાં સાગરોપમ છે, પછી સાત એમ ગણવાની;
નીચે નીચેની ઉત્કૃષ્ટી તે ઉપર, ઉપરની જઘન્ય છે,
એક ત્રણ સાત દશ સત્તર, બાવીશને તેત્રીસ સાગર છે. ૧૮

જઘન્ય છે દશહજાર વર્ષો વ્યંતર દેવોના ગણજો,
ઉત્કૃષ્ટી પલ્યોપમ ત્યાં કંઈક જ્યોતિષ્કોની વધુ ભણો;
ગ્રહો તણી ઉત્કૃષ્ટી પલ્યોપમ નક્ષત્રોની અડધી ગણો,
ઉત્કૃષ્ટી ત્યાં તારાઓની, નક્ષત્રોથી છે અડધી. ૧૯

(અનુષ્ટુપ)

તારાઓની જઘન્યે છે, આઠમો ભાગ પલ્યની;
જ્યોતિષ્ક ગ્રહ નક્ષત્રો છે ચોથા ભાગ પલ્યની. ૨૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય ૫

## અજીવ વિસ્તાર

(અનુષ્ટુપ)

પુદ્ગલ ધર્મ આકાશ અને અધર્મ એમ એ;
અજીવકાય છે ચાર, પાંચમું દ્રવ્ય જીવ છે. ૧

છે અસ્તિકાય આકાશ, ધર્મ અધર્મ ને જીવ;
નિત્ય સ્થિર અરૂપી તે, રૂપી પુદ્ગલ પાંચમું. ૨

ધર્મ અધર્મ, આકાશ, તે છે ત્રણેય નિષ્ક્રિય;
દ્રવ્ય રૂપે ત્રણેકેરી, સંખ્યા એક ગણી પ્રિય. ૩

(વંશસ્થ)

ધર્મે અધર્મે વળી જીવમાં જતે,
ગણે અસંખ્યેય પ્રદેશ જ્ઞાનીઓ;
અનંત આકાશ, નહીં અણુતણા,
સંખ્યે, અસંખ્યેય અનંત પુદ્ગલો. ૪

(અનુષ્ટુપ)

લોકાકાશ સમગ્રે છે, ધર્મ અધમની સ્થિતિ;
લોકાકાશ પ્રદેશેય, વિકલ્પે પુદ્ગલ સ્થિતિ. ૫

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

લોકભાગે અસંખ્યાતે, જીવોની સ્થિતિ કેમકે;
તે પ્રદેશો દિવા પેઠે, સંકોચે તેમ વિસ્તરે. ૬

ધર્મ, અધર્મ એ બંને, નિમિત્ત ગતિ સ્થિતિમાં;
અને આકાશનું કાર્ય, નિમિત્ત અવગાહને. ૭

દેહ વાક્ મન નિઃશ્વાસ, ઉચ્છવાસ સુખ દુઃખ આ;
જીવિત, મૃત્યુ છે કાર્યો, પુદ્ગલ ઉપકારનાં. ૮

(સવૈયા એકત્રીસા)

પરસ્પરે ઉપકારો કરવા, જીવ લક્ષણો એ જ રહ્યાં,
પ્રેરણા કરવી નિમિત્ત રૂપે, દ્રવ્યોને છે તે વર્તના;
દશા પલટતી તે પરિણામો, ગતિ રૂપ જે થતી ક્રિયા,
વળી થતું નાનું ને મોટું, કાળ લક્ષણો એ જ કહ્યાં. ૯

(વસંતતિલકા)

છે સ્પર્શ ગંધ, રસ, વર્ણજ શબ્દ બંધ,
સ્થૂલત્વ, સૂક્ષ્મપણું, છાંય, પ્રકાશવંત;
સંસ્થાન, ભેદ, વળી, આતપ, અંધકાર,
એ સર્વ પૌદ્ગલિક લક્ષણના પ્રકાર. ૧૦

સ્કંધો તથા અણુરૂપે સહુ પુદ્ગલો છે,
ત્યાં માત્ર ભેદથી અણુ જનમી જતુંએ;
સંઘાત, ભેદ, અથવા ઉભયેથી સ્કંધ,
સંઘાત, ભેદથી બને વળી ચાક્ષુષેય. ૧૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

ઉત્પાદ, વ્યય, ને ધ્રૌવ્ય, ત્રણેથી યુક્ત સત્ સદા;
સ્વજાતિથી, સ્વભાવેથી, ન નષ્ટ થાય નિત્ય આ. ૧૨

પ્રત્યેક વસ્તુના જેમ, મુખ્ય ગૌણ અનેક ધા;
અપેક્ષા એ બધા ધર્મો, વ્યવહારે બને જુદા. ૧૩

(ઉપજાતિ)

સ્નિગ્ધત્વ, રુક્ષત્વથી બંધ જેમ,
જઘન્ય અંશે નહિ કિંતુ તેમ;
ગુણો સમાને નહિ સદૃશેય,
દ્વિત્યંશાદિ કિંતુ વધતાં થશે જ. ૧૪

(વસંતતિલકા)

જે દ્રવ્ય, ક્ષેત્ર, સમયે વળી ભાવ વશ્યે,
વિસદૃશે, સમગુણી પલટાય બેને;
નાસદૃશે, સમગુણે કદી થાય બંધ,
હીનાંશને શમવતા અધિકાંશવંત. ૧૫

(શાર્દૂલવિક્રીડિત)

પર્યાયો ગુણથી જ દ્રવ્ય બનતું, દ્રવ્યાશ્રયી છે ગુણો,
પોતે નિર્ગુણ તોય દ્રવ્ય મહીં તે નિત્યે વસેલા ગુણો;
કો આચાર્ય કહે અનંત સમયો, પર્યાય છે કાળના,
તેથી દ્રવ્ય ગણાય કાળ પણ એ, ભાવિ ભૂતે ચાલુ આ. ૧૬

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા એકત્રીસા)

સ્વરૂપમાં સ્થિત રહી, જન્મવું, નષ્ટ થવું પરિણામ કહ્યું,
છે એ અનાદિ, આદિમાનવળી, સ્વરૂપ ત્યાં બે પ્રકારનું;
રૂપાદિરૂપે, પુદ્ગલ દ્રવ્યે, આદિમાન તે નિત્ય રહ્યું,
જીવોમાં વળી યોગોપયોગે, આદિમાન તે બન્યું ખરું. ૧૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય છઠ્ઠો

## પાપ પુણ્ય અને ધર્માધર્મવિભાગ

(અનુષ્ટુપ)

કાયા વાક્, મનનું કર્મ,
છે યોગ તે જ આસ્રવ;
અશુભ પાપ છે તેમ,
શુભ પુણ્ય ખરેખર. ૧

(સવૈયા એકત્રીસા)

સકષાયી, નિઃકષાયી, આત્મા કર્મબંધ બે પ્રકારના,
બાંધે સાંપરાયિક, ઈર્યાપથ, સાંપરાયિકે કારણ આ,
પાંચ અવ્રત ને ચાર કષાયો, પાંચ ઇંદ્રિય પચ્ચીસ ક્રિયા,
ભાવે વિશેષ તીવ્ર મંદ અજ્ઞાત જ્ઞાત બળશસ્ત્ર રહ્યાં. ૨

(અનુષ્ટુપ)

અધિકરણ વા શસ્ત્ર જીવ અજીવ બે યથા;
શુભાશુભ બધાં કર્મો, તે બંનેય થકી થતાં. ૩

(સવૈયા એકત્રીસા)

ત્રણ સંરંભ સમારંભ આરંભ કૃત કારિત અનુમત ત્રણ આ
કષાય ભેદ ચાર પછીથી, અજીવ અધિકરણેય તથા;

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

નિર્વર્તના નિક્ષેપ તેવાં સંયોગ નિસર્ગ એમ થયાં,
અનુક્રમ વળી એ ચારેના, બે ચાર, બે, ત્રણ ભેદ લહ્યા. ૪

(વસંતતિલકા)

પ્રદ્વેશ, નિહ્નવ, સમત્સર, અંતરાયા,
જ્ઞાની, સુજ્ઞાન, વળી સાધન એ બધાંના;
આસાદના જ, ઉપઘાત જ એમ નામ,
એ જ્ઞાન આવરણ દર્શન આદિ કેરાં. ૫

પોતામહીં, પરમહીં ઉભયો મહીંયે,
આક્રંદ, દુઃખ વધને પરિદેવના જે;
ને શોક, તાપ છ જ કારણ બંધ જેનાં,
તે વેદનીય કહ્યું કર્મ વળી અસાતા. ૬

(અનુષ્ટુપ)

ભૂત–વ્રતી અનુકંપા, દાન સરાગ સંયમ,
આદિ યોગો ક્ષમા શૌર્ય, સાતા–વેદની કર્મજ ૭

કેવળી શ્રુતને સંઘ ધર્મ દેવ તણો થતો,
અવર્ણવાદથી બંધ, દર્શન મોહનીયનો. ૮

કષાયોદયથી તીવ્ર, આત્માનું પરિણામ જે,
કર્મબંધ ગણાયે છે, ચારિત્ર મોહનીયને. ૯

નરક આયુ બંધાય, અત્યારંભ પરિગ્રહે,
જવાનું થાય માયાથી, તિર્યંચે એમ નિશ્ચયે. ૧૦

મૃદુતા, ઋજુતા સ્હેજે, અલ્પારંભ — પરિગ્રહ,
બંધાય માનવી આયુ, હોય જો ચાર તે ગુણ. ૧૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

શીલવ્રત વિહોણાં જે, અલ્પારંભાદિ થાય તે,
મોક્ષોપાય નહીં થાતાં, આયુ બંધ નહીં પડે. ૧૨
સંયમ, તપ, બંનેય, મુખ્ય, કારણ મોક્ષનાં,
હોય સરાગતા તેમાં, તો તો દેવગતિ તિહાં. ૧૩
યોગની વક્રતા એને વિસંવાદે અશુભ જે;
નામ કર્મજ બંધાય, ઉલટું શુભ તેમ તે. ૧૪

(સવૈયા એકત્રીસા)

દર્શન શુદ્ધિ, વિનય યુક્તતા, અતિ અપ્રાદશીલ વ્રતે વળી,
જ્ઞાન અને સંવેગ વિષે તો, સતત રહે ઉપયોગ અતિ;
શક્તિ મુજબ તપ, ત્યાગ, સમાધિ, વૈયાવચ્ચ; સંઘ સાધુનાં,
આચાર્ય, અરિહંત, બહુશ્રુત, પ્રવચન કેરી ભક્તિ સુધા. ૧૫
તજવી ન આવશ્યક ક્રિયાઓ, મોક્ષ માર્ગની પ્રભાવના,
જિનશાસન સહધર્મી પરત્વે, વાત્સલ્યામૃત વહે સદા;
શુભ તીર્થંકર નામ કર્મના, બંધ હેતુ આ છે સઘળા,
પરમેષ્ઠીનાં પાંચ પદોમાં, પ્રથમ પદ છે એહ સદા. ૧૬

(વંશસ્થ)

નિંદા બીજાની, સુપ્રશંસના તથા,
ઢાંકી ગુણો, દોષ કહી બતાવવા;
તે નીચ ગોત્રે થઈ બંધ કારણ,
ને ઉચ્ચ ગોત્રે, ઊલટું થતાં પણ. ૧૭

(અનુષ્ટુપ)

ભોગ ઉપભોગને લાભે, દાને વિઘ્ન નખાય જો;
તે થકી કર્મનો બંધ, બંધાયે અંતરાયનો. ૧૮

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય સાતમો

(અનુષ્ટુપ)

## સાધના

હિંસા અસત્ય ને ચોરી, મૈથુન ને પરિગ્રહ;
કાયા વાણી મને તેથી, થવું નિવૃત્ત, તે વ્રત. ૧
અલ્પાંશે વળી સર્વાંશે, વિરતિ અણુ – મહાવ્રતો;
તે બેની સ્થિરતા માટે, ભાવના પાંચ પાંચ હો. ૨

(સવૈયા એકત્રીસા)

પેલી ત્રીજી ચોથી સમિતિ મન ગુપ્તિ ભોજન પાને,
સારી પેઠે જોવું એ છે પાંચ ભાવના પ્રથમ વ્રતે;
વિચારપૂર્વક ભાષા વદવી, ક્રોધ લોભ ભય હાસ્ય તજી,
પાંચ ભાવના બીજા વ્રતની વારંવાર એ ચિંતવવી. ૩

(વંશસ્થ)

ત્રિવેદી સેવેલ જ સ્થાન વર્જવાં,
કથા તથા ઇંદ્રિયરાગ વર્જવાં,
રસાળ એ ભોજન સ્વાદ ત્યાગવાં,
છે પાંચ ચોથા વ્રતની જ ભાવના. ૪

(સવૈયા એકત્રીસા)

વાપરવાનું સ્થાન માગવું વિચારપૂર્વક તે જ રીતે,
વારંવાર વળી સ્થાન માગવાં તેના તેના સ્વામીકને;

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ખપે તેટલું સ્થાન જ લેવું વળી સહધર્મીજનો થકી,
રજા લઈ ખાવું પીવું એ, પાંચ ભાવના અસ્તેયની. ૫

(અનુષ્ટુપ)

મનોજ્ઞ – અમનોજ્ઞાદિ, સ્પર્શાદિ પાંચ વિષયે;
ને સમભાવ છે પાંચ, અપરિગ્રહ ભાવના. ૬
હિંસાદિ પાંચ દોષોમાં, આ લોકે પરલોકમાં;
જોવાં અનિષ્ટને દુઃખ, આપદ્ એ પાંચ ભાવના. ૭
હો જીવમાત્રમાં મૈત્રી, વધુ ગુણે પ્રમોદના;
દુઃખમાં કરુણાવૃત્તિ, મધ્યસ્થતા કુપાત્રમાં. ૮
જગતને દેહ બંનેના, ચિંતવવો સ્વભાવ તો;
સંવેગ તેમ વૈરાગ્ય, આવે જરૂર આગવો. ૯

(શાર્દૂલ વિક્રીડિત)

હિંસા, પ્રાણ વધે થતી, પણ તહીં મુખ્ય પ્રમાદે ખરી,
કિંવા દ્રવ્ય જ ભાવ, નિશ્ચય અને વ્હેવહાર એ બે ગણી;
ભાવો દુષ્ટ થતાં જ એ બની જશે, હિંસાખરી નિશ્ચયે,
સદ્‌ભાવે વધ થાય તો પણ કદી થાયે અહિંસા ખરે. ૧૦

(વસંતતિલકા)

દુર્ભાવવાળું કથવું થતું, તે અસત્ય,
સદ્‌ભાવિ સત્ય, અણદીધું ગ્રહ્યું જ ચૌર્ય;
અબ્રહ્મ તો કદી પ્રમાદ વિના ન થાય,
મૂર્છા પરિગ્રહ ગણે સુજનો સદાય. ૧૧

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

ત્રિશલ્યથી વિહોણા તે, વ્રતી એ જ ગણાય એ;
અણગારી ગૃહત્યાગી, ને અગારી ગૃહસ્થ છે.

(સવૈયા એકત્રીસા)

અણુવ્રતધારી, અગારી વ્રતીઓ, દિશા દેશ ઉભયે વિરમે, ૧૨
અનર્થદંડ વિરતિ, સામાયિક ભોગોપભોગે સીમિત રહે;
પોષધોપવાસ કરી પખવાડે, અતિથિભાગે રાચે છે,
મૃત્યુ આવ્યે મારણાંતિકી સંલેખના વળી સાધે તે. ૧૩

(શાર્દૂલવિક્રીડિત)

શંકા આત્મ મહી ભવે પરભવે, ભૌતિકકાંક્ષા તથા,
બુદ્ધિ અસ્થિર થાય, મંદમતિએ, ત્રીજી વિચિકિત્સતા;
મિથ્યાદૃષ્ટિ પ્રશંસવી, પરિચયો અદ્યાપિ હો તે બધા,
સમ્યગ્ દર્શન દોષ પાંચ, તજવા શુદ્ધાત્મને સ્પર્શવા. ૧૪

(અનુષ્ટુપ)

વ્રતોને શીલમાં પાંચ, કહ્યા જે અતિચાર તે;
અનુક્રમે હવે ત્યાજ્ય, તે દોષો વર્ણવાય છે. ૧૫
વધ, બન્ધ, છવિચ્છેદ, નિરોધ ખાનપાનનો;
અતિભાર વ્રતે પે'લે, છે અતિચાર પાંચ તો. ૧૬

(વસંતતિલકા)

મિથ્યોપદેશ કરવા વિખૂંટા સુસ્નેહી,
કુટિલ લેખ વળી થાપણુ ઓળવાવી;
ને ખાઈ ચાડી પ્રીતિ તોડવી એકમેક,
બીજા અસત્ય વ્રતના અતિચાર પાંચ. ૧૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

ચોરી પ્રયોગ, વળી ચૌર્ય ખરીદનાર,
કાનૂનભંગ કરવાં, કૂટતોલ માપ;
કૃત્રિમ વસ્તુ વ્યવહાર જ દોષ પાંચ,
અસ્તેય તે વ્રત તણા અતિચાર ખાસ. ૧૮

(સવૈયા એકત્રીસા)

પરવવિવાહ કરી દેવો મોહે, અણહક્કની સ્ત્રી ભોગવવી,
વેશ્યા વા તત્સમ નારીથી વ્યભિચાર જો થાય વળી;
સૃષ્ટિ વિરુદ્ધ જે કામસેવના, કામક્રીડા ઊદ્દીપન તે,
ચતુર્થ વ્રત અતિચાર, પાંચ એ નડે ઉભય નરનારીને. ૧૯

ખેતરમકાન, ચાંદી-સોનું, પ્રમાણ ઓળંગી જાવું,
પશુધન, ધાન્ય, તણુંયે તેમ જ પ્રમાણ છોડી લલચાવું;
નોકર ચાકર, વાસણ કપડાં કુપ્ય પ્રમાણે વટી જવું,
પંચમ અણુવ્રતના એ પાંચે અતિચારોથી રહિત થવું. ૨૦

(અનુષ્ટુપ)

માટે થાય, દિશાભંગ, તીરછો, ઊંચ, નીચ જે;
ક્ષેત્ર-વૃદ્ધિ, સ્મૃતિ ભૂલ, દિગ્વ્રતે અતિચાર તે. ૨૧

(વસંતતિલકા)

દિશાવકાશ વ્રત ભંગ કરે બીજાથી,
કાં મોકલી, વચન, આકૃતિને બતાવી;
શબ્દોથી ચીજ મંગવે અથવા અશબ્દે,
કે ફેંકી પુદ્ગલથી પાંચ જ દોષ થાશે. ૨૨

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(ઉપજાતિ)

કંદર્પ ચેષ્ટા, વળી ભાંડ જેમ,
મૌખર્ય પાપિષ્ઠ જ સાધનેય;
દેવા બીજાનેય અનર્થ દંડ,
ભોગો વધુ તે, અતિચાર પાંચ. ૨૩

(અનુષ્ટુપ)

ત્રિયોગ દુષ્પ્રણિધાન, સામાયિકે અનાદર;
છે પાંચમો અનાચાર, સ્મૃતિ અનુપસ્થાન. ૨૪

(સવૈયા એકત્રીસા)

વિના દીઠે કે વિના પ્રમાર્જ્યે, મળ મુત્રાદિ પરિઠવવાં,
પાત્રો આસન ને સંથારો, તે રીતે લેવાં મૂંકવાં;
આદર કે ઉત્સાહ વિના, પોષધોપવાસિત આચારો,
સ્મરણ ન રહેવું તે છે, તેવા વ્રતના પાંચ અતિચારો. ૨૫

(અનુષ્ટુપ)

ભોગોપભોગનો ત્યાગ, ગણ્યું બીજું ગુણવ્રત;
કિંતુ અહીં કહ્યું તેને, છે અગિયારમું વ્રત. ૨૬

(ઉપજાતિ)

સચિત્ત કે સચિત્તયુક્ત ખાણું,
કે મિશ્રિતે ભોજન સચ્ચિતાળું;
દુષ્પક્વને માદક, ખાદ્ય પેય,
પાંચેય જેના અતિચાર આય. ૨૭

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(સવૈયા એકત્રીસા)

અજીવ વસ્તુ સજીવ કરવી ઢાંકવી સજીવથી કિંવા,
સ્વની છતાંયે પરની કે'વી, અણુદેવા કાજે અથવા,
મત્સર રાખીને દેવું કે કાળ ઉલ્લંઘી ખાઈ જવું,
તે અતિથિ સંવિભાગવ્રતના પાંચ અતિચારથી બચવું. ૨૮

(શાર્દૂલ)

મૃત્યુ જીવિત ચાહવું ન ચહવું કંટાળી કે લાલચે,
મોહે જે મમતા સગાં સુહૃદમાં મિત્રાનુરાગો થયે;
વેદ્યાં તે સુખને વળી સમરવાં સુખાનુબંધેય જે,
નિયાણું અતિચાર પાંચ જ ગણ્યા સંલેખના દોષ તે. ૨૯

(સ્રગ્ધરા)

ત્યાગે પ્રીતે પદાર્થો સુકરણમતિએ દાનપાત્રે સુરીતે,
દાતા નિસ્પૃહી થૈને વિધિરહિત તે ગુણવૃદ્ધિ નિમિત્તે;
જેથી ન્યાયી વ્યવસ્થા સકલગુણ વધે માનવીના સમાજે,
લેનારો યોગ્ય હોયે, મતલબ ઉભયે દાનથી શ્રેષ્ઠ થાયે. ૩૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય આઠમો

## કર્મબંધ વિશ્લેષણ

(અનુષ્ટુપ)

યોગ કષાય મિથ્યાત્વ અવિરત પ્રમત્તતા;
એ પાંચે બંધના હેતુ, આમ બંધાય બંધ આ. ૧
ગ્રહે જીવ કષાયોથી કર્મને યોગ્ય પુદ્‌ગલો;
તેમાં રસ વધુ ઓછો, કષાયે બંધ જે થતો. ૨

(માલિની)

જીવ ગ્રહણ કરે છે, કર્મ ચાર પ્રકારે,
પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશો ને વિપાક સ્વરૂપે;
તહીં પ્રકૃતિ પ્રદેશો મુખ્ય આધાર યોગ,
વળી સ્થિતિ અનુભાવે છે કષાય પ્રયોગ. ૩

(ચોપાઈ)

જ્ઞાન દર્શન આવરણ ઉભયેય,
વેદનીય ને મોહનીય પણ તેમ;
આયુષ્ય નામ ગોત્ર અંતરાય,
એ આઠ પ્રકૃતિભેદ ગણાય. ૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(આર્યા)

અનુક્રમથી પાંચ નવ બે,
અઠ્ઠાવીસ ને ચાર કહ્યા ભેદો;
બેંતાલીસ બે પાંચ,
આઠ કર્મ પ્રકૃતિ તેથી ચેતો. ૫

(સવૈયા એકત્રીસા)

મતિ આદિનાં પાંચ બનાવ્યાં જ્ઞાનાવરણીય કર્મ તથા,
ચક્ષુ અચક્ષુ અવધિ કેવલ નિદ્રા ને નિદ્રા–નિદ્રા;
પ્રચલા તેમ જ પ્રચલા-પ્રચલા સ્ત્યાનગૃદ્ધ એમ નવે બન્યા,
દર્શનાવરણીય કર્મતણા આ, ભેદ બતાવ્યા છે સઘળા. ૬

(અનુષ્ટુપ)

સાતા ને અસાતા એ વેદનીય પ્રકાર બે;
સત્ય અસત્ય ને મિશ્ર દર્શન મોહનીય તે. ૭

(સવૈયા એકત્રીસા)

કષાય ચોકડી ચાર ચારની, અનંતાનુબંધી પે'લી,
અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની સંજ્વલન છે એ છેલ્લી;
હાસ્ય રતિ અરતિ ભય શોકો જુગુપ્સતાનો કષાય છે,
ત્રણ વેદ નર નારી નપુંસક ચારિત્ર મોહનીય પચ્ચીસ તે. ૮

(અનુષ્ટુપ)

ગતિ નારક તિર્યંચ મનુષ્ય દેવ ચાર એ;
આયુષ્ય કર્મના ભેદો જ્ઞાનીઓએ કહ્યા ખરે. ૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(શાર્દૂલ વિક્રીડિત)

અંગોપાંગ શરીર બંધન તથા સંઘાત સંસ્થાનથી,
ને ઉચ્છવાસ જ ઉપઘાત ગતિ છે નિર્માણ તીર્થંકરે;
વિહાયોગતિ વર્ણ સ્થાવર-ત્રસોને સૂક્ષ્મ કે બાદર,
પ્રત્યેક સ્થિર-અસ્થિરે સુભગ ને પર્યાપ્ત ને ઊલટ. ૧૦
ને સાધારણ દુઃસ્વર સુસ્વર ને શુભાશુભે દુર્ભગ,
આદેયં ઊલટુંય સંહનનને જાતિયશઃ કીર્તિદ;
ને તેથી ઊલટું અગુરુલઘુને ઉદ્યોતને આતપ,
આનુપૂર્વીક ગંધ સ્પર્શ રસ ને તેવું પરાઘાતક. ૧૧

(અનુષ્ટુપ)

બેંતાલીસ થયા ભેદ પ્રકૃતિ નામ કર્મના;
ગોત્ર કર્મ ઊંચું નીચું એમ બે માત્ર ભેદ ત્યાં. ૧૨
દાને લાભે તથા ભોગે વીર્યમાં ઉપભોગમાં;
અંતરાયો કરે પાંચે તે અંતરાય કર્મ આ. ૧૩

(વસંતતિલકા)

પે'લી ત્રણે પ્રકૃતિ આઠમી અંતરાય;
ઉત્કૃષ્ટ સૌની સ્થિતિ કોટીકકોટી ત્રીસ;
છે સાગરોપમ પ્રમાણ સ્થિતિ જ શ્રેષ્ઠ;
સિત્તેર કોટી વળી કોટી જ મોહનીય ૧૪

(અનુષ્ટુપ)

કોટી કોટી સ્થિતિ વીસ ઉત્કૃષ્ટી નામ ગોત્રની;
ને સિંધૂપમ તેત્રીસ તે પ્રમાણે જ આયુની. ૧૫

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

જઘન્ય બાર મુહૂર્ત સ્થિતિ છે વેદનીયની,
નામે ગોત્રે જઘન્યે છે સ્થિતિ આઠ મુહૂર્તની. ૧૬

(શાલિની)

પે'લાં બેને આઠમું ચોથું જેમ,
કાલ સ્થિતિ પાંચમાનીય તેમ;
ઓછામાં તે ઓછી અંતર્મુહૂર્ત,
સૌની મધ્યસ્થિતિ કાષાય તુલ્ય. ૧૭

(સવૈયા એકત્રીસા)

જુદાં જુદાં ફળ દે તે શક્તિ અનુભાવ કહેવાયે છે,
પ્રકૃતિ ને સ્વભાવ થકી તે વિવિધ કર્મો વેદે છે;
તે વેદનથી થાય નિર્જરા પ્રકૃતિનો સંક્રમ થાતો,
છતાં મૂળમાં રહે પ્રકૃતિ એ જ નિયમ ત્યાં સચવાતો. ૧૮

ત્રણે દિશાના આત્મપ્રદેશે પુદ્ગલો સ્થિર થતાં જે જે,
સૂક્ષ્મ છતાંયે અનંતાનંતએ બંધાય કર્મો ગ્રહણ થયે;
જેવી કક્ષા હોય જીવની, તેવા તેને બંધાયે;
સ્થિરતા પામે કર્મ સ્કંધ જે, તે જ કર્મરૂપે થાયે. ૧૯

સાતા વેદનીય સમ્યક્ મોહનીય પુરુષવેદ ને હાસ્ય રતિ,
નામ ગોત્ર આયુષ્ય શુભ પુણ્ય બેંતાલીસ છે પ્રકૃતિ;
બાકી બ્યાશી કર્મ–પ્રકૃતિ પાપરૂપ તે ખસૂસ થતી,
એકસો ચોવીસ બે વિભાગે પાપ પુણ્ય પ્રકૃતિ બનતી. ૨૦

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય નવમો

## સંવર–સુધ્યાય–નિર્જરા અનુક્રમ

(મંદાક્રાંતા)

પાપો પુણ્યો અશુભ-શુભ એ આસ્રવે બંધભાન,
જો રોકે સંવર કરણિથી તો વધે ગુણસ્થાન;
ત્યાં ત્રિગુપ્તિ વળી સમિતિ છે પાંચ ને ધર્મ શિષ્ટ,
ચારિત્રો ને પરીષહ જયો ભાવનાઓ વિશિષ્ટ. ૧.

(અનુષ્ટુપ)

સંવર તપથી તેમ, થાય છે નિર્જરા પણ;
ગુપ્તિ એ જ કે'વાય, પ્રશસ્ત યોગનિગ્રહ. ૨

(ઉપજાતિ)

નિર્દોષ ઈર્યા, વળી ત્યાગ સમ્યગ્,
આદાન, નિક્ષેપ વળી ગણાય;
ભાષાય સમ્યગ્ મળી પાંચ શુદ્ધ,
સમિતિ પ્રવૃત્તિ વિવેકયુક્ત. ૩

(વસંતતિલકા)

શૌચ, ક્ષમા, મૃદુપણું, ઋજુતા, સુસત્ય,
ને ત્યાગ સંયમ, ગુરુ-કુલવાસ તત્ત્વ;

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

છે ધર્મ શ્રેષ્ઠ, તપ જે વળી આકિંચન્ય,
જેથી કષાય ટળવા બનતા સુશક્ય. ૪

(સવૈયા એકત્રીસા)

અનિત્ય, અશરણ, વળી સાંસારિક, એકત્વ ને અન્યત્વ તથા,
અશુચિ, આસ્રવ, સંવર, વળી તે, લોક, બોધિ દુર્લભ જ યથા;
ધર્મ, નિર્જરા, બાર ભાવના, અનુપ્રેક્ષા પણ એ જ કહી,
જે ચિંતનથી સંવર કરણિ, થાય ઘનિષ્ઠ વળી સઘળી. ૫

(સવૈયા એકત્રીસા)

ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, નગ્ન, દંશ-મશક, અરતિ અહો;
સ્રીને, નિષદ્યા, ચર્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના વહો;
અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલત્વ, પુરસ્કાર—સત્કાર રહો;
પ્રજ્ઞા ને અજ્ઞાન, અદર્શન, જૈન નિર્જરા પરીષહો. ૬

(અનુષ્ટુપ)

અધિકારી પરત્વેને, ચૌદ પરીષહો રહ્યા;
સૂક્ષ્મ સંપરાયેને, છદ્મસ્થ વીતરાગને. ૭
અગિયાર જિને કિંતુ, નવમ ગુણસ્થાન જ્યાં,
ત્યાં પરીષહ બાવીસ, બાદર સંપરાયમાં. ૮

(સવૈયા એકત્રીસા)

જ્ઞાનાવરણ નિમિત્તે, પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ બે,
દર્શન મોહથકી જ, અદર્શન, અંતરાયથી અલાભ છે;
નગ્નત્વ, સ્રી, અરતિ, નિષદ્યા, યાચના જ આક્રોશ તથા,
ન ખિન્ન થાવું, ના ફુલાવું, ચારિત્ર મોહે સાત કહ્યાં. ૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

બાકી બીજા અગિયાર, વેદનીય થકી ગણો;
ઓગણીસ રહે સાથે, વિકલ્પે એક જીવમાં. ૧૦

(સવૈયા એકત્રીસા)

સામાયિકને, છેદોપસ્થાપન, પરિહાર વિશુદ્ધિ તથા,
સૂક્ષ્મસંપરાયો ત્યાં ચોથું, યથાખ્યાત પાંચમું યથા;
એ પાંચે ચારિત્રો ક્રમથી, મોક્ષમાર્ગ સોપાન બને,
તપ પણ કર્મ ક્ષયે ઉપયોગી, બાહ્યાભ્યંતર બેય રીતે. ૧૧

અનશન, ઉણોદરી, રસત્યાગી, વૃત્તિ સંક્ષેપ વળી કરવો,
કાયકલેશ, એકાંતપ્રિયતા, છયે ગણાતાં બાહ્ય તપો;
પ્રાયશ્ચિત્ત ને વિનય, સુસેવા, સ્વાધ્યાય ને ધ્યાન તથા,
કાયોત્સર્ગની સદા સજાવટ, આભ્યંતર તપ છ એ રહ્યાં. ૧૨

(આર્યાગીતિ)

ધ્યાન પે'લાનાં પાંચ,
આભ્યંતર તપ તણા કહે ભેદો;
નવ, ચાર, દશ ને પાંચ,
અનુક્રમે ત્યાં વળી રહ્યા બે તો. ૧૩

(સવૈયા એકત્રીસા)

આલોચન, પ્રતિક્રમણ, તદુભયે, વિવેક ને વ્યુત્સર્ગ વળી,
તપચ્છેદને પરિહાર એ,ઉપસ્થાપના થાય ખરી;
નવ પ્રકારનાં આ પ્રાયશ્ચિત્ત, ભૂલ ન થાયે ફરી જરી,
તે માટે આ વ્યવસ્થિત છે, આત્મદર્દ ઔષધિ મળી. ૧૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(વંશસ્થ)

જે જ્ઞાન ને દર્શન સાચવે યથા,
ચારિત્રને તેમ જ જાળવે તથા;
સદ્ગુણ શ્રેષ્ઠે ઉપચાર યોગ્ય જે,
ચાર પ્રકારે વિનયો ગણાય તે. ૧૫

(શિખરિણી)

ઉપાધ્યાયે, જ્ઞાને, ગણ વળી તપસ્વી પ્રતિ થતી,
સમનોજ્ઞાનાદિ, ગુણવિષયમાં, શૈક્ષજનની;
સુસેવા ગ્લાનોની, જિનમુનિ સુસંઘો તણી વળી,
કુલે ને આચાર્યે, દશવિધ થતી એવી રીતથી. ૧૬

(અનુષ્ટુપ)

આમ્નાય ને અનુપ્રેક્ષા, વાચના પૃચ્છના અને;
ધર્મોપદેશ એવા છે, સ્વાધ્યાય ભેદ પાંચ તે. ૧૭

આંતર બાહ્ય વસ્તુનો, ત્યાગ, સુત્યાગની સ્થિતિ;
અહંતા મમતા બન્ને, થાય નિવૃત્ત જેહથી. ૧૮

(સવૈયા એકત્રીસા)

અર્ધ વજ્રઋષભને પૂરણ વજ્રઋષભનારાચ ત્રણે,
સંહનનો તે શ્રેષ્ઠ ગણાતાં, તેના અધિકારી જનને;
વધુમાં વધુ સ્થિર રહે એક વિષયે, આંતરવૃત્તિ તે ધ્યાન બને,
બાર ગુણસ્થાન લગી રહે તે, આંતરમુહૂર્ત કાળ ગણે. ૧૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અનુષ્ટુપ)

આર્ત, રૌદ્ર અને ધર્મ, શુકલ એ ધ્યાન ચાર છે;
તેમાંય ધર્મ ને શુકલ, મોક્ષ કારણ તો બને. ૨૦

(દ્રુતવિલંબિત છંદ)

અપ્રિય ચીજ છૂટે ત્યમ ચિંતવે,
પ્રિય વિયોગ ન હો, નહીં દુઃખકે;
વળી અપ્રાપ્તિની પ્રાપ્તિ થવાપણું,
સતત આર્તજ ધ્યાન ગણ્યું બધું. ૨૧

(સવૈયા એકત્રીસા)

આર્તધ્યાન, દેશવિરતિ, અવિરતિ, પ્રમત્તસંયતમાં વસતું,
દેશવિરતિ ને અવિરતિમાં, રૌદ્રધ્યાન નિત સંભવતું;
હિંસા, અસત્ય, ચોરી, વિષયની, રક્ષા, ચિંતા સતત થતી,
પાંચ ગુણસ્થાનોમાં એમ જ, રૌદ્રધ્યાનની રહે ગતિ. ૨૨

(વસંતતિલકા)

આજ્ઞા, અપાય, જ વિપાક જ ધર્મધ્યાન,
સંસ્થાન, વિચય — જ ચાર પ્રકાર જાણ;
તે ક્ષીણમોહ, ગુણસ્થાનક, ઉપશાંત,
મોહે જ સંભવતું એ ઉભયે નિતાંત. ૨૩

(અનુષ્ટુપ)

શુકલ ધ્યાનો પહેલાં બે, હોય પૂર્વધરો વિષે;
બંને પાછળનાં હોય, કેવળજ્ઞાનીઓ વિષે. ૨૪

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(ઉપજાતિ)

પૃથક્ત્વ, એકત્વ વિતર્ક સંગે,
સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અંગે;
ક્રિયાનિવૃત્તિ, સમુચ્છિન્ન ત્યારે,
એ શુક્લધ્યાન સ્વ પ્રકાર ચારે. ૨૫

(સવૈયા એકત્રીસા)

પૃથક્ત્વ ને એકત્વ વિતર્ક, અગિયાર બારમા ગુણસ્થાને,
સવિચાર, નિર્વિચાર, રૂપે બે, અપૂર્વધરમાં અપવાદે;
યોગ હિસાબે પ્રથમ શુક્લ છે, ત્રિયોગવાળાને જાણો
ત્રિયોગમાંથી એક હોય ત્યાં બીજા ભેદના સ્વામી ગણો. ૨૬

(અનુષ્ટુપ)

અર્થ, વ્યંજન ને યોગ, ત્રણે સંક્રાંત થાય તે;
તે કહેવાય વિચાર, શ્રુત વિતર્ક એટલે. ૨૭

(સવૈયા એકત્રીસા)

સમ્યગ્દૃષ્ટિ ને શ્રાવક, વિરત, અનંત વિયોજક ચાર થશે,
દર્શનમોહ, ક્ષપક, ઉપશામક, ઉપશાંત મોહે સાત હશે;
ક્ષપક અને ક્ષીણ મોહ જિનેશ્વર, કુલ્લે એમ દશ કક્ષાઓ,
ક્રમે અસંખ્યેય ગુણવધી નિર્જરા – મોક્ષનો માર્ગ ખરો. ૨૮

પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક, પાંચ એ નિર્ગ્રંથો,
સંયમ, શ્રુત, પ્રતિસેવન, તીર્થ, લિંગ, લેશ્યા ઉપપાત સ્થળો;
એવા આઠ, પ્રકારથી સહુની, કક્ષા વિધ વિધ બની જતી,
સાધુતા દ્રવ્યે ને ભાવે, અથવા ભાવથી હોય કહી. ૨૯

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# અધ્યાય દશમો

## મોક્ષ પરિસ્થિતિ

(દોહરો)

પ્રથમ મોહનો ક્ષય થતાં, આવરણો પણ જાય;
જ્ઞાન અને દર્શન તણા, અંતરાય દૂર થાય. ૧.

કર્મચારથી સર્વ એ આત્મપ્રદેશ વિમુક્ત;
પ્રગટ થાય કેવળ તહીં, જ્ઞાન, દર્શને યુક્ત. ૨.

બંધનહેતુ અભાવથી ને નિર્જરા થકી જ;
સકલ કર્મક્ષય થઈ પછી, મળતો મોક્ષ ખચીત. ૩.

(ચોપાઈ)

ક્ષાયોપશમિક, ઔપશમિક, ઔદયિકે,
ત્રણે ભાવથી, આત્મા થતો અલિપ્ત;
વળી ભવ્યત્વ ગુણ જાયે જ્યારે,
ક્ષાયિક, જ્ઞાન, દર્શન સિદ્ધત્વ જ ત્યારે. ૪.

(દોહરો)

કર્મક્ષય પૂર્ણ થયા પછી, તરત મુક્ત જીવ થાય;
કાયા અલગ પડયા પછી, લોકાંતે સ્થિર થાય. ૫.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

(અપૂર્વ અવસર – ઢાળ)

પૂર્વપ્રયોગે કર્મસંગ એ ભાવથી,
બંધન છેક તૂટયે જીવ ગતિ પરિણામ જો;
ઊંચે જઈ તે સિદ્ધગતિમાં સ્થિરતા,
પામે મુક્તાત્મા અનંત સુખધામ જો. ૬.

(અનુષ્ટુપ)

તીર્થ કાળ ગતિ ક્ષેત્ર પ્રત્યેક બુદ્ધ બોધિત;
ચારિત્ર લિંગ ને જ્ઞાન અંતર અવગાહન. ૭.
અલ્પબહુત્વ ને સંખ્યા એ બાર બાબતો વડે;
ત્રિકાળ ભાવ સિદ્ધોના આત્માર્થે નિત્ય ચિંતવે. ૮.

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

# લેખકનાં અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| ૦ | જૈન દૃષ્ટિએ ગીતા દર્શન ભા. ૧-૨ | ૮–૦૦ |
| ૦ | શ્રી આચારાંગ સૂત્ર | ૫–૦૦ |
| ૦ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | ૧–૫૦ |
| ૦ | શ્રી દશવૈકાલિક સૂત્ર | ૦–૭૫ |
| | સાધક સહચરી | ૧–૫૦ |
| ૦ | અનંતની આરાધના | ૨–૦૦ |
| | સ્મૃતિ વિકાસ | ૩–૦૦ |
| ૦ | અભિનવ રામાયણ (ગુજરાતી) | ૨–૫૦ |
| | અભિનવ રામાયણ (હિન્દી) | |
| | અભિનવ મહાભારત ભા.૧ | ૧૨–૦૦ |

૦ અપ્રાપ્ય

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org

Jain Educationa International For Personal and Private Use Only www.jainelibrary.org